BAOU
Education for all

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

## પ્રથમ વર્ષ બી.એ.
## સેમેસ્ટર: 02
## GMJ -201
## ગુજરાતી ગદ્ય ભાગ-2

કીર્તિદેવનો મુંજાલ સાથે મિલાપ

પોસ્ટ ઓફિસ

માજા વેલાનું મૃત્યુ

મુકુન્દરાય

બાધર આગવાળો

ગંગોત્રી

મોનજી રુદર

સત્ય અને અહિંસા

રાઈનું આંતરમંથન

ગોપાળ બાપા

માનચતુર

નર્મદજીવન – એક દૃશ્ય

શહેરની શેરી

પેટ

એળે નહિ તો બેળે

ઊડણ ચરકલડી

As per NEP - 2020

B.A. (Hons.)

# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ. શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે :

'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું યોગદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસસામગ્રીનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબ સમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.


**પ્રો. (ડૉ.) અમીબહેન ઉપાધ્યાય**

**કુલપતિ**

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,**

**જ્યોતિર્મય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ**

## લેખન :

| | |
|---|---|
| પ્રિ.ચં. પૂ. વ્યાસ | આચાર્ય, નવજીવન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ |
| પ્રો. પ્રતિમા શાહ | પ્રધ્યાપિકા, સ્વામિનારાયણ આર્ટ્સ એન્ડ કૉર્મસ કૉલેજ, અમદાવાદ |
| પ્રો. ઈલા નાયક | પ્રધ્યાપિકા, સ્વામિનારાયણ આર્ટ્સ એન્ડ કૉર્મસ કૉલેજ, અમદાવાદ |
| ડૉ. સતીશ વ્યાસ | રીડર, ભાષા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. કીર્તિદા જોષી | પ્રધ્યાપિકા, ભાષા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. વસંત દવે | પ્રાધ્યાપક, વિવેકાનંદ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ |

**પરામર્શ**

| | |
|---|---|
| ડૉ. યોગેન્દ્ર વ્યાસ | પ્રોફેસર, ભાષા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |

**સંપાદન અને સંકલન**

| | |
|---|---|
| પ્રો. નટુભાઈ ઠક્કર | આચાર્ય, સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ |
| પ્રો. ચંદ્રકાન્ત એચ. ઠાકર | રીડર, અર્થશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. અરવિંદ ભાંડારી | રીડર, અર્થશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. સિદ્ધાર્થ ન. ભટ્ટ | રીડર, અર્થશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. નિશા કે. શાહ | રીડર, અર્થશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |



નૂતન સંસ્કરણ : વર્ષ ૨૦૨૫



| | |
|---|---|
| પ્રો. યોગેન્દ્ર પારેખ | અધ્યક્ષ : ગુજરાતી વિભાગ<br>નિયામક : માનવવિદ્યાઓ અને સામાજિક વિજ્ઞાન,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |



**સર્વાધિકાર સુરક્ષિત**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાલક્ષી સ્વઅધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ધંધાદારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

Dr. Babasaheb Ambedkar Open University (Established by Government of Gujarat)

# ગુજરાતી ગદ્ય ભાગ-2

## GMJ - 201

**પ્રથમ વર્ષ બી.એ.**

**સેમેસ્ટર-2**

## અનુક્રમણિકા


| | ગુજરાતી ગદ્ય | કર્તા | પેજ નં. |
|---|---|---|---|
| 1. | **ટૂંકીવાર્તા - નવલિકા** | | |
| | (1) પોસ્ટ ઑફિસ | ધૂમકેતુ | 4 |
| | (2) મુકુન્દરાય | રા.વિ. પાઠક | 18 |
| | (3) એળે નહિ તો બેળે | પન્નાલાલ પટેલ | 36 |
| | (4) માજા વેલાનું મૃત્યુ | સુન્દરમ્ | 53 |
| 2. | **નવલકથા** | | |
| | (5) માનચતુર | ગોવર્ધનરામ મા. ત્રિપાઠી ('સરસ્વતી ચંદ્ર' ભાગ-2માંથી) | 69 |
| | (6) કીર્તિદેવનો મુંજાલ સાથે મેળાપ | ક. મા. મુનશી ('ગુજરાતનો નાથ'માંથી) | 86 |
| | (7) ગોપાળ બાપા | મનુભાઈ પંચોળી 'દર્શક' ('ઝેર તો પીધાં છે જાણી જાણી' ભાગ-1માંથી) | 105 |
| 3. | **નાટ્યખંડ (નાટ્યાંશ)** | | |
| | (8) રાઈનું આંતરમંથન | રમણભાઈ નીલકંઠ ('રાઈનો પર્વત'માંથી) | 121 |
| | (9) બાધર આગવાળો | ચં. ચી. મહેતા ('આગગાડી'માંથી ) | 128 |
| 4. | **એકાંકી** | | |
| | (10) ઊડણ ચરકલડી | ઉમાશંકર જોશી | 136 |
| 5. | **નિબંધ** | | |
| | (11) સત્ય અને અહિંસા | ગાંધીજી | 152 |
| | (12) પેટ | જ્યોતીન્દ્ર દવે | 161 |
| | (13) શહેરની શેરી | જયંતિ દલાલ | 171 |
| 6. | **ચરિત્ર** | | |
| | (14) મૉનજી રૂદર | સ્વામી આનંદ ('ધરતીની આરતી'માંથી) | 179 |
| | (15) નર્મદજીવન - એક દૃશ્ય | વિશ્વનાથ ભટ્ટ ('વીર નર્મદ'માંથી) | 195 |
| 7. | **પ્રવાસ-વર્ણન** | | |
| | (16) ગંગોત્રી | કાકા કાલેલકર ('હિમાલયનો પ્રવાસ'માંથી) | 202 |

# વિભાગીય પ્રસ્તાવના

**ગદ્ય**

આ વિભાગમાં ગુજરાતી ગદ્યમાંથી વિવિધ સ્વરૂપોનું પ્રતિનિધિત્વ કરતી 16 કૃતિઓ મૂકવામાં આવેલ છે. ગુજરાતી ભાષામાં ગદ્યને સાહિત્યના માધ્યમ તરીકે પ્રયોજવાનો પ્રારંભ 19મી સદીમાં થયો. એ પૂર્વે મધ્યકાલીન સાહિત્યમાં લયાત્મક ગદ્યના થોડા પ્રયોગો થયા હતા પણ એની પરંપરા ઊભી થઈ નહોતી. અંગ્રેજી કેળવણી અને સાહિત્યના સંપર્કે નર્મદ અને એના સમકાલીનો દ્વારા ગદ્યનો સાહિત્યના માધ્યમ તરીકે પ્રયોગ થયો, અને એ નિમિત્તે ગદ્યનાં નવાં સાહિત્યસ્વરૂપો ઉદ્ભવ્યાં. સંસ્કૃતમાં ગદ્યસાહિત્ય હતું પરંતુ ગુજરાતીમાં 11મીથી 19મી સદી સુધી એ વણપ્રયોજાયેલું રહ્યું. ગદ્યને સાહિત્ય માટે યોજી જ ન શકાય એવી મનોવૃત્તિ પણ કામ કરતી હતી. નવજાગૃતિકાળમાં ઉદ્ભવેલી સાહિત્યિક સભાનતાને કારણે આ શક્ય બન્યું.

નર્મદ દ્વારા ગદ્યમાં નિબંધ પહેલો અવતર્યો. પછી તો આત્મકથા, જીવનકથા, નાટક, નવલકથા નવલિકા જેવાં સાહિત્યસ્વરૂપો આ માધ્યમમાં ઉદ્ભવ્યાં. સ્વરૂપની શિસ્ત અનુસાર એમાં ગદ્યની જુદીજુદી છટાઓ, તરેહો ઊભી થઈ. આ બધાં સ્વરૂપોનો, એમાં પ્રયોજાતી તરેહોનો સાહિત્યિકતાનો અને સર્જકતાનો વિવિધલક્ષી પરિચય થાય એ આશયથી અહીં આ બધાં સ્વરૂપોમાંથી પ્રતિનિધિ કૃતિઓ કે ખંડો પસંદ કરવામાં આવેલ છે. એમાં નવલિકા, નવલકથા, નાટ્યખંડ, એકાંકી, નિબંધ, ચરિત્ર અને પ્રવાસવર્ણનનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# વિભાગ-1 ટૂંકીવાર્તા - નવલિકા

**એકમ ૧**

## પોસ્ટ ઑફિસ

**-ધૂમકેતુ**

રૂપરેખા

**1.1** ઉદ્દેશો
**1.2** પ્રસ્તાવના
**1.3** કૃતિ (ટૂંકીવાર્તા)
**1.4** કૃતિનો સારાંશ
**1.5** કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન
ખંડ : 1
ખંડ : 2
ખંડ : 3
**1.6** વસ્તુલક્ષી કસોટી
**1.7** ભાષાકીય સામગ્રીનો અભ્યાસ
**1.8** પુનરવલોકન
**1.9** લેખન-પ્રવૃત્તિ
**1.10** વિશેષ અધ્યયન
**1.10.1** કર્તા-પરિચય
**1.10.2** સ્વરૂપ-પરિચય
**1.10.3** વિશેષ વાચન
• ટિપ્પણી

### 1.1 ઉદ્દેશો

આ વાર્તાના અભ્યાસ દ્વારા તમે -

- ‘પોસ્ટ ઑફિસ’ વાર્તાનો આસ્વાદ માણશોઃ
  - કથાવસ્તુની દૃષ્ટિએ
  - સંવાદની દૃષ્ટિએ
  - હૃદયસ્પર્શી વાત્સલ્યની દૃષ્ટિએ
- વાર્તામાં આલેખાયેલા પિતૃવાત્સલ્યનો પરિચય મેળવશો.
- વાત્સલ્ય અને એ નિમિત્તે પ્રગટેલા કારુણ્યને વ્યક્ત કવા લેખકે યોજેલી પ્રયુક્તિઓ (ટેક્નિક) જાણશો અને તેનાં દૃષ્ટાંતો આપશો.
- આત્મલક્ષી દૃષ્ટિકોણથી અન્યની લાગણી અને ભાવનાને સમજવાની વાર્તાલક્ષી ગતિવિધિને ઓળખશો.
- વાર્તાની ભાષાકીય વિશેષતાઓ જાણશો.

### 1.1.2 પ્રસ્તાવના

આપણા અભ્યાસક્રમમાં આવતાં કાવ્યોમાં તમે માતાપિતાના વાત્સલ્યના વિષયો માણ્યા છે. સૃષ્ટિના તંતુને ચલાવવામાં આ વાત્સલ્યનો ઘણો મોટો ફાળો હોય છે, એ સૌના અનુભવનો વિષય છે. બીજી મહત્ત્વની વાત એ પણ ખરી કે વાત્સલ્યને સંતાનના પ્રેમને અને સંતાન પ્રત્યેના પોતાના પ્રેમને અભિવ્યક્ત કરવાની, પામવાની અને પમાડવાની રીત દરેકની ભિન્નભિન્ન હોવાની. એમ છતાં, માણસ પોતાના સંદર્ભમાં જ અન્યનાં કાર્યોને મૂલવતો હોય છે.

સંજોગો બદલાતાં માણસમાં પણ પરિવર્તન આવતું હોય છે. 'પોસ્ટ ઑફિસ' વાર્તામાં શિકારનો શોખ ધરાવતો અલી ડોસો જીવનની સંધ્યાએ પુત્રી મરિયમના વિરહથી સ્નેહાળ અને ભાવાર્દ્ર બની જાય છે; એટલી હદે કે બીજા લોકો તેની લાગણીને પાગલપણામાં ખપાવી દે છે!

સ્વાનુભવ દ્વારા સર્વાનુભવ સુધી પહોંચવાની ગતિને કલાત્મક રીતે આલેખતી આ ટૂંકીવાર્તામાં સરવાળે તો માનવતાનો મુદ્દો જ મહત્ત્વનો બની રહે છે.

અલી ડોસો આ કૃતિનું મુખ્ય પાત્ર છે. પુત્રી મરિયમના વિયોગે સર્જેલી પરિસ્થિતિની કરુણતાનો અલી ડોસાનો અનુભવ વાર્તાના અંત સુધીમાં ભાવકનો અનુભવ બની રહે, એવું સફળ સર્જન તેના સર્જકને યશસ્વી બનાવે છે.

વાર્તાનો કરુણ અંત મર્મવેધક તો છે જ, સાથે-સાથે માનવ-માનવ વચ્ચેના સંબંધોને સ્નેહ અને સદ્ભાવનાનો સ્પર્શ મળે એની પ્રેરકતાનો સંદેશ પણ આપે છે.

### 1.3 કૃતિ (ટૂંકીવાર્તા)

#### પોસ્ટ ઑફિસ

**- ધૂમકેતુ**

પાછલી રાત્રિનું ભૂરું આકાશ, માનવજીવનમાં અનેક સુખદ યાદગીરી ચમકી રહે તેમ, નાનામોટા તારાઓથી ચમકી રહ્યું હતું. ઠંડા પવનના સુસવાટાથી પોતાના જૂના અને ફાટેલા ઝભ્ભાને શરીરે વધારે ને વધારે લપેટી લેતો એક વૃદ્ધ ડોસો શહેરના મધ્ય ભાગમાં થઈને જતો હતો. સ્વાધીન અવસ્થા ભોગવતાં કેટલાંક ઘરોમાંથી આ વખતે ઘંટીનો મધુર અવાજ સ્ત્રીઓના ઝીણા સ્વર સાથે આવતો હતો. એકાદ કૂતરાનો અવાજ, કોઈક વહેલા ઊઠનારાનાં પગરખાંનો છેટેથી સંભળાતો શબ્દ કે કોઈ અકાળે જાગેલા પક્ષીનો સ્વરઃ એ સિવાય શહેર તદ્દન શાંત હતું. લોકો મીઠી નિદ્રામાં ઘોરતા હતા, અને શિયાળાની ઠંડીથી રાત્રિ વધારે ગાઢ બનતી હતી. કહે નહિ છતાં કતલ કરી નાખે એવા મીઠા મનુષ્યના સ્વભાવ જેવી શિયાળાની ઠંડી કાતિલ હથિયારની માફક પોતાનો કાબૂ સર્વત્ર ફેલાવી રહી હતી. વૃદ્ધ ડોસો ધ્રૂજતો ને શાંત રીતે ડગમગ ચાલતો, શહેરના દરવાજા બહાર થઈ, એક સીધી સડક પર આવી પહોંચ્યો, ને ધીમેધીમે પોતાની જૂની ડાંગના ટેકાથી આગળ વધ્યો.

સડકની એક બાજુ ઝાડની હાર હતી, ને બીજી બાજુ શહેરનો બાગ હતો. અહીં ઠંડી વધારે હતી. રાત્રિ વધારે 'શીમણી' બનતી હતી. પવન સોંસરવો નીકળી જતો હતો, ને શુક્રના તારાનું મીઠું તેજ, બરફ પડે તેમ પૃથ્વી ઉપર ઠંડીના કટકા જેવું પડતું હતું. જ્યાં બાગનો છેડો હતો ત્યાં છેલ્લામાં છેલ્લી ઢબનું એક રોનકદાર મકાન હતું, ને તેની બંધ બારી તથા બારણામાંથી દીવાનો ઉજાશ બહાર પડતો હતો.

ભાવિક મનુષ્ય દાતારનું શિખર જોઈ જેમ શ્રદ્ધાથી આનંદ પામે, તેમ વૃદ્ધ ડોસો આ મકાનની લાકડાની કમાન જોઈ આનંદ પામ્યો. કમાન પર એક જરીપુરાણા પાટિયામાં નવા અક્ષર લખ્યા હતાઃ 'પોસ્ટ ઑફિસ'

ડોસો ઑફિસની બહાર પડથાર પર બેઠો. અંદરથી કંઈ ચોક્કસ અવાજ આવતો ન હતો, પણ બેચાર જણા કામમાં હોય તેમ વ્યાવહારિક 'ગુપસુપ' થતી હતી.

'પોલીસ સુપરિન્ટેન્ડન્ટ!' અંદરથી આવાજ આવ્યો. ડોસો ચમક્યો પણ પાછો શાંત બનીને બેઠો. શ્રદ્ધા અને સ્નેહ આટલી ઠંડીમાં એને ઉષ્મા આપી રહ્યાં હતાં.

અંદરથી અવાજ પર અવાજ આવવા લાગ્યા. કારકુન અંગ્રેજી કાગળનાં સરનામાં બોલીબોલી પોસ્ટમૅન તરફ નાખતો જતો હતો. કમિશનર, સુપરિન્ટેન્ડન્ટ, દીવાનસાહેબ, લાઇબ્રેરિયન એમ એક પછી એક અનેક નામ બોલવાનો અભ્યાસી કારકુન ઝપાટાબંધ કાગળો, ફેંક્યે જતો હતો. એવામાં અંદરથી એક મશ્કરીભર્યો અવાજ આવ્યોઃ 'કોચમૅન અલી ડોસા!'

વૃદ્ધ ડોસો હતો ત્યાંથી બેઠો થયો. શ્રદ્ધાથી આકાશ સામે જોયું, ને આગળ વધ્યો, અને બારણા પર હાથ મૂક્યો.

'ગોકળભાઈ!'

'કોણ?'

'કોચમૅન અલી ડોસાનો કાગળ કીધો નાં?......હું આવ્યો છું.'

જવાબમાં નિષ્ઠુર હાસ્ય આવ્યું.

ડોસો 'સાહેબ! આ એક ગાંડો છે. એ હંમેશાં પોતાનો કાગળ લેવા પોસ્ટ ઑફિસે ધક્કો ખાય છે.'

કારકુને આ શબ્દો પોસ્ટમાસ્તરને કહ્યા, ત્યાં તે ડોસો પોતાના સ્થાન પર બેસી ગયો હતો. પાંચ વર્ષ થયાં એ જગ્યાએ બેસવાનો તેને અભ્યાસ હતો.

અલી મૂળ હોશિયાર શિકારી હતો. પછી ધીમેધીમે એ અભ્યાસમાં એવો કુશળ બન્યો હતો કે હંમેશાં જેમ અફીણીને અફીણ લેવું પડે, તેમ અલીને શિકાર કરવો પડે. ધૂળની સાથે ધૂળ જેવા બની જતા કાબરચીતરા તેતર પર અલીની દૃષ્ટિ પડે કે તરત તેના હાથમાં તેતર આવી જ પડ્યું હોય! એની તીક્ષ્ણ દૃષ્ટિ સસલાની ખોમાં જઈ પહોંચતી, આસપાસના સૂકા, પીળા 'કાગડા' કે રાંપડાના ઘાસમાં સંતાઈને સ્થિર કાન કરી બેઠેલા ચતુર સસલાના ભૂરા મેલા રંગને ક્યારેક ખુદ શિકારી કૂતરા જુદો ન પાડી શકતા, આગળ વધી જતા તે સસલું બચી જતું, પરંતુ ઇટાલીના ગરુડ જેવી અલીની દૃષ્ટિ બરાબર સસલાના કાન પર ચોંટતી અને બીજી જ પળે તે રહેતું નહિ. વળી ક્યારેક અલી મચ્છીમારનો મિત્ર બની જતો.

પણ જ્યારે જીવનસંધ્યા પહોંચતી લાગી, ત્યારે આ શિકારી અચાનક બીજી દિશામાં વળી ગયો. એની એકની એક દીકરી મરિયમ પરણીને સાસરે ગઈ. એના જમાઈને લશ્કરમાં નોકરી હતી તેથી તે પંજાબ તરફ તેની સાથે ગઈ હતી. અને જેને માટે તે જીવન નિભાવતો હતો તે મરિયમના છેલ્લાં પાંચ વર્ષ થયાં કાંઈ સમાચાર હતા નહિ. હવે અલીએ જાણ્યું કે સ્નેહ અને વિરહ શું છે ? પહેલાં તો એ તેતરનાં બચ્ચાંને આકુળવ્યાકુળ દોડતાં જોઈ હસતો. આ એનો શિકારનો આનંદ હતો.

શિકારનો રસ એની નસેનસમાંથી ઊતરી ગયો હતો, પરંતુ જે દિવસે મરિયમ ગઈ ને તેને જિંદગીમાં એકલતા લાગી, તે દહાડાથી અલી શિકારે જતાં શિકાર ભૂલી, સ્થિર દૃષ્ટિથી અનાજનાં ભરચક લીલાં ખેતર જોઈ રહેતો! એને જિંદગીમાં પહેલી વખત સમજાયું કે કુદરતમાં સ્નેહની સૃષ્ટિ અને વિરહનાં આંસુ છે! પછી તો એક દિવસ અલી એક ખાખરાના ઝાડ નીચે

બેસીને હૈયાફાટ રોયો, ત્યાર પછી હંમેશાં સવારમાં ચાર વાગ્યે ઊઠીને એ પોસ્ટ ઑફિસે આવતો. એનો કાગળ તો કોઈ દિવસ હોય નહિ, પણ મરિયમનો કાગળ એક દિવસ આવશે એવી ભક્તના જેવી શ્રદ્ધામાં ને આશાભર્યા ઉલ્લાસમાં તે હંમેશાં સૌથી પહેલો પોસ્ટ ઑફિસે આવીને બેસતો.

પોસ્ટ ઑફિસ - કદાચ જગતમાં સૌથી રસહીન મકાન - એનું ધર્મક્ષેત્ર - તીર્થસ્થાન બન્યું. એક જ જગ્યાએ ને એક જ ખૂણે તે હંમેશાં બેસતો. એને એવો જાણ્યા પછી સૌ હસતા. પોસ્ટમૅન મશ્કરી કરતા ને ક્યારેક મજાકમાં એનું નામ દઈ એને એ જગ્યા પરથી પોસ્ટ ઑફિસનાં બારણાં સુધી, કાગળ ન હોય છતાં, ધક્કો ખવરાવતા. અખૂટ શ્રદ્ધા ને ધૈર્ય હોય તેમ એ હંમેશાં આવતો ને દરરોજ ઠાલે હાથે પાછો જતો.

અલી બેઠો હતો એટલામાં એક પછી એક પટાવાળાઓ પોતપોતાની ઑફિસના કાગળો લેવા આવવા લાગ્યા. ઘણું કરીને પટાવાળા એ વીસમી સદીમાં અધિકારીઓની સ્ત્રીઓના ખાનગી કારભારી જેવા છે, એટલે આખા શહેરના દરેક-દરેક ઑફિસરનો ખાનગી ઇતિહાસ અત્યારે વંચાતો.

કોઈના માથા પર સાફો, તો કોઈના પગમાં ચમચમાટી કરે તેવા બૂટ - એમ સૌ પોતપોતાનો વિશિષ્ટ ભાવ દર્શાવતા હતા. એટલામાં બારણું ખૂલ્યું. દીવાના અજવાળામાં સામેની ખુરશી પર તૂંબડા જેવું માથું ને હંમેશનો દિલગીરીભર્યો ઉદાસીન જેવો ચહેરો લઈ પોસ્ટ માસ્તર બેઠા હતા. કપાળ પર, મોં પર કે આંખમાં ક્યાંય તેજ ન હોય ત્યારે માણસ ઘણું કરીને ગોલ્ડ સ્મિથના 'વિલેજ સ્કૂલમાસ્તર', આ સદીનો કારકુન કે પોસ્ટ માસ્તર હોય છે!

અલી પોતાની જગ્યાએથી ખસ્યો નહિ.

'પોલીસ કમિશનર!' કારકુને બૂમ પાડી, ને એક થનથનાટ કરતા જવાને પોલીસ કમિશનરના કાગળ લેવા હાથ આગળ ધર્યો.

'સુપરિન્ટેન્ડન્ટ!'

બીજો એક પટાવાળો આગળ આવ્યો - અને આમ ને આમ એ સહસ્રનામાવલિ વિષ્ણુભક્તની જેમ કારકુન હંમેશાં પઢી જતો.

અંતે સૌ ચાલ્યા ગયા. અલી ઊઠ્યો, પોસ્ટ ઑફિસમાં ચમત્કાર હોય તેમ તેને પ્રણામ કરી ચાલ્યો ગયો! અરે! સૈકાઓ પહેલાંનો ગામડિયો!

'આ માણસ ગાંડો છે?' પોસ્ટ માસ્તરે પૂછ્યું.

'હા, કોણ? અલી ના? હા સાહેબ; પાંચ વરસ થયાં ગમે તેવી ઋતુ હોય છતાં કાગળ લેવા આવે છે! એના કાગળ ભાગ્યે જ હોય!' કારકુને જવાબ આપ્યો.

'કોણ નવરું બેઠું છે! હંમેશાં તે કાગળ ક્યાંથી હોય ?'

'અરે! સાહેબ, પણ એનું મગજ ચસકી ગયું છે! તે પહેલાં બહુ પાપ કરતો, એમાં કોઈ થાનકમાં દોષ કર્યો! ભાઈ, કર્યાં ભોગવવાં છે!' પોસ્ટમૅને ટેકો આપ્યો.

'ગાંડા બહુ વિચિત્ર હોય છે.'

'હા, અમદાવાદમાં મેં એક વખત એક ગાંડો જોયો હતો. તે આખો દિવસ ધૂળના ઢગલા જ કરતોઃ બસ, બીજું કાંઈ નહિ. બીજા એક ગાંડાને હંમેશાં નદીને કાંઠે જઈ સાંજે એક પથ્થર પર પાણી રેડવાની ટેવ હતી!'

'અરે, એક ગાંડાને એવી ટેવ હતી કે આખો દિવસ આગળ ને પાછળ ચાલ્યા જ કરે! બીજો એક કવિતા ગાયા કરતો! એક જણ પોતાને ગાલે લપાટો જ માર્યા કરતો. ને પછી કોઈક મારે છે એમ મનીને રોયા કરતો!'

આજે પોસ્ટ ઑફિસમાં ગાંડાનું પુરાણ નીકળ્યું હતું. હંમેશાં આવું એકાદ પ્રકરણ છેડીને એના પર બે-ચાર મિનિટ વાત કરી આરામ લેવાની ટેવ લગભગ બધા જ નોકરવર્ગમાં દારૂની ટેવની જેમ પેસી ગઈ છે. પોસ્ટ માસ્તર છેવટે ઊઠ્યા અને જતાંજતાં કહ્યું:

'માળું, ગાંડાની દુનિયા લાગે છે! ગાંડા આપણને ગાંડા માનતા હશે અને ગાંડાની સૃષ્ટિ કવિની સૃષ્ટિ જેવી હશે!'

છેલ્લા શબ્દ બોલતા પોસ્ટ માસ્તર હસીને ચાલ્યા ગયા. એક કારકુન વખત મળ્યે જરા ગાંડાઘેલાં જોડી કાઢતો ને એને સૌ ખીજવતા. પોસ્ટ માસ્તરે છેલ્લું વાક્ય એટલા જ માટે હસતાં-હસ્તાં એના તરફ ફરીને કહ્યું હતું. પોસ્ટ ઑફિસ હતી તેવી શાંત બની રહી.

એક દિવસ અલી બે-ત્રણ દિવસ સુધી આવ્યો નહિ. પોસ્ટ ઑફિસમાં અલીનું મન સમજી જાય એવી સહાનુભૂતિ કે વિશાળ દૃષ્ટિ કોઈનામાં ન હતી. પણ એ કેમ ન આવ્યો, એવી કૌતુકબુદ્ધિ સૌને થઈ. પછી અલી આવ્યો પણ તે દિવસે એ હાંફતો હતો, ને એના ચહેરા પર જીવનસંધ્યાનાં સ્પષ્ટ ચિહ્ન હતાં.

આજે તો અલીએ અધીરા બનીને પોસ્ટ માસ્તરને પૂછ્યું: 'માસ્તરસાહેબ, મારી મરિયમનો કાગળ છે?'

પોસ્ટ માસ્તર તે દિવસે ગામ જવાની ઉતાવળમાં હતા ને તેમનું મગજ સવાલ ઝીલી શકે એટલું શાંત ન હતું.

'ભાઈ, તમે કેવા છો?'

'મારું નામ અલી!' અલીનો અસંબદ્ધ જવાબ મળ્યો.

'હા, પણ અહીં કાંઈ તમારી મરિયમનું નામ નોંધી રાખ્યું છે?'

'નોંધી રાખોને, ભાઈ! વખત છે ને કાગળ આવે, ને હું ન હોઉં તો તમને ખપ આવે!'

પોણી જિંદગી શિકારમાં ગાળી હોય એને શી ખબર મરિયમનું નામ એના પિતા સિવાય બીજાને મન બે પૈસા જેટલી કિંમતનું છે!

પોસ્ટ માસ્તર તપી ગયા: 'ગાંડો છે કે શું? જા, જા, તારો કાગળ આવશે તો કોઈ ખાઈ નહિ જાય!'

પોસ્ટ માસ્તર ઉતાવળમાં ચાલ્યા ગયા અને અલી ધીમે પગલે બહાર નીકળ્યો. નીકળતાં-નીકળતાં એક વખત ફરીને પોસ્ટ ઑફિસ તરફ જોઈ લીધું! આજે એની આંખમાં અનાથનાં આંસુની છાલક હતી; અશ્રદ્ધા ન હતી, પણ ધૈર્યનો અંત આવ્યો હતો! અરે! હવે મરિયમનો કાગળ ક્યાંથી પહોંચે?

એક કારકુન એની પાછળ આવતો લાગ્યો. અલી તેના તરફ ફર્યો 'ભાઈ!'

કારકુન ચમક્યો; પણ તે સારો હતો.

'કેમ?'

'જુઓ, આ મારી પાસે છે.' એમ કહી પોતની એક જૂની પતરાની દાબડી હતી તેમાંથી અલીએ

પાંચ ગીની કાઢી.

જોઈ કારકુન ભડક્યો.

'ભડકશો નહિ, તમારે આ ઉપયોગી ચીજ છે. મારે હવે તેનો ઉપયોગ નથી, પણ એક કામ કરશો?'

'શું?'

'આ ઉપર શું દેખાય છે?' અલીએ શૂન્ય આકાશ સામે આંગળી ચીંધી.

'આકાશ.'

'ઉપર અલ્લા છે તેની સાક્ષીમાં તમને પૈસા આપું છું. તમારે મારી મરિયમનો કાગળ આવે તો પહોંચાડવો.'

કારકુન આશ્ચર્યમાં સ્થિર ઊભોઃ 'ક્યાંથી ક્યાં પહોંચાડવો ?'

'મારી કબર ઉપર!'

'હેં?

'સાચું કહું છું. આજે હવે છેલ્લો દિવસ છે! અરેરે છેલ્લો! મરીયમ ન મળી - કાગળ ન મળ્યો' અલીની આંખમાં ઘેન હતું. કારકુન ધીમેધીમે તેનાથી છૂટો પડી ચાલ્યો ગયો. તેના ખીસામાં ત્રણ તોલા સોનું પડ્યું હતું.

•

પછી અલી કોઈ દિવસ દેખાયો નહિ. અને એની ખબર કાઢવાની ચિંતા તો કોઈને હતી જ નહી. એક દિવસ પોસ્ટ માસ્તર જરાક અફસોસમાં હતા. એમની દીકરી દૂર દેશાવરમાં માંદી હતી, અને તેના સમાચારની રાહ જોતા એ શોકમાં બેઠા હતાં.

ટપાલ આવી ને કાગળનો થોક પકડ્યો. રંગ ઉપરથી પોતાનું કવર છે એમ ધારી પોસ્ટ માસ્તરે ઝપાટાબંધ એક કવર ઊંચકી લીધું. પણ એના ઉપર સરનામું હતું, 'કોચમેન અલી ડોસા!' વીજળીનો આંચકો લાગ્યો હોય તેમ એમણે તે નીચે નાખી દીધું! દિલગીરી અને ચિંતાથી થોડી ક્ષણમાં એમનો અધિકારીનો કડક સ્વભાવ જતો રહી માનવ-સ્વભાવ બહાર આવ્યો હતો. એમને એકદમ સાંભર્યું કે આ પેલા ડોસાનું કવર - અને કદાચ એની દીકરી મરિયમનું. 'લક્ષ્મીદાસ!' એમણે એકદમ બૂમ પાડી.

લક્ષ્મીદાસ તે જ માણસ હતો કે જેને અલીએ છેલ્લી ઘડીએ પૈસા આપ્યા હતા.

'કેમ સાહેબ?'

'આ તમારા કોચમેન અલી ડોસા...આજે હવે ક્યાં છે એ?'

'તપાસ કરશું.'

તે દિવસ પોસ્ટ માસ્તરના સમાચાર ન આવ્યા. આખી રાત્રિ શંકામાં વિતાવી. બીજા દિવસે સવારે ત્રણ વાગ્યામાં તે ઑફિસમાં બેઠા હતા. ચાર વાગે ને અલી ડોસા આવે કે, હું પોતે જ તેને કવર આપું, એવી આજ એમની ઈચ્છા હતી.

વૃદ્ધ ડોસાની સ્થિતિ પોસ્ટમાસ્તર હવે સમજી ગયા હતા. આજ આખી રાત તેમણે સવારે આવનાર કાગળના ધ્યાનમાં ગાળી હતી. પાંચપાંચ વર્ષ સુધી આવી અખંડ રાત્રિઓ ગાળનાર

તરફ એમનું હૃદય આજે પહેલવેહલું લાગણીથી ઊછળી રહ્યું હતું. બરાબર પાંચ વાગ્યે બારણા પર ટકોરો પડ્યો. પોસ્ટમૅન હજી આવ્યા ન હતા, પણ આ ટકોરો અલીનો હતો, એમ લાગ્યું પોસ્ટ માસ્તર ઊઠ્યા. પિતાનાં હૃદયને પિછાને તેમ આજે એ દોડ્યા, બારણું ખોલ્યું.

'આવો અલીભાઈ! આ તમારો કાગળ!' બારણામાં એક વૃદ્ધ દીન ડોસો લાકડીના ટેકાથી નમી ગયેલો ઊભો હતો. છેલ્લાં આંસુની ધાર હજી તેના ગાલ પર તાજી હતી, ને ચહેરાની કરચલીમાં કરડાઈના રંગ પર ભલનમનસાઈની પીંછી ફરેલી હતી.

તેણે પોસ્ટ માસ્તર સામે જોયું. ને પોસ્ટ માસ્તર જરાક ભડક્યા. ડોસાની આંખમાં મનુષ્યનું તેજ ન હતું-

'કોણ સાહેબ? અલી ડોસા...!' લક્ષ્મીદાસ એક બાજુ સરીને બોલતો બારણા પાસે આવ્યો પણ પોસ્ટ માસ્તરે તે તરફ હવે લક્ષ ન આપતાં બારણાં તરફ જ જોયાં કર્યું - પણ ત્યાં કોઈ ન લાગ્યું. પોસ્ટ માસ્તરની આંખ ફાટી ગઈ! બારણામાં હવે કોઈ જ હતું નહિ, એ શું? તે લક્ષ્મીદાસ તરફ ફર્યા.

એના સવાલનો જવાબ વાળ્યોઃ

'હા, અલી ડોસા કોણ? તમે છો નાં?'

'જી, અલી ડોસો તો મરી ગયેલ છે! પણ એનો કાગળ લાવો મારી પાસે!'

'હે? કે દી? લક્ષ્મીદાસ!'

'જી, એને તો ત્રણેક મહિના થઈ ગયા!' સામેથી એક પોસ્ટમેન આવતો હતો તેણે બીજો અરધો જવાબ વાળ્યો હતો.

પોસ્ટ માસ્તર દિઙ્મૂઢ બની ગયા. હજી મરિયમનો કાગળ ત્યાં બારણામાં પડ્યો હતો! અલીની મૂર્તિ એની નજર સમક્ષ તરી રહી. લક્ષ્મીદાસે, અલી છેલ્લે કેમ મળ્યો હતો તે પણ કહ્યું. પોસ્ટ માસ્તરના કાનમાં પેલો ટકોરો ને નજર સમક્ષ અલીની મૂર્તિ બન્ને ખડા થયા! એમનું મન ભ્રમમાં પડ્યુંઃ મેં અલીને જોયો, કે એ માત્ર શંકા હતી, કે એ લક્ષ્મીદાસ હતો?' પાછી રોજનીશી ચાલીઃ 'પોલીસ કમિશનર, સુપરિન્ટેન્ડન્ટ, લાઈબ્રેરિયન.' કારકુન ઝપાટાબંધ કાગળ ફેંક્યે જતો હતો.

પણ દરેક કાગળમાં ધડકતું હૃદય હોય તેમ પોસ્ટ માસ્તર આજે એકીનજરે એ તરફ જોઈ રહ્યા છે! કવર એટલે એક આનો ને પોસ્ટ કાર્ડ એટલે બે પૈસા એ દૃષ્ટિ ચાલી ગઈ છે. ઠેઠ આફ્રિકાથી કોઈ વિધવાના એકના એક છોકરાનો કાગળ એટલે શું? પોસ્ટ માસ્તર વધારે ને વધારે ઊંડો ઊતરે છે.

''મનુષ્ય પોતની દૃષ્ટિ છોડી બીજાની દૃષ્ટિથી જુએ તો અરધું જગત શાંત થઈ જાય.''

•

તે સાંજે લક્ષ્મીદાસ ને પોસ્ટ માસ્તર ધીમે પગલે અલીની કબર તરફ જતા હતા. મરિયમનો કાગળ સાથે જ હતો. કબર પર કાગળ મૂકી પોસ્ટ માસ્તર ને લક્ષ્મીદાસ પાછા વળ્યા 'લક્ષ્મીદાસ! આજે સવારે તમે જ સૌથી વહેલા આવ્યા કાં?'

'જી હા.'

'અને તમે કીધું, અલી ડોસા...'

'જી હા.'

'પણ - ત્યારે... ત્યારે, સમજાયું નહિ કે...'

'શું ?'

'હા ઠીક. કાંઈ નહિ!' પોસ્ટ માસ્તરે ઉતાવળે વાત વાળી લીધી. પોસ્ટ ઑફિસનું આંગણું આવતાં પોસ્ટ માસ્તર લક્ષ્મીદાસથી જુદા પડી વિચાર કરતા અંદર ચાલ્યા ગયા. એમનું પિતા તરીકેનું હૃદય અલીને ન સમજવા માટે ડંખતું હતું ને આજે હજી પોતાની દીકરીના સમાચાર ન હતા, માટે પાછા સમાચારની ચિંતામાં તે રાત્રિ ગાળવાના હતા. આશ્ચર્ય, શંકા ને પશ્ચાતાપના ત્રિવિધ તાપથી તપતા એ પોતાના દીવાનખંડમાં બેઠા, ને પાસેની કોલસાની સગડીમાંથી મધુર તાપ આવવા લાગ્યો.

## 1.4 કૃતિનો સારાંશ

'પોસ્ટ ઑફિસ' વાર્તા તમે વાંચી. એના કથાવસ્તુના મુદ્દા ફરી એક વાર યાદ કરી લઈએઃ

**ખંડ-1** : પોસ્ટ ઑફિસમાં ટપાલની વહેંચણીના સમયે ઉપસ્થિત રહેલા અલી ડોસાનો પત્ર આવ્યો નથી. એમ છતાં તેના નામનો પોકાર કરી તેની નિષ્ઠુર મજાક કરવામાં આવે છે.

**ખંડ-2** : અલી ડોસાના પૂર્વજીવનના શિકારશોખ વિશે માહિતી આપીને તેની મર્યાદાનું નિરૂપણ થયું છે. પુત્રી મરિયમ સાસરે ગઈ અને મરિયમના પતિની નોકરી પંજાબમાં હોવાથી પુત્રી પણ દૂર થઈ. એ પછી અલી ડોસાના હૃદયમાં લાગણી -ભાવના - માનવતાનો સંચાર થયો, એ દર્શાવ્યું છે.

**ખંડ-3** : અલી ડોસાના વાત્સલ્યને પોસ્ટ ઑફિસના કર્મચારીઓ ગાંડપણમાં ખપાવે છે. દરરોજ મરિયમની ટપાલ જોવા આવતા, પૂછતાછ કરતા અધીરા થતા અલી ડોસાના વર્તન અંગે કર્મચારીઓ કંટાળો દર્શાવે છે અને તેનો તિરસ્કાર પણ કરે છે.

**ખંડ-4** : પોસ્ટ ઑફિસના એક સારા કર્મચારીને અલી ડોસો પોતાની પાસેની પાંચ ગીનીઓ આપે છે, અને ભલામણ કરે છે કે હવે પછી મરિયમનો પત્ર આવે તો એ પોતાની કબર પર પહોંચતો કરવો.

**ખંડ-5** : એક સમય એવો આવે છે કે જ્યારે પોસ્ટ માસ્તરની પોતાની જ દીકરી દૂર દેશાવરમાં માંદી પડી હતી અને તેઓ તેના સમાચારની રાહ જોતા ચિંતામાં પડ્યા હતા. એ સમયે જ અલી ડોસાની ટપાલ આવે છે. અલી ડોસાએ જેને પાંચ ગીની આપી હતી તે કર્મચારી લક્ષ્મીદાસ અને પોસ્ટ માસ્તર જાતે જઈને અલી ડોસાની કબર પર એ ટપાલનું કવર મૂકી આવે છે. પોસ્ટ માસ્તરને ખુદને પુત્રીવાત્સલ્યની અધીરાઈનો અનુભવ થયો છે, એ સંજોગ વાર્તાને અંતે પણ પ્રભાવક બની રહે છે.

## 1.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

પહેલા ખંડમાં વાર્તાના કથાવસ્તુને પોષક એવું વર્ણન વ્યક્ત થયું છે અને એ પછી પોસ્ટ ઑફિસના ટપાલવિતરણના વાતાવરણમાં અલી ડોસાની લાગણીભીની અધીરાઈ પ્રગટ થઈ છે. કર્મચારીઓ તેની લાગણીની નિષ્ઠુર મજાક પણ કરે છે.

### તમારી પ્રગતિ ચકાસો (ક):

1. વાર્તાના આરંભે આવતું વર્ણન કથાવસ્તુને પોષક છે, એવું શી રીતે કહી શકાય?
2. અલી ડોસાની વાત્સલ્યભીની લાગણીના સમર્થનમાં કયા મુદ્દાઓ ટાંકશો?
3. પોસ્ટ ઑફિસમાં થતા ટપાલ-વિતરણ વખતે ટપાલ લેવા અલી ડોસા સિવાય કોણકોણ આવ્યા છે? શા માટે?

**ખંડ : 2**

બીજા ખંડમાં અલી ડોસાના પૂર્વજીવનના શિકારશોખનો અને પછી એમાં આવેલા પરિવર્તનની વસ્તુગૂંથણી થઈ છે. એક સમયે તેના જીવનમાં શિકાર કરવાનો વિચિત્ર નશો ઊભરાયો હતો. પુત્રીના વિરહની પરિસ્થિતિમાં અણધાર્યું પરિવર્તન આવતાં અલી ડોસાની જીવનદૃષ્ટિ પરિશુદ્ધ બની જાય છે.

**તમારી પ્રગતિ ચકાસો (ખ):**

1. અલી ડોસાના શિકારશોખને લેખક શાના નશા સાથે ઓળખાવે છે? કેમ?
2. અલી ડોસો હોશિયાર શિકારી હતો - એ મુદ્દાને સમર્થન આપતાં બે દૃષ્ટાંતો લખો.
3. હૃદયપરિવર્તન થયા બાદ અલી ડોસાને જિંદગીનું કયું રહસ્ય સમજાયું? એ સમજણનું કેવું પરિણામ આવ્યું?
4. આ ખંડના કયા મુદ્દાઓ તમને સૌથી વધુ સ્પર્શી ગયા? શાથી?

**ખંડ : 3**

અલી ડોસાનું પોસ્ટ ઑફિસમાં આવવું - એ રોજિંદા ક્રમ બની જાય છે. મરિયમની ટપાલ તો આવતી જ નથી. અલી ડોસાની રોજિંદી પૂછપરછ પણ હાસ્યાસ્પદ બની જાય છે. પોસ્ટ ઑફિસના કર્મચારીઓ આ બાબતથી કંટાળે પણ છે. અલી ડોસાનું વાત્સલ્ય કર્મચારીઓની નજરે પાગલપણું છે અને એ નિમિત્તે આખું 'ગાંડાપુરાણ' ઊખળે છે અને ટીખળો પણ ચાલે છે.

**તમારી પ્રગતિ ચકાસો (ગ):**

1. અલી ડોસાનું મગજ ચસકી ગયું છે, એ માટે પોસ્ટમેન કઈ બાબતને નિમિત્ત ગણે છે?
2. 'ગાંડા બહુ વિચિત્ર હોય છે.' આ ઉક્તિના સંદર્ભમાં કયાં દૃષ્ટાંતો આપવામાં આવ્યાં છે?
3. તમે જોયેલા કોઈ ગાંડાની ખાસિયત વર્ણવો.

**ખંડ : 4**

છેલ્લીવાર અલી ડોસો પોસ્ટ ઑફિસમાં આવે છે ત્યારે હાંફતો હોય છે. એના ચહેરા પર જીવનસંધ્યાનાં ચિહ્નો સ્પષ્ટ દેખાતાં હોય છે. પોસ્ટ ઑફિસના એક સારા લાગતા કર્મચારીને તે પોતાની પાસેથી પાંચ ગીની અલ્લાહની સાક્ષીએ આપે છે. ગીનીઓ આપ્યા બાદ અલી ડોસો વિનંતી કરે છે કે પોતાની પુત્રી મરિયમનો પત્ર આવે તો એ પોતાની કબર પર પહોંચતો કરવો.

**તમારી પ્રગતિ ચકાસો (ઘ):**

1. અલી ડોસો છેલ્લી વાર પોસ્ટ ઑફિસમાં આવ્યો ત્યારે એની હાલત કેવી હતી?
2. કારકુનને ગીનીઓ આપતી વેળાએ અલીએ કોને સાક્ષી રાખ્યા? એ માટે તેણે કયો સંકેત કર્યો?
3. ગીનીઓના બદલામાં અલી શી અપેક્ષા રાખે છે? શા માટે?
4. પોસ્ટ ઑફિસમાંથી વિદાય થતી વેળાએ અલી કયા શબ્દો બોલે છે? એ શબ્દોનો મતલબ સમજાવો.

**ખંડ : 5**

પોસ્ટ માસ્તરની દીકરી દૂર દેશાવરમાં માંદી હોય છે, એની ચિંતામાં સમય પસાર થતો હોય છે; એ જ ગાળામાં અલી ડોસાની પુત્રી મરિયમની ટપાલ આવે છે. આ સંજોગ વાર્તાના અંતને માર્મિક અને હૃદયસ્પર્શી બનાવે છે. લક્ષ્મીદાસ અને પોસ્ટ માસ્તર જાતે જઈને અલીની કબર ઉપર ટપાલ મૂકી આવે છે.

**તમારી પ્રગતિ ચકાસો (ચ):**

1. આ ખંડમાં પોસ્ટ માસ્તરને થયેલો અનુભવ તમારા શબ્દોમાં વર્ણવો.
2. 'મનુષ્ય પોતાની દૃષ્ટિ છોડી બીજાની દૃષ્ટિથી જુએ તો અરધું જગત શાંત થઈ જાય.'- આ વિધાન સમજાવો.
3. વાર્તાના અંતની ચર્ચા કરો.
4. આ વાર્તાનો બીજો કોઈ અંત તમે સૂચવી શકો છો? તમારું સૂચન કારણો સાથે રજૂ કરો.

## 1.6 વસ્તુલક્ષી કસોટી

**તમારી પ્રગતિ ચકાસો (છ):**

(ક) નીચેનાં વિધાનો સાચાં છે કે ખોટાં તે જે તે વિધાનને અંતે આપેલા ખાનામાં ખરા વિધાન માટે (✓) અને ખોટા વિધાન માટે (✗)ની નિશાની કરી દર્શાવો:

1. અલી ડોસો પોતાની પુત્રીની ટપાલ લેવા રોજ પોસ્ટ ઑફિસે આવતો હતો અને નિરાશ થતો હતો. ☐
2. અલી ડોસો તેની યુવાવસ્થામાં ભલમનસાઈ અને જીવદયાના ગુણો ધરાવતો હતો. ☐
3. પોસ્ટ ઑફિસના કર્મચારીઓ નોકરીને લગતી બાબતો ઉપરાંત બીજો વાર્તાલાપ પણ કરતા હોય છે. ☐
4. પોસ્ટ માસ્તર નિઃસંતાન હતા તેથી અન્યનું વાત્સલ્ય સમજી શકતા નહિ. ☐
5. મરિયમનો પત્ર અલી ડોસાની કબર પર પહોંચાડવા લક્ષ્મીદાસની સાથે પોસ્ટ માસ્તર પણ જાય છે. ☐

(ખ) વાર્તાનાં જુદાંજુદાં પાત્રો દ્વારા બોલાયેલાં કેટલાંક વાક્યો નીચે આપ્યાં છે. દરેક વાક્યની નીચે એકથી વધુ પાત્રોનાં નામ તથા દરેકની સામે એક ખાનું છે. જે તે વાક્ય કોણ બોલે છે એ દર્શાવવા યોગ્ય પાત્રના આગળના ખાનામાં (✓)ની નિશાની કરો.

1. 'કોચમૅન અલી ડોસાનો કાગળ કીધો નાં ?'

   પોસ્ટમાસ્તર ☐ અલી ડોસો ☐ પોસ્ટમૅન ☐

2. 'હા સાહેબ, પાંચ વરસ થયાં ગમે તેવી ઋતુ હોય છતાં કાગળ લેવા આવે છે!'

   કારકુન ☐ પોસ્ટમૅન ☐ પટાવાળો ☐

3. 'ગાંડા આપણને ગાંડા માનતા હશે અને ગાંડાની સૃષ્ટિ કવિની સૃષ્ટિ જેવી હશે!'

   અલી ડોસો ☐ પોસ્ટ માસ્તર ☐ લક્ષ્મીદાસ ☐

4. 'ભડકશો નહિ, તમારે આ ઉપયોગી ચીજ છે. મારે હવે તેનો ઉપયોગ નથી પણ એક કામ કરશો ?'

અલી ડોસો ☐ મરિયમ ☐ પોસ્ટમૅન ☐

5. 'જી, અલી ડોસો તો મરી ગયેલ છે! પણ એનો કાગળ લાવો મારી પાસે!'

પોસ્ટ માસ્તર ☐ લક્ષ્મીદાસ ☐ પોસ્ટમૅન ☐

## 1.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

**1) (ક)** કોઈ સ્ત્રી પોતાની સુંદર કાયાને વધુ સુંદર દેખાડવા ઘરેણાંનો આશ્રય લે છે, એમ સર્જક પણ પોતાના સર્જનને વધુ સુંદર દેખાડવા અલંકારનો વિનિયોગ કરે છે. 'અલંકાર' શબ્દનો સાદો અર્થ થાય છે 'ઘરેણું'.

આપણી વાર્તાનું આ વાક્ય જુઓઃ

"...ઈટાલીના ગરુડ જેવી અલીની દષ્ટિ બરાબર સસલાના કાન પર ચોંટતી અને બીજી જ પળે તે રહેતું નહિ."

અહીં શિકાર તાકવાની અલીની દષ્ટિ અંગે લેખકે ઉપમા અલંકારનો આધાર લીધો છે.

**(ખ)** ઉપરના વાક્યમાં અલીની આંખને ગરુડની દષ્ટિ સાથે સરખાવી છે. આ સરખામણી દ્વારા અલી અને ગરુડની નિશાની તાકવાની દષ્ટિનું સામ્ય દર્શાવ્યું છે. આ રીતે સામ્ય દર્શાવાય ત્યારે ઉપમા અલંકાર બને છે. ઉપમા અલંકારમાં જેની સરખામણી કરવામાં આવી હોય એ ઉપમેય કહેવાય, જેની સાથે સરખામણી કરવામાં આવી હોય એ ઉપમાન કહેવાય; અને જે ગુણ-લક્ષણને આધારે સરખામણી કરવામાં આવી હોય એ સાધારણ ધર્મ કહેવાય.

ઉપરના વાક્યમાંથી ઉપમેય, ઉપમાન અને સાધારણ ધર્મ શોધીને લખો.

ઉપમેય................. ઉપમાન............... સાધારણ ધર્મ..............

**(2) નીચેના શબ્દો જુઓઃ**

વિયોગ, વિનય

- પહેલા શબ્દ 'વિયોગ'માં 'વિ' ઉપસર્ગ 'વિરુદ્ધનું' - 'વગરનું' એવો અર્થ સૂચવે છે.

'વિ' ઉપસર્ગનો 'વિશેષ' એવો અર્થ પણ થાય છે. 'વિનય'માં એવો અર્થ છે.

**તમારી પ્રગતિ ચકાસો (જ):**

નીચે આપેલા શબ્દોમાંથી 'વિ' ઉપસર્ગનો 'વિશેષ' એવો અર્થ થતો હોય એને 'ક' યાદીમાં અને 'વિરુદ્ધ - વગર' એવો અર્થ થતો હોય અને 'ખ' યાદીમાં મૂકોઃ

વિપક્ષ, વિમુખ, વિભ્રમ, વિમળ, વિજય, વિરુદ્ધ, વિકળ, વિસંગત

ક ........ ........ ........ ........ ........

ખ ........ ........ ........ ........ ........

**(૩) નીચેનો શબ્દ જુઓઃ**

અખંડ

ઉપરના શબ્દમાં 'અ' પૂર્વગ છે. 'અ'નો અર્થ નકારવાચક થાય છે.

**તમારી પ્રગતિ ચકાસો (ઝ):**

1. 'અ' પૂર્વગ ધરાવતા કોઈ પણ પાંચ શબ્દો લખો.

   ........ ........ ........ ........ ........

2. તમારા અભ્યાસને આધારે કોઈપણ પૂર્વગ ધરાવતા પાંચ શબ્દો લખો.

   ........ ........ ........ ........ ........

**(4) નીચેનો શબ્દ જુઓઃ**

નાનામોટા

આ શબ્દમાં બે પદો છેઃ નાના+ મોટા.

આ બંને પદને અલગ રાખીને 'નાના અને મોટા' એમ કહેવાને બદલે 'નાનામોટા' એમ એક શબ્દ સમાસ કરીને કહેવાયું છે.

એવા અન્ય શબ્દો જોઈએઃ

રામસીતા, નોકરચાકર, રીંગણબટાકાં.

**તમારી પ્રગતિ ચકાસો (ટ):**

બે પદોને 'અને'થી જોડવામાં આવ્યાં હોય એવાં બીજાં પાંચ ઉદાહરણો આપો.

આ શબ્દો જુઓ :

ધર્મક્ષેત્ર, તીર્થસ્થાન

તમે જોઈ શકશો કે આ બંને શબ્દો બે બે પદોના બનેલા છેઃ

ધર્મ + ક્ષેત્ર

તીર્થ + સ્થાન

બંને પદો વિભક્તિના પ્રત્યયોથી જોડાયેલાં છે. આ પ્રમાણે વિભક્તિથી જોડાયેલાં પદો પણ સમાસના પ્રકારમાં ગણાય છે.

**તમારી પ્રગતિ ચકાસો (ઠ):**

નીચે વિભક્તિના પ્રત્યય સાથે અલગ-અલગ પદો આપ્યાં છે. એ પદો જોડીને સમાસ રચો.

| | |
|---|---|
| રસથી ભીનું ................ | દેવનું મંદિર.............. |
| વહુ માટે ઘેલો............... | વ્યહારમાં કુશળ........... |

**તમારી પ્રગતિ ચકાસો (ડ):**

નીચેના સમાસનો વિભક્તિના પ્રત્યયનો ઉપયોગ કરી વિગ્રહ કરો.

સ્વરચિત, કામચોરી, વરઘેલી, દૈવાધીન, આશાભર્યું.

**(5) નીચેનું વાક્ય જુઓઃ**

કોઈના માથા પર સાફો, તો કોઈના પગમાં ચમચમાટી કરે એવા બૂટ, એમ સૌ પોતપોતાનો વિશિષ્ટ ભાવ દર્શાવતા હતા.

ચાલતાં-ચાલતાં 'ચમચમ' અવાજ થાય, એટલે કે 'રવ' સંભળાય તેથી 'ચમચમાટી' શબ્દ રવાનુકારી શબ્દ કહેવાય. એ જ રીતે 'ધમધમ', 'ખટખટ', 'છૂકછૂક' - એ પણ રવાનુકારી શબ્દો છે.

**તમારી પ્રગતિ ચકાસો (ઢ):**

રવાનુકારી શબ્દોનાં બીજાં દસ ઉદાહરણ આપો.

(ક) નીચેના શબ્દો જુઓઃ

સર્વત્ર, મનુષ્ય, શ્રદ્ધા, સ્નેહ, ઉલ્લાસ, ધર્મક્ષેત્ર, તીર્થસ્થાન, સ્ત્રી, વિશિષ્ટ આ શબ્દો સંસ્કૃત ભાષાના શબ્દો છે અને ગુજરાતી ભાષામાં પણ એ જ સ્વરૂપે પ્રયોજાય છે. આ પ્રકારના શબ્દોને 'તત્સમ' શબ્દો કહેવાય છે.

(ખ) નીચેના શબ્દો જુઓઃ

કામ, હાથ, બેસવું, આજ, આંસુ, વાત.

આ શબ્દો ગુજરાતી ભાષાના શબ્દો છે, પણ એ સંસ્કૃત ભાષામાંથી ગુજરાતીમાં થોડા ફેરફાર સાથે આવ્યા છે અને પ્રચલિત થયા છે.

(ગ) નીચેના શબ્દો જુઓઃ

પોલીસ, ઑફિસ, પોસ્ટમૅન, બૂટ.

(ઘ) આ શબ્દો પણ જુઓઃ

કતલ, રોનક, દિલગીરી, કાબૂ.

ઉપર (ગ) વિભાગમાં મૂકેલા શબ્દો અંગ્રેજી ભાષાના છે અને (ઘ) વિભાગમાં મૂકેલા શબ્દો અરબી કે ફારસી મૂળના છે. મુસલમાનો અને અંગ્રેજો ભારતમાં સત્તા ભોગવતા હતા, ત્યારે તેઓની ભાષાનો પ્રભાવ હતો. એ સમયે ગુજરાતીમાં ઉપર લખેલા અને એવા બીજા શબ્દો પ્રવેશી ગયા હતા અને આજે પણ પ્રચલિત છે.

**તમારી પ્રગતિ ચકાસો (ણ):**

અંગ્રેજી અને અન્ય ભાષાના ગુજરાતીમાં પ્રચલિત હોય એવા શબ્દોની યાદી બનાવો.

**(6) નીચેના શબ્દોની જોડણી ધ્યાનમાં રાખોઃ**

સોંસરવો, નિષ્ઠુર, ગરુડ, શિકાર, ગામડિયો, વિચિત્ર, જિંદગી.

## 1.8 પુનરવલોકન

**તમારી પ્રગતિ ચકાસો (ત):**

સમગ્ર વાર્તાનો તમે અભ્યાસ કરી ચૂક્યા છો, એટલે હવે નીચેના પ્રશ્નોના ઉત્તરો તમે સહેલાઈથી આપી શકશોઃ

1. 'પોસ્ટ ઑફિસ'માં આલેખવામાં આવેલું પિતૃવાત્સલ્ય - એ વિશે વિગતે ચર્ચા કરો. તમારા ઉત્તરમાં ઉદાહરણો આવે એ ધ્યાનમાં રાખો.
2. અલી ડોસાના પાત્ર વિશે નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાખી નોંધ લખો -
   (1) અલીનું પૂર્વજીવન
   (2) અલીનું હૃદયપરિવર્તન
   (3) અલીનું વાત્સલ્ય અને કારુણ્ય

3 'મનુષ્ય પોતાની દૃષ્ટિ છોડી બીજાની દૃષ્ટિથી જુએ તો અડધું જગત શાંત થઈ જાય'-

વાર્તાને આધારે આ વિધાનની સમીક્ષા કરો.

4. નીચેના મુદ્દાઓ વિશે તમારી ભાષામાં લખો.
   (1) પોસ્ટ ઑફિસનું વાતાવરણ
   (2) 'પોસ્ટ ઑફિસ' વાર્તાનો અંત
   (3) પોસ્ટ માસ્તરનું પાત્ર
   (4) આ વાર્તામાંનાં વર્ણનો

## 1.9 લેખન -પ્રવૃત્તિ

**તમારી પ્રગતિ ચકાસો (થ):**

તમારા અનુભવમાં આવેલા માતૃવાત્સલ્યના કોઈ એક પ્રસંગનું વર્ણન કરો.

## 1.10 વિશેષ અધ્યયન

### 1.10.1 કર્તા-પરિચય ધૂમકેતુ (1892-1965)

'ધૂમકેતુ' એ તખલ્લુસ છે. લેખનું મૂળ નામ ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી. નવલકથા અને ટૂંકીવાર્તાક્ષેત્રે માતબર સર્જન કરીને લોકોમાં અને વિદ્વાનોમાં પ્રિય થઈ પડેલા સર્જક. આત્મકથા 'જીવનપંથ' માટે નર્મદચંદ્રકનો પુરસ્કાર પ્રાપ્ત થયો હતો. મોટા ભાગે ઐતિહાસિક નવલકથાઓથી વિશેષ ખ્યાતનામ થયા છે. ટૂંકીવાર્તાના અનેક સંગ્રહોમાંથી 'તણખા મંડળ' 1,2,3,4ની કૃતિઓ જાણીતી છે. આદર્શ, માંગલ્ય, ઊર્મિ અને ભાવનાને સ્પર્શતા વિષયોની માવજત લેખકની વિશેષતા બની રહી છે. નવલકથા અને ટૂંકીવાર્તા ઉપરાંત નાટક, નિબંધ, જીવનચરિત્ર, આત્મકથા, પ્રવાસાદિ ક્ષેત્રોમાં ખેડાણ કર્યું છે.

### 1.10.2 સ્વરૂપ-પરિચય

ટૂંકીવાર્તા પશ્ચિમમાંથી આવેલું સ્વરૂપ છે. આજે ગુજરાતી ટૂંકીવાર્તામાં વિષય-નિરૂપણનું સારું એવું વૈવિધ્ય જોવા મળે છે. પરંતુ ટૂંકીવાર્તાનાં સામાન્ય લક્ષણો જોઈએ તો ઓછા પ્રસંગો -પાત્રો દ્વારા હૃદયસ્પર્શી રીતે જીવનના રહસ્યને પ્રગટાવે અને પ્રભાવક બને એ સફળ ટૂંકીવાર્તા ગણાય. કથન, વર્ણન, સંવાદના આલેખન દ્વારા સમૃદ્ધ ભાષાશૈલી દાખવતી વાર્તા સહૃદયોને વિશેષ આકર્ષક નીવડે છે. લાઘવ એનો કલાગુણ બની રહે છે.

### 1.10.3 વિશેષ વાચન

'મલયાનિલ' પછી ગુજરાતી ટૂંકીવાર્તાનો આજદિન સુધી સુપેરે વિકાસ થયો. મુનશી, ધૂમકેતુ, દ્વિરેફ, પન્નાલાલ વગેરેએ ટૂંકીવાર્તાના સર્જનમાં નોંધપાત્ર પ્રદાન કર્યું. સુરેશ જોષીએ રૂપનિર્મિતિના સંદર્ભમાં ઘટનાને ગૌણ કરીને વાર્તાસર્જન કર્યું, મધુરાય જેવા સર્જકોએ 'હાર્મોનિકા' જેવા લાક્ષણિક પ્રયોગો કર્યા. એ પછી પણ અનેક પ્રયોગશીલ રચનાઓ થતી રહી છે. ટૂંકીવાર્તાનાં એકાધિક સંપાદનો થયાં છે, એનો અભ્યાસ કરવો જોઈએ.

## ● ટિપ્પણ

**જીવનસંધ્યા** - જીવનના અસ્તની વેળા - મૃત્યુની વેળા;

**ગીની** - સોનાનો બનેલો બ્રિટિશ સિક્કો

એકમ
૨

# મુકુન્દરાય

રા. વિ. પાઠક

રૂપરેખા


2.1 ઉદ્દેશો

2.2 પ્રસ્તાવના

2.3 કૃતિ (ટૂંકીવાર્તા)

2.4 કૃતિનો સારાંશ

2.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

ખંડ : 1

ખંડ : 2

ખંડ : 3

2.6 વસ્તુલક્ષી કસોટી

2.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

21.8 પુનરવલોકન

2.9 લેખન-પ્રવૃત્તિ

2.10 વિશેષ અધ્યયન

2.10.1 કર્તા-પરિચય

2.10.2 સ્વરૂપ-પરિચય

2.10.3 વિશેષ વાચન

● ટિપ્પણી


## 2.1 ઉદ્દેશો

આ ટૂંકીવાર્તાના અભ્યાસ દ્વારા તમે -

- 'મુકુન્દરાય' વાર્તાનો આસ્વાદ માણશોઃ
  - કથાવસ્તુની દૃષ્ટિએ
  - પાત્રાલેખનની દૃષ્ટિએ
  - સંવાદની દૃષ્ટિએ
  - પિતૃહૃદયને લાગેલા આઘાતની પ્રતિક્રિયાની દૃષ્ટિએ
- વાર્તામાં આલેખાયેલા પિતાપુત્રના વિચારભેદ અને આચારભેદનો પરિચય મેળવશો.
- ગ્રામજીવનના વાતાવરણનો પરિચય મેળવશો.
- સમજણ વિનાની આધુનિકતાની કરુણતા સમજશો.
- સચોટ અંત સાધવા લેખકે યોજેલી પ્રયુક્તિ જાણશો.
- વાર્તાની ભાષાકીય વિશેષતાઓ જાણશો.

## 2.2 પ્રસ્તાવના

આધુનિકતા તો અનિવાર્ય, પણ આધુનિકતાને સંદર્ભ સહિત સમજી - પામી એનો સ્વીકાર કરવાથી સારું પરિણામ આવે. તેથી ઊલટું, આધુનિકતાને માત્ર પોતાની રીતે લેતાં અને એમાંય સ્વાર્થ ગંધાતાં કરુણતા જ સર્જાય - એ મર્મ આ વાર્તા દ્વારા સમજાય છે.

રઘનાથ ભટ્ટ નાનકડા ગામમાં શાંતિપ્રિય ધાર્મિક જીવન જીવે છે. તેઓની યુવાન વિધવા પુત્રી

ગંગા, યથા નામ તથા ગુણ ધરાવતી હોવાથી વૃદ્ધાવસ્થાનો સહારો બની રહે છે. રઘનાથનો પુત્ર મુકુન્દ શહેરમાં ઉચ્ચ શિક્ષણ માટે ગયો છે અને ત્યાં આધુનિકતાને નામે સ્વાર્થી અને સ્વચ્છંદી બની ગયો છે.

મિત્રો સાથે વતનમાં ફરવા આવેલા મુકુન્દને વતનનું ઘર તથા પ્રેમોપચાર જોઈને ક્ષોભ થાય છે અને એ નિમિત્તે અવારનવાર તોછડાઈ આચરે છે. વધારામાં, પોતાના અભ્યાસના મુદ્દાને આગળ ધરીને ખોટા ખર્ચા માટે વધારાના પૈસાની જોગવાઈ વિશે પણ એકાંતમાં વાત કાઢે છે. રઘનાથથી વધુ ખર્ચ થઈ શકે એમ નથી, એવું સમજાતાં તે તરત જ ખેતરો વેચી નાખવાનું સુચન કરે છે.

આટલું પૂરતું ના હોય એમ, મેડીએ મિત્રો સાથે ગપાટા મારતાં મુકુન્દ વિધવાવિવાહ જેવા નાકુજ મુદ્દાને પણ છેડી બેસે છે. આ બધી તૂટકતૂટક વાતો સાંભળીને અને તિરસ્કારયુક્ત વલણ જોઈને બાપદીકરી નિરાશ થાય છે.

બીજી તરફ, મિત્રોને સ્ટેશને મૂકવા ગયેલો મુકુન્દ પણ ઘેર પાછો આવવાને બદલે મિત્રો સાથે જ શહેરમાં જતો રહે છે અને પોતે 'ગયો છે' એવો સંદેશો મોકલી દે છે.

વાર્તાને અંતે લેખકે રઘનાથના મુખે વિમળશાની કથા મૂકી છે. એમાં નાલાયક પુત્ર કરતાં નખ્ખોદ સારું, એવો સૂચિતાર્થ છે. વિમળશાની વાત કૃતીના પાત્રરૂપે સાંભળતી ગંગા અને ભાવક, રઘનાથની કરુણતાને આત્મસાત્ કરે એવું સફળ આયોજન વાર્તાને અંતે સિદ્ધ થયું છે.

બે પેઢી વચ્ચેના મતભેદ થાય તો સમાધાનની શક્યતાઓ રહે છે, પણ મનભેદ થાય તો કેવી કરુણતા સર્જાય - એનું હૃદયસ્પર્શી આલેખન વાર્તાને કલાત્મક બનાવે છે.

## 2.3 કૃતિ (ટૂંકીવાર્તા)

### મુકુન્દરાય

**- રા. વિ. પાઠક**

રાવૈયા ગામમાં સવારના નવદસ વાગ્યે પાદરે વડલા હેઠળ ગામનાં ઢોર ભેગાં થયેલાં છે. વડનો છાંયો ફરે અને તડકો પડે તેથી તપીને કોઈ ઢોર માંડમાંડ ઊઠી પાછું છાંયે જાય તે સિવાય ઢોર પણ નિસ્તબ્ધ થઈ ગોવાળની રાહ જોતાં બેઠાં છે. નજીક તળાવની પાળ ઉપર એક નાની પણ સુંદર પુરાતન દેરી છે. આ દેરી, ત્યાંથી જડેલ પ્રાચીન વલભીના શિલાલેખથી અત્યારે તો ઘણી જ પ્રસિદ્ધ થઈ ગઈ છે, પણ આપણી વાર્તાનો સમય તેના અગાઉ ત્રણ વરસ પહેલાં છે. તે વખતે તે દેરી પાસે ધર્માદાની જાર વેરેલી પડી હતી. એ જાર ચણીને ધરાઈને કેટલાક પોપટ દેરી ઉપર અત્યારે મોટાં માથાં હલાવતા-હલાવતા જાણે કોઈ કારભારાં ડહોળતાં હોય તેમ વાતો કરતા હતા. તે સમયે એક ઠાકરડો બેઠેલાં ઢોરમાંથી વાંકોચૂકો રસ્તો કરતો ધીમેધીમે ગામમાં ગયો. ભરવાડોની ઝોકો વટાવી તે ચૌટામાં ગયો. ચૌટામાં પેસતાં જ તેણે એક નવી ઉઘાડેલી ચાની દુકાનેથી ચા પીધી અને દેવતા માગી ચલમ પીધી. પછી માથાબંધણાનો છેડો છોડતો-છોડતો તે બજારના મધ્ય તરફ ચાલ્યો અને વાણિયાની દુકાને આવી તેણે 'રઘનાથ'નું ઘર પૂછ્યું. ત્રણચાર દુકાનના વાણિયાઓએ કોઈએ માત્ર ડોક લંબાવી, કોઈએ બહાર કૌતુકની નજર નાખી અને કોઈએ વૈખરીથી ' શું છે? શું છે? કોનું કામ છે?' એમ પૂછ્યું. પેલા ઠાકરડાએ ફરી નામ દીધું. જાણે તે પ્રશ્ન પૂરો સમજવાને વિદ્યાર્થીઓ મહેતાજીના પ્રશ્નનો જવાબ આપતાં પહેલાં બોલે છે તેમ 'કોણ ? રઘનાથ કે ?' એમ બે-ત્રણ-ચારવાર બોલી એકે કહ્યું: 'રઘનાથ તો બે છેઃ રઘનાથ જોશી. પણ જોશી ફળિયામાં રહે છે; અને રઘનાથ ભટ્ટ, આ ખાંચામાં, પહેલું ખડકીબંધ ઘર.'

'રઘનાથ' નામ બે-ત્રણ વાર બોલાતાં એ ઘરમાંથી એક બાવીસેક વરસની વિધવાએ ડોકું બહાર કાઢ્યું. ઠાકરડાના હાથમાં તાર જોઈ તેણે ઘર સામું મોં કરી કહ્યું: 'બાપુ, જાઓ જોઈએ,

ભાઈનો તાર આવ્યો લાગે છે.' બાઈએ થીગડાંવાળું પણ ચોખ્ખું અબોટિયું પહેર્યું હતું. તેનું મોં ચિંતાવાળું દેખાતું હતું, અને માથાના વાળ આજે કઢાવેલા હતા; છતાં તેના અંગેઅંગમાં સ્ફૂર્તિ અને તંદુરસ્તી દેખાતાં હતાં; અને પોતાની સ્થિતિ ઉપરના પ્રભુત્વથી અને અજ્ઞાત કૃતકૃત્યતાના સંતોષથી જે સ્વસ્થતા આવે છે તે તેનામાં હતી.

ઘરમાંથી, પહેરેલી ધાબળીએ પાઠની ભગવદ્ગીતાનો ગુટકો એમ ને એમ હાથમાં રાખી, તેના પિતા બહાર આવ્યા અને ઠાકરડા પાસેથી તાર નીચે નખાવી દીધો. બાપદીકરી ઘરમાં ગયાં. તારવાળો તેમનો ઉદ્વેગ જોઈ શીખની આશા છોડી ચાલતો થયો. રઘનાથ ભટ્ટ ધોતિયું પહેરી, માથે સફેદ પાઘડી નાખી, ખુલ્લે ખભે એક ધોળું ખેસિયું નાખી, હાથમાં લાકડી લઈ બજાર તરફ ચાલ્યા. ધ્રૂજતા હાથ અને અસ્થિર પગ જોઈ ગંગાએ કહ્યું: 'બાપુ! એમાં ચિંતા ન કરશો. ભાઈને આ વરસ આવવામાં મોડું થયું એટલે તાર કર્યો હશે! કોઈ રોકાણ થયું હશે. તમે કહો તો હું ગામમાં જઈ વંચાવી આવું.' ડોસાએ પોતા પર કાબૂ મેળવી માથું હલાવી ના પાડી, ચાલવા માંડ્યું. ગામમાં કસળચંદ વાણિયાનો દીકરો ફક્ત કપાસના ભાવના તાર વાંચવા જેટલું અંગ્રેજી ભણ્યો હતો. તેની પાસે જ રઘનાથે તાર વંચાવ્યો. ઘણી મુશ્કેલીએ છોકરાએ તાર બેસાર્યો કે, 'મુકુન્દરાય મિત્રો સાથે લોકલમાં આવે છે.' કેટલા મિત્રો એ તારમાંથી નક્કી ન થઈ શક્યું. તાર સાંભળી ડોસા ચાલવા માંડ્યા એટલે કસળચંદે બે ઘડી બેસવા આગ્રહ કર્યો. ડોસાએ કહ્યું કે ઘેર રસોઈ કરાવવી છે એટલે ઉતાવળ છે. કસળચંદે બહુ જ મમત્વથી ડોસાને કહ્યું કે આ વખત તો ભાઈની પાસે જરૂર ટપાલની અરજી કરાવવી છે.

રાવૈયામાં ટપાલનું દુઃખ હતું. ટ્રેન થયા પહેલા તોરણિયા મારફત તેમને ટપાલ આવતી. હવે રાવૈયા સ્ટેશન ચાર જ માઈલ દૂર હતું પણ ટપાલની વ્યવસ્થા જૂની જ કાયમ રહી હતી, તેથી એક દિવસ નક્કામો જતો. રેલવેમાં નવી લાઇન થાય, નવું સ્ટેશન થાય તેમાં પોસ્ટખાતાને શું? એ ખાતું તો સ્વતંત્ર છે ના!

રઘનાથ ઉતાવળે પગે ઘેર આવ્યા. ડોસાના મોં પરથી કુશળ સમજી ગંગાએ કહ્યું: 'હું નહોતી કહેતી! તમે નકામી ચિંતા કરતા હતા! ભાઈ આવે છે ના?'

'હા, અને સાથે તેના ભાઈબંધોને તેડતો આવે છે. હવે જમવાનું કેમ કરીશું? ગાડી આવવાનો વખત તો થઈ ગયો છે, નહિ? તેં દાળમાં હવેજ નાખી દીધો છે?'

'હા.'

'ત્યારે લાડુ કરીશું?'

'ના, ભાઈને લાડુ પસંદ નથી. તેના કરતાં તો શીરો તેને ભાવે છે એમ એક દિવસ કહેતા હતા. અને સાથે ભજિયાં પણ કરીશું. તમે ભજિયાં માટે જે મળે તે લઈ આવો. ઘી પણ જોઈએ. શીરા માટે બદામ તો છે.'

રઘનાથ ઘીનું વાસણ લઈ એમ ને એમ ગામમાં ગયા. બીજી બાજુ ગંગાએ તુવેરની દાળનું પાણી કાઢી નાખી તેની લચકો દાળ કરી અને દહીં સરસ હતું તે ભાંગીને કઢી કરવા માંડી. થોડી વારે રઘનાથ તપેલીમાં તાજું, લીલી ઝાંયવાળું ઘી અને બીજા હાથમાં કોળું લઈને આવ્યા અને કહ્યું : 'બીજું તો કાંઈ ન મળ્યું.'

'કાંઈ ફિકર નહિ. તમે એનાં પાતળાં પતીકાં કરો. એ તો કોળાનાં પણ સરસ ભજિયાં થશે.' ગંગા ઊઠી અને ભજિયાં માટે ચણાની દાળ દળવા બેઠી. ડોસા અતિ ચીવટથી ભજિયાં માટે

પાતળાં પતીકાં કરવા બેઠા. એમ આ થોડી મિનિટ પર ચિંતાજન્ય શાંતિમાં ડૂબેલું ઘર ઘડીમાં હર્ષજન્ય વ્યવસાયમાં પડ્યું.

રઘનાથ ભટ્ટ ગામના પ્રતિષ્ઠિત અને નાતજાતમાં સારી આબરૂવાળા ઊંચા કુટુંબના બ્રાહ્મણ હતા. નાની વયમાં મા-બાપ ગુજરી ગયાં હતાં, પણ તેણે પોતાના જ સાહસથી પહેલાં જામનગર અને પછી કાશી જઈ અભ્યાસ કર્યો હતો. તે સંસ્કૃત સારું જાણતા. જ્યોતિષ, કાવ્ય, ભાગવત, કર્મકાંડ વગેરે ભણેલા હતા. તેમનો કંઠ ઘણો મધુર હતો અને જ્યારે ભાગવતની કથા કરતા, કૃષ્ણ યમુનામાં પડતાં યશોદાએ કરેલા વિલાપનું વર્ણન કરતા કે ગોપિકાગીત ગાતા ત્યારે અભણ માણસ પણ આંસુ પાડતાં. પોતાની પ્રતિષ્ઠાથી જ જ્ઞાતિજનોના દ્વેષ છતાં તે સારે ઘેર પરણ્યા અને તેમનાં જૂનાં ઘરાકો અને ગિરાસ તેમના કંકાસિયા કાકા પાસેથી એની મેળે પાછાં આવ્યાં. વખત જતાં તેમણે ગિરાસમાં કંઈક વધારો પણ કર્યો. તે મોટી ઉંમરે પરણ્યા હતા એટલે તેમની પત્ની નાની ઉંમરની હતી, પણ તેનું કુટુંબ ગામમાં અને નાતમાં સુખી ગણાતું. હરકોરને રસોઈ ઘણી સારી અને ત્વરાથી કરતાં આવડતી. તેના જેવી પાતળી, મોટી, ફૂલેલી અને બરાબર ચડવેલી રોટલી કોઈક જ કરી શકતું અને પૂરણપોળી તો સ્ત્રીઓ તેની પાસે જ શીખવા આવતી. તેના જેવી ઝીણી વાટ કોઈ ન કરી શકતું અને એ જાડી વાટ કરતાં બે પાતળી વાટનો પ્રકાશ વધારે પડે છે. એ તેની પોતાની શોધ હતી. પણ આ સુખ ઝાઝા દિવસ ટકી શક્યું નહિ. નવ વરસની ગંગા અને છ વરસના મુકુન્દને મૂકી હરકોર ગુજરી ગઈ. રઘનાથને સારાસારા ઘેરથી કહેણ આવ્યાં પણ તેની મોટી ઉંમરે ફરી પરણવાની ના પાડી અને છોકરાંને ઉછેરીને મોટા કરવા ઉપર જ જીવન ગાળવા માંડ્યું. છોકરાં નાનાં હોવાથી અને સગા દ્વેષીલાં હોવાથી તેમને બહારગામ જવાનું છોડી દેવું પડ્યું; છતાં કરકસરથી અને અંગમહેનતથી તે સારી રીતે રહી શકતા અને પાંચ પૈસા બચાવી પણ શકતા. ગંગા ચૌદમે વરસે વિધવા થઈ એ એમના જીવન ઉપર બીજો વધારે કારી ઘા પડ્યો. પશ્ચિમ વયમાં આ ઘા ઠેઠ સુધી રુઝાઈ ન શક્યો. ગંગામાં માતાની આવડત, સુઘડતા અને પિતાનું સંસ્કારીપણું, ધીટપણું ઊતર્યાં હતાં; તેણે જ નાના ભાઈને ઉછેરવાનો અને ઘરનો બીજો બધો ભાર ઉઠાવી લીધો. રઘનાથની સેવા તે માતા જેવા કોમળ સ્નેહથી કરતી પણ રઘનાથમાં જૂનો ઉલ્લાસ કદી ફરી આવ્યો નહિ. તેમની બુદ્ધિની સૂક્ષ્મતા એની એ રહી, પણ નવાં કાર્યોનો ઉત્સાહ મંદ થયો અને દહાડેદિવસે તે ઓછાબોલા થતા હતા. ભગ્ન હૃદયમાંથી જાણે તેમનું જીવન વેગથી સરવા માંડ્યું - માત્ર પુત્રને પ્રતિષ્ઠિત જોવાની તેમની જૂની ઇચ્છામાં નિઃશબ્દ નિષ્ક્રિય તીવ્રતા આવી; આવી સ્થિતિમાં પણ ગામમાં તેમની પ્રતિષ્ઠા એ જ રહી હતી, ઊલટું દુઃખમાં રાખેલી ધીરજથી તેમના તરફ પૂજ્યભાવ થયો હતો.

મુકુન્દમાં મા-બાપની સર્વ શક્તિ આવી હતી ખરી, પણ તેના પિતાના ઔદાસીન્યને લીધે તે કેળવાઈ નહોતી. નાનપણથી જ તેને સ્વતંત્રતાથી કામ કરવાની ટેવ પડી હતી અને એ ટેવ અંગ્રેજી શિક્ષણ લેવા તે બહાર ગામ ગયો ત્યારથી વધવા માંડી. મેટ્રિક થયા પછી તે કૉલેજમાં ગયો હતો. અત્યારે બી.એસસી.ના પહેલા વર્ષમાં હતો અને ઉનાળાની રજા પડેલી હોવાથી ઘેર આવતો હતો.

કૉલેજના અભ્યાસના આ વર્ષમાં વિદ્યાર્થીનું ચારિત્ર્ય અને ભાવિ કારકિર્દી કાંઈક ચોક્કસ સ્વરૂપ પકડે છે. અને કૉલેજના સ્વાતંત્ર્યના વાતાવરણને લીધે અને પરીક્ષાની ચિંતા ન હોવાથી આ વરસમાં વિદ્યાર્થીમાં માનસિક અને શારીરિક ઉલ્લાસ પણ ઠીક હોય છે. આપણા મુકુન્દરાયમાં પણ આ વરસ ઠીક ઉલ્લાસ આવ્યો હતો. તે ટેનિસ સારું રમી શકતો. ટેનિસની છેલ્લી રમતમાં જ માત્ર તે હાર્યો પણ તેની રમવાની છટા ઘણી જ વખણાઈ હતી. તેની છટાથી જ અને સામાન્ય

રીતભાતથી સ્ત્રી-વિદ્યાર્થીઓનો તે ખાસ માનીતો થયો હતો. સ્ત્રી-વિદ્યાર્થીઓ ટેનિસમાં તેને ભાગીદાર તરીકે માગતી. અને હમણાં તો ટેનિસ કરતાં પણ સ્ત્રીઓ તરફની રીતભાતથી સર્વ પુરુષ-વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓ પણ તેને ઘણું માન આપતા. કૉલેજમાં મિસ ગુપ્તા કરીને એક બહું જ જાજરમાન વિદ્યાર્થિની હતી. પુરુષો તરફ તિરસ્કારની નજરથી તે જોતી. ડિબેટિંગ સોસાયટીમાં તે પુરુષોને હસી કાઢતી. પણ ઘણી વાર સ્ત્રીઓનો આવો તિરસ્કાર પુરુષને વધારે આકર્ષવા માટે જ હોય છે. મિસ ગુપ્તાને પણ તેમ થયું. અનેક પૈસાદારો અને ફેશનેબલ યુવાનો તેની સેવા કરવા તલસતા. ટેનિસમાં, સામા પક્ષના પુરુષો તરફથી બહુ જ સહેલાં પૉઈન્ટ્સ તેને મળતાં અને તેના વળતા ફટકા નહિ લઈ શકવામાં પુરુષો પોતાને ધન્ય માનતા. પણ તેમાં અનન્ય સેવાનો લાભ તો મુકુન્દને મળ્યો. એક વાર મુકુન્દે તેના પક્ષકાર થઈ તેને ત્રણ સેટોમાં લાગલાગટ જીત અપાવી ત્યારથી એમની મૈત્રી વધી. પછી લેબોરેટરીમાં પણ બન્ને અનાયાસે ઘણીવાર એક જ ટેબલ પર ભેગાં થઈ જતાં. એક વાર મુકુન્દના ટેબલ પર મિસ ગુપ્તા જઈ ચડ્યાં. મુકુન્દે ટેસ્ટ-ટ્યૂબમાં એક સુંદર વાદળી રંગનું ડિપૉઝિટ બનાવ્યું હતું તે બતાવી કહ્યું: ‘મિસ ગુપ્તા, શું તમને આ રંગ સુંદર નથી લાગતો?’ મિસ ગુપ્તાએ હા પાડી, મુકુન્દે વાત લંબાવી: ‘સાયન્સને લોકો જડ માને છે, પણ કોણ કહેશે આમાં સૌન્દર્ય નથી?’ મિસ ગુપ્તાએ ફરી હા પાડી. મુકુન્દ આગળ વધ્યો: ‘તમને નથી લાગતું આ રંગની સાડી હોય તો શોભે?’ મિસ ગુપ્તાએ કહ્યું: ‘હા, એ રંગની સાડી હોય છે પણ ખરી’. મુકુન્દે જરા વધારે બહારુ થઈ કહ્યું: ‘હોવી જ જોઈએ. હિન્દુસ્તાન તો રંગોનો દેશ છે. આપણે રંગોના પ્રયોગો કરવા જોઈએ. આ રંગને આપણે સરખાવી જોઈએ તો કેવું?’ મિસ ગુપ્તાને એમાં ઘણો રસ પડ્યો. બીજે દિવસે મિસ ગુપ્તા એવી જ સાડી પહેરીને આવી અને મુકુન્દને એ રંગનું સૉલ્યુશન બનાવવા કહ્યું. મુકુન્દે કહ્યું: ‘તમે પોતે જ બનાવો, હું બધી સામગ્રી કરી આપું.’ મુકુન્દે તેમ કર્યું. બધી ક્રિયા પછી એક હાથમાં ટેસ્ટ-ટ્યૂબ અને બીજા હાથમાં શીશી લઈ મિસ ગુપ્તા છેવટનું દ્રવ્ય રેડતી હતી. અંદર ધીમેધીમે રંગ થતો જતો તે જોતી હતી, અને તે જ વખતે તેના માથામાં ખોસેલી પિન નીકળી ગઈ, અને છેડો સરવા લાગ્યો, અરધું જાણતાં અરધું અજાણતાં તેનાથી મુકુન્દનું નામ લેવાઈ ગયું અને મુકુન્દે ‘કંઈ નહી’ કહી તેનો છેડો બહુ જ વિવેક અને મર્યાદાના દેખાવથી ખભા ઉપર સરખો કરી આપ્યો બસ, ત્યારથી મુકુન્દ જ આખી કૉલેજમાં ધન્યતમ યુવાન ગણાવા લાગ્યો.

મુકુન્દની પ્રતિષ્ઠા હવે વધવા માંડી, બધા વિદ્યાર્થીઓ તેને માન આપવા લાગ્યા. નોકરો પણ તેને સલામ ભરવા લાગ્યા અને તેના હુકમ ઉઠાવવા લાગ્યા. તેનો ટેસ્ટ વખણાવા લાગ્યો. તેની મૈત્રી કરવી એ ફૅશન થઈ. તેને ઘણા પૈસાદાર મિત્રો થયા. તેમને તે કેટલીક ઉત્તમ ચીજોનો ઉપયોગ શીખવતો, ટાઈના પ્રકારો શીખવતો; રૅકેટ સંબંધી અને ફટકા મારવા સંબંધી સલાહ આપતો. છેલ્લામાં છેલ્લી ઢબ સંબંધી અભિપ્રાય આપતો. આ બધા પ્રસંગોમાંથી તે પોતે ન ખરીદી શકે એવી ઘણી ચીજો તેને વગર પૈસે મળતી. મિત્રો આગળ તે ગરીબ દેખાવું પસંદ કરતો નહિ. પૈસાદાર દેખાવાની કળા તેને સિદ્ધ છે એમ તે માનતો. તેની પાસે પૈસા ઓછા હતા પણ તે પાકીટ ઊંચી જાતનું વાપરતો. તે બનાતનાં ઊંચાં જોડાં લઈ શકતો નહિ પણ બ્લેંકો લગાડી તેને બરાબર સફેદ અને ડાઘા વગરના રાખી શકતો. પાટલૂન-નેકટાઈ પહેરવાનો રિવાજ તેણે હજી દાખલ કર્યો નહોતો, પણ ઝીણા ફરફરતાં ધોતિયાં તે સુંદર રીતે પહેરતો. આ બધાનું પરિણામ એ થતું કે જોકે તેના બહારના દેખાવના પ્રમાણમાં તે બહુ કરકસરથી રહેતો પણ પોતાની સ્થિતિથી ઘણું વધારે ખરચ કરતો અને બાપ પાસેથી ચોપડીઓ મંગાવવાના ખોટા બહાનાથી તેને ઘણી વાર પૈસા મગાવવા પડતા.

તેની છેવટની ફલેહોથી અંજાઈ પાસેના કેટલાક પૈસાદાર મિત્રો તેને ત્યાં આ વખતે વૅકેશન ગાળવા આવતા હતા.

ગંગા અને રઘનાથ, ભાઈ માટેની ધામધૂમમાં પડ્યાં હતાં એટલામાં બાપના તીવ્ર કાને બહાર એકાનો અવાજ સાંભળ્યો. તે સાંભળી તે ખડકી તરફ ધીમે ઊઠીને જાય છે, એટલામાં એકામાંથી એકદમ ઊતરી 'કમ ઑન, કમ ઑન' કરતો મુકુન્દરાય ખડકીમાં આવ્યો. તેની પાછળ બે ખાખી ખમીસ, ખાખી નેકટાઈ અને ધોતિયાં પહેરેલા, એક હાથમાં બિસ્ત્રો અને બીજા હાથમાં ટેનિસનું પ્રેસમાં દબાવેલું અને ખાખી રબરની ખોળવાળુ રૅકેટ લઈને ખડકીમાં પેસતા હતા. રઘનાથે 'ભાઈ, આવ્યો?' કહ્યું પણ મુકુન્દરાયનો મિત્રો તરફનો વિવેક હજી પૂરો થયો નહોતો એટલે તેણે કાંઈ જવાબ ન દીધો. અંદર આવી, મુકુન્દરાય, ઘંટીના અવાજથી, જાણે પોતે દોરી રાખેલું કોઈ સુંદર ચિત્ર કોઈએ ભૂંસી નાખ્યું હોય હોય તેમ, ચિડાઈને બોલ્યો : 'આ અત્યારે ઘંટી કોણ ચલાવે છે? ગંગાએ જરા લોટવાળા હાથ ખંખેરતાં હસતે મોઢે બહાર આવી કહ્યું: 'ભાઈ, તમારે માટે ભજિયાંનો લોટ જરા દળતી હતી, મોઢું કેમ સુકાઈ ગયું છે?' મુકુન્દે એ જ અવાજમાં કહ્યું: 'પણ હજી તમે રસોઈ ન કરી? મેં તાર કર્યો હતો ને? કેટલું બધું મોડું થયું? અલ્યા એકાવાળા, ટ્રંકો અંદર લાવ. આવોને મિસ્ટર પંડિત, મિસ્ટર ચોકસી.' બન્ને મહેમાનો, ઘંટીના અવાજથી મકુન્દરાયને જે આઘાત લાગેલો હતો તેના સાક્ષી થઈ તેની સ્થિતિ વધારે કફોડી ન કરવા ખડકી બહાર સામાન લેવા પાછા ગયા હતા, તે અંદર આવી ઊભા રહ્યા. મુકુન્દરાયની પૂર્વની મૂંઝવણ હજી બંધ પડી નહોતી અને તેથી અંદર બોલાવેલા મિત્રોને શું કહેવું તે તેને તરત સૂઝ્યું નહિ. ખુરશી-ટેબલ હોય તો મિત્રોને અંગ્રેજીમાં કહી શકાય કે 'કૃપા કરી તમારી બેઠક અહીં લ્યો.' પણ આ તો ઓટલો, તેના પર ચડવાનાં પગથિયાં, તેમાં મિત્રોને શું કહેવું? આ ગામની અને ઘરોની રચના તેને બહુ જ અર્થ વિનાની લાગી. તેના પિતા તેના આગલા પ્રશ્નોનો જવાબ ગળી જઈ તેની વિહ્વળતા કંઈક સમજી બોલ્યાઃ 'આવો ને ભાઈ, અહીં બેસવું હોયતો અહીં બેસો, ખાટલા ઉપર, નહિ તો ખડકી ઉપરની મેડીએ તમારો ઉતારો રાખ્યો છે ત્યાં સામાન મુકાવો.'

મુકુન્દને પોતાની પ્રતિષ્ઠા સાચવી રાખવા અને મિત્રો માટેની ચીવટ બતાવવા હજી જરા વધારે પ્રશ્નો કરવાની જરૂર લાગી. 'ઉપર સાફ કરાવ્યું છે?' ડોસાએ અતિ ભારપૂર્વક કહ્યું: 'રજાઓ પડી ત્યારથી બહેન એ મેડી હંમેશાં સાફ કરે છે.' આ ઉત્તર પણ તેને રુચ્યો નહિ. એકાવાળાને બિસ્ત્રો અને ટ્રંકો ઉપર મૂકવાનું કહી તેણે ફરી પૂછ્યું: 'પણ ત્યારે હજી સુધી રસોઈ કેમ તૈયાર થઈ નથી? મેં આટલા માટે તો તાર કર્યો હતો.'

'પણ ભાઈ, તાર તો હજી હમણાં આવ્યો, અને ગામમાં વંચાવવાનું પણ દુ:ખ!'

રેલવેના તાર, મૂકનાર મુસાફર પહેલાં જવલ્લે જ પહોંચે છે એ હકીકત સર્વ જાણે છે. માણસ કોણ જાણે શાથી એમ માને છે કે મનના વેગથી હકીકતને ઉડાડી મૂકી શકાય છે. પણ હકીકત હંમેશાં અર્થહીન હોય છે અને તેને નહિ સ્વીકારનારનાં કાર્યોને અર્થહીન કરે છે.

મુકુન્દે ઘણા જ વેગથી કહ્યું: 'અરે, તાર તે કેમ મોડો આવે? મેં ઠેઠ ઝાંખરિયા જંક્શનથી કર્યો હતો ને?'

ગંગાએ ભાઈની નિર્બળતાનો લાભ લીધા વીના જરા હસીને કહ્યું: 'ભાઈ, એ તો અમને શી ખબર પડે? પણ જે હોય તે તમારે જમવાનું નહિ મોડું થાય. ચાબા પીશો, નાહશો, ત્યાં રસોઈ તૈયાર હશે.' ગંગાના હાસ્યથી મુકુન્દના મનનું હાસ્યદ્વાર ખૂલ્યું. જાણે વસ્તુસ્થિતિ માટે માફી માગતો હોય તેમ પોતાના મિત્રો તરફ વળીને તેણે હસીને કહ્યું: 'આતો ગામડું છે, તાર કરીએ તોપણ આ સ્થિતિ!' મિત્રોએ 'કંઈ નહિ' કહી પોતાની ઉદારતા બતાવી. એટલામાં એકાવાળાએ ટ્રંકો અને બિસ્ત્રા મેડી ઉપર ચડાવી દીધાં હતાં એટલે 'ચાલો ત્યારે ઉપર જઈએ' કહી તે મિત્રોને લઈ મેડી તરફ ચાલ્યો. ત્યાં એકાવાળએ ભાડું માંગ્યું. મુકુન્દે ખિસ્સામાંથી પાકીટ કાઢ્યું. તેની

ચાંપો ચપચપ ઉઘાડી અને અંદરથી એક રૂપિયો કાઢી એકાવાળા તરફ જાણે રૂપિયામાં શું છે એવા અભિનયથી ફેંક્યો. એકાવાળો રૂપિયો લઈ ચાલવા જતો ત્યાં રઘુનાથ ભટ્ટે કહ્યું: 'કેમ ભાઈ, આટલું બધું ઠરાવ્યું હતું? એકા તો આઠદસ આનામાં આવે છે.'

મુકુન્દે બેદરકારીથી જવાબ આપ્યો: 'અમે તો કોઈ દિવસ ભાડું ઠરાવતા જ નથી એટલી રકમમાં પાછુ શું માગવું? એની પાસે છૂટા પણ નહિ હોય. કેમ અલ્યા, છૂટા પૈસા છે?' પેલો તો ના જ પાડે ના!

મુકુન્દે વાત બંધ કરાવવાને માટે મોઢાનો ફેરફાર કર્યો, પણ તેના પિતા એ સમજી શક્યા નહિ. તેમણે કહ્યું: 'એટલા પૌસ તો ઘરમાંથી પણ નીકળશે; નહિ તો બજારમાંથી પણ મળશે. મુકુન્દે આખરે છેટવના ફેસલાના અવાજથી કહ્યું: 'કાંઈ નહિ, બિચારો ગરીબ છે.' એકાવાળો આ રઘનાથ ભટ્ટના દીકરાને સલામ ભરી ચાલતો થયો. પણ પોતાના ઘરની સ્થિતિ આમ ચારછ આના પાછા લેવા જેવી છે એ બાબત આટલી બધી ખુલ્લી રીતે ચોળાઈ તેથી મુકુન્દને ઘણું માઠું લાગ્યું. પ્રયત્નથી હસતું મોં રાખી તે ઉપર ગયો.

ઉપર જઈ થોડી વાતચીત કરી પછી ચા પીધી. ચા પીધા પછી જ સવારનાં શારીરિક નિત્યકર્મો કરવાનો આ મિત્રોનો રિવાજ હતો અને આવી ટેવો પોતાની વૈયક્તિક વિશિષ્ટતા તરીકે તેઓ જાળવી રાખતા હતા અને વધારતા જતા હતા. ધીમેધીમે ચા પી, સિગરેટ પીતાપીતા, – મુકુન્દ કોઈ વાર બીજાની આપેલી સિગારેટ પીતો પણ આજે તેના પિતાના માનમાં તેણે લેવા ના પાડી હતી – ત્રણે જણ બહાર ગયા.

ગંગાનું કહેવું અક્ષરશઃ ખરું પડ્યું. મુકુન્દ અને તેના મિત્રો આવીને નાહી રહ્યા ત્યારે જમવાનું તૈયાર થઈ ગયું હતું. વૃદ્ધ રઘનાથ, જુવાનો સંકોચ ન પામે માટે, પોતે પાછળથી જમવાની ઈચ્છા બતાવી અધૂરી રહેલી માળા પૂરી કરવા બેઠા. ગંગાએ પાટલા અને લોટા ભરીને તૈયાર મૂક્યા હતા ત્યાં ત્રણેય કૉલેજિયનો બેઠા. મુકુન્દે કહ્યું: 'ગંગા, લે પીરસ.'

ગંગા શીરો, પૂરી અને દાળ પીરસેલી થાળીઓ બહાર લાવી એ જોઈને જ મુકુન્દનો પિત્તો ગયો, તે બોલી ઊઠ્યો: 'શીરો કેમ કર્યો છે?'

ગંગાએ ધીરજથી જવાબ આપ્યો: 'ભાઈ, આજે બીજું કરવાનો વખત જ નહોતો.' મુકુન્દે જ એક વાર કહેલું કે શીરો બહુ ભાવે છે, પણ ગંગા કુદરતી રીતે જ કળી ગઈ કે તે જવાબથી ભાઈની સ્થિતિ ખરાબ થશે, એટલે તે ગમ ખાઈ ગઈ, પણ મુકુન્દ એમ શાંત થાય તેમ નહોતો. 'એનો એ જવાબ ન આપ. પૂરણપોળી કરવી હતી.'

'ભાઈ, દાળમાં હવેજ નાખી દીધો હતો. ફરી દાળ મૂકું તો ઘણી વાર થઈ જાય.'

'અને શાક તો બિલકુલ કર્યું જ નથી!'

'બીજુ કાંઈ મળતું નહોતું, પણ ભજિયાં કર્યા છે.'

ઉપરી અમલદાર તાબેદારનો ખુલાસો સ્વીકારતો હોય એવે અવાજે મુકુન્દે કહ્યું: 'ઠીક ત્યારે; શેનાં કર્યાં છે? '

'કોળાનાં.'

મુકુન્દને આ અસહ્ય લાગ્યું, તેણે ચાખવા જેટલી રાહ જોઈ હોત તો તેને અને તેના મહેમાન મિત્રોને સમજાત કે શહેરનાં ભજિયાંથી આ કોઈ રીતે ઊતરે તેવાં નહોતાં. પણ તેને તો કોળાનું નામ જ ખરાબ લાગ્યું. તેનાથી મોટા અવાજે બોલી જવાયું: 'કોળાનાં તે કાંઈ ભજિયાં કહેવાય!'

ગંગાને ઘણું ઓછું આવ્યું. તેણે કાંઈ જવાબ ન આપ્યો. મુકુન્દને પણ પોતાની પ્રતિષ્ઠા માટે એ જ જોઈતું હતું. બહેનના સામું પણ મુકુન્દે જોયું નહિ. તેણે થોડી વાર રોષભર્યા મોંએ ખાધા કર્યું અને પછી મિત્રો સાથે શહેરનાં સિનેમા પાર્ટીઓ વગેરેની વાતો કાઢી તેમનું મનોરંજન કરવા માંડ્યું.

મુકુન્દરાયને અંગ્રેજી ભણેલા તરીકે સ્ત્રી માટે માન પણ ન હોય એ વાંચનાર કદાચ માનવા તૈયાર નહિ હોય. પણ હું એમ ક્યાં કહું છું? મેં તો પહેલેથી જ જણાવ્યું છે કે મુકુન્દરાયને સ્ત્રીઓ માટે માન હતું. સ્ત્રીઓ તરફ ઘણો સારો આદરભાવ રાખવા માટે તેના મિત્રો તેના તરફ ઘણો આદરભાવ રાખતા. પણ સ્ત્રીઓ એટલે કઈ સ્ત્રીઓ? જેમના તરફ સ્ત્રીભાવ થઈ શકે તે સ્ત્રીઓ. અને સ્ત્રીનો એક અર્થ પત્ની પણ થાય છેઃ ઘણીવાર અનેક અર્થોમાંથી એક જ અર્થ હૃદયમાં અને કાર્યમાં ઊતરવા પામે છે.

સવારે ટપાલ સંબંધી થયેલી વાતચીત મુકુન્દને કહેવાને રઘનાથ ઘણા વખતથી રાહ જોતા હતા. પણ તેમને વાતનું મૂળ મળતું નહોતું, છતાં ધીમેથી વાત કાઢવા તેમણે કહ્યુંઃ ‘કેમ, હવે તો આરામ લેશો, ખરું ના?’

મુકુન્દે ટૂંકમાં ‘હા’ કહી.

રઘનાથે આગળ ચલાવ્યુંઃ ‘પછી જરા આ ભાઈઓને ગામ દેખાડજો. પેલી તળાવની પાળ ઉપરની દેરી બતાવજો તેમાં શિલાલેખ છે તે બતાવજો.’

મુકુન્દને ગામડાની વાત જ કાપી નાખવી હતી. તે કહેઃ ‘હવે એમાં તે શું જોવું છે?’

ડોસા ત્યાં પણ પાછા પડ્યા, તોપણ આગળ બોલ્યાઃ ‘તોપણ જરા નમતે પહોરે કસળચંદને ત્યાં જજો, તેઓ સંભારતા હતા તમને. અને કહેતા હતા કે આ વખત તો ભાઈની પાસે ટપાલની અરજી જરૂર લખાવવી છે.’

આ બધી ક્ષુલ્લક બાબતોથી વળી મુકુન્દને માઠું લાગ્યું. તેણે જવાબ આપ્યોઃ ‘તે અમે આમ કૉલેજમાં ખૂબ કામ કરીને થાકીને આવ્યા હોઈએ ત્યાં વળી અરજી કયાં લખવા જઈએ?’ અને આમ કહેતાં માથાની બાબરી આંખ પર સરી આવતી હતી તેને તેની જગાએ પાછી ફેકવા તેણે મોઢું ત્રાસું ઉછાળ્યું, તેથી તેના મનના અને વાણીના ઉછાંછળાપણાનો એ બરાબર ઉચિત અભિનય થઈ રહ્યો. તેના બાપે બોલવું બંધ કર્યું.

ત્રણેય જણા મેડીએ સૂવા ગયા. મિ. પંડિત અને ચોકસી તો ઊંઘી ગયા પણ મુકુન્દને ઊંઘ ન આવી. તેનું ચિત્ત વિચારે ચડ્યું.

‘ડોસાએ મારી બધી પ્રતિષ્ઠા ઉપર પાણી ફેરવ્યું. હવે આ ચોકસી ને પંડિત એમ જ માનશે કે હું ગરીબ છું. કૉલેજમાં બધેય કહી દેશે. મેં નિશાની કરી તોય એકાવાળાની વાત પડતી ન મૂકી! હું કૉલેજમાં કેટલી કરકસર કરું છું તે એ સમજતા જ નથી. મિ. દલાલ પચીસ રૂપિયાનું રૅકેટ વાપરે છે અને હું આઠ જ રૂપિયાનું વાપરું છું, તેથી જ હું તે દિવસે ટુર્નામેન્ટમાં હારી ગયો. છતાં સ્ટાઇલ તો મારી વખણાઈ હતી. કલેક્ટરે અને તેની પત્નીએ મારું નામ પૂછ્યું હતું. હવે આમ ક્યાં સુધી સહન કરવું? કયાં સુધી માન રાખવું ? હવે મારે એક વાર ડોસા સાથે ચોખવટ કરવી જ જોઈએ. માન રાખવું એ મનની નબળાઈ છે...’

મુકુન્દ, મિત્રો જાગે નહિ એમ, બાપને કહેવાનો નિશ્ચય કરી ઊઠ્યો. રઘનાથ પાસે ગયો. મુકુન્દની વર્તણૂકથી એમને માઠું લાગ્યું હતું અને ‘રુચી નથી’ એમ કહી તે જમ્યા પણ નહોતા, અત્યારે ઉદાસ થઈને થાકીને જરા આડેપડખે થયા હતા. જરા સળવળાટ સાંભળતાં જ આંખ

ઉઘાડી મુકુન્દને જોઈ તેઓ બેઠા થયા. મુકુન્દ પાસે બેઠો પણ કોણ જાણે, તેના મિત્રો અને કૉલેજનું વાતાવરણ ન હતું તેથી, કે પિતા પાસે છૂટ લેવાની ટેવ નહિ. તેથી, તે વાત શરૂ કરી શક્યો નહિ. તેણે ફરી સબળ થવાનો નિશ્ચય કર્યો અને કૃત્રિમ વેગ અને બળથી તે બોલવા માંડ્યો પણ આથી તેના બોલવામાં કોઈ મર્યાદા કે ઢંગધડો કે ક્રમ કે વિચારસંકલના પણ રહી નહિ. 'આવું હું ક્યાં સુધી સહન કરી શકું? તમે મારી પ્રતિષ્ઠા મારા ભાઈબંધોના દેખતાં ખોવરાવી છે. મારે રેકેટ વગર ચલાવવું પડે છે. તમે નકામો લોભ બહુ કરો છો! હું તમારી આમન્યા ક્યાં સુધી રાખું?' વગેરે જેમ આવે તેમ બોલી ગયો. રઘનાથ પોતાની ટેવ પ્રમાણે ચૂપ જ રહ્યા. ફરી મુકુન્દને ન સમજાયું કે હવે શું કરવું? પણ એટલે આવ્યા પછી વાત પૂરી કર્યા સિવાય ઉપાય નહોતો. તેણે ફરી બળનો નિશ્ચય કર્યો અને પૂછ્યું: 'ત્યારે શું કહો છો?' રઘનાથ ખિન્ન પણ શાંત વદને બોલ્યા: 'શેનું!'

'આ પૈસામાં હેરાન થાઉં છું તેનું!'

'પણ પૈસા તો છે તેટલા મોકલું છું. બીજા ક્યાંથી કાઢું?'

મુકુન્દને તો હવે વાતને ઠેઠ પહોંચાડવી હતી. તેણે કહ્યું: 'તો ખેતરો વેચી નાંખો. હું મારા અભ્યાસ ખાતર ગમે તેટલો આત્મભોગ આપવા તૈયાર છું!'

'પણ ખેતરો એમ વેચી દઈએ તો ગંગાનું શું થાય?'

મુકુન્દને એક ક્ષણમાં અનેક વિચારો આવી ગયા. વિધવાવિવાહ નહિ કરવાનાં અને અનિષ્ટ પરિણામો ઉપરાંત તેને બીજાં ઘણાં દેખાયાં. આ ઉપાય પિતાને સમજાવવાનું તેને મન થઈ ગયું પણ જીભ ન ઊપડી. બધા વિચારો સંકેલીને તેણે એટલું જ કહ્યું: 'ગંગાની ચિન્તા કરવાની જરૂર નથી. અત્યારે બરાબર ખરચ કરીએ તો મારે સારી ઓળખાણપિછાણ થાય અને ભવિષ્યમાં તેથી ફાયદો થાય. ગંગાનો નિભાવ તો તેથી સહેજમાં થઈ જશે.'

તેના પિતાએ તેને જવાબ ન આપ્યો. મુકુન્દ મોટો થઈને કમાય એ એમને એટલું બધું અસંભવિત ન લાગ્યું, પણ કમાઈ ને બહેનને નિભાવે એ અસંભવિત લાગ્યું. મુકુન્દ કૉલેજમાં કેવાં ખરચ કરે છે અને બીજાં તેને કયાંકયાં કરવાં છે તે તે જાણતા નહોતા, પણ મુકુન્દે આજ સુધી સારાં રૅકેટ, સારાં જોડાં, કોટ, પેન્ટ જાતજાના કોલર, ટાઈ, હેટ વગેરે લેવાના અનેક મનસૂબા કરી કરીને અંતરમાં સંઘરી રાખ્યા હતા, તેનો ભાવ તેના મોં પર શું જાણે શાથી રઘનાથ કળી ગયા. તેમને સમજાયું કે મુકુન્દની કમાણીમાં ગંગાનો સમાસ થવાનો નથી અને એક દીર્ઘ નિઃશ્વાસ નાખી તે માત્ર એટલું જ બોલ્યા: 'એમ ન થાય.' મુકુન્દ હજી પણ બળનું આવાહન કરત, પણ શું કહેવું તે સૂઝ્યું નહિ તેથી 'ઠીક ત્યારે' કહીને ઊઠ્યો. છેલ્લા શબ્દો બોલતા તેણે ફરી મોઢું ત્રાસું ઉછાળ્યું અને ઉપર ગયો.

ગંગાએ આ વાત બીજા ઓરડામાં રહી સાંભળી હતી અને તેથી તેને ઘણું જ માઠું લાગ્યું હતું. પણ મનનો ભાવ દબાવી તે નિત્યને સમયે પાણી ભરવા ઊઠી. આજે પાણી વધારે વાપર્યું હતું તેથી તે બે હાંડા લઈ પાણી ભરવા નીકળી અને મોઢું ન દેખાય માટે એકદમ પસાર થઈ ગઈ. તેને જોઈ રઘનાથ સ્વાભાવિક રીતે જ ઊઠ્યા અને બારણામાં જઈ કહ્યું: 'ગંગા, બે હાંડા શા માટે લે છે? બહુ પાણી જોઈએ તો પૈસા દઈ મગાવ.' 'આ તો નાનો હાંડો છે' એમ કહેતાં તો તે ખડકી બહાર દૂર ચાલી ગઈ.

મુકુન્દ મેડી ઉપર આવી ટ્રેનમાં લીધેલું પેપર ખાલી વાંચવા માંડ્યો હતો. થોડી વારે તેના મિત્રો જાગ્યા. 'કેમ, ચા કરીશું ?' કહી તેણે ચા કરવા શરૂઆત કરી. મિત્રોએ હવે કાંઈક પ્રશ્નો પૂછવા શરૂ કર્યા. મુકુન્દની નાત, જાત તેનાં ભાંડુ વગેરેથી શરૂ થઈ વાત આગળ ચાલવા માંડી. ચાની

આશાથી તેમનામાં ઉત્સાહ આવ્યો હતો અને તે ઉત્સાહમાં મુકુન્દ સ્ટવને જોરથી પંપ કરતો જતો હતો અને બધા ઊંચે સાદે વાતો કરતા હતા. ત્યાં ગંગા પાણી ભરીને આવી અને ખડકીમાં બન્ને હાંડા સાથે પેસાય તેમ નહોતું તેથી ઊપલો હાંડો ઉતરાવવા તેણે મુકુન્દને સાદ કર્યો. મુકુન્દે તે સાંભળ્યો નહિ પણ તેના પિતા ગંગાના જ વિચારો કરતા હતા. તે ખડકીએ આવી પહોંચ્યા. હાંડો ઉતારતાં દરમિયાન તેમણે ઉપરથી મુકુન્દનાં કેટલાંક ત્રૂટક વાક્યો સાંભળ્યાં. અનેક અંગ્રેજી શબ્દોની વચ્ચેવચ્ચે નાત, વિધવાવિવાહ, ગંગા, કેળવણી વગેરે શબ્દો આવતા હતા. રઘનાથ અને ગંગા બન્ને, મુકુન્દે બપોરે કરેલી વાત ઉપરથી એટલું સમજી ગયાં કે મુકુન્દ ઘર, ગંગા, - પોતા સિવાય સર્વને વિશે ઘણું જ અપમાનકારક બોલતો હતો બંને બોલ્યા વિના ઘરમાં ગયાં.

સાંજના પાંચેક વાગ્યે મુકુન્દ ગામમાં જઈ એકો કરી લાવ્યો. એકાવાળા પાસે સામાન એકામાં મુકાવી, ઓટલા પાસે ઊભો રહી બોલ્યોઃ 'મારા મિત્રો જાય છે. તેમને મૂકવા હું સ્ટેશન સુધી જાઉં છું. સાંજે મારે જમવું નથી. મારી રાહ ન જોશો.' જવાબની રાહ જોયા વિના હાથમાં લાકડી ફેરવતો તે મિત્રોની સાથે ચાલ્યો.

ઘરમાં સર્વત્ર સૂનકાર થઈ રહ્યો. કોઈ મોટું તોફાન આવે, અનેક વહાણોને ફાડી, તોડી, ડુબાડી પસાર થઈ જાય અને પછી દરિયામાં શાંતિ ફેલાય તેવી શાંતિ ઘરમાં ફેલાઈ રહી. રઘનાથને ઘણીવાર ઉદાસીનતા થઈ આવતી ત્યારે થોડા સમયની શાંતિથી જ તે સ્વસ્થ થતા. ગંગા જાણતી હતી માટે તે કશું બોલી નહિ. ઠેઠ રાત પડવા આવી ત્યારે પણ ધીમે રહી કહ્યુંઃ 'બાપુ, જમવા ઊઠોને, તમે સવારના જમ્યા નથી.' પણ આજની ઉદાસીનતા હજી ઊતરી નહોતી. ગંગા પિતાની પાસે આવી બેસી રહી, પણ રઘનાથ કશું બોલ્યા જ નહિ. કોઈ એક જ બિંદુ ઉપર નજર રાખી બેસી રહ્યા. ગંગાને લાગ્યું કે ડોસાના મનનો ઊભરો વાત કરાવ્યા વિના સમશે નહિ. તેણે કહ્યુંઃ 'તમે એમાં દિલગીર શું થાઓ છો? તેણે તાર મોકલ્યો છતાં રસોઈ બરાબર ન કરાઈ તેથી ભાઈ ઘણા ચિડાઈ ગયા, તેમાં તમે શા માટે દિલગીર થાઓ છો?' ડોસા છતાં પણ શાંત રહ્યા. નજર પણ ન ખસેડી. વસ્તુસ્થિતિનો વધારે મર્મ ભાગ ખોલવાની જરૂર જણાઈ. ગંગાએ કહ્યુંઃ 'તમે મારી આટલી બધી ચિંતા શા માટે કરો છો? હું કોઈ અશક્ત કે નિરાધાર નથી ગઈ ગઈ. અને મારે ભાઈ જેવા ભાઈ છે!' ડોસાએ નજર ફેરવ્યા વિના જ જાણે હજી મનમાં જ વિચાર કરતા હોય તેમ કહ્યુંઃ 'એ હવે આપણો નથી રહ્યો.' ડોસા બોલવા માંડ્યા તેથી ઉત્સાહમાં આવી ગંગાએ કહ્યુંઃ 'હવે એવું તે હોય!' ડોસાએ ફરીથી કહ્યુંઃ 'હા, એ આપણો ન હોય, એ ગયો જ સમજો.' એ વખતે બહાર ઓટલા પરથી અવાજ આવ્યોઃ 'એ મુકુન્દ ગયો છે.'

મુકુન્દે પોતાના જેવા સુધરેલા માણસને, કોઈ મિત્ર નહિ, કોઈ વિનોદનું સાધન નહિ, એવી સ્થિતિમાં ગામડામાં કેવી મુશ્કેલી પડે છે, તે ઘણી જ નિખાલસતાથી મિત્રોને રસ્તે કહ્યું, અને મિત્રોએ તેને સામાન વિના પણ સાથે આવવા આગ્રહ કર્યાથી તે ટ્રેનમાં જ તેમની સાથે ચાલ્યો ગયેલો. તેણે એકાવાળા સાથે કહેવડાવ્યું હતું કે પોતે ગયો છે. તે સંદેશો એકાવાળાએ બરાબર રઘનાથ ભટ્ટને ત્યાં પહોંચાડ્યો. એકાવાળાનું વાક્ય પ્રસ્તુત વાતચીતમાં એવું મળી ગયું કે રઘનાથ કે ગંગાને કશું પૂછવાનું રહ્યું નહિ.

ગંગાએ જોયું કે હવે દલીલને અવકાશ નથી. તેણે પિતાને વધારે શાંતિનો સમય આપવા પથારી વગેરે કેટલુંક ઘરનું કામ કર્યું. તે ફરી રઘનાથની પાસે બેઠી. આ વખત રઘનાથ જ પહેલા બોલ્યાઃ 'આપણે અંબાજી ગયા હતાં તે યાદ છે?'

વિષયાન્તરની આશાથી ગંગાએ કહ્યુંઃ 'હા.'

‘ત્યાંથી કુંભારિયાનાં દેરાં જોવા ગયેલાં તે તને યાદ છે ?’

‘હા.’

‘એ દેરાં વિમળશાએ બંધાવેલાં.’

‘એમ કે?’

‘એ વિમળશા અંબાજીનો ભક્ત હતો.’ પિતા સ્વસ્થ થતા જાય છે એમ માની ગંગાનો ઉત્સાહ વધતો જતો હતો અને તે સરળ ઉત્સાહથી હોંકારો દેવા લાગી. ‘તે એક વાર અંબાજી દર્શન કરવા જતો હતો. રસ્તામાં એક મોટી વાવ આવી. તેમાં તે પાણી પીવા ગયો. વાવનાં પગથિયાં પર વણજારો બેઠો હતો તેણે પાણીનો પૈસો માગ્યો. વિમળશાએ ‘શેનો’ એમ પૂછ્યું. વણજારાએ વાવનો શિલાલેખ બતાવી કહ્યું કે, ‘આ વાવ બાંધનાર પીથો મારો દાદો થાય. અમારી સ્થિતિ બગડી ગઈ એટલે હું મારી બાપુકી વાવ પર લાગો લેવા આવ્યો છું.’ વિમળશાને થયું કે, આવાં દેરાં બંધાવ્યાં પણ મારી પછવાડે કપૂત જાગે તો મારા દેરાનીય આવી દશા થાય! ગંગાનો હોકારો શિથિલ પડતો ગયો - ‘પછી અંબાજી પાસે ગયો. તેને અંબાજી પ્રસન્ન થયાં. તેમણે કહ્યુંઃ ‘બેટા માગ માગ.’ વિમળશાએ કહ્યું ‘માજી, બીજું કાંઈ ન માગું, માગું એક નખ્ખોદ.’ - હવે ગંગાનો હોકારો નિઃશ્વાસ જેવો થઈ ગયો હતો. - ‘બીજી વાર કહ્યું - માગ માગ’ ફરી વાર પણ નખ્ખોદ માગ્યું. ત્રીજીવાર પૂછ્યુંઃ ત્રીજીવાર પણ નખ્ખોદ માગ્યું.’ ડોસા ફરી નીરવ શાંતિમાં પડ્યાં.

આખા ઘરમાં મૃત્યુ જેવી શાંતિ છવાઈ રહી.

## 2.4 કૃતિનો સારાંશ

‘મુકુન્દરાય’ વાર્તા તમે વાંચી. આ વાર્તાનો સારાંશ આ પ્રમાણે છેઃ

**ખંડ : 1**

ગામડા ગામમાં વસતા રઘનાથ ભટ્ટને ઘેર શહેરમાં વસતા પુત્રનો તાર આવે છે કે - તે મિત્રો સાથે વતનના ગામડે આવે છે. તાર મોડો આવ્યો છે અને ગાડી આવવાનો સમય થઈ ગયો છે એટલે યુવાન વિધવા દીકરી ગંગા હરખપદૂડી થઈને દાળ-ભાત-શીરો-કોળાનાં ભજિયાં બનાવવાની ઉતાવળ કરે છે. એના અનુસંધાનમાં લેખકે રઘનાથ ભટ્ટના ભૂતકાળની ઘટનાઓ પણ વણી લીધી છે.

**ખંડ : 2**

રઘનાથ ભટ્ટનો પુત્ર મુકુન્દરાય શહેરમાં ઉચ્ચ અભ્યાસાર્થે ગયો છે. એના અભ્યાસની અને અભ્યાસેતર પ્રવૃત્તિની વિગતો અહીં મળે છે. અભ્યાસની સાથેસાથે વધતી જતી રંગીનતા મુકુન્દને આર્થિક રીતે પોષાય એવી નથી. એમ છતાં ધનિક હોવાનો દેખાડો કરીને બીજાને આંજી નાખવાની આવડત તેનામાં છે. પોતાના મિત્રોને વતનમાં લઈ આવે છે ત્યારે જ -ઘરમાં પેસતાં જ - ઘંટીનો અવાજ સંભળાય છે અને પોતે ઊભી કરેલી પ્રતિમા ખંડિત થઈ જાય છે. આવતાંની સાથે સ્નેહભાવની વાત તો બાજુએ રહી, પણ તે તિરસ્કાર અને અપમાનોની હારમાળા સર્જે છે.

**ખંડ : 3**

પોતાના ખરાખોટા ખર્ચને પહોંચી વળવા માટે મુકુન્દ જમીનો વેચી દેવાની રજૂઆત કરે છે; એટલું જ નહિ મિત્રો સાથેની ચર્ચામાં ગંગાના વિધવાવિવાહની અને બીજી ક્લેશકારક બાબતો

પણ ચર્ચે છે. સાંજે મિત્રોને સ્ટેશને વળાવા જવાના બહાને ગયેલો મુકુન્દ મિત્રો સાથે શહેરમાં જતો રહે છે અને સંદેશો કહેવડાવી દે છે – 'એ મુકુન્દ ગયો છે.' રઘનાથના અંતરમાં ખળભળાટ મચી જાય છે. ગંગા પણ વેદનાગ્રસ્ત છે. વાર્તાને અંતે રઘનાથ ભટ્ટ વિમળશાની કથા યાદ કરે છે. એ 'વિમળશાએ નાલાયક પુત્રની પ્રાપ્તિ કરતાં 'નખ્ખોદ'નો મહિમા કરી, પ્રસન્ન થયેલાં અંબાજી પાસે 'નખ્ખોદ' માગ્યું હતું!

## 2.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

**ખંડ : 1**

પેહલા ખંડમાં રાવૈયા ગામનું વાતાવરણ દર્શાવી મુકુન્દના સમાચાર તાર દ્વારા લઈ આવેલા ઠાકરડાની વાત લેખકે મૂકી છે. પુત્રના મિત્રો સાથેના આગમનના સમાચાર જાણીને રઘનાથ અને તેમની યુવાન વિધવા પુત્રી ગંગા પ્રસન્ન થઈ જાય છે અને તાર મોડો આવ્યો તથા ગાડીનો ટાઈમ થયો હોવાથી બંને રસોઈની પળોજણમાં પડી જાય છે.

લેખકે અહીં રઘનાથ ભટ્ટના ભૂતકાળની વિગતો પણ કલાત્મક રીતે મૂકી છે. રઘનાથ ભટ્ટ સંસ્કૃત સારું જાણતા હતા અને જ્યોતિષ, કાવ્ય, ભાગવત, કર્મકાણ્ડ વગેરે ભણેલા હતા. તેઓને હરકોર નામની પ્રવીણ પત્ની હતી અને તેનાથી ગંગા અને મુકુન્દ નામે બે સંતાનો હતાં. લગ્નસુખ બહુ ટક્યું નહિ અને પત્નીનું અવસાન થયું; એ પછી રઘનાથે એ જમાનાના રિવાજ પ્રમાણે બીજું લગ્ન કરવાને બદલે સંતાનોના ઉછેરમાં જ મન પરોવ્યું હતું. બંને સંતાનો પિતાની નિશ્રામાં ઊછરીને પિતાના સદ્‌ગુણો અને કુટુંબના સંસ્કાર વિકસાવી રહ્યાં હતાં. પરંતુ, મુકુન્દમાં કૉલેજના અભ્યાસકાળ દરમિયાન આધુનિકતાના અપ્રસ્તુત ખોટા ખ્યાલો અને ખોટી મોટાઈ પ્રવેશ્યા હતા.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ક):</u>**

1. તારવાળો રાવૈયામાં આવે છે, એ વખતના ગામના વતાવરણનું વર્ણન કરો.
2. રઘનાથના વ્યક્તિત્વનું કયું પાસું તમને વધુ સ્પર્શી જાય છે? શાથી?
3. હરકોરની પ્રવીણતા કયા મુદ્દાઓને આધારે તારવી શકાય?
4. ગંગા અને મુકુન્દમાં પિતાના કયા ગુણો આવ્યા હતા?

**ખંડ : 2**

ઘરના સંસ્કાર લઈને ઉચ્ચ શિક્ષણના ઉચ્ચ ધ્યેય સાથે શહેરમાં અભ્યાસાર્થે ગેયેલા યુવાન ખોટી સમજણના ખોટા માર્ગે જાય છે, ત્યારે વડીલોને સહન કરવાનું આવે છે. આ પ્રકારના યુવાનોની જેમ મુકુન્દ પણ ફંટાયો છે. આગળના જમાનામાં ડિગ્રી અભ્યાસક્રમનું ત્રીજું વર્ષ 'જુનિયર જોલી'નું વર્ષ ગણાતું. એ વર્ષે સ્વતંત્રતાનો અર્થ સ્વચ્છંદતાની સીમામાં પહોંચી જાય તો કરુણતા પેદા થાય છે.

મુકુન્દ અભ્યાસ ઉપરાંત ટેનિસની રમતમાં સંકળાયેલ છે. તેની કુશળતા અને છટાઓ જોઈ કૉલેજનો સ્ત્રીવર્ગ તેના તરફ આકર્ષાય છે. કૉલેજની એક કન્યા મિસ ગુપ્તા સાથે તે વિશેષ પરિચયમાં આવે છે. એ પછી તો આ સિલસિલો ચાલતો રહે છે. સ્ત્રીમિત્રો અને ધનિક મિત્રો મુકુન્દને મોજશોખના માર્ગે ધકેલી દે છે. મુકુન્દના ખર્ચા વધી જતા તે પિતા પાસેથી ફીના નામે ખોટું બોલીને ખોટા ખર્ચ માટે પૈસા મંગાવતો રહે છે.

ઉનાળાની રજાઓમાં મુકુન્દ મિત્રો સાથે વતનના ગામડે આવે છે. ઘરનું વાતાવરણ જોતાં તે અકળાઈ જાય છે. બહેન માટે અપમાનજનક પ્રયોગો કરતો રહે છે. પિતાપુત્ર વચ્ચે કે ભાઈબહેન વચ્ચેના સ્નેહસેતુમાં ભંગાણ પડે છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ખ):</u>**

1. મુકુન્દ, કૉલેજમાં વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓમાં કયા નિમિત્તે લોકપ્રિય બને છે? એનું પરિણામ શું આવે છે?
2. મુકુન્દ અને મિસ ગુપ્તાની પરિચયવિધિનો પ્રસંગ તમારા શબ્દોમાં આલેખો.
3. વતનના ઘરમાં પેસતા મુકુન્દને કયો અનુભવ થાય છે? મુકુન્દ એનો કેવો પ્રતિભાવ ઓ છે?
4. જમતી વેળાએ થયેલા સંવાદો તથા મુકુન્દની પ્રતિક્રિયાના સંદર્ભમાં ગંગા અને મુકુન્દના મનોભાવનો પરિચય આપો.
5. રઘનાથની કઈ વાતો મુકુન્દને ક્ષુલ્લક લાગે છે? ગામના તેજસ્વી યુવાન તરીકે મુકુન્દ પાસે તમે કેવી અપેક્ષાઓ રાખો છો?

**ખંડ : 3**

મિત્રોને મેડીએ આરામ કરતા છોડીને મુકુન્દ, રઘનાથ પાસે એકાંતમાં પહોંચી જાય છે. અને 'માન રાખવું એ મનની નબળાઈ છે' - એવી સમજથી પોતાની રજૂઆત કરે છે. વાતવાતમાં ખર્ચને પહોંચી વળવા જમીન વેચી નાખવાની વાત પણ મુકુન્દ કરી નાખે છે. રઘનાથને મુકુન્દની સાથે ગંગાની પણ ચિંતા છે જ. જમીન વેચી નાખીએ તો પછી ગંગાનું શું થાય? - એ પ્રશ્ન પણ રઘનાથને મૂંઝવે છે.

ગલ્લાંતલ્લાં કરી પોતાની વાત ગળે ઉતારવા મુકુન્દ પ્રયત્નો કરે છે પરંતુ તેમાં ગંગાના ભાવિનો કોઈ સ્પષ્ટ નિર્દેશ નથી.

મિત્રો સાથે વાતચીતમાં પણ 'ગંગા', 'વિધવાવિવાહ' જેવા શબ્દો સંભળાતા હોય છે, તેથી રઘનાથને ખૂબ લાગી આવે છે. વળી મિત્રોને મૂકવા- વિદાય આપવા - સ્ટેશને ગયેલો મુકુન્દ પણ તેઓ સાથે શહેરમાં ચાલ્યો જાય છે અને સંદેશો મોકલે છે - 'એ મુકુન્દ ગયો છે.'

પિતાપુત્રી એકલાં પડે છે. ગંગા ઈચ્છે છે કે પિતાનો આંતરિક ખળભળાટ ઓછો થાય અને તેઓ સ્વસ્થ થાય. દરમિયાન રઘનાથ વાત માંડે છે - વિમળશાની વાતના અંતે વિમળશા, પ્રસન્ન થયેલાં અંબાજી પાસે 'નખ્ખોદ' માગે છે.

'મુકુન્દરાય' વાર્તાનો પણ  એ જ અંત છે. વિમળશાની વાત દ્વારા રઘનાથ જાણે પોતાની જ વેદના ઠાલવતા હોય, એવું વાર્તાના અંતે સ્પષ્ટ સમજાય છે. એ રીતે અંતની વેદના દ્વિગુણિત બની જાય છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ગ):</u>**

1. મુકુન્દ એકાંતમાં રઘનાથ સાથે વાતચીત કરતો હોય છે, એમાં જમીન વેચી નાખવાનો મુદ્દો શા માટે આવે છે? એ અંગે તમારો શો પ્રતિભાવ છે?
2. મુકુન્દના વલણને સાચું ઠરાવવા ગંગા કઈ દલીલો કરે છે ? ગંગા એમ શા માટે કરે છે ?
3. 'એ મુકુન્દ ગયો છે.' - એ વાક્ય આ વાર્તાને કઈ રીતે સાર્થક કરે છે?

4. 'મુકુન્દરાય' વાર્તાના અંત વિશે તમારા શબ્દોમાં ચર્ચા કરો.

5. પિત-પુત્રના સંબંધો વિશેના તમારા વિચારો દર્શાવો.

## 2.6 વસ્તુલક્ષી કસોટી

**તમારી પ્રગતિ ચકાસો (ઘ):**

**(ક)** નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જે તે વિધાનના અંતે આપેલા ખાનામાં ખરા વિધાન માટે (✓)ની નિશાની અને ખોટા વિધાન માટે (✗)ની નિશાની કરી જણાવો.

1. ગંગા, કાળા અને લાંબા વાળ ધરાવતી હતી. ☐
2. રઘનાથ વિદ્વાન બ્રાહ્મણ હતા. ☐
3. જમણમાં કોળાનાં ભજિયાં જોઈને મુકુન્દ ખુશ થઈ ગયો. ☐
4. મુકુન્દ પોતાના મિત્રોને ગામના મંદિરે દર્શનાર્થે લઈ ગયો હતો. ☐
5. વિધવાવિવાહની બાબતમાં મુકુન્દ ઉદાર મત ધરાવતો હતો. ☐
6. વિમળશાની વાત રઘનાથના હૃદયની વેદનાનું પ્રતિબિંબ પાડે છે. ☐

**(ખ)** વાર્તાનાં જુદાંજુદાં પાત્રો દ્વારા બોલાયેલ કેટલાંક વાક્ય નીચે આપ્યાં છે. દરેકની નીચે એકથી વધુ પાત્રોનાં નામ તથા દરેક નામની આગળ એક ખાનું ☐ આપેલ છે. જે તે વાક્ય કોણ બોલે છે, એ નક્કી કરી પાત્રના આગળના ખાનામાં (✓)ની નિશાની કરો.

1. 'બીજુ તો કાંઈ ન મળ્યું.'
   કસળચંદ ☐ મુકુન્દ ☐ રઘનાથ ☐
2. 'આ અત્યારે ઘંટી કોણ ચલાવે છે?'
   ગંગા ☐ મુકુન્દ ☐ મુકુન્દનો મિત્ર ☐
3. 'અમે તો કોઈ દિવસ ભાડું ઠરાવતા જ નથી.'
   મુકુન્દ ☐ રઘનાથ ☐ એકાવાળો ☐
4. 'તમે એમાં દિલગીર શું થાઓ છો ?'
   રઘનાથ ☐ મુકુન્દ ☐ ગંગા ☐
5. 'માજી, બીજું કાંઈ ન માગું, માગું એક નખ્ખોદ.'
   વિમળશા ☐ રઘનાથ ☐ કસળચંદ ☐

## 1.2.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

**(1) નીચેનું વાક્ય જૂઓ :**

- 'એ મુકુન્દ ગયો છે.'

આ વાક્યનો સીધોસાદો અર્થ એ છે કે મુકુન્દ એના મિત્રો સાથે શહેરમાં ગયો છે.

પરંતુ, સંદર્ભ જોતા સમજાશે કે રઘનાથ પોતાના પુત્ર વિશે વાતો કરતા હતા. એમાં મનની ગડમથલ હોઠ પર આવી ગઈ. તેઓ મુકુન્દના વર્તનથી નારાજ છે. મુકુન્દ હવે કુટુંબનો રહ્યો નથી. તેમના શબ્દો - 'એ ગયો જ સમજો.'

આ રીતે 'એ મુકુન્દ ગયો છે.' આ વાક્ય બે અર્થ સામટા પ્રયોજે છે. પદ જ્યારે શ્લિષ્ટ બે અર્થ દર્શાવે ત્યારે શ્લેષ અલંકાર થાય છે.

અહીં 'મુકુન્દ શહેરમાં ગયો છે.' - એ પ્રગટ અર્થ છે અને તેની સાથે જ 'મુકુન્દ કુટુંબથી દૂર ગયો છે અને આપણા હાથથી ગયો છે.' એવો બીજો અર્થ પણ સમજાય છે. એકી સાથે આ રીતે બે અર્થ પ્રગટતા હોય ત્યારે શ્લેષ અલંકાર થાય છે.

**તમારી પ્રગતિ ચકાસો (ચ):**

શ્લેષ અલંકારના બીજાં બે દૃષ્ટાંત આપો.

**(2) નીચેના શબ્દો જુઓ**

- વિદ્યાર્થી, પ્રભુત્વ, બ્રાહ્મણ, પ્રયોગ, પુરુષ.

સંસ્કૃત ભાષાના આ શબ્દો ગુજરાતીમાં પણ છૂટથી પ્રયોજાય છે. આ પ્રકારના શબ્દોને તત્સમ શબ્દો કહેવાય છે.

**નીચેના શબ્દો જુઓઃ**

- લેબોરેટરી, ટેલબ, સોલ્યુશન, ટેસ્ટ, ટાઈ, રૅકેટ, સિગારેટ.

'મુકુન્દરાય' વાર્તામાં આ અંગ્રેજી શબ્દોનો ઉપયોગ થયો છે. આ બધા જ શબ્દો ગુજરાતી ભાષાએ સ્વાભાવિક રીતે સ્વીકારી લીધા છે. કોઈપણ જીવતી ભાષા સમયે-સમયે પોતાના સંપર્કમાં આવતી ભાષાના શબ્દો આવકારતી અને પ્રયોજતી હોય છે.

**નીચેના શબ્દો જુઓઃ**

- મુશ્કેલ, આબરૂ, ગરીબ, બેદરકારી, અમલદાર, તાબેદાર, શહેર.

આ બધા જ શબ્દો મુસલમાનોના સત્તાકાળ દરમિયાન ચલણમાં આવ્યા હતા અને ત્યારબાદ પણ ગુજરાતી ભાષામાં પ્રચલિત છે.

**તમારી પ્રગતિ ચકાસો (છ):**

**નીચેના શબ્દો જુઓ :**

- પ્રયત્ન, પ્રયોગ.

આ શબ્દોમાં 'પ્રય' ઉપસર્ગ વપરાયો છે.

અહી 'પ્ર'નો અર્થ 'વિશેષ' એવો થાય છે. વધારાનો વિશેષ 'યત્ન' તે 'પ્રયત્ન' અને વિશેષ યોગ તે 'પ્રયોગ'.

પ્રકર્ષતાવાચક શબ્દો 'પ્ર' ઉપસર્ગના ઉપયોગથી બનાવો.

વધારે તપ.................. વધારે શાન્ત......................

વધારે આનંદ................ વધારે ખેંચાણ.....................

**તમારી પ્રગતિ ચકાસો (જ):**

પાણિનિએ જે ઉપસર્ગો આપ્યા છે એ જાણોઃ

પ્ર, પરા, અપ, સમ્, અનુ, અવ, નિસ્ (નિર્), દુસ્ (દુર્), વિ, આ, નિ, અધિ, અતિ, સુ, ઉદ્, અભિ, પ્રતિ, પરિ, ઉપ.

એ સિવાય અ, અન્, શ્રત્, અન્તર, બહિર્ જેવા સંસ્કૃત અને બે, ગેર, બિન જેવા કેટલાક ફારસી શબ્દો પણ શબ્દની પૂર્વે લાગે છે. એ શબ્દોની ઉપસર્ગમાં ગણના થતી નથી અને નથી એ પૂર્વગ કહેવાય છે.

ઉપસર્ગ કે પૂર્વગ જોડાતા ખાસ કરીને નીચેનાં પરિણામો આવે છે -

- શબ્દના અર્થમાં વધારો થાય છે.
- શબ્દના અર્થથી ઊલટો અર્થ આવે છે.
- શબ્દના અર્થને અનુસરે છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ઝ):</u>**

ક. ઉપસર્ગ ધરાવતા કોઈપણ પાંચ શબ્દો શોધી એના અર્થ લખો.

ખ. પૂર્વગ ધરાવતા કોઈપણ પાંચ શબ્દો શોધી એના અર્થ લખો.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ટ):</u>**

નીચેના શબ્દો જુઓઃ

બેદરકાર, બેનામ, બેચેન.

આપણા પાઠમાં 'બેદરકારી' શબ્દ છે. એમાં 'બે' ફારસી પૂર્વગ છે. 'બેદરકાર' એટલે દરકાર વગરનો.

જેમાં 'બે' પૂર્વગ આવતો હોય એવા નીચેના અર્થવાળા શબ્દો આપોઃ

દયા (રહમ) વગરનું.............

શરમ વગરનું.............

પાયા (બુનિયાદ) વગરનું.............

ઈમાન વગરનું .............

કદર વગરનું.............

**(3) નીચેના શબ્દો જુઓઃ**

નાતજાત, પૂરણપોળી.

'નાતજાત' દ્વંદ્વ સમાસનું ઉદાહરણ છે - નાત અને જાત.

'પૂરણપોળી' તૃતીયા તત્પુરુષનું ઉદાહરણ છે - પૂરણ ભરેલી - પૂરણયુક્ત પોળી.

'પૂરણપોળી'ને મધ્યમપદલોપી સમાસરૂપે પણ ઓળખી શકાય. જે સમાસમાં મધ્યમપદનો લોપ થયો હોય એ મધ્યમપદલોપી સમાસ કહેવાય છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ઠ):</u>**

નીચે વિભક્તિના પ્રત્યય સાથે અલગ-અલગ પદો આપ્યાં છે. એ પદો જોડીને સમાસ રચો.

| | | | |
|---|---|---|---|
| વ્યહારમાં કુશળ | ................ | કાકનો બલિ | ................ |
| પુરુષોમાં ઉત્તમ | ................ | શ્રી વડે જોડાયેલ | ................ |
| દેશમાં ગયેલું | ................ | કૃષ્ણને આશ્રિત | ................ |

**<u>તમારી પ્રગતિ ચકસો (ડ):</u>**

નીચે કેટલાક સમાસ આપ્યા છે. તેનાં પદોને વિભક્તિનો પ્રત્યય વાપરી જુદાં પાડોઃ

| | | | |
|---|---|---|---|
| ઇન્દ્રિયાતીત | ................ | ઋણમુક્ત | ................ |
| કરુણાશૂન્ય | ................ | દેવમંદિર | ................ |
| લોકહિત | ................ | નરશ્રેષ્ઠ | ................ |

**(4) નીચેનાં વાક્યોમાં ઘાટા અક્ષરે લખેલા શબ્દો જુઓ :**

- **દહાડેદિવસે** તે ઓછાબોલા થતા ગયા.

- તેને ત્રણ સેટોમાં **લાગલાગટ** જીત અપાવી.

આ બંને વાક્યો 'મુકુન્દરાય' વાર્તાનાં વાક્યો છે અને ઘાટા કરેલા બંને શબ્દો દ્વિરુક્ત પ્રયોગો છે.

સામાન્ય સંજોગોમાં આપણે 'દિવસેદિવસે' પ્રયોગ કરીએ છીએ, પરંતુ લેખકે 'દહાડેદિવસે' લખીને પણ દ્વિરુક્ત પ્રયોગ જ કર્યો છે. એ રીતે શબ્દ જુદા છે પણ અર્થની દ્વિરુક્તિ છે.

'લાગલાગટ' શબ્દમાં 'ટ' એક જ વાર ઉચ્ચારાય છે. - એ આંશિક લોપ બાદ કરતાં આ શબ્દ પણ દ્વિરુક્ત પ્રયોગ છે.

કોઈ મદ્દાને વધુ અસરકારક રીતે રજૂ કરવા માટે આ પ્રકારના દ્વિરુકત પ્રયોગો થતા હોય છે.

વાહવાહ, ઠેરઠેર, ઠોકંઠોક, ટાપટીપ, તાજુંમાજું, ઢોરઢાંખર, વાસણકૂસણ - આ બધાં દ્વિરુક્ત પ્રયોગોનાં ઉદાહરણો છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ઢ):</u>**

ઉપર દર્શાવ્યા છે એ સિવાયના બીજા પાંચ દ્વિરુક્ત પ્રયોગોનાં ઉદાહરણ લખો.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ણ):</u>**

નીચેના શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી એના આધારે બનતા દ્વિરુક્ત પ્રયોગો વડે ખાલી જગ્યા પૂરોઃ

ગાળ, પાડોશી, પાસ, દાણા.

1. ઘેર સારો પ્રસંગ હોય તો .......... સ્વજનોને તેડાવવાં જોઈએ.
2. ...............કરશો તો માર ખાશો.
3. ભાવ ઓછા હોય ત્યારે ...............ભરી લેવા જોઈએ.
4. અચાનક મુશ્કેલી આવે તો ...................પહેલા મદદરૂપ થાય.

## 2.8 પુનરવલોકન

'મુકુન્દરાય' વાર્તાનો સઘન અભ્યાસ તમે કરી ચૂક્યા છો. નીચેના પ્રશ્નોના ઉત્તરો તમારી ભાષામાં લખોઃ

**<u>તમારી પ્રગતિ ચકાસો (ત):</u>**

1. 'મુકુન્દરાય' વાર્તા દ્વારા પિતાપુત્રના સંબંધો વિશે તમારો આદર્શ ખ્યાલ કેવો બંધાયો? આજના જમાનામાં તમારા આદર્શની મૂલ્યવત્તા દર્શાવો.
2. મુકુન્દરાયના પાત્રની ખાસિયતો તમારા શબ્દોમાં વર્ણવો.

3. ‘મુકુન્દરાય’ વાર્તાની ભાષાશૈલી વિશે નિબંધ લખો.

4. ‘મુકુન્દરાય’ વાર્તાને ઉપકારક થતા ગ્રામજીવનના વાતાવરણ વિશે નોંધ લખો.

## 2.9 લેખન-પ્રવૃત્તિ

**તમારી પ્રગતિ ચકાસો (થ):**

‘આધુનિકતા વિશેના મારા વિચારો’ - એ વિષય પર આશરે ચાળીસ લીટીનો નિબંધ લખો.

## 2.10 વિશેષ અધ્યયન

### 2.10.1 કર્તા-પરિચય રા. વિ. પાઠક

આ ટૂંકીવાર્તાના સર્જક સ્વ. રા. વિ. પાઠકે ‘દ્વિરેફ’ના નામે ટૂંકીવાર્તાઓ, ‘શેષ’ના નામે કાવ્યો, ‘સ્વૈરવિહારી’ના નામે હાસ્ય લલિત નિબંધો અને પોતાના મૂળ નામે વિવેચન-સંશોધન-સંપાદનાદિ કાર્ય કરીને ગુજરાતી સાહિત્યમાં ગણનાપાત્ર પ્રદાન કર્યું છે. ‘દ્વિરેફની વાતો’ ભાગ 1, 2 અને 3 દ્વારા ગુજરાતી વાર્તાસાહિત્યને તેઓએ એક વિશિષ્ટ વળાંકે મૂકી આપ્યું છે. ‘બૃહદ્ પિંગળ’ નામના છંદશાસ્ત્રના અભ્યાસપૂર્ણ ગ્રંથ માટે તેઓને ‘નર્મદ ચંદ્રક’ અને સાહિત્ય અકાદમીના પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા. ‘પ્રસ્થાન’ સામયિકના તંત્રીપદેથી પણ નોંધપાત્ર પ્રદાન કરીને તેઓએ ‘સર્જક’ અને ‘સર્જકોના ગુરુ’ તરીકેની ખ્યાતિ પ્રાપ્ત કરી હતી.

### 2.10.2 સ્વરૂપ -પરિચય

‘મુકુન્દરાય’ ટૂંકીવાર્તા છે. આજે તો ગુજરાતી ટૂંકીવાર્તાએ અનેક રીતે સ્વરૂપલક્ષી વિકાસ સાધ્યો છે. પણ સર્વસામાન્ય સંદર્ભમાં વિચારીએ તો ઓછાં પાત્રો અને સચોટ કથાવસ્તુ દ્વારા ટૂંકીવાર્તા જીવનના કોઈ રહસ્યને સ્પર્શે છે અને પ્રભાવક બને છે. ટૂંકીવાર્તા લાઘવના ગુણે સર્જાઈને વ્યાપક દર્શન આપે તથા પાત્રપ્રસંગને અનુરૂપ ભાષાશૈલીથી કલાત્મક અભિવ્યક્તિ સાધે એ આવશ્યક ગણાયું છે.

### 2.10.3 વિશેષ વાચન

આપણે ગુજરાતી ટૂંકીવાર્તાના વિકાસને જાણીએ તો ‘મલયાનિલ’થી આરંભાયેલી ટૂંકીવાર્તાને મુનશી, ધૂમકેતુ, દ્વિરેફ, પન્નાલાલ, મડિયા, સુરેશ જોષી, મધુ રાય જેવા સર્જકોએ ખીલવી છે. આ ઉપરાંત, ઉમાશંકર અને સુંદરમ્ જેવા કવિઓએ પણ ટૂંકીવાર્તાઓ લખી છે અને પ્રશંસા પ્રાપ્ત કરી છે. ટૂંકીવાર્તાનાં સંપાદનો પણ સારી એવી સંખ્યામાં છે. એના આસ્વાદથી ટૂંકીવાર્તાના ભિન્ન-ભિન્ન પ્રકારના અભિગમો સમજી - ઓળખી - પામી શકાશે.

- **ટિપ્પણ**

**શિલાલેખ** - શિલા એટલે કે પથ્થર પર લખેલો લેખ. ઇતિહાસ અને ઐતિહાસિક પાત્રોને જાણવા માટેનું ઉપયોગી સાધન;

**વેખરી** - સ્પષ્ટ ઉચ્ચારાતી કે ધડાધડ ઉચ્ચારાતી વાણી;

**હવેજ** - હળદરનો ભૂકો (અહીં જરૂરી મસાલો);

**કર્મકાંડ** - લગ્નાદિ વિધિ કરાવવાની શાસ્ત્રશુદ્ધ પદ્ધતિ;

**ધન્યતમ** - સૌથી વધુ ધન્ય થયેલો;

**બનાત** - એક જાતનું મોઘું ઊનનું કપડું;

**નિત્યકર્મ** - નાહવું-ધોવું વગેરે રોજનાં કામ;

**નખ્ખોદ** - વંશનો નાશ થવો, જડમૂળથી વિનાશ થવો.

# એકમ 3

# એળે નહિ તો બેળે

**- પન્નાલાલ પટેલ**

રૂપરેખા

- 3.1 ઉદ્દેશો
- 3.2 પ્રસ્તાવના
- 3.3 કૃતિ (ટૂંકીવાર્તા)
- 3.4 કૃતિનો સારાંશ
- 3.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન
  - ખંડ : 1
  - ખંડ : 2
  - ખંડ : 3
- 3.6 વસ્તુલક્ષી કસોટી
- 3.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ
- 3.8 પુનરવલોકન
- 3.9 લેખન-પ્રવૃત્તિ
- 3.10 વિશેષ અધ્યયન
  - 3.10.1 કર્તા-પરિચય
  - 3.10.2 સ્વરૂપ-પરિચય
  - 3.10.3 વિશેષ વાચન
- ● ટિપ્પણ

## 3.1 ઉદ્દેશો

આ ટૂંકીવાર્તાના અભ્યાસ દ્વારા તમે –

- 'એળે નહિ તો બેળે' વાર્તાનો આસ્વાદ માણશોઃ
  - કથાવસ્તુની દૃષ્ટિએ
  - પાત્રાલેખનની દૃષ્ટિએ
  - સંવાદની દૃષ્ટિએ
  - જાનપદી (ગ્રામજીવન) વાતાવનરણની કૃતિની દૃષ્ટિએ
- વાર્તામાં આલેખાયેલાં પાત્રોની – ખાસ તો નાયક-નાયિકાની – રંગદર્શી લાગણીઓનો પરિચય મેળવશો.
- જાનપદી (ગ્રામજીવન) વાતાવરણ પેદા કરવા લેખકે પ્રયોજેલી ટેક્નિકનો અભ્યાસ કરશો.
- વાર્તાની ભાષાકીય વિશેષતાઓ જાણશો.

## 3.2 પ્રસ્તાવના

આ વાર્તાને બે નોંધપાત્ર વિશેષતાઓ છે. પહેલી એ કે વાર્તા ગ્રામજીવનના વાતાવરણને ઉપસાવે છે એટલે એ દ્વારા ગુજરાતના ગ્રામજીવનનો તથા એનાં રીતરિવાજ, બોલી-અભિવ્યક્તિ અને સ્વભાવગત લાક્ષણિકતાઓનો આપણને પરિચય થાય છે. બીજી વિશેષતા એ છે કે વાર્તાનાં નાયક-નાયિકા યુવાન પતિપત્ની છે - પરસ્પરને ઝંખતાં છતાં વિયોગનો અનુભવ કરતાં. આ પ્રીતિ અને ઝંખનાને લેખકે 'મોયણી' (માહિની) નામ આપ્યું છે. પિયરમાં લાંબા સમયથી

રહેલી પત્નીને પતિ તેડવા આવ્યો છે અને દર વખતની જેમ આ વખતે પણ સાસુ તરફથી નકાર જ સાંભળવા મળે છે. સારા એવા વિવાહ પછી પતિ બળનો પ્રયોગ કરીને પત્નીને લઈ જાય છે. થોડી જ વારમાં આપણને સમજાય જાય છે કે આ પ્રસંગ પત્નીને પણ અનુકૂળ હતો! આ વાર્તામાં ગ્રામજીવનનું વાતાવરણ છે. પાત્રોનાં વાણીવર્તન ઉપરાંત પ્રસંગો અને પરિસ્થિતઓ દ્વારા એ વાતાવરણ જામ્યું છે. વાર્તાનો નાયક કોદર, એનો મિત્ર ભગો, કોદરની પત્ની રૂખી અને એના મામાની દીકરી તથા સખી જમન તથા કોદરની સાસુનાં પાત્રો એ પ્રસંગો અને પરિસ્થિતિઓમાં ગૂંથાયાં છે.

આ ટૂંકીવાર્તામાં ગ્રામીણ સમાજનું અને એના રીતરિવાજોનું પણ વાર્તાને ઉપકારક બને એ રીતે આલેખન થયું છે. ગુજરાતી ટૂંકીવાર્તાના ક્ષેત્રે જેને ગ્રામજીવનની અથવા જાનપદી વાર્તાઓ તરીકે ઓળખાવાય છે, એનું આ વાર્તા સબળ પ્રતિનિધિત્વ કરે છે.

## ૩.૩ કૃતિ (ટૂંકીવાર્તા)

### એળે નહિ તો બેળે

**- પન્નાલાલ પટેલ**

‘કેમ કોદરભાઈ, એણી પા ક્યાં હેંડ્યા ?’ મેળે જવા માટે ફળીને નાકે ઊભેલા ટોળામાંથી એક જુવાનડીએ સવાલ કર્યો.

‘એ...થોડેક જવું પડે એમ છે.’ બેમાંના આગળ ચાલતા જુવાને - કોદરે બેદરકારીથી જવાબ આપ્યો. જ્યારે પાછળ ચાલતા જુવાને પાછળ ડોક ફેરવી કરડી નજર નાખી અને, ‘હાળીને આખા ગામની જાણે એને જ પંચાત!...‘ક્યાં હેંડ્યા પૂછીને શકન ગાંઠે ન બંધાવતી હોય તો...’ આમ બડબડાટ પણ કરવા લાગ્યો.

કોદર હસીને વચ્ચે બોલ્યોઃ ‘આપણ આજ ગોકળ આઠમને દન તેડવા નીકળ્યા છીએ, ને તેય પાછા રોટલા વખતે (જમવા-ટાણે) પછી ઠાલા હાથે પાછા ફરવું પડે તે એમાં બાપડીનો એનો વાંક કાઢવો શો કામ આવે?-’

પાછળ ચાલતો જુવાન જરાક ધીમો પડી ગયોઃ ‘ત્યારે તો તું જ કમને તેડવા જાય છે એમ કે’ને?

‘લે પંચાત કર્યા વગર પગ ઉપાડ હેંડ હવે!’ કહી કોદરે એને બાવડેથી ઝાલીને આગળ કર્યો પેલાએ આગળ ચલાવ્યુંઃ ‘તે હું તો આવું જ છું ને? પણ આ તો તેં - એકને બદલે બે બગાડ્યાંઃ ‘તારી વહુનેય નથી તેડી લાવવાના ને પેલી પા મેળોય ચૂકવાના.’

‘ને જો બેય કામ સરે તો?’

‘એ તો સર્યા હવે! ને પાછો દનેય ખોળીખોળીને એવો ખોળ્યો છે કે ખોબો કહાર (કંસાર) ખાવા મલત એય ચૂક્યા-’

‘એય મળશે, એકવાર કહારની કરનારીને મારે ઘેર આવવા દેને, પછી ખોબાને બદલે બે ખોબા. આઠમનો અપ્પા (ઉપવાસ) આપણ ઘરે છોડજે, પછી તો બસ ને?’

પેલો જુવાન હસ્યોઃ ‘કહારની કરનારી આવવાનીય નથી ને ભગાભાઈને બે ખોબા કહાર મળવાનોય નથી.’

‘જો પાછો?’ કોદરે ભગા સામે આંખો માંડી, ‘ન શું આવે? એમ તો તુ કે’ તો’ તો? ઘેર તો ઊલટો તું મને લઢતો’તો ને અહીં હવે વાટમાં તું જ પાછો.-’

‘તે એ તો હું હજુય તને કહું છું. તું તારાં સાસુને ઊંચે સાંસે બોલવાનોય નથી કે નથી કાંઈ વહુને ધાકધમકી દેખાડવાનો.’

‘એટલે તો મેં તને સાથે લીધો છે. હું નહિ બોલું, પણ  તું તો બોલીશ ને?’

ભગો જરા ધીમો પડ્યોઃ ‘હું તો બહુબહુ તો તારી સાસુને બે વચન કહું, પણ ધાર કે તોય ન મોકલી તો?’

‘તો ત્યાંથી પરભાર્યા મેળામાં. એકાદ ગઉનો ફેર પડશે.’

ભગો એકદમ થંભી ગયો. તુંબડા જેવું મોં કરતાં કહ્યુંઃ ‘તો તો ભાઈસા’બ, તું એકલો જ જા!’

કોદરને હસવું આવ્યુંઃ ‘અરે તું તો ભલો માણસ છે! ન મોકલે તો પછી કાંઈ-’

‘એ કાંઈ નહિ કાંઈ નહિ! ન મોકલે તો ચોટલો હાઈ ને આગળ કરવાની. હું તને ધરમૂળથી જ કહેતો આવ્યો છું કે જો આમ કરવું હોય તો જ મને સાથે લઈ જા. નહિ તો હું તો નથી આવતો. તું તારે જા એકલો!’

‘પણ તું તો - એમ કાંઈ ગામ વચ્ચે કોઈનો ચોટલો હાઈને તે તાણી લવાતી હશે? તુંય તે જરા વિચાર તો-’

‘હા! તું એકલો વિચારવાળો ને અમે બધા - આ એમ ચોટલો હાઈને હું તાણી લાવ્યો,  તો બે વરસથી સીધું સટ ગાડું હેંડે છે. ને તમારે હજુ -’

‘હા ભાઈ હા. તું એકવાર હેંડ તો ખરો. મોડું થશે તો પાછી ભલું હશે તો મેળે જતી રેશે; પછી ચોટલોય કોનો ઝાલીશું-’

ભગાએ પગ ઉપાડતાં પહેલાં વળી કહ્યુંઃ ‘હા. પણ પછી તું - ઠાલા હાથે પાછું ફરવા જેવું કરશે એ નહિ બને. પેલા બધા કે’તા’તા એ ન’તો સાંભળતો ?’ કોદરભાઈ તો પચ્ચીસ વખત ધક્કા ખાઇને નથી ધરાયા તે હવે વળી ભગોભાઈ મેળો માલવો મે’લીને  ધાડ મારવા જાય છે…’ એટલે આવું જાણતો હોત તો હું એ લોક સામે મૂછો જ ન મરડત! અરે આવત જ નહિ ને?’

‘પણ એવું થાય તો ને?’ કહી કોદર ચૂપ રહ્યો. ભગો પણ આ પછી કંઈ ખાસ બોલ્યો નહિ. શ્રાવણ માસની હરીભરી વાદળીઓ જાણે ધરતી પર ગવાઈ રહેલાં ગીત સાંભળવાને મેળે જતી યુવાનીને નીરખવા નીચે ઊતરી આવી હોય તેમ ધરતીના માથા ઉપરથી આસ્તે કદમ સરી રહી હતી. કોઈ કોઈ વાદળી તો છાંટા વેરીને પેલાં યુવાન-યુવતીઓની જાણે છેડતી પણ કરતી હતી. પરંતુ એમને — અલબત્ત પોતાનાં અંગ ભીંજાવાની પરવા તો જનમથી જ ન હતી જાણે - પણ આજે તો પેલાં રંગબેરંગી ફાળિયાં કે ગવનની દરકાર પણ નહોતાં કરતાં. ઊલટાની વરસાદને લીધે તો એમની મસ્તી વધતી જતી હતી. કોઈ વાજિંત્રનો સૂર ભળતાં વધારે તાનમાં ન આવ્યાં હોય તેમ અનેરી હલકથી ગાયે જતાં હતાંઃ

ધરતીને વાદળાંએ ઘેરી ઓ વાલ્યમા,
વનરાઈએ ડુંગરા છવાયા રે લોલ.
સૂકી નદીઓનાં ઉર છલકાયા વાલ્યમા
ફૂંદાં ફૂલડાંની એક કાયા રે લોલ.

કોદર અને ભગો, ‘કૂકડા ઊડણ’ (પાસપાસે વસેલાં) ગામડાંઓને સીમાડેથી આવતા ગીતના સૂર સાંભળવામાં પડ્યા હોય કે ગમે તેમ પણ ચૂપ હતા. એમના અંગને અથડાઈને નમી જતી મકાઈની પાનઠોના અવાજ સિવાય ચારે બાજુનાં એ વાઢભર્યાં ખેતરોમાં શાંતિ જાણે સોડ તાણીને પડી હતી…

એકાએક ભગાએ શાંતિ તોડી. કેટલાય વિચારને અંતે બોલતો હોય તેમ બોલ્યોઃ 'તું ભલે ના કે' કોદર, પણ મને તો લોકોની વાત સાચી જ લાગે છે, - તારી વહુએ નક્કી કાંક મોયણી કરી છે.'

કોદર હાસ્ય સાથે બોલી ઊઠ્યોઃ 'તે એની નાય કોણ કે' છે? મોયણી લગાડી છે એટલે જ તો એનો ચોટલો હાઈને આગળ કરવાની મારી હિંમત નથી પડતી ને? નકર'

ભગાને ઝાળ ચઢી. બોલી ઊઠ્યોઃ 'ભલેને તું વાતને હસી કાઢે પણ જો ફક્કડ' - અને પાછળ ફરી મૂછે આંબળો ચડાવતાં કહ્યુંઃ 'એ બૈરું આગળ જતાં તને નાચ ન નચાવે — અરે નાચ તો શું પણ જો ઘોડો કરીને તારી ઉપર ન બેસે તો યાદ કરજે કે ભગો શું કે'તો તો!' અને આંખોના ભવાં ઉલાળી વળી પાછો ચાલવા લાગ્યો, ઉમેર્યુંઃ 'અરે પાંદડે પાણી પાશે પાંદડે! એની આંખો જ મને તો અત્યારથી કહી આપે છે -'

'ને જો આજે એનો ચોટલો હાઈને આગળ કરું તો? કોદરે મૂછમાં હસતાં પૂછ્યું.

'તો તો તું સાચો મરદ ખરો!'

'તો જો ત્યારે આજ.'

પરંતુ ભગાને - કોદર હસતો હતો તેથી કે પછી વહુ તરફનો એને પક્ષતાપ હતો એને લીધે - એના આ શબ્દોમાં જરાય વિશ્વાસ ન બેઠો. કહ્યું પણ ખરુંઃ 'એ તો જોયા... હવે! હા, સાપને તું હાઈ લે એ માનું પણ તારા બૈરાના ચોટલાને તો - ' પણ તરત જ એણે બોલવાની ઢબ બદલી નાખીઃ 'પછી ભાઈ કે'વાય નહિ! જો તેં ધાર્યું જ હોય તો તો ભલે તને એ લાખ કામણ કરે પણ તું એને ગણકારે એવો તો નથી જ.' ભગાએ ગામ આવવાનું હોય કે ગમે તેમ પણ વાત ટૂંકાવી.

'ધાર્યું છે એટલે જ તો કહું છું.' કોદરે એને ખુશ કરવા કહ્યું.

'તો જોઈએ ત્યારે હવે; વારેય શી છે!' કહી એણે ગામ બહાર જતા જમણી બાજુના રસ્તા ઉપર એક નજર નાખી. 'મેળે જતી વ્યક્તિઓમાં કોદરની વહુ તો નથી એ જોવા સ્તો. પણ ત્યાં તો એની નજર ડાબી બાજુ વળી અને કળીને સામે નાકેથી કોદરની વહુને એક સાહેલી સાથે ચાલી આવતી જોઈ ભગાથી બોલી જવાયુંઃ કોદરભાઈ... ઈ લો! મેળો તો આ આવે સામે!'

પણ કોદરની નજર તો એ પહેલાંની પડી ચૂકી હતી. અને તેથી જ તો એક તરફ જીવ બળતો હતો. 'બચારીનો મેળો બગાડ્યો!' તો બીજી તરફ સાસુ ઉપર રીસ પણ ચઢતી હતીઃ 'કામ કામ કરે છે ત્યાં આજે ક્યાં ગયું કામ ?'...અને વહુને રોકવી કે જવા દેવી એનો કંઈ નિર્ણય કરે તે પહેલાં તો એણે વહુને જ થંભી જતી જોઈ.

આ તરફ ભગો પણ કંઈક વિચાર આવતાં થંભી ગયો, કોદરને ધીમેથી કહ્યુંઃ 'મારું કહ્યું માનો તો એક અચ્છો રસતો દેખાડું' - કોદરે વિચારની ધૂનમાં ડોકું હલાવ્યું.

'જો, ભલે તારી વહું મેળે જતી ને આપણ - જો મોકલવાની હા કે'શે તો ઠીક છે મેળેથી આવશે ત્યારે તેડી લઈ જઈશું, પણ જો ના કે' તો તો આપણે ફટકારીએ એની પાછળ. મેળો મા'લવા દેવો હશે તો ભલે મા'લતી પણ પછી વળતી વખત વાટમાંથી કાંડું હાઈને બારોબાર ઘરભેગા... કેમ ખરું ને?'

જાણે કશી સૂઝ ન પડી હોય તેમ કોદરે 'એય ઠીક છે' કહી પગ ઉપાડ્યો. બેઉ જણે જોયું તો પેલી જુવાનડીઓ તો ક્યાંય દેખાતી જ ન હતી.

'ભગો વળી બોલી ઊઠ્યોઃ 'ખેલ કાં તો ખલાસ!'

'શું?'

‘શું તે - મને તો લાગે છે કે તમારાં વહુ પેલા નવેળામાંથી બારોબાર પાછલી વાટે થઈને હેંડતાં થ્યાં—’

‘એમ?’ કોદરને જરા નવાઈ લાગી. પૂછવાનું મન પણ થયું, ‘તેં નજરોનજર જોયું કે પછી’ - એવું કશું ન પૂછતાં એ ચૂપ જ રહ્યો.

પરંતુ સસરાના આંગણામાં જતાં જ જોયું તો પેલી અટકળ ખોટી પડી. પાછલા બારણાની બહારની બારસાખે કોઈ ઊભું હોય તેમ ગવન ફરફરી રહ્યું હતું. જ્યારે પેલી સહિયર તો ઘરમાં જ હતી. કોદરની સાસુને કહી રહી હતીઃ ‘મેં તો ઘણુંય કહ્યું પણ એ તો માનતી જ નથી ઊલટું મારું જ મેળે જવાનું બગાડ્યું!’

બારસાખ બહારથી અવાજ આવ્યોઃ ‘તે તું તારે જાને! હજું તો અડધું ગામ નથી નીકળ્યું.’ કોદરે ચોપાડમાં પેસતાં જ સાસુનો કર્કશ અવાજ સાંભળ્યોઃ ‘પણ તો પછી તું કેમ પાછી વળીને આવી? ઈને તેડવા આવનારનેય આ સયરમે દને આવતાં બે જઈની લાજેય ન આવી? પછી કે’શે કે અમને વારેઘડીએ પાછા કાઢે છે! - જશે પાછા એમને લખ્ખણે... જા તું તારે મેળે’ કહેતાં સાસુ હાથમાંના સૂપડાને બાજુમાં સરકાવી દેતાં ઊભાં થયાં અને બારણામાંથી ચોપાડમાં ડોકું કાઢતાં ખાટલો ઢાળતાં કોદરને કહ્યુંઃ ‘ત્યારે તો તમારો વિચાર લોકોમાં મને ફજેત કરવાનો છે એમ જ કો’ને?’

આજે પહેલી જ વાર કોદરે સાસુ સામે ભ્રૂકુટિ ચઢાવીને વાત કરીઃ ‘ફજેત થવાની બીક હોત તો આ આખું ચોમાસું દીકરીને ઘરમાં ન ઘાલી રાખત!’

‘ને આજે સપરમે દને હું મારી  દીકરીને ઘર બહાર કાઢીશ, તમને આગળ કરી આલીશ એમ?’

‘ત્યારે હું આડે દને હળ છૂટું મૂકીને ધક્કા ખાધા કરું એમ ને?’

‘તે ધક્કા ખાઓ તોય કાંઈ કોઈની ગરજે? ને હું તો મારી સરવડ (સગવડ) પડે મોકલવાની તમને કુણ કે’ છે કે હળ છૂટું મેલીને ધક્કા ખાઓ?’

‘કુણ તે મારું કામ. તમારું કામ ખરું ને અમારું કાંઈ નઈ એમને? ખેતી તો તમે એકલાં જ કરો છો. તમારે એકલાંને જ નેંદવા-ગોડવાનું છે, અમારે તો ક્યાં -’

‘ને આટલાં વરસથી કુણ નેંદતું’તું? ઊણ જ ચમ બધું ભાંગી પડ્યું છે!’ સાસુએ હાથનો લહેકો કરતાં પૂછ્યું.

‘અમસ્થું ચમ તે! છાનાંમાનાં જીભાજોડી કર્યા વગર આગળ કરી આલો, નહિ તો આજ મારા જેવું કોઈ ભૂંડું નથી.’ કોદરે જરાક શાંત પડતાં રોકડી વાત કરી.

પણ સાસુ એમ કોઈની ગાંજી જાય એમ ન હતી. ભગાના શબ્દોમાં કહીએ તો,‘દશ વરસથી રંડાપો ગાળે છે!’ બારણા બહાર પગ મૂકી કમરે હાથ દેતાં પૂછ્યુંઃ ‘નકર ભૂંડા થઈને શું કરવાના છો?’

‘શું તે’ - પણ તરત જ કોદરે જબાન પર જાણે લગામ ચઢાવી દીધી. કંટાળા સાથે ઉમેર્યુંઃ ‘તમે મે’રબાની કરીને મને ટાંસે (જિદ્દે) ના ચઢાવશો. ન મોકલવી હોય તો ન મોકલો! હુંય જોઉં છું કે કેટલા દન સુધી નથી મોકલતાં. આ ખાટલો છે ને હું છું.-’

ભગાથી હવે ન રહેવાયુંઃ ‘ત્યારે તમેય જરા વિચાર તો કરો વેવાણ-’ અને પછી કોદર એકલાને ઘરનું-બહારનું કામ કરતા કેટકેટલું વીતતું હશે એનો ખ્યાલ આપ્યો. ઉમેર્યુંઃ ‘ને તમારે તો હવે તમારા દીકરાની વહુ પણ આવતી-જતી થઈ છે.-’

'હાસ્તો, દીકરાની વહુએ કામનો ઢગલો વાળી નાખ્યો; હવે મારે શું ફકર છે!' જાણે ચાળા પાડતાં હોય તેમ બોલ્યાં અને ક્ષણેક થંભી કહ્યું: 'આ શું જોઈને વાત-'

'પણ આ આની (કોદરની) પેઠે તમારા દીકરાને હાથ તો નથી બાળવા પડતા?'

'તે એમને શું કામ હાથ બાળવા પડે? શું કામ એમના મોટાભાઈથી જુદા થઈ ગયા?' અને પાછાં જાણે એકાએક છંછેડાઈ પડ્યાં. જમણા હાથની મુઠ્ઠીને ડાબા હાથની હથેળીમાં ટીપતાં ટીપતાં-બોલવા લાગ્યાં: 'આ તો એમ કે જુદા થઈશું એટલે ઘણાંય એમની દીકરીને સાસરે મોકલશે... પણ હું ક્યાં એમ કાચી છું તે.' અને કોદર સામે ડોળા કાઢતાં સંભળાવ્યું: 'તમે તમારા મનથી ગમે તેમ ખાંડ ખાતા હશો, પણ જો આમ સપાઈગરી કરશો તો તો દિવાળી સુધીય નહિ મોકલું હા!' બારણા તરફ પગ માંડતાં વળી ઉમેર્યું: 'તમે જાણો કે રાંડીરાંડ છે એટલે આપણે જેમ બિવરાવશું તેમ બીશે, પણ એ લાલા ભૂલી જજો.' અને ઘરમાં જઈ વળી એમની દીકરીને હુકમ કર્યો: 'શું કામ તું હજુ બેસી રહી છે રૂખલી? જા ઊઠ, મેળે જા. આ બીચારી જમનીય-' જમન રૂખીના મામાની દીકરી મહેમાન થઈને આવેલી હતી. રૂખી છણકી પડી: 'તે એને જવાની કુણ ના પાડે છે?' અને બાજુમાં બેઠેલી જમનને કોણીથી જરાક હડસેલતાં કહ્યું: 'જા'લી જમની, ઊઠ અહીંથી.'

'ને તું ?' માએ કેડે હાથ દીધા.

પણ રૂખીય એમની જ દીકરી હતી ને! 'મારે નથી જવું.'

'કાંઈ કારણ ?... તને કોઈએ બીક ઘાલી છે કે શું ?' અને જમન તરફ ફર્યાં, 'એ'લી જમની! તમને આ પેલા છોગાં મેલીને આવ્યા છે એમણે-'

'તમેય શું તો ફઈ!' જમનને પણ ખીજ ચઢી, ત્યારે રૂખી તો ઊઠતીકને પેલી બાજુ જઈ કપડાં બદલવા લાગી.

આ તરફ મા કામ કરતાં -કરતાં ઘડીકમાં દીકરીના મોળા સ્વભાવ ઉપર તો ઘડીકમાં વારેઘડીએ આવી જીવ ખાતા જમાઈ ઉપર છછણાટ કરી રહ્યાં.

રૂખીને સાદાં કપડાં પહેરી કામે વળેલી જોઈ જમને પણ કપડાં બદલવા માંડ્યાં. અલબત્ત રૂખીએ એને એક-બે વાર કહ્યું પણ એ ન માની તે ન જ માની. અને માની હોત તોપણ હવે સંગાથ મળવો મુશ્કેલ હતો. રૂખીએ પણ ઝાઝી માથાકૂટ ન કરી. એણે કોઠીમાંથી દાણા કાઢી ધૂપછાંવનો ખેલ ખેલાઈ રહ્યો હતો એવા આંગણામાં હવા ઉડાડવા મૂક્યાં. માએ તો કહ્યું પણ ખરું: 'આ શું તાપે ચઢવાના હશે આ!'

પણ તોય રૂખીએ કંઈ ધ્યાન ન આપ્યું. ઘરમાં આવીને પૂંજો કાઢવા વળી...અને... બારણામાંથી ચોપાડ તરફ ડોકું કાઢતી જમન ઉપર જરાક ખિજાઈ પણ ખરી: 'અક્કલ વગરની એમ જોઈ શું રહી છે?'

'એમાં તને શું થાય છે?'

'તારું કપાળ!' બબડી રૂખીએ પાછળ જોયું. માને રસોડામાં ગયેલી જોઈ ધીમેથી પણ ચીડ સાથે કહ્યું: 'તું તો જરા ગોદડી પાથરી આપ! ને સામે ઘેરથી હુક્કો.'

જમીન તો ડઘાઈ જ ગઈ. 'ઓ હો...! એટલું બધું બળે છે? ત્યારે તું જ -

પણ ત્યાં તો રૂખીએ ઝૂડો ઉગામ્યો: 'જોયો છે આ!'

અને જમન જીભ કાઢીને, તો વળી આંખો નચાવીને રૂખીને ચીડવતી-ચીડવતી પરોણાઓની સરભરામાં ગૂંથાઈ ગઈ...

સાંજ સુધી ખાસ કંઈ બન્યું નહિ. રૂખી તથા જમન દળવામાં પડ્યાં હતાં તો વળી રૂખીની મા ખેતરે જઈ બેઠાં હતાં. જ્યારે કોદર અને ભગો હુક્કાને ભર-ઠાલવ કરી રહ્યા હતા. વાતો પણ ખાસ નહોતી થતી. જમન રૂખીને ઘડીકમાં ટોણા મારતી હતી. વળી કોદરને પણ ઘડીએ-ઘડીએઃ તેડવા આવવા બદલ, ને તેમાંય આજનો મેળો બગાડવા બદલ મીઠી ગાળો ભાંડે જતી હતી. રૂખી લગભગ ચૂપ હતી.

પેલી બાજુ ભગા અને કોદર વચ્ચે પણ લગભગ આવું જ હતું. ભગો ઘડીકમાં, ‘નછરવી છોરી ને મોછડી (પાડું મરી ગયા છતાં, દૂઝતી) ભેંશ કોને ન ગમે ભાઈ?’ આમ કહી કોદરને પાણી ચઢાવતો હતો. તો ઘડીકમાં ‘તારી વહુએ તને કામણ જ કર્યાં છે. જો ખોટું નીકળે ફક્કડ તો મૂછ મૂંડાવી નાખું!’ આમ કહી જીવ પણ બાળતો હતો…

દિવસ ઠીકઠીક નમી ગયો. અને ભગાએ કહ્યું તેમ, ‘ઘડીક કેડ તો મેળે ગયોલાંનાં પગલાં સંભળાશે.’

છેવટે કોદર ઊભો થયો. ફળીમાં નજર નાખી, પરંતુ કોઈ કામ આવે એવું છોકરું ન દેખાયું. એનો સાળો પણ મેળે ગયો હતો. છેવટે ઘરમાં આવીને જમનીને જ કહ્યુંઃ ‘જમન, જરા તમારાં ફઈને તો બોલાવી કો’.’ કહીએઃ પેલાને દન આથમે છે; ઢોર આવશે તો ઘેર બાંધશે કોણ?’

ઘંટી થંભી ગઈ જમને કહ્યુંઃ ‘પણ ફઈ તો - તમે લાખ કરશો તોય નથી મોકલવાનાં.’

‘તમે એમને બોલાવી તો લાવો. જતાં પહેલાં હું એમને ભેગો તો થાઉં. જોઉં તો ખરો શું કે’ છે એ?’

જમને રૂખી સામે જોયું. પણ રૂખી શું કહે? એ તો થાળામાંના લોટને ચપટીથી ચઢાવતી નીચી નજરે બેસી રહી.

શું કરવું એની જમનને કંઈ સમજ ન પડી. અને પછી જ તો કોદરને એણે કહ્યું નેઃ ‘ભેગા થવું હોય તો વાટવાળા વાડમાં જ છે જતાંજતાં-’

પણ ત્યાં તો પાછળ બારણામાંથી સાસુનો આવજ આવ્યો સ્તોઃ ‘એક ફેરા કહ્યું તો ખરું કે નઈ આવે! પછી વારે ઘડીએ ભેગા-’

કોદરે સાસુ સામે આજ પહેલી જ વાર આંખ માંડીઃ ‘તમે લાખ કરશો તોય આજે તો હું ઠાલા હાથે પાછો નથી ફરવાનો-’

‘ઠાલા હાથે જતાં શરમ આવતી હોય તો ગામમાં પેલા છગના સુતારને કહું કે એક લાકડાની લાડી ઘડી આપે. પછી તો શરમ નહિ આવે ને?’ અને બેડું ખાલી કરતાં ઉમેર્યુંઃ ‘ત્યારે શું તો! ભાઈ સાહેબને પાછી લાજ-’

‘આજ તમે મને ન છંછેડો હોં! હું ઠીક કહું છું-’

‘નકર શું કરી નાખશો?’ સાસુ ઊલટાનાં બે ડગ સામે આવ્યાં.

‘શું તે’- પણ ત્યાં તો કોદર પોતે જ ગૂંચવાયો. બીજી જ ઘડીએ કહી નાખ્યુંઃ ‘હાઈ ચોટલો ને આગળ કરીશ હો-’

‘અરે હાધા હાધા, હવે ચોટલો. હું વાઘણ જેવડી બેઠેલી છું ને કઈ માનો જણ્યો - મારી દીકરીનો ચોટલો-’

તકરાર વધી પડી અને ફળીમાં લોક ભેગાં થઈ ગયાં. કોદરને સમજાવીને બહાર લઈ જઈને

બેસાડ્યો અને છંછેડાયેલી સાસુને પણ શાંત પાડી.

આ પછી બેચાર સ્ત્રીઓએ અને એકાદ-બે પુરુષે મળીને વાતનો નિકાલ આણ્યોઃ 'આજ તો નહિ પણ કાલ દન ઊગતામાં રૂખલી તમારે ઘેર પહોંચશે જાઓ.'

પણ આ ત્રાહિતોની સામે તો ભગો પહોંચી વળે એમ હતો. બોલ્યોઃ 'તો કાલે સવારે અમે જ તેડીને જઈએ તો શું ખોટું? અપ્પા કર્યો છે એટલે એમને અમારે માટે ખાવાપીવાના ધાંધલ કરવી પડે એમ તો છે નહિ. ખાટલોય એક હશે તો બેઉ ભેગા લોચો વળાઈને - અરે છેવટે ભોંય પડી રહીશું. એ વાતની એમને કંઈ-'

વળી પાછાં કોદરની સાસુ છેડાઈ પડ્યાં. અને ત્યાં સુધી કે આ વખત ગામનાંને પણ 'પંચાત' કરવા બદલ સાંભળવું પડ્યું. અને તેથી જ એ લોક પણઃ 'એ ત્યારે, સાસુ-જમાઈ બેય પડો કૂવામાં.' કહીને વેરાઈ ગયાં.

વળી પાછી શાંતિ. અલબત્ત ઘરમાં રહ્યાંરહ્યાં સાસુ બબડતાં તો હતાં જ.

આ તરફ ભગો પણ વિચારમાં પડી ગયો હતોઃ 'ચોટલો ઝાલીને લઈ જવાનું કામ એ પોતે ધારતો હતો એટલું સહેલું ન હતું. ને ધારો કે ચોટલો ઝાલ્યો ને એની સાસુ - 'બૈરું મનેખ' હાથે આવીને વળગ્યું તો!... ને વળગે એમાં ભૂલેય નહિ. અને એણે કોદરને પણ કહ્યુંઃ 'આજે મને ખબર પડી કે તું કેમ તારી વહુને બાવડાટીને આગળ નથી કરતો!'

કોદર કંઈ સમજ્યો નહિઃ 'કેમ શી ખબર પડી તને?'

'આ તારી સાસુને લીધે સ્તો? વાતેય સાચી. બૈરું મનેખ છે.'

કોદર વચ્ચે બોલ્યોઃ 'હવે ગણીએ ત્યાં સુધી સાસુ, બાકી એ તો બિચારી શું કરતી'તી!-' ભગો અકળાઈ ઊઠ્યોઃ 'અલે ત્યારે તું વિચાર શાનો કરે છે? કે પછી તારી વહુની કાંઈ બીક-'

'બીકફીક કાંઈ નથી ભગા, પણ મારા મનથી એમ કે... એક તો એ (રૂખી) જરા વટના કટકા જેવી (માની સ્વભાવની) છે ને પાછું આ આટલા મનેખના દેખતાં'... પણ સાચું પૂછો તો કોદરને જુદું જ કહેવું હતું. શબ્દોય જડતા હતા પણ કહી નહોતો શકતો. છેવટે કહી જ નાખ્યુંઃ 'તને ખબર છે ભગા, મન, મોતી ને કાંચ એકવાર તૂટ્યાં તો પાછાં નથી સંધાતાં! સંધાય તો સાંધો રે'વાનો જ!'

'અરે આમ તૂટ્યાં ને સંધાયાં કર્યા વગર એમ જ કે'ને બૈરાને માઠું લગાડવાની હિંમત નથી ચાલતી!' અને કોદરને ચૂપ જોઈ ઉમેર્યુંઃ 'અમેય ત્યારે એ જ કહીએ છીએ ને? તું ભલે ન માને પણ જો તારી બૈરીએ તારામાં મોયણી (મોહિની) ન કરી મેલી હોય તો તારો ગુલામ થઈને રહું, જા!' અને એકદમ બેઠો થઈ ગયોઃ 'લે ઊઠ, તું સાત દન બેસી રહીશ તોય સીધી રીતે તો ત્યારે નથી જ મોકલવાનાં.'

એ જ વખત જમન બહાર આવી અને એણે પણ કોદર તથા ભગાને સમજાવવા પ્રયત્ન કર્યો : 'મારી ફઈ હઠે ચઢ્યાં છે એટલે આ વખત તો એ-'

'પણ ત્યારે એ કયે ફેરા હઠે ચઢ્યા વગર રે' છે?' કોદરે કહ્યું.

'તો ત્યારે બેસી રો' અહીં હાથ ભેગા કરીને.' કહી જમને બારણાં તરફ એક નજર નાખી લેતાં ટોણો પણ માર્યોઃ 'કશું બનતું તો છે નહિ ને નકામા ડંફાસ ન હાંકતા હો તો!' અને મોં મચકોડીને ચાલતી થઈ ઘરમાં. જમન પાછળ આગભરી નજરે તાકી રહેલા કોદરની આંખમાં જાણે તાપણીઓ સળગવા લાગી. એમાં ભગાએ વળી બળતણ ઉમેર્યુંઃ 'લે સાંભળ્યું ને તારી

સાળી-'

'તું હમણાં મને વતાવીશ (છંછેડીશ) નહિ ભગા, નકર... કાં તો ... કાં તો જોવા જેવું થઈ બેસશે!' એનું મોં પણ તાંબાના ચમકતા લોટા જેવું થઈ ગયું હતું. તરત જ ઊભો થયોઃ 'લે ઊઠ હેંડ ઘેર.' અને ખભે પછેડી નાખતાં ઉમેર્યુંઃ 'મોકલશે જ્યારે એમને મોકલવી હશે ત્યારે.' પણ ભગાને તો ઠાલા હાથે જવું એ માથાવાઢ લાગતું હતું. અને તેથી જ તો એ,'તું જરા કહે તો ખરો, હું એક વાર' - કહી કોદરની સાસુને મળવા, પોતાની કારી લડાવવા એ ઘરમાં ચાલતો થયો.

જ્યારે રૂખી ઘરમાંથી પૂંજો કાઢતી-કાઢતી ચોપાડમાં આવી અને નીચી મૂંડીએ પૂંજો કાઢવા લાગી. ચિડાયેલો કોદર એની આરપાર જોતો હોય  એ રીતે તાકતો ક્યારે પાસે આવે ને ક્યારે એને પણ - 'શું કામ બધાં એક થઈને જીવ ખાવા બેઠાં છો?' આવું કંઈક સંભળાવે, એમ વાટ જોતો બેસી રહ્યો હતો.

પણ એટલામાં તો ભગોભાઈ ગયા એવા હાથ ઘસતા જ પાછા ફર્યાઃ 'લે ઊઠ ભાઈ, કે'નારે બૈરાની જાતને એક નસીલી (હઠીલી) કહી છે તે કંઈ ખોટું નથી કહ્યું.' અને ખાટલા પરથી પછેડી લેતાં ધીમેથી ઉમેર્યુંઃ 'મેં કહ્યું તે એક જ રસ્તો છેઃ જો ચોટલો હાવાની હિંમત હોય તો!'

કોદર કંટાળા સાથે બોલ્યોઃ 'અરે...જરાક વિચાર આવે છે! નહિ તો ચોટલો તો શું પણ આખી ને આખી.-'

જરાક વારમાં પાસે આવી પહોંચેલી રૂખી જાણે દરમાંથી નાગણ ન બોલતી હોય તેમ બોલીઃ 'હાધા, હાધા, હવે ચોટલો! વીસ વખત ધક્કા ખાધા પણ એક વખતે તો એ હાઈ જોવો'તો!'

ભગો તો ડઘાઈ જ ગયો. મનમાં પણ થયુંઃ 'ધન છે તારી છાતીને!' અને તિરસ્કૃત નજરે કોદર તરફ જુએ છે ત્યાં તો એ ઊભો પણ થઈ ગયો હતો. હાથમાંથી પછેડી કેડે વીંટી ન વીંટી ને ફટ દેતાંકને રૂખીને એણે બોચીમાંથી પકડી-નોળિયે જાણે નાગણ પકડી. ઠેલણ ગાડીની પેઠે ઠેલાયે જતી રૂખી બૂમબરાડા પાડવાને બદલે રડવા લાગી. કોદર અડધ આંગણે પહોંચે છે ત્યાં તો સાસુ ગાળોનો વરસાદ વરસાવતાં ઘરમાંથી ધસી આવ્યાં. બે-પાંચ પળ તો શું કરવું - શું ન કરવું એવી કંઈક ગડમથલમાંઃ 'ઊભો રે' મારા પીટ્યા!' એમ બબડતાં ચોપાડમાં આમતેમ જોવા લાગ્યાં અને ખૂણામાં પડેલું લાકડું ઉપાડવા જાય છે ત્યાં તો જમન એમને ગળે વળગી પડીઃ 'તમે ન જશો ફઈ.' - જમને રડતાં કહ્યું, 'એ પીટ્યો વીફરેલો છે ને તો તમને - હું તમારે પગે પડું' ને એણે પોતાનેય ધકેલીને જતાં ફોઈના પગ જ.-

પેલી બાજુ કોદર તો બિલાડી ઉંદરને લઈ જતી હોય એમ રૂખીને એક હાથે ગળામાંથી પકડી ધકેલતો-લગભગ ઊંચકતો રસ્તા સુધી પણ પહોંચી ગયો હતો.

જ્યારે ભગો, કોદરની અજ્જડાઈ પર તિરસ્કાર વર્ષાવતા લોકોના અવાજમાં સૂર પુરાવતો અને સાથે સાથે રૂખીની માને રોકવા માટે ફળીનાં બૈરાંને ભલામણ કરતો આંગણામાં ઊભો હતો. જમનની મદદમાં ફળીની એક-બે ડોશીઓ પણ જઈ લાગી અને રૂખીની માને 'આપણા બૈરા મનેખનું કામ આ? એ તો પીટ્યો ભીલ થઈને ઊભો'ર્યો પણ આપણાથી-' આમ કહી એને સમજાવી રહ્યાં... અને સાસુએ પણ - સ્ત્રી જ્યારે બધીય બાજુથી નાસીપાસ થાય ત્યારે શાનું શરણ શોધે? - આંગણામાં બેસીને રૂદન આદર્યું-

ગામમાં મા રોતી હતી, તો ફળીને નાકે ખેતરોમાં દીકરી રડતી હતી. ભગાને પણ ફિકર પેઠીઃ 'હાળો ક્યાંય ઝૂડિયું ન કાઢી નાખે.' અને પાછળ ઊપડ્યો. તો આ તરફ જમન પણ દોડતી-

દોડતી જઈ પહોંચી.

કોદરે રૂખીનું ગળું તો છોડ્યું હતું પરંતુ એનો ગુસ્સો તો કાયમ જ હતો, બલકે વધારે ઉગ્ર હતો. રૂખીને ધક્કો મારતાં એ લગભગ એકનું એક જ બોલતો હતોઃ 'આ જુઓને આ! હું ઊલટો દયા ખાતો'તો ત્યારે ઊઘડતીકને મને જ મેણું મારવા આવી!... ખબર તો રાખ હવે...'

અને ભગા તથા જમનને આવતાં જોઈને તો ઠંડો પડવાને બદલે ઊલટો કોદર વધારે છંછેડાયો. રૂખીનો ચોટલો ઝાલતા લગભગ બરાડી ઊઠ્યોઃ 'નાગણ તો આ કે બીજી કોઈ?' – અને એણે રૂખીને આખી ને આખી ઝંઝેડી નાખી, ઉપરથી કાં તો લાત પણ મારત પણ ત્યાં તો શ્વાસભરી જમન એના હાથને વળગી પડી. એની સિકલ જોઈ હોય તો જાણે સાચે જ કોઈ છેડાયેલી નાગણ જોઈ લ્યો. કોદર પણ ક્ષણભર તો ડઘાઈ ગયો.

'હવે રેવા દોને તમારી મરદાઈ!' જમને રૂખીને પોતાના પડખામાં લેતાં કહ્યું. તિરસ્કાર વર્ષાવતાં ઉમેર્યુંઃ 'આ એણીએ આટલું મેણું ન માર્યું હોત તો ઠાલે હાથે ઘેર – અરે જવા માટે ઊભા થયા'તા કે વળી થવું'તું!'

ભગો તો જાણે પેલો પડદો ઊઠતાં તખ્તા પરનો કોઈ ભવ્ય દેખાવ ન જોઈ રહ્યો હોય! તો કોદરનું વાન સાવ પડી ગયું.

જ્યારે જમન, ડૂસકાં ભરતી રૂખીને માથે સાડલો ઓઢાડતી હજીય કોદરને સુણાવી રહી હતીઃ 'બે પૈસાભર અક્કલ તો છે નહિ ને-'

'પણ મને શી ખબર કે એણીએ આવું કરાવવા જ મેણું માર્યું હશે!' અને ઓશિયાળે મોઢે કોદરે રૂખી તરફ જોયું, 'નહિ તો-'

જમને, પોતાને ડારતી રૂખીની રૂદન અને હાસ્યમિશ્રિત સૂરત જોતાં કોદરથી જીભાજોડી કરવી પડતી મૂકી, રૂખીને જ સંભળાવ્યુંઃ 'ખાધોને પેટ ભરીને મેથીપાક?'

આટલા દુઃખમાંય રૂખીના હોઠમાં એણે હાસ્ય જેવું જોયું. અને મીઠા ઠપકાથી ધક્કો મારતા ઉમેર્યુંઃ 'શું લુચ્ચી છે જો!! જાઓ હવે રસ્તો માપો પાછાં...'

ને કોદરે પગ ઉપાડ્યો પાછળ ભગાએ પણ.

'જોજે પાછી મારી માને ખબર ન પડે. નહિ તો જનમભર એ એના આંગણામાં મને પગ પણ નહિ મૂકવા દે.' કહી રૂખી પણ એ લોકની પાછળ ચાલતી થઈ.

પણ આ તરફ ભગાનું તો જાણે પેટ ચઢી ગયું હતું. છેવટે પાછળ આવતી રૂખી સાંભળે એમ કહી જ નાખ્યુંઃ 'કોદર, મારું બેટું આ તો ઊલટું નીકળ્યું!-'

'શું?'

'શું તે – હું તો – અરે આખું ગામ કે'તુ હતું કે રૂખીભાભીએ તને કામણ કર્યું છે પણ આ તો ઊલટું તારું કામણ એમના ઉપર નીકળ્યું.

'કેમ મારું ?'

'કેમ તે-અરે મૂર્ખા...! આટઆટલામાં મને એક તો એવું બૈરું દેખાડ કે જેણે સાસરે આવવા માટે આમ હાથે કરીને માર ખાધો હોય! તારા જેવા પાણી વગરનાને આમ પાણી-'

કોદરની છાતી ફૂલી નહોતી સમાતી પણ એણે ગંભીરતા જ ધારણ કરી કહ્યુંઃ 'ને દેખાડું તો બોલ?' કહી થંભી ગયો.

'દેખાડને પણ તો તારે મારે લાગી નાળિયેરની શરત.' ભગો પણ ઊભો રહી ગયો.

'તો જો ત્યારે,' અને દસ કદમ પર ચાલી આવતી રૂખી સામે એક સ્નેહભરી નજર નાખતાં ઉમેર્યું: 'આ હેંડી આવે પાછળ પાછળ!

કોદર પાછળ ભગાએ પણ પગ ઉપાડ્યો: ' એ તો છે સ્તો... પણ જો મેણું ન માર્યું હોત તો-'

પણ તરત જ એના શબ્દો અને અવાજ બેઉ બદલાઈ ગયા: 'માન ન માન કોદર, પણ મારું બેટું તેં આ બાઈ ઉપર જરૂર કાંક મોયણી કરી છે, નકર આમ એળે નતી મારી તો એણે બેળેય માર ખાધો પણ આવી ખરી. ત્યારે આવું તે હોય!'

અને આ બડબડાટ સાથે કોણ જાણે કેમ પણ ભગાનો જીવ સુધ્ધાં બળી રહ્યો હતો. જ્યારે આ સાંભળીને પેલા બે જીવ ફૂલ્યા નહોતા સમાતા!

## 3.4 કૃતિનો સારાંશ

'એળે નહિ તો બેળે' વાર્તા તમે વાંચી છે. એના કથાવસ્તુના મુખ્ય મુદ્દાઓ ત્રણ ખંડમાં વહેંચી શકાય.

### ખંડ-1

ઘણા લાંબા સમયથી પિયરમાં રહેલી પત્ની રૂખીને તેડવા કોદર અને તેનો મિત્ર ભગો નીકળ્યા છે. જન્માષ્ટમીના તહેવારને દિવસે તેઓ નીકળ્યા છે એટલે રૂખી પિયરથી આવશે કે કેમ, એની શંકા તો છે જ. વળી આજે જન્માષ્ટમીનો મેળો પણ છે. કોદરની સાસુ એટલે કે રૂખીની મા બહુ જબરી બાઈ છે અને જતાંની સાથે જ રૂખીને વળાવી દે એવા સંજોગો બહુ જણાતા નથી. આ પરિસ્થિતિમાં ધાકધમકીથી બળનો પ્રયોગ કરીને 'ચોટલો હાઈને' તાણી લાવવાનું જરૂરી છે - એમ ભગો સમજાવે છે. આ પ્રકારે બળ વાપરવાનું કોદરને બહુ યોગ્ય લાગતું નથી અને છેક સાસરીના ઘર સુધી પહોંચતા અવઢવમાં રહે છે.

### ખંડ-2

કોદરની સાસુ કડવાં વેણ સાથે ખાટલો ઢાળી બેસાડે છે. કોદર, કોદરની સાસુ, ભગો એ ત્રણ વચ્ચે સારી એવી જીભાજોડી થાય છે. સાસુ મક્કમ છે કે આજે જન્માષ્ટમીના તહેવારે કોઈ પણ રીતે રૂખીને મોકલવાની નથી. એટલું જ નહિ, પેલા બે ખાટલે બેઠા રહ્યા છે તોપણ તેઓ પોતની દીકરીને મેળે જવાનો હુકમ કરે છે. અલબત્ત, રૂખીની મેળે જવાની ઇચ્છા નથી એટલું સ્પષ્ટ થઈ જાય છે. દિવસ આથમવાની વેળા થઈ, એમ છતાં કશો નિર્ણય થઈ શકતો નથી.

### ખંડ-3

છેવટે ભગો એક વધુ પ્રયત્ન રૂપે કોદરની સાસુને સમજાવવા ઘરમાં જાય છે. એ જ સમયે રૂખી ઘરમાંથી પૂંજો (કચરો) કાઢતી-કાઢતી ચોપાડમાં આવી ગઈ છે. થોડી જ વારમાં ભગો હાથ ઘસતો પાછો આવી જાય છે. એક જ - છેવટનો રસ્તો સૂચવે છે... ' જો ચોટલો હાવાની હિંમત હોય તો!'

પૂંજો કાઢતી રૂખી પણ ટોણો મારીને પરોક્ષ રીતે એ જ વાતને ટેકો આપે છે. કોદરમાં હિંમત આવી જાય છે અને રૂખીને બોચીએથી ઝાલીને હડસેલીને, એળે નહિ તો બેળે આગળ કરે છે. કોદરની સાસુ અને ફળિયાનાં લોકો પણ હવે કોદરને અટકાવી શકતાં નથી. કોદરે આવેશમાં આવીને રૂખીને પણ સારો એવો મેથીપાક આપ્યો હતો. છેવટે એને સમજાય છે કે રૂખીની પણ સાસરે આવવાની ઇચ્છા હતી જ. વાર્તાના અંતે તો કોદર-રૂખીના પ્રસન્ન દાંપત્યના માધુર્યનો ભાવ છવાઈ રહે છે.

## 3.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

**ખંડ-1**

પહેલા ખંડમાં મુખ્યત્વે વાર્તાના નાયક કોદર અને એના મિત્ર ભગો-એ બે વચ્ચેના સંવાદો છે. કોદરની પત્ની રૂખીને એના પિયરમાંથી સાસરે મોકલતાં નથી. ખાસ તો કોદરની સાસુ એ માટે જવાબદાર છે. આ વખતે તો રૂખીને તેડી જ લાવવી, એવો કોદરનો નિશ્ચય છે. વાટાઘાટોમાં સહાયરૂપ બને એ હેતુથી તેણે મિત્ર ભગાને પણ સાથે લીધો છે. વાતચીત દરમિયાન ભગો સુચન કરે છે કે સમજૂતીથી રૂખીને મોકલે તો ઠીક છે, નહિ તો બળનો પ્રયોગ કરીને પણ રૂખીને લઈ આવવી. એના જવાબમાં કોદર પેટછૂટી વાત કરે છે કે એમ કરવા માટે પોતાની હિંમત ચાલતી નથી. કોદરના આ વલણથી ભગો તારણ પર આવે છે કે કોદરની વહુએ નક્કી મોયણી કરી છે - એટલે કે કોદરને મોહપાશમાં બાંધી લીધો છે. વધારામાં તે એમ પણ જણાવે છે કે આ વલણ રહેશે તો જતે દહાડે રૂખી કોદરને પાંદડે પાણી પાશે. આ સંવાદો દરમિયાન લેખકે શ્રાવણના વાતાવરણનું અને જન્માષ્ટમીના મેળાની ભૂમિકાનું આલેખન કરવા વર્ણન અને ગીતનો સબળ આધાર લીધો છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ક):</u>**

1. પત્નીને તેડવા જતા વાર્તા–નાયક કોરદની માનસિક સ્થિતિ કેવી છે? ભગો એનો કેવો અર્થ કરે છે?
2. આ ખંડમાં ગ્રામજીવનનું વાતાવરણ ઉપસાવવા કઈ સામગ્રી ઉપયોગી બને છે?
3. રૂખીને તેડી લાવવા માટે ભગો છેવટના ઉપાય તરીકે શું સૂચવે છે? પોતાની વાતને સાચી ઠરાવવા ભગો કોનું દૃષ્ટાંત આપે છે?
4. આ ખંડમાં સંવાદ ઉપરાંત, શૈલીની દૃષ્ટિએ બીજી કઈ બાબતો ઉલ્લેખનીય છે? વાર્તાના સંદર્ભમાં એનું શું મહત્ત્વ છે?

**ખંડ-2**

બીજા ખંડમાં કોદરના સાસરાનું દશ્ય છે. સાસરે પહોંચતા જ કોદરની સાસુ તરફથી કડવો આવકાર મળે છે. આરંભની ઉક્તિઓથી જ આપણને સમજાઈ જાય છે કે કોદરની સાસુ રૂખીને નહિ મોકલવાની બાબતમાં મક્કમ અને હઠાગ્રહી છે. રૂખી તો મેળે જવા તૈયાર થઈ હતી. પણ કોદરને જોઈને વિચાર માંડી વાળે છે. એ માટે કોદરની સાસુ રૂખીને પણ ધમકાવે છે અને મેળામાં જવા આગ્રહ કરે છે. થોડી જીભાજોડી બાદ રૂખીને નહિ વળાવવાનો મક્કમ નિર્ણય સાથે ડોશી તો ખેતરે જતાં રહે છે. બહાર ચોપાડમાં કોદર-ભગો અને ઘરમાં રૂખી-જમની એમ-ચારેયનો સમય નિરર્થક વ્યતીત થાય છે. સાંજ પડવા આવે છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ખ):</u>**

1. કોદરની સાસુ કયા શબ્દોમાં જમાઈને આવકારે છે? રૂખીને સાસરે નહિ મોકલવા અંગે તેમની પાસે કયાકયા મુદ્દા છે?
2. રૂખી મેળામાં જવાનું કેમ માંડી વાળે છે? રૂખી અને જમનના સંવાદોમાંથી શું ફલિત થાય છે ?
3. 'નછરવી છોકરી ને મોછડી ભેંશ કોને ન ગમે ભાઈ?' - આ ઉક્તિ કોણ બોલે છે? વાર્તાના સંદર્ભમાં એનું શું અર્થઘટન થાય છે?

4. કોદર જે દ્વિધા અનુભવે છે, એનો ભગો કેવો અર્થ કરે છે? ભગાની લાગણીને તમારા શબ્દોમાં વર્ણવો.

**ખંડ-3**

કોદર ભલોભોળો માણસ છે અને તેને રૂખી પ્રત્યે લાગણી પણ છે. તેથી છેક સાંજ પડવા આવી ત્યાં સુધી તે કેવળ દ્વિધામાં જ રહે છે. એવામાં કોદરની સાસુ ખેતરેથી ઘેર આવે છે અને છેવટના પ્રયત્ન રૂપે ભગો તેમને સમજાવવા ઘરમાં જાય છે. ડોશી મક્કમ છે. એટલે છેવટે ભગો બળનો પ્રયોગ કરીને ચોટલો હાઈને - રૂખીને તેડી જવાનું સૂચન કરે છે. એ જ સમયે ચોપાડમાં પૂંજો (કચરો) કાઢતી રૂખી પણ કોદરને ટોણો મારે છે અને ભગાની જ વાતને પરોક્ષ રીતે ટેકો આપે છે. રૂખીના ટોણાથી ઉશ્કેરાયેલો કોદર બળનો પ્રયોગ કરીને બોચીએથી ઝાલીને રૂખીને આગળ કરે છે; અને એમ સાસુની ગાળો વચ્ચે, લોકોના તિરસ્કાર વચ્ચે રૂખીને ઝંઝેડતો ફળિયા બહાર કાઢે છે.  પછી તો તેને સમજાઈ જાય છે કે સાસરે આવવાની રૂખીની હૃદયથી ઇચ્છા હતી તેથી તો તેણે ટોણો મારીને કોદરને ઉશ્કેર્યો હતો.

આમ વાર્તાના અંતે તો દાંપત્યના આંનદની જ પ્રતીતિ થાય છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ગ):</u>**

1. જમન અને રૂખી - એક પછી એક - કોદરને કેવા ટોણા મારે છે? એનું શું પરિણામ આવે છે?
2. રૂખીને બોચીએથી પકડી બળપૂર્વક તેડી જતા કોદર માટે કોદરની સાસુ અને પાડોશણો કેવાં વચનો ઉચ્ચારે છે?
3. ફળીના નાકે કઈ બાબતનો ઘટસ્ફોટ થાય છે? એ વેળાએ કોદરની હાલત કેવી થાય છે?
4. રૂખીને આપમેળે પાછળ આવતી જોઈને ભગો કયા નિર્ણય પર આવે છે? એ સાંભળીને કોદર-રૂખી કેવી લાગણી અનુભવે છે?

## 3.6 વસ્તુલક્ષી કસોટી

**<u>તમારી પ્રગતિ ચકાસો (ઘ):</u>**

(ક) નીચેનાં વિધાનો સાચાં છે કે ખોટાં તે જેતે વિધાનને અંતે આપેલા ખાનામાં સાચા વિધાન માટે (✓) અને ખોટા વિધાન માટે (✗)ની નિશાની કરી, જણાવો:

1. ભગાને ખાતરી હતી કે કોદર છેવટે ચોટલો સાહીનેય રૂખીને  તેડી લાવશે. ☐
2. કોદર અને ભગો રૂખીને તેડવા જતા હતા ત્યારે ગ્રામજનો જન્માષ્ટમીનો મેળો મહાલવા જતાં હતાં. ☐
3. કોદરની સાસુએ જમાઈને આંગણે આવેલો જોઈ પ્રેમથી આવકાર આપ્યો હતો. ☐
4. કોદરે રૂખી પર બળનો પ્રયોગ કર્યો ત્યારે એનો સામનો કરવા કોદરની સાસુએ લાકડું ઉગામ્યું હતું; એ વખતે જમનાએ તેમને વાર્યાં હતાં. ☐
5. કોદર જ્યારે રૂખીને તેડવા સાસરે આવ્યો ત્યારે રૂખી તો મેળામાં ગઈ હતી. ☐

(ખ) વાર્તાનાં જુદાંજુદાં પાત્રો દ્વારા બોલાયેલી ઉક્તિઓ નીચે આપી છે. દરેક ઉક્તિની નીચે ત્રણ પાત્રોનાં નામ તથા દરેકની આગળ એક ખાનું આપેલું છે. જે તે ઉક્તિ કોણ બોલે છે એ નક્કી કરી એ પાત્રની આગળના ખાનામાં (✓)ની નિશાની કરો:

1. 'તો ત્યાંથી પરભાર્યા મેળામાં. એકાદ ગઉ તો દૂર પડશે.'

ભગો ☐ કોદર ☐ જમન ☐

2. 'અરે પાંદડે પાણી પાશે પાંદડે.'

કોદરની સાસુ ☐ રૂખી ☐ ભગો ☐

3. 'કશું બનતું તો છે નહિ ને નકામા ડંફાસ ન હાંકતા હો તો!'

જમન ☐ રૂખી ☐ કોદરનો સાળો ☐

4. 'આપણા બૈરા મનેખનું કામ આ? એ તો પીટ્યો ભીલ થઈને ઊભો'ર્યો પણ આપણાથી -'

કોરદની સાસુ ☐ ફળીની ડોશી ☐ જમન ☐

5. 'હાધા, હાધા, હવે ચોટલો! વીસ વખત ધક્કા ખાધા પણ એક વખત તો એ હાઈ જોવો'તો !'

રૂખી ☐ જમન ☐ ભગો ☐

## 3.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

**(1) આ વાર્તામાંથી નીચેના ગદ્યખંડો ધ્યાનથી વાંચો.**

**(અ)** શ્રાવણ માસની હરીભરી વાદળિયો જાણે ધરતી પર ગવાઈ રહેલાં ગીત સાંભળવા ને મેળે જતી યુવાનીને નીરખવા નીચે ઊતરી આવી હોય તેમ ધરતીના માથા ઉપરથી આસ્તે કદમ સરી રહી હતી. કોઈકોઈ વાદળી તો છાંટા વેરીને પેલાં યુવાન-યુવતીઓની જાણે છેડતી પણ કરતી હતી. પરંતુ એમને અલબત્ત પોતાનાં અંગે ભીંજાવાની પરવા તો જનમથી જ ન હતી જાણે- પણ આજે તો પેલાં રંગબેરંગી ફાળિયાં કે ગવનની દરકાર પણ નહોતાં કરતાં. ઊલટાની વરસાદને લીધે તો એમની મસ્તી વધતી જતી હતી. કોઈ વાજિંત્રનો સૂર ભળતાં વધારે તાનમાં ન આવ્યાં હોય તેમ અનેરી હલકથી ગાયે જતાં હતા...

**(બ)** 'બીકફીક કાંઈ નથી ભગા, પણ મારા મનથી એમ કે... એક તો એ (રૂખી) જરા વટના કટકા જેવી માની સ્વભાવની છે ને પાછું આટલા મનેખના દેખતાં'... પણ સાચું પૂછો તો કોદરને જુદું જ કહેવું હતું. શબ્દોય જડતા હતા પણ કહી નહોતો શકતો. છેવટે કહી જ નાંખ્યું. 'તને ખબર છે ભગા, મન, મોતી ને કાચ એકવાર તૂટ્યાં તો પાછા નથી સંધાતાં! સંધાય તો સાંધો તો રે'વાનો જ!'

**(ક)** હાથમાંથી પછેડી કેડે વીંટી ન વીટીં ને ફટ દેતાકને રૂખીને એણે બોચીમાંથી પકડી - નોળિયે જાણે નાગણ પકડી. ઠેલણગાડીની પેઠે ઠેલાયે જતી રૂખી બૂમબરાડા પાડવાને બદલે રડવા લાગી. કોદર અડધ આંગણે પહોંચે છે ત્યાં તો સાસુ ગાળોનો વરસાદ વરસાવતાં ઘરમાંથી ધસી આવ્યાં. બે-પાંચ પળ તો શું કરવું - શું ન કરવું એવી કંઈક ગડમથલમાં 'ઊભો રે' મારા પીટ્યા!' એમ બબડતાં ચોપાડમાં આમતેમ જોવા લગ્યાં અને ખૂણામાં પડેલું લાકડું ઉપાડવા જાય છે ત્યાં તો જમન એમને ગળે વળગી પડી: 'તમે ન જશો ફઈ'- જમને રડતાં કહ્યું. 'એ પીટ્યો વીફરેલો છે ને તમને - હું તમારે પગે પડું.' ને એણે પોતાનેય ધકેલીને જતાં ફોઈના પગ જ -

પેલી બાજુ કોદર તો બિલાડી ઉંદરને લઈ જતી હોય એમ રૂખીને એક હાથે ગળામાંથી પકડી

ધકેલતો - લગભગ ઊંચકતો રસ્તા સુધી પણ પહોંચી ગયો હતો.

ઉપરના ત્રણ નમૂના (અ), (બ) અને (ક)નો અભ્યાસ કરતાં પહેલી નજરે જ એમાં આવતાં કથન-વર્ણન અને સંવાદ સર્જનાત્મક ગદ્યનો અનુભવ કરાવશે. સર્જનાત્મક ગદ્યનો સાદો અર્થ કરતાં એમ કહી શકાય છે કે સર્જક કૃતિ દ્વારા જે સિદ્ધ કરવા ઇચ્છતા હોય છે એ માટે પ્રભાવક ભાષા પ્રયોજતા હોય છે. સહૃદય ભાવકને એ ભાષા પ્રભાવક લાગે અને તે કૃતિને સ-રસ રીતે પામી શકે તો કૃતિના ગદ્યને સર્જનાત્મક ગદ્ય કહેવાય.

અહીં નમૂનો (અ) આપ્યો છે. એમાં શ્રાવણની વાદળીઓનું અને મેળામાં જતાં ગ્રામજનોની મસ્તીનું વર્ણન છે. સજીવારોપણ અલંકારનો ઉપયોગ પણ એમાં થયો છે. લેખકે આ સંદર્ભમાં જાનપદી વાતાવરણ ઉપસાવીને વાર્તાની ભૂમિકા દૃઢ કરી છે.

નમૂના (બ)માં મુખ્યત્વે સંવાદ-આયોજન છે. એ સંવાદોની બોલીનો પણ અભ્યાસ કરવા જેવો છે. એ ઉપરાંત, વાર્તાનાં નાયક-નાયિકા અને કોદરનાં પાત્રોનો અછડતો પરિચય પણ આ સંવાદો દ્વારા મળે છે. પાત્રોચિત સંવાદોનું આયોજન પણ વાર્તાકારની કલાદૃષ્ટિનો જ પરિચય આપે છે.

નમૂના (ક)માં કથન-વર્ણન અને સંવાદ દ્વારા એક ગતિશીલ શબ્દચિત્ર ઊપસે છે, જે વાર્તાના કાર્યવેગને સાર્થક કરે છે. વાર્તાની પરિસ્થિતિએ એકદમ પલટો ખાધો છે. ભલોભોળો અને સૌજન્યથી ભરેલો કોદર, રૂખીનું મે'ણું સાંભળીને ઉશ્કેરાયો છે અને તેને બોચીએથી ઝાલીને મારતો-ઝૂડતો લઈ જાય છે. અહીં કોદરનો સ્વભાવ, એની સાસુનો વિરોધ તથા ભગો અને જમનના પ્રતિભાવો સંયોજિત સ્વરૂપે કાર્યવેગ સિદ્ધ કરે છે.

ઉપરના મુદ્દાઓને સમજી-વિચારીને પુનઃપુનઃ સમગ્ર કૃતિનો ભાષાકીય સામગ્રીની રીતે અભ્યાસ કરો.

**(2)** જરા વધુ વિચાર કરો. અલંકારથી જેમ આપણો દેહ શોભે અને શોભાયમાન દેહ સાથે આપણો આત્મા પણ પ્રસન્ન થાય છે - એવું જ કોઈ પણ કૃતિના અલંકારોનું અલંકારો દ્વારા કૃતિનો બાહ્ય આકાર શોભે છે, એની સાથે સાથે જ સમર્થ સર્જકે પ્રયોજેલા અલંકારો કૃતિના આંતરસત્ત્વને પણ સમૃદ્ધ બનાવવામાં ઉપકારક થાય છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ચ):</u>**

નીચેનાં વાક્યોના અલંકાર ઓળખાવો :

1. કોઈકોઈ વાદળી છાંટા વેરીને પેલાં યુવાન-યુવતીઓની જાણે છેડતી પણ કરતી હતી.
2. પાંદડે પાણી પાશે પાંદડે!
3. હું વાઘણ જેવી બેઠેલી છું...
4. નોળિયે જાણે નાગણ પકડી.

**(3)** ભાષાસામગ્રીના ભાગરૂપે આ વાર્તાના રૂઢિપ્રયોગો પણ ધ્યાન ખેંચે એવા છે. આગળ આપણે અલંકારોનો સંદર્ભ જોયો તો એ સ્પષ્ટ થયું કે વાર્તાને પામવા - એનાં પ્રસંગ, પાત્ર, પરિસ્થિતિને ઓળખવા - એ અલંકારોનો વિનિયોગ મહત્ત્વનો બન્યો છે. એવું જ રૂઢિપ્રયોગોનું પણ છે. રૂઢિપ્રયોગો દ્વારા રજૂઆત વધુ અસરકારક બને છે.

**તમારી પ્રગતિ ચકાસો (છ):**

નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપોઃ

(1) મોયણી કરવી (2) પાંદડે પાણી પાવું (3) ખેલ ખલાસ થવો (4) બે જંઈની લાજ (5) ખાંડ ખાવી (6) છછણાટ કરવો (7) માથાવાઢ લાગવું (8) ડંફાસ હાંકવી (9) વાન પડી જવું (10) મેથીપાક ખાવો (11) પાણી વગરના હોવું.

**(4)** આ વાર્તાના શીર્ષકમાં જ બે શબ્દો એવા છે કે જેમાં 'એ' અને 'બે' (એળે અને બેળે)ના ઉચ્ચાર પહોળા થાય છે - આ ઉચ્ચારોને વિવૃત 'ઍ' કહીને ઓળખાવાય છે. એ જ રીતે ઘણીવાર 'ઓ'ના ઉચ્ચારો પણ વિવૃત થતા હોય છે; જેમ કે- ગૉખલો, કૉલેજ, હૉજ, ફૉજ વગેરે. વિવૃત ઉચ્ચારણો માટે ગુજરાતીમાં અવળી માત્રા જેવી સંજ્ઞા વપરાય છે, એટલે શબ્દો આ રીતે લખાશે - ઍળે, બૅળે, ગૉખલો, કૉલેજ, હૉજ, ફૉજ.

**તમારી પ્રગતિ ચકાસો (જ):**

નીચેના શબ્દોમાંથી જેમાં 'ઍ' અને 'ઑ' પહોળા ઉચ્ચારાતા હોય એવા શબ્દો અલગ તારવો. મેળો, વેણ, સેંથો, પ્રેમ, પેંડો, ચોરસ, ધોળું, કોદાળી, ચોર, નોળિયો.

## 3.8 પુનરવલોકન

**તમારી પ્રગતિ ચકાસો (ઝ):**

ટૂંકીવાર્તા, સારાંશ, ખંડવાર આપેલી વિવિધ નોંધોનો સમગ્રતયા અભ્યાસ કરી - એનું વાચન કરી નીચેના પ્રશ્નોના ઉત્તર લખોઃ

1. 'એળે નહિ તો બેળે' વાર્તાનું કયું પાત્ર તમને વધુ ગમ્યું? શાથી?
2. રૂખીને તેડવા જતી વેળાએ ભગા-કોદરના મનમાં કયાકયા મુદ્દા અવરોધરૂપ લાગે છે? છેવટે તેઓ કયો નિર્ણય લે છે?
3. રૂખીને સાસરે આવવાની ઈચ્છા હતી જ, એવું કોદરને ક્યારે સમજાય છે? આ વાત જાણીને ભગો પોતાનો કયો અભિપ્રાય બદલે છે.
4. આ વાર્તાના અંત વિશે નોંધ લખો.

## 3.9 લેખન-પ્રવૃત્તિ

**તમારી પ્રગતિ ચકાસો (ટ):**

'મેળાના અનુભવો' અથવા 'ગામડાનું લોકજીવન' વિશે ચાળીસેક લીટીનો નિબંધ તૈયાર કરો.

## 3.10 વિશેષ અધ્યયન

### 3.10.1 કર્તા-પરિચય (જન્મ તા. 5-7-1919 - અવસાન 7-4-1989)

ગ્રામજીવન, ગ્રામીણ સમાજ અને એના રીતરિવાજોને સાચા અને સાહિત્યિક સ્વરૂપે રજૂ કરનાર પ્રતિભાશાળી સર્જક તરીકે પન્નાલાલ પટેલે ગુજરાતી સાહિત્યમાં મહત્ત્વની સિદ્ધિઓ દર્શાવી છે. 'વળામણાં', 'મળેલા જીવ', 'માનવીની ભવાઈ', 'ઘમ્મર વલોણું ૧-૨', 'કંકુ' જેવી નવલકથાઓ અને 'સુખદુઃખના સાથી', 'પાનેતરના રંગ', 'સાચાં શમણાં', 'વાત્રકને કાંઠે' જેવા વાર્તા (નવલિકા) સંગ્રહોના અભ્યાસ દ્વારા પન્નાલાલની સર્જકપ્રતિભાનો પરિચય થાય છે. ઉપર લખેલ છે એ ઉપરાંત અનેક નવલકથાઓ અને વાર્તાસંગ્રહો તેઓએ આપ્યા

છે. પન્નાલાલ પટેલની વાર્તાઓનાં સંપાદનો પણ થયાં છે. રાષ્ટ્રીય કક્ષાએ ગૌરવપ્રદ ગણાતો 'જ્ઞાનપીઠ ઍવોર્ડ' - 1985 તેઓની સુખ્યાત નવલકથા 'માનવીની ભવાઈ'ને મળતાં ગુજરાતી સાહિત્યને ગૌરવ અપાવવાનું શ્રેય પન્નાલાલને પ્રાપ્ત થાય છે. નવલકથાઓ અને ટૂંકીવાર્તાઓ ઉપરાંત નાટકો, બાળસાહિત્ય અને આત્મકથાક્ષેત્રે પણ પન્નાલાલે યોગદાન આપ્યું છે.

### 3.10.2 સ્વરૂપ-પરિચય

જે વાર્તાનો આપણે અભ્યાસ કર્યો, એ ટૂંકીવાર્તા કે નવલિકા તો છે જ, પણ વિશેષમાં એ ગ્રામજીવનના વિષયવસ્તુને આલેખતી કૃતિ છે. તેથી, સ્વરૂપની દૃષ્ટિએ અભ્યાસ કરતાં કૃતિનાં ઘટના-પ્રસંગ, પાત્ર, શૈલી વગેરેનો એ રીતે - ગ્રામજીવનની વાર્તાના પરિપ્રેક્ષ્યમાં અભ્યાસ કર્યો છે, એ ખાસ યાદ રાખવાનું છે. કેન્દ્રમાં કોઈ મહત્ત્વનો પ્રસંગ રાખી, લાઘવગુણે રસીને એને વાર્તારૂપ આપવાની ટૂંકીવાર્તાની કળા અહીં સિદ્ધ થઈ છે. લોકબોલી અને એની સાથે સ્વાભાવિક રીતે આવતાં રૂઢિપ્રયોગો, બોલચાલની લઢણો વગેરેનો અહીં સફળ વિનિયોગ થયો છે. પાત્રના સ્વભાવને અને પ્રસંગની અભિવ્યક્તિને પુષ્ટ કરતાં કથન-વર્ણન-સંવાદ દ્વારા લેખકે ટૂંકીવાર્તાના સ્વરૂપનિર્માણની કલાત્મકવિધિ પાર પાડી છે.

### 3.10.3 વિશેષ વાચન

વિશેષ વાચનના સંદર્ભમાં પ્રથમ તો પન્નાલાલ પટેલની નવલકથા 'માનવીની ભવાઈ'નું જ સ્મરણ કરવું જોઈએ. ગ્રામજીવનનાં વિષયવસ્તુ-વાતાવરણ વગેરેના વૈવિધ્યસભર આલેખનના અનુસંધાનમાં ચુનીલાલ મડિયા (ખાસ તો 'કમાઉ દીકરો' વાર્તા) અને જયંત ખત્રીની વાર્તાઓનો અભ્યાસ કરવો જોઈએ. સુરેશ જોષી અને એ પછીના વાર્તાકારોની વાર્તાઓના વાચનથી ગુજરાતી ટૂંકીવાર્તાના અદ્યતન પ્રવાહો પ્ર-માણી શકાશે. જુઓઃ 'નવી વાર્તા' સં, રાધેશ્યામ શર્મા; 'સુરેશ જોષીથી સત્યજિત શર્મા' સં. સુમન શાહ; '121 ગુજરાતી વાર્તાઓ અને વાર્તાકારો' સં. ગુલાબદાસ બ્રોકર-પ્રવીણ દરજી-અસ્મા માંકડ.

- **ટિપ્પણ**

**પંચાત** - (સ્ત્રી.) ભાંજગડ;

**કહાર** - (પું.) કંસાર;

**ગઉ** - અંતરનું એક પરિમાણ (લગભગ દોઢ માઈલ);

**જંઈ** - (પું.) નાનામાં નાનો સિક્કો;

**સપરમે દન** - સુપર્વના દિને, સારા દિવસે;

**ઉણ-ઓંણ** - આ - ચાલુ વર્ષે;

**નકર** - નહિતર, નહિ તો;

**પરોણો** - (પું.) મહેમાન;

**લાડી** - (સ્ત્રી.) નવી પરણેલી વહુ;

**ડંફાસ** - (સ્ત્રી.) ખોટી બડાઈ;

**ત્રાહિત** - (વિ.) અજાણ્યું

# વિભાગ-2 નવલકથા

**એકમ ૪**

## માજા વેલાનું મૃત્યુ

**- સુન્દરમ્**

રૂપરેખા

**4.1** ઉદ્દેશો
**4.2** પ્રસ્તાવના
**4.3** કૃતિ (ટૂંકીવાર્તા)
**4.4** કૃતિનો સારાંશ
**4.5** કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન
ખંડ : 1
ખંડ : 2
ખંડ : 3
**4.6** વસ્તુલક્ષી કસોટી
**4.7** ભાષાકીય સામગ્રીનો અભ્યાસ
**4.8** પુનરવલોકન
**4.9** લેખન-પ્રવૃત્તિ
**4.10** વિશેષ અધ્યયન
**4.10.1** કર્તા-પરિચય
**4.10.2** સ્વરૂપ-પરિચય
**4.10.3** વિશેષ વાચન
● ટિપ્પણ

### 4.1 ઉદ્દેશો

આ ટૂંકીવાર્તાના અભ્યાસ દ્વારા તમે -

- 'માજા વેલાનું મૃત્યુ' વાર્તાનો આસ્વાદ માણશોઃ
  - કથાવસ્તુની દૃષ્ટિએ
  - પાત્રાલેખનની દૃષ્ટિએ
  - સંવાદની દૃષ્ટિએ
  - નગરસભ્યતા વચ્ચે જિવાતા પછાત વર્ગના લોકજીવનની દૃષ્ટિએ.
- વાર્તામાં આલેખાયેલા માજા વેલાના કુટુંબજીવનની ઝલક મેળવશો.
- ઓછાં સાધનો અને ઓછી સમજણ વચ્ચે પણ વૈભવનો અનુભવ કરતા માણસનો પરિચય મેળવશો.
- સડક પર જિવાતી જિંદગીને પણ સભ્ય સમાજ જેવાં જ લાગણી-સંવેદના હોય છે, એના દૃષ્ટાંતો વાંચશો.
- વાર્તાની ભાષાકીય વિશેષતાઓ જાણશો.

### 4.2 પ્રસ્તાવના

ટૂંકીવાર્તાના એકમોમાં તમે કુટુંબજીવનની વિવિધ ઘટનાઓ દ્વારા સ્નેહ-વાત્સલ્ય જેવાં સંવેદનોની અભિવ્યક્તિ સાથે ટૂંકીવાર્તાની કલાનો આસ્વાદ માણ્યો. આ વાર્તાના લેખક સુંદરમ્ આમ તો ગાંધીયુગના પ્રતિનિધિ કવિ રૂપે વિશેષ પરિચિત છે. કવિતા ઉપરાંત તેઓએ સર્જનાત્મક ગદ્યનું

સર્જન પણ કર્યું છે - એમાં ટૂંકીવાર્તાનું નોંધપાત્ર સ્થાન છે.

તેઓની ટૂંકીવાર્તાઓમાં પણ ગાંધીભાવનાની કલાત્મક અભિવ્યક્તિ છે. (ગાંધીજીના આદર્શોનું સ્થૂળ ચિત્રણ નથી.) ગાંધીભાવનાનું એક મહત્ત્વનું વલણ હતું સમાજના નીચલા થરના લોકો પ્રત્યે સહાનુભૂતિ. આ સહાનુભૂતિ ટૂંકીવાર્તામાં પ્રગટાવવા માટે લેખકે અહીં માજા વેલાનો કુટુંબવેલો રજૂ કરી દીધો છે. એ વેલાવિસ્તારની સાથે કુટુંબના મોભી માજા વેલાનાં સંવેદનો સાંકળતા જઈને છેક માજા વેલાના મૃત્યુ સુધી વાર્તાવિકાસ સધાયો છે.

પાત્ર, પ્રસંગ, પરિસ્થિતિના આલેખનમાં સૂક્ષ્મ અભિવ્યક્તિ છે. ઓછાં સાધનો અને ઓછી સમજણ સાથે જીવતાં માણસો પણ પોતાની રીતે કુટુંબજીવન માણતા હોય છે; એટલું જ નહિ કુટુંબના મોભી - માજા વોલાના મૃત્યુને અને મૃત્યુના સુખને પણ પ્રમાણતાં હોય છે. નગરસભ્યતા વચ્ચે જીવતાં નીચલા થરનાં પાત્રોની જિંદગી (અને મૃત્યુ પણ) આલેખીને કલાત્મક વાર્તાસર્જન સિદ્ધ કરવાની લેખકની ક્ષમતા ગુજરાતી સાહિત્યનું અમૂલ્ય સંભારણું છે.

## 4.3 કૃતિ (ટૂંકીવાર્તા)

### માજા વેલાનું મૃત્યુ

**– સુન્દરમ્**

પ્રાચીન કાળના કોઈ કુલપિતાની અદાથી માજો વેલો બેઠો હતો. તેના માટે આકાશમાં અદૃશ્ય થતી ડાળીઓવાળા, કોઈ એક તપોવનના વૃક્ષ જેવા ઊંચા ઊંચા ટાવરની છાયા ઢળી રહી હતી. તેની આસપાસ તેનો ત્રણત્રણ, ચારચાર પેઢી સુધીનો પરિવાર ફેલાઈને પડ્યો હતો. તેની દીકરીની દીકરીનાં બે જોડિયા બાળક તેના બે ખભા પર ટીંગાયાં હતાં. તેનો સાઠ વરસનો દીકરો તેની પડખે જ ઊભા પગ પર માથું ઢાળી બેઠો હતો. તેના પચાસ વરસના બીજા છોકરાના બે છોકરાને વહુઓ થોડેક છેટે એમનાં બચ્ચાંને ધવરાવતી-ધરાવતી દોણીઓમાંથી કંઈક વસ્તુઓ તાંસળીમાં કાઢતી બેઠી હતી. અને એવાં બીજાં અનેક સ્વજનો, જેની સંખ્યા ગણતાં કે યાદ રાખતાં માજા વેલાને આવડતું ન હતું તે બધાં નક્ષત્રના તારાઓની પેઠે આમતેમ ફેલાતાં બેઠાં હતાં.

સાંજના શિયાળાનો સાતેકનો વખત હતો અને તપોવનના યજ્ઞના ધુમાડાની પેઠે કારખાનાનો ધુમાડો સર્વત્ર વ્યાપેલો હતો. યજ્ઞના ધુમાડાની પેઠે તે પણ આંખોને બાળતો હતો.યજ્ઞના ધુમાડાની પેઠે તેનામાં પણ ગંધ હતી. પણ તે માત્ર ગટરની, સુગંધિત હવાની નહિ. શહેરના કોટ બહાર મોટરોના એક અડ્ડા પાસે એક ઊંચા ટાવરની પડખે ફૂટપાથ ઉપર રોજની પેઠે આજે પણ માજા વેલાની સંતતિ ભેગી થયેલી હતી.

સાંજ વેળાએ, પોળના લોકો ખાઈ પરવારવાની તૈયારીમાં હોય ત્યારે માજા વેલાની સંતતિ માથે એક નાનકડું દોણું મૂકી મીઠા તીણા રણકતા અવાજે 'માબાપ, કંઈ આલજો કે...'ના ટહુકા કરતી ગલીએ ગલીમાં ફરી વળતી, અને પોતાનું દોણું ભરાયે પેલા ટાવર પાસેના અડ્ડા તરફ લહેકાતી ચાલે રવાના થતી. આદમીઓ પોતપોતાના શાકના કે પ્યાલાબરણીના ટોપલા સાથે કે ખાલી હાથે ક્યારના આવીને બેસતા. જેમજેમ દોણાં આવતાં જતાં તેમ તેમ તેમાંની વસ્તુઓને ઇન્સાફ અપાયે જતો. અને છેવટે થોડુંઘણું વધે તે વાસમાં પડી રહેતાં ડોસાંડગરાં માટે લઈ જવાતું.

આજે માજા વેલાને થોડો તાવ આવેલો એટલે ઘણાંએ ના કહેલી છતાં તે આવવા તૈયાર થયો. ગઈ કાલે એક લગ્નમાંથી જે વસ્તુઓ આવેલી તે પરથી તે લગ્ન માટે તેનો અભિપ્રાય ઊંચો બંધાયેલો અને એ લગ્ન, નાત, જમણ બધું જોવા માટે તેની ઉત્સુકતા વધેલી.

‘માજા દાદા, તમને બરાગત ચડી છે ને શું કરવા આવો છો?’ નીકળતાં-નીકળતાં તેમના ભત્રીજાએ કહ્યું.

‘અરે બરાગતની મા પરણે!’ માજા વેલાએ ખૂંખારીને કહી નાખેલું અને લાકડીને ટેકે મોટરોથી ભરેલા રસ્તા ઓળંગતો, હૉટલોના ભપકાદાર દીવા જોતો, માજો વેલો આવીને ટાવરની ભીંતે બેસી પડ્યો. તેને સહેજ હાંફ ચડી, પણ તે થોડી વારમાં બેસી ગઈ.

તેની દીકરીની દીકરીના જોડિયાં બાળક તેની આસપાસ બે ગલૂડિયાંની પેઠે વીંટળાઈ તેની મૂછો ખેંચતાં, તેને ખભે ચડી જતાં, તેનો ખોળો ગૂંદતાં ગેલ કરવા લગ્યાં. આજે તેને કોણ જાણે કશો ઉત્સાહ ચડી આવ્યો અને ફરીથી એકવાર શહેર જોવાનું એને મન થઈ આવ્યું.

માજો વેલો છોકરાંઓને રમાડતાં, આસપાસ છોકરા - વહુઓની વાતો સાંભળતાં-સાંભળતાં, માણસોથી ભરાઈને જતા ખટારા, સાઇકલો, મોટરસાઈકલો, મોટરો વગેરેને જોઈ રહ્યો. મોટરના અડ્ડા ઉપર એક માણસ સિગારેટ પીતો ઊભો હતો. તેની મીઠી ધુમાડી માજા વેલાના નાકમાં આવી. તેની જીભ સળવળી. પેલા માણસને ફૂંક લેતો તે તાકીને જોઈ રહ્યો. સિગારેટ પીનારે તે થોડીક પીને નાખી દીધી. માજા વેલાએ તરત એક છોકરાને દોડાવ્યો.

‘જા, લાલિયા, પેલી બીડી લઈ આવ.’

‘સિગારેટ, દાદા!’

‘હા શીગરેટ, માળા શહેરી થઈ ગયા તો બહુ!’ માજા વેલાએ પોતાનો મીઠો અસંતોષ જણાવ્યો અને છોકરો સિગારેટ લઈ આવ્યો તેને, વચ્ચે વચ્ચે છોકરાને એકાદ દમ ભરવા દઈ, પોતે પીવા લાગ્યો અને આસપાસનાંને કહેવા લાવ્યોઃ

‘હજી વીજી ન દેખાઈ!’ ‘મકલાને ક્યાં મોકલ્યો છે?’ ‘વહાલડી, તું તો જાણે નકરી વાણિયણ જેવી લાગે છે.’ ‘અરે, ભાણકી, તારી છોડી કેમ આટલી બધી રોવે છે?’ ‘કલી ડોસી માંદી પડી છે ?’ ‘હે, પેલો મગિયો ઇસ્પિતાલમાં મરી ગયો?’

તેનાં સાઠેક વરસની ઉંમર સુધીનાં ‘છોકરાં’ઓ તેના પ્રશ્નોના ખપજોગા જવાબ આપી વળી પાછાં પોતાની વાતમાં ઢળી જતાં હતાં. છેવટે માજા વેલાએ એક સવાલ કરી બધાંને ચોંકાવી મૂક્યાંઃ ‘અને પેલા ધાડમાં ગયા છે તેમની તો તમે કોઈ મને વાતેય નથી કરતા!’

માજા વેલાની પાસે બેઠેલો તેનો પળિયાંવાળો છોકરો એકદમ કાન સરવા કરી બોલ્યોઃ ‘બાપા, જરા ધીરે બોલો કે! આ પોલીસવાળો અહીં આંટા મારે છે.’

એવામાં જ અડ્ડા ઉપર આવીને ઊભેલી મોટી ઘર જેવડી મોટરમાંથી એક ઊંચો પોલીસ ઊતર્યો અને કેડ પરનો ડંડો હલાવતો ચાલ્યો ગયો. તેની પાછળ તુચ્છકારની નજર નાખતો માજો વેલો ધીરેથી બોલ્યોઃ

‘હવે જોઈ તારી પોલીસવાળી! આ એવા તો સત્તરને ગૂંજામાં ઘાલીને અમે ફર્યા છીએ’. ‘દાદા, એક વાત કહો ને, પેલી તમારી ધાડની!’ તેમનો એક પ્રપૌત્ર આવીને તેમને વળગ્યો. અને માજા વેલાએ પોતે શહેરમાં ધાડ પાડી હતી તેની વાત કેટલામીય વાર કહેવા માંડી. મોટા માણસોને તો એ વાત જૂની થઈ ગઈ હતી એટલે તેઓ પોતાની વાતમાં મચ્યાં રહ્યાં. માત્ર તેમણે ડોસાને કહ્યુંઃ ‘ડોસા, હળવેથી બોલો હળવેથી.’

માજા વેલાએ વાત ધીરેથી કહેવા માંડી પણ તેની કહેવાની છટા એવી હતી કે બીજી વાતો કરનારનો એક કાન તો તેના તરફ જ રહેવા લાગ્યો.

અને માજા વેલાએ ભૂતકાળ ઉખેડવા માંડ્યો.'ગામડેથી શહેરમાં અમે આવેલા ત્યારે આ કોટ બહાર દરવાજા કને પડી રહેતા. દાતણ વેચતા, એંઠ માગી લાવતા, અને રાતને પહોર એકલદોકલ કોઈ મળે તો તેને ખંખેરી લેતા. પણ તે આ દરવાજા આગળ નહિ, હોં કે! આ શહેરને તો સત્તર દરવાજા છે ને! તે બીજા કોક દરવાજે. અહીં તો ગરીબ ગાય થઈને જ રહેવું પડે ને? અને આ જ્યાં ટાવર છે ત્યાં તો કશુંય નહોતું!- હા, કશુંય નહિ. એક ઊંડો ખાધરો હતો. તેમાં લોક ઝાડે ફરવા આવે, એંઠ નાખી જાય, પતરાળાં નાખી જાય. અમે તો ઠેરવેલું કે આ દરવાજે કશુંય ન કરવું. પણ એકવાર લગનગાળો હતો અને તારી દાદી એંઠ લઈને આવતાં ખબર લાવી કે ઘાંચણ હજારેક જેટલાના દાગીના પહેરીને પતરાળાં નાખવા આવે છે. તેં મેં તો ઘણોય વાર્યો પણ માળો પેલો નગુડિયો ઝાલ્યો ન રહ્યો અને ઘાંચણને ખંખેરી લીધી. પણ એ તો બહુ બુમાટા કરવા લાગી. પછી શું થાય? એની ગળચી દાબી દીધી અને ખાડામાં નાખી દઈ નાસી ગયા. હા, પછી એના ભાગનાં ઘરેણાં વેચતાં અમારામાંથી એક પકડાયો હતો. પણ મારા ભાગનાં તો મેં ગાળી જ નાખ્યાં હતાં. તોય અમને બબ્બે વરસની સજા થયેલી. એ તો અમારી પહેલી મોટી થાપ.' અને પછી માજા વેલાએ બીજી, ત્રીજી, ચોથી એમ પરાક્રમકથાઓ કહેવા માંડી.

છોકરાઓ નવાઈભરેલે મોંએ સાંભળી રહ્યાં. 'હેં દાદા, તે અહીં ટાવરેય નહોતો?' 'ના.' 'અને દાદા, આ પેલી મોટી બત્તીયે નહોતી? 'ના ભાઈ. આવા રસ્તાય નહોતા અને હાથહાથની ધૂળ અને કૂતરાંય કેટલાં બધાં ભસભસ કર્યા કરે. પણ અમને ઓળખે હાં કે? અને લોક તે વેળા તો ખાઈ જાણતા. ઓઢી પહેરી જાણતા. ભાઈલા, હવે તો એ ખાય છેય શું? હવે તો ઘી વગરના વરા અને તેય મહીં શું મળે? અને હવે બાયડીઓ ઠાઠવાળી શણગારેલી તો ભારે હોય છે પણ એ તો બધાં ખોટાં ઘરેણાં. ખાલી શોભાનાં. કોઈને ખંખેરીએ તોય માંડ દસ રૂપિયાનો માલ હાથ આવે!'

'તે દાદા સિગારેટોયે નહોતી?'

'ના ભાઈ, પહેલે તો લોક હુક્કા પીતા. તે હું ને મારા ભાઈ એક લુવાણાને ઓટલેથી હુક્કો ઉઠાવી લાવેલા. આખી રાત વાસમાં બેસી પીધા કર્યો. દહાડે તો કંઈ આપણા વાસમાં બેસી પીવાય? સાતેક રાત અમે હુક્કો પીધો, પછી હુક્કો વહેંચવાની તકરાર થઈ અને અમે પછી ભાંગી નાંખ્યો!'

'તે દાદા, કહે છે તમે રૂપિયા બનાવતા?'

'હા!' માજો વેલો બોલવા જતો હતો, પણ એના છોકરાએ તેને રોકી રાખ્યો, 'બાપા, મૂંગા રહો કે એ વાત અહીં ના કાઢશો.'

માજો વેલો ઘડીક ચૂપ રહ્યો. વાતો સાંભળવામાં મગ્ન એવું એક છોકરું બોલી ઊઠ્યુંઃ 'મા, મને ભૂખ લાગી છે.' અને ઊઠીને મા તરફ જતુંજતું બોલ્યુંઃ 'દાદા, રૂપિયાની વાત ઘેર જઈને કહેજો હોં કે?'

'હા, બેટા! જા, જો કે તારી મા શું લાવી છે?

'તે દાદા, તમે કેટલા બધા રૂપિયા બનાવેલા?' એક બીજા છોકરાએ પૂછ્યું.

'આટલા બધા!' હાથને માટલી માય તેવડા પહેળા કરી માજો વેલો બોલ્યો, અને એ પહોળા કરેલા હાથમાં તે છોકરાને તેણે ઉપાડી લીધું.

'દાદા, તમારી મૂછો રૂપિયા જેવી ધોળી છે, નહિ?' છોકરાએ માજા વેલાના થોભિયા જોડે

રમતાં કહ્યું. માજો વેલો હસ્યો અને મૂછને હથેળીની પૂંઠથી ઊંચી ચડાવતાં બોલ્યોઃ

'ના, બેટા એ તો સૂતરફેણી જેવી છે, ખંભાતની સૂતરફેણી જેવી!'

'એ શું દાદા?' છોકરાની જિજ્ઞાસા વધી.

'અરે બાપ, તેં હજી સૂતરફેણી નથી ખાધી?' માજો વેલો જમાના પર અફસોસ કરવા લગ્યો.

'અરેરે, અમે જેટલું ખાધું છે તેટલું તમને જોવાનુંય નહિ મળે. હવે લોક શું ખાઈ જાણે?'

અને દૂર બેઠેલા ટોળા તરફ જોઈને બોલ્યોઃ

'અલ્યો, કોઈનામાં સૂતરફેણી આવી હોય તો લાવજો આંહી!'

સ્ત્રીઓ જરાક રણકતું હસી. પુરુષોમાંથી કોક ધીમેથી બોલ્યુંઃ 'ડોસાનેય શું મરતેમરત ભસકા થાય છે!'

'અલ્યો, કોઈ સાંભળો છો કે નહિ?' માજો વેલો ફરી બોલ્યો.

'એ આવશે તો આપશું દાદા. આ હજી તો દાળ-ભાત આવ્યાં છે.' કોકે કોમળ અવાજે કહ્યું.

'એ સારું સારું. ભાઈ, મારે નથી ખાવી, આ તો છોકરાને જરા બતાડવી હતી.'

અને ખરી સૂતરફેણી આવે ત્યાં લગી તેનું વર્ણન કરવાનો છોકરાઓએ આગ્રહ કરતાં માજો વેલો સમજાવવા લાગ્યોઃ

'છે તે તમે છાણાં થાપો છો ને છાણાં, તેવું નાનકડું છાણા જેવું હોય હોં કે.'

'છીઃ છીંઃ!' છોકરાં બોલી ઊઠ્યાં.

'અરે સાંભળો તો ખરાં! પણ તે ધોળું, સાવ ધોળું, નકરું દૂધ જેવું!'

'હેં !' બાળશ્રોતાઓની આંખો આશ્ચર્યથી પહોળી બની.

'અને ગળીગળી! અને અંદર કેસર હોય તો પીળી હોય.'

'પીળી? ખીચડી જેવી?'

'હા, એવીક, અને અંદર એલચી, બદામ, પીસ્તા, જાવંત્રી એવું બધું હોય!'

'દાદા, એ બધું શું?' છોકરા બોલી ઊઠ્યાં.

'અરે, તમે એ બધું નથી ભાળ્યું હજી?' માજો વેલો નવાઈ પામ્યો. તેને પોતાના છોકરાઓ ઉપર તિરસ્કાર આવ્યો કે આ નાનાં છોકરાંઓને તેમણે હજી લગી કાંઈ ખવાડ્યું નથી, બતાવ્યું નથી. તેને કોક ગાંધીની દુકાન ફોડીને બધો સૂકો મેવો છોકરાઓ માટે લઈ આવવાનું મન થયું.

'કોક દિ' દેખાડીશ બેટા, જીવતો રહ્યો તો!' તે બોલ્યો.

'તે દાદા, તમારી  મૂછો કેમ ધરૂજે છે?' એક છોકરું બોલ્યું.

'અરે દાદાના ખભા પણ ધરૂજે છે!' બીજું બોલ્યું.

'દાદા, સૂતરફેણી ખાઓ તો મટી જાય?' ત્રીજું બોલ્યું.

'રહો કે, હું લઈ આવું.' અને એમ કહી પોતાના બાપા પાસે જઈ તેને વળગી કહેવા લાગ્યુંઃ 'બાપા, દાદાને સૂતરફેણી ખવાડી હોય તો? દાદા ધરૂજે છે!'

તે મોટો માણસ, માજા વેલાનો પુત્ર માજા વેલા તરફ ફર્યોઃ

'ડોસા, બરાગત ચડી કે શું વળી? મેં ના નહોતું કીધું ?'

'કંઈ નથી, બેટા!' એ તો સહેજ ટાઢ વાય છે!' માજો વેલો બાલ્યો ...'તમે તમારે કરતા હોય એ કરો; બાપા! પણ ડોસાની પાસે આવીને તેના ભત્રીજા વનાએ ડોસાને હાથ અડાડી જોયો. ડોસાને તાવ ચડવા માંડ્યો હતો. પોતાના શરીર પરની લીલી કામળ ડોસાને તેણે ઓઢાડીને કહ્યું:

'લો હવે બહુ બોલશો મા!' અને તે છોકરાંને દૂર ભગાડી મૂકવા લાગ્યો. ત્યાં માજા વેલાએ કહ્યું: 'છો બેઠાં એ મારા કને!'

દાદાની કામળના છેડા રમાડતાં છોકરાં બોલવા લાગ્યાં: 'દાદા, પેલી રૂપિયાની વાત તમારે કહેવાની છે, હોં! તમે બનાવો ત્યારે અમને એકેક આપજો, હોંકે? અમારે જોઈએ છે. અને પેલું ખાવાનું પણ, દાદા, અમારે જોવું છે. શું એનું નામ? ઉત્તર...ઉત્તર...માજો વેલો હસી પડ્યો: 'સૂતરફેણી! ખાધી તમે હવે. નામ તો પાધરું બોલતાં નથી આવડતું.' તે ટાવરની ભીંતને અઢેલી જરા વધુ ઢળ્યો અને પોતાની આસપાસનાંની હિલચાલો તરફ જોઈ રહ્યો. તેની વહુદીકરીઓ વારેવારે ઊઠબેસ કરતી હતી. કોઈ એક દોણું ઠાલવી વળી ફરી દરવાજા ભણી જતી હતી. દૂર દૂરમાંથી બૅન્ડવાજા સંભળાતાં હતાં. દરવાજાની અંદર ઓછો બત્તીઓનો મોટો ઉજાસ દેખાતો હતો. લોકોનો કોલાહલ રોજ કરતા વિશેષ હતો. માજા વેલાને અહીં આવતાં રોકનાર ભત્રીજાને દાદા તરફ વિશેષ વહાલ હતું તે દાદા પાસે આવ્યો અને બોલ્યો: 'દાદા, કંઈ ખાવું છે?'

'ના ભાઈ, આવશે તે ખાઈ લઈશું.'

'ના, ના તમે કંઈ સૂતરફેણીની વાત કરતા હતા ને?'

'ના ભાઈ, એ તો આ છોકરાંને દેખાડવી હતી જરા!'

'સારું બીજું કાંઈ જોઈએ છે?' અને તે પાસે પડેલું બોચિયું ઉપાડી, માથાનું ફાળિયું ઠીક કરતો, હાથમાં લાકડી લઈને ઊપડ્યો. તેને જતો જોઈ માજો વેલો ચોંક્યોં. છોકરો ભારાડી હતો અને ક્યાંક હાથ લગાડીને ઉપાડી તો જરૂર લાવશે. પણ ઝલાઈ ગયો તો? માળા પોલીસવાળા હવેના બહુ હોશિયાર થઈ ગયા છે. ના ના, આજનો દહાડો ખમી જવું જાઈએ, અને માજા વેલાએ જોરથી બૂમ પાડી:

'વના, એ વના. પાછો આવ, પાછો.'

પણ વનાને તેનો અવાજ પહોંચ્યો નહિ.

દરવાજા પાસેની બત્તીના અજવાળામાં તેની પડછંદ પીઠ માજા વેલાને દરવાજામાં દાખલ થતી દેખાઈ...માજા વેલાને એકદમ થાક ચડી આવ્યો. એ જરાક ટૂંટિયું વાળી વિશેષ લંબાયો. તેનાથી બેએક હાથ છેટે છોકરાં, તેની પાસેથી આઘાં હટી, આવેલ દોણીઓની સામગ્રી ઉપર ઝૂંકતાં હતાં. બેએક તાંસળીઓમાં તેઓ દોણીમાંના પદાર્થો ઠાલવવામાં આવતા હતા તેમને બેય હાથે લઈ તેઓ ખાતાં હતાં અને ખાતાં-ખાતાં કશુંક પોતાને ન ઓળખાય એવું નીકળે કે તરત બોલી ઊઠતાં હતાં: 'અલ્યા, સૂતરફેણી! સૂતરફેણી!'

ટાવરમાં દસના ટકોરા પડ્યા. સામેના દરવાજા પાસે પહેરા પર ઊભેલો પોલીસ હટી ગયો. પોલીસને ગયેલો ભાળી માજા વેલાને ક્યાંકથી એકદમ નિરાંત વળવા લાગી. માજો વેલો પોતાની જાત પર ચિડાયો. સિપઈડાંની બીક લાગે છે ડોસા તને? ના, ના. હજી તો પોતે ધાડમાં જાય એવો છે પણ એને વનો યાદ આવ્યો. એ પેલા દરવાજામાં ઘડીવાર ઉપર દાખલ થયો ત્યારે

એની પીઠ કેવી દેખાઈ હતી! એ પોલીસના હાથમાં ઝડપાઈ ગયો તો? એય હજારને ભારે પડે તેવો તો છે. પણ આજે એમ થાય છે કે છોકરો પોતાની કને જ રહે તો કેવું સારું!

'અલ્યો, કંઈક ઓશીકે મૂકવાનું છે કે?' થોડી વારે માજા વેલાએ પૂછ્યું.

'દાદા, આ ટોપલાનો ટેકો કરો.' કહી એમ પ્યાલાબરણીવાળી છોડીએ ડોસાના માથા નીચે પોતાનો ટોપલો ગોઠવી આપ્યો.

માજો વેલો 'હાશ' કરી લાંબો થયો. 'પથરા માળા ટાઢા લાગે છે, કોઈ દિ' નહિ ને આજે જ જરા વધારે!' તેને મનમાં થયું પણ તે શાંત પડ્યોપડ્યો પાસે છોકરાં ઉમંગભેર ખાતાં હતાં તેમને જોવામાં મન પરોવવા લાગ્યો.

એક જુવાન છોડી ઢળકતી ચાલે માથે દોણી લઈને આવી પહોંચી. એ વનાની છોકરી હતી. માજા વેલાને ખાસ વહાલી હતી. તેણે દોણી નીચે મૂકી ન મૂકી તેટલામાં છોકરાં તેની આસપાસ ફરી વળ્યાં: 'શું લાવી, ખુડી?' 'ખુડી, મને!' 'ખુડી મને!'

'રહો કે, બહુ સારું સારું લાવી છું. ખમો જરા.' અને દોણા પર હાથ ઢાંકી બધાંને તે દૂર રાખવા લાગી. છોકરાં ખાવાની વસ્તુઓથી ખરડાયેલાં તાંસળાં હાથમાં લઈ તેની આસપાસ ભમવા લાગ્યાં. રાણીની છટાથી ખુડી બોલી:

'જુઓ, એમ લેનબંધ બેસી જાઓ. દરેકને થોડું મળશે! હાં, બરાબર, બેસો હવે, આપું છું હોં કે!' અને તે તેના વહાલા દાદા પાસે પહેલાં ગઈ.

'દાદા, ઊંઘી ગયા કે? કંઈ ખાવું છે?'

માજો વેલો સહેજ ઝબક્યો. ખુડીને જોઈ તેની આંખમાં હેત આવ્યું. ઝાંખા અજવાળામાં તે છોડીને જોતો બોલ્યો: 'ખુડી કે? બેટા, શું છે? શું લાવી?'

અને દાદાના કાન પાસે મોં લઈ જઈ ખુડી બોલી:

'આઇસ્ક્રીમ!'

'આવી રાતે આઇસ્ક્રીમ!'

'હા, દાદા, એક કલપમાં જઈ ચડી હતી. તે પડિયાના પડિયા મેં ભરી આણ્યા છે. એવો તો સારો છે. દાદા, એક લગીરેક ખાઓ ને!'

'ના, ના, મને ઠીક નથી.'

'એ તો મટી જશે દાદા, લગીરેક, તમને મારા સમ!'

અને માજો વેલો ખુડીના આગ્રહથી, થોડોક બેઠો થઈ પડિયો મોઢે વળગાળી આઇસ્ક્રીમ પીવા લાગ્યો. પીતાં-પીતાં પોતાની ધોળી મૂછો પલળતી તેને તે હથેલી વતી સાફ કરતો જતો હતો.'

આઇસ્ક્રીમ પીતાં-પીતાં છોકરાંઓનું ધ્યાન દાદા તરફ ગયું અને બોલી ઊઠ્યાં: 'જુઓ, જુઓ, લ્યો, દાદાની મૂછો કેવી લાગે છે!' અને ખડખડાટ હસવા લાગ્યાં.

આઇસ્ક્રીમનો પડિયો પૂરો કર્યા પછી માજા વેલાને નીચેના પથરા વધારે ટાઢા લાગવા માંડ્યાં. તેણે પૂછ્યું:

'છોડીઓ! કોઈ કને પાથરવાનું છે?'

ખુડી તેની પાસે આવી. દાદાને ધ્રૂજતા જોઈ તેમને ડિલે હાથ અડાડી તે બોલી:

'માડી રે! દાદા, કેવીક બરાગત તમને ચડી છે! ચાલો વાસમાં જઈએ.'

'એ તો ઊતરી જશે, બેટા! તારો બાપો હમણાં આવે પછી સૌ ભેગાં જઈએ.'

બીજા આદમીઓ ડોસાની વધારે નજીક આવ્યા. અને 'કાકા, કેમ કંઈ ઠીક નથી વળી?' આવા ડિલે શું કરવા આવ્યાં?' 'અરે કેવું ડિલ ધીકે છે!' એમ બોલતા તેની આસપાસ બેઠા અને પોતાની વાતોએ વળગ્યા તથા જે જે ખોરાક આવતો જતો હતો તેને ઈન્સાફ આપવા લાગ્યા. ખુડીએ પ્યાલાબરણીઓવાળી પાસેથી આવેલાં લૂગડાં ઝૂંટવી લાવીને દાદાની નીચે પાથરી આપ્યાં. માજા વેલાને હૂંફ મળી. 'દીકરી, સો વરસની થજે. બેસ બેટા, મારી પાસે ઘડી બેસ.,' અને તે તેના માથા પર હાથ ફેરવવા લાગ્યો. અને મનમાં મનમાં બોલવા લાગ્યોઃ 'ખોડિયાર મા! મારી ખોડિયાર મા!'

ખુડી ખોડિયાર માતાની આપેલી હતી. એની બાધા - આખડીઓ માની ડોસાએ છોકરીને જીવતી રાખી હતી. ડોસાને પોતાનાં સગાં છોકરાંછોકરીઓનાં છોકરાં કરતાં પણ ખુડી પર વધારે વહાલ હતું.

'બેટા, જો કે તારો બાપો ક્યાંક દેખાય છે?' માજા વેલાએ પૂછ્યું. એની બેચેની વધવા લાગી ખુડી ઊભી થઈ દરવાજા ભણી નજર નાખવા લાગી.

બધાંએ લગભગ ખાઈ લીધું હતું. છોકરાં હજી એક તાંસળીમાં બબ્બે ત્રણત્રણ ભેગાં મળી થોડુંથોડું બટકાવતાં હતાં. અને દોણીમાંથી નીકળતી વસ્તુઓનાં નામ બોલતાં જતાં હતાં. માજો વેલો તે સાંભળતાં મનમાં હસતો હતો. 'ભૂખડીઓ સાવ, છોકરાંય તે કેવાંક! કશું જ લાવતાં નથી!'

વસ્તીની અવરજવર ઓછી થવા લાગી હતી. આસપાસની દુકાનો બંધ થવા લાગી. દુકાનોના દીવા ઓલવાતા ગયા. દૂર માત્ર એક રસ્તા વચ્ચે બત્તી સળગતી રહી. જાણે હવે જ રાત પડી હોય એમ લાગતું હતું.

માજા વેલાની નજર એકાએક ટાવર ભણી ગઈ. અધધધ, કેવડોક ઊંચો બાંધ્યો છે! આ જરાક થથરે ને ટૂટી પડે તો? માજા વેલાને ટાવર થથરતો લાગ્યો. 'ઘડપણ દેખાવા લાગ્યું તને, માજા વેલા!' ડોસો મનમાં બબડ્યો, 'અરે આટલે ઊંચેથી તો અમે ભૂસકા મારીને નાઠા છીએ. આ દોડતી રેલગાડીમાંથી નીચે કૂદી પડ્યા છીએ.' અને તેની નજર આગળ પોતાના રોમાંચક જીવનના પ્રસંગો ખડા થવા લાગ્યા, પોતાની આ નવી પ્રજા પોતાની સરખામણીમાં કેવીક કાયર હતી! 'આ ઘર ફોડ્યું કે કોકનું ખિસ્સું કાતર્યું, કે ક્યાંક પડેલી ચીજ ઉપાડી આણી! બસ. હા, વનો એક હતો. ખરો ભારાડી. કંઈક મારું નામ રાખે એવો!'

અને વનો પોતાની પાસે નથી તે તેને યાદ આવ્યું. તે બોલી ઊઠ્યોઃ 'વનો હજી ના આવ્યો?'

'આવતો હશે, ચાલો આપણે હવે જઈએ બધાં.' કરી કેટલાક આદમીઓએ ઊઠવા કર્યું. 'ઊઠો દાદા, તમને ઘરે પહોંચાડીએ. કેવાક ધરૂજો છો!'

'જાઓ તમારે જવું હોય તો! હું ને વનો જોડે આવીશું!' કહી ડોસો ટાવર ભણી પડખું ફરી ગયો.

'લો આવ્યો, આવ્યા મારા બાપા આવ્યા!' ખુડી બોલી ઊઠી. ડોસાએ ડોકું ફેરવ્યું. સામેના દરવાજામાંથી વેગભેર પણ સાવધાનીથી લપાતો વનો આવતો હતો. બધા આતુરતાથી તેની રાહ જોવા લાગ્યાં.

વનાએ પાસે આવી લૂગડામાં વીંટેલો એ કંડિયો નીચે મૂક્યો. છોકરાં કંડિયાની આસપાસ 'શું છે?' 'શું છે ?' કરતાં વીંટળાઈ વળ્યાં.

'બધુંય છે! વનો થોડુંક ચિડાઇ ને બોલ્યો.

'સૂતરફેણી છે?' પેલા નાના જોડિયામાંથી એક બોલ્યું.

'હા!' કહી વનો હસ્યો અને કંડિયો ખોલવા લાગ્યો.

'ધોળા છાણા' જેવી એક મઘમઘતી વસ્તુને તેણે કંડિયામાંથી બહાર કાઢી અને તેને ભાંગીભાંગી વહેંચવા માંડી.

'અલ્યો, તમે દાદાને કંઈ ખવાડ્યું કે નહિ? ખવાડ્યું? આઇસ્ક્રીમ ખવાડયો? ખુડીએ? અરે વાહ રે વાહ. લાવો, દાદાને એક તાંસળી આપો.' એક તાંસળી લઈ તેમાં કંડિયામાંથી આણેલી બધી વસ્તુઓ થોડીથોડી મૂકી તે ડોસા પાસે લઈ ગયો. 'દાદા, થોડુંક ચાખશો કે?'

માજો વેલો બેઠો થઈ ગયો. હંમેશની ખાવાની ટેવ પ્રમાણે તે બેય પગે ઊભો બેઠો. જમણા હાથમાં તાંસળી લીધી અને ડાબા હાથથી અંદરની વસ્તુઓને અડવા લાગ્યો.

'બધે અંધારું થઈ ગયું છે. કશું દેખાતું નથી. શું શું લાવ્યો છે?'

'તમે ઓળખોને દાદા?' વનો સહેજ હસીને બોલ્યો.

'એમ કે?' માજા વેલાએ સામે હસીને કહ્યું અને દરેક ચીજમાંથી એકેક બટકુ લેતાં તે બોલવા લાગ્યોઃ 'આ તો જલેબી, આ તો હલવો છે હો, આ મેસૂર છે. આ કળીનો લાડવો! આ શું મગસ કે મોહનથાળ! અને અરે આ, હેં, શું સૂતરફેણી પણ લાવ્યો છે?' અને તેણે વનાને પાસે બોલાવી કાનમાં પૂછ્યુંઃ ક્યાંથી ઉપાડી લાવ્યો બધું? હેમખેમ છે ને બધું?' 'ખોડિયાર મા બધું હેમખેમ રાખે છે, દાદા! તમતમારે ખાઓ ને!' અને ઊઠીને તેણે કંડિયાની વસ્તુઓ બધાને વહેંચી દીધી અને કંડિયાને દૂર એક કચરાપેટીમાં નાખી આવ્યો.

ઊભે પગે બેઠોબેઠો માજો વેલો પરમ સંતોષથી ખાવા લાગ્યો. ખાતાંખાતાં તેની ટેવ પ્રમાણે તે મૂછોને હથેળી વતી ઊંચી ચઢાવતો જતો હતો. સૂતરફેણી ખાતાંખાતાં તેને ખંભાત યાદ આવ્યું. દરિયાની ભરતી તેને દેખાવા લાગી. હા, એ તો જિંદગીની મોટામાં મોટી થાપ હતી. ખંભાતમાંથી હાથ મારી સીધી એક હોડકામાં બેસી કાઠિયાવાડમાં ઊતરી પડ્યા હતા. અને દરિયામાં એકલી સૂતરફેણી જ ખાયા કરી હતી ! છેવટે છોકારાંને ઉદ્દેશી માજો વેલો બોલ્યોઃ

'અલ્યાં, ખાધી કે સૂતરફેણી?'

'હા, દાદા, આ કે?' એમ બોલતાં બોલતાં બેચાર છોકરાં તેની પાસે આવ્યાં અને સૂતરફેણીનું એકેક બટકું દાદાને ધરતાં બોલ્યાંઃ 'લ્યો દાદા, ખાઓ, ખાઓ! ખાઓ દાદા!'

'બહુ ખાધું, બેટા! હવે તમે ખાઓ, ખાવા જેવાં થયાં છો!' અને તે એકદમ બોલી ઊઠ્યોઃ

'વના!'

તેનો અવાજ બદલાઈ ગયો હતો. વનો સફાળો તેની પાસે આવ્યો.

'શું છે દાદા?'

'મને પકડ જોઈએ, બેટા! મને કંઈક થાય છે!'

વનો ડોસાની પાસે બેસી પડ્યો.

'મને અઢેલવાનું કંઈક દે તો!' ડોસો બોલ્યો. તેનું આખું શરીર કાંપવા લાગ્યું. વનાએ માજા વેલાના શરીરની આસપાસ કામળને ચબદીને લપેટી અને કહ્યું, 'દાદા, મારા પર આડા પડો.'

'ખુડી ક્યાં છે, મારી મા, ખોડિયાર?'

'આ આવી દાદા!' કહેતી ખુડી દૂર ઊભી હતી તે નજીક આવીને બેઠી.

માજો વેલો બોલ્યોઃ 'આવ, મારા દીકરા, સો વરસની થશે.' કહી તેણે ખુડીને માથે હાથ મેલ્યોઃ 'વના, મારી ખુડીને સારો વર પરણાવજે. હોં કે!' અને 'ખોડિયાર! ખોડિયારમા મા!' બોલતાં ડોસાએ ભત્રીજાના ખોળામાં માથું ઢાળી દીધું.

વનાએ માજા વેલાના હાથમાંથી તાંસળી લઈને નીચે મૂકી. ડોસાએ લગભગ બધું ખલાસ કર્યું હતું. ડોસાની મૂછો વનાએ હાથ ફેરવી ચોખ્ખી કરી.

'શું થયું? શું થયું?' કરતાં બધાં તેની આસપાસ ભેગાં થઈ ગયાં.

'કંઈ નથી થયું!' વનો દૃઢ અવાજે બોલ્યો. કોઈએ રડવાનું નથી. ખબરદાર. ડોસા સુખી થઈને ગયા છે!'

બધાં ઉપર એક શાંતિ છવાઈ રહી. બેએક જણે ભેગા મળી માજા વેલાને ઉપાડવા પ્રયત્ન કર્યો. પણ છેવટે વનો બોલ્યોઃ 'નહિ ફાવે એમ તો.' અને છેવટે તે એકલો જ ડોસાને પોતાની ખાંધોલે નાખી ચાલવા લાગ્યો.

તેની સાથે ધીરેધીરે ચાલતી માજા વેલાની ત્રીસેક જણની સંતતિ અંદરઅંદર ધીરેથી વાતો કરતી ચાલવા લાગી. 'માજા વેલો બહુ સારું મોત પામ્યા. બહુ સુખી મોત. બહુ સારું મોત!'

## 4.4 કૃતિનો સારાંશ

'માજા વેલાનું મૃત્યુ' વાર્તા તમે વાંચી. એના કથાવસ્તુના મુખ્ય મુદ્દાઓ ફરીથી યાદ કરી લઈએ. તે આ પ્રમાણે છેઃ

### ખંડ-1

શહેરના કોટ બહાર ઊંચા ટાવરના ફૂટપાથની પડખે માજા વેલાનો કુટુંબમેળો એકત્ર થયો છે. માજા વેલાનો મોટો દીકરો સાઠેકની વયનો છે, બીજો પચાસનો, અને એમ ત્રણચાર પેઢી સુધીનાં દીકરાદીકરીનો ઝમેલો ખાસ્સો મોટો છે. આ સર્વ કુલપિતા માજા વેલાની આસપાસ વીંટળાઈ વળ્યાં છે. નજીકમાં એક મોટા માણસને ઘેર લગ્નપ્રસંગ છે એટલે એની જાહોજલાલી જોવા તથા ભોજનસમારંભ પછી વધેલાં એંઠાંજૂઠાં પકવાનનો સ્વાદ માણવા, શરીરમાં આછો તાવ હોવા છતાં ડોસા અહીં આવ્યા છે.

### ખંડ-2

જાતજાતની વાતો ચાલે છે એમાં માજા વેલાએ પોતે ધાડ પાડી હતી એની પણ વાત આવે છે. એ વાત સાથે માજા વેલાનો ભૂતકાળ પણ ઊકલે છે. માજા વેલા ગામડેથી શહેરમાં આવ્યા બાદ શરૂશરૂમાં એંઠ માગી ખાવાનું કે દાતણ વેચવાનું કામ કરતા અને પછી ધીમેધીમે લૂંટધાડનું ને રૂપિયાના બનાવટી સિક્કા પાડવાનું કામ પણ સહજ બની ગયું. માજા વેલાની અને તેનાં સંતાનોની આ બધી પ્રવૃત્તિઓ અસામાજિક છે, પણ તે સૌ તેને સરળ-સહજ વ્યવસાય લેખે સ્વીકારતા હોય એમ લાગે છે. એ ઉપરાંત ડોસા વિવિધ વાનગીઓની - અને એમાંય ખાસ તો સૂતરફેણીની - તથા સૂકા મેવાની વાતો કરે છે ત્યારે બાળકો કેવળ આશ્ચર્યનો જ અનુભવ કરે છે.

**ખંડ-3**

આ બધી વાતો ચાલતી હોય છે એ દરમિયાન ડોસાના શરીરમાં તાવનું જોર વધતું જાય છે. ડોસાને સૂવાની ઇચ્છા થાય છે, એટલે પ્યાલાબરણી વેચવાનો ધંધો કરતી દીકરી ઓશીકે તેનો ટોપલો ગોઠવી આપે છે. ડોસો એમ જ ફૂટપાથ પર સૂઈ જાય છે. એક છોડી ક્યાંકથી એંઠનો આઇસ્ક્રીમ લઈ આવે છે, એનો પડિયો ડોસો પી જાય છે. ડોસાને તાવ ધગે છે એટલે પ્યાલાબરણી સાટે આવેલાં લૂગડાં પાથરી એમાં તેમને સુવાડી દેવાય છે. વળી વનો કયાંકથી જાતજાતની મીઠાઈ લાવે છે. એ ડોસા ચાખે છે - ખાસ તો સૂતરફેણી છોકરાંને ઓળખાવે - ચખાડે છે. એમ ખરા અર્થમાં ખાઈ - પી પરવારી માજા વેલા જોત જોતામાં આવડા મોટા કુટુંબમેળામાંથી પરલોકમાં વિદાય થઈ જાય છે - મૃત્યુ પામે છે.

## 4.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

**ખંડ-1**

પહેલા ખંડમાં, નગરસભ્યતાની સાથેસાથે જ જોવા મળતા સમાજના નીચલા થરનાં માણસોનાં ચલણવલણનો આપણને પરિચય થાય છે. શહેરના કોટની બહાર ટાવર પાસેના ફૂટપાથ પર માજા વેલાનો કુટુંબકબીલો એકત્ર થયેલો માલૂમ પડે છે. કુલપિતાની અદાથી માજા વેલા પણ અહીં કુટુંબ પર છવાયેલા છે. કોઈ સાધનસંપન્ન માણસને ઘેર લગ્નપ્રસંગ છે, એ નિમિત્તે ખાવા-પીવા-જોવાનું મળશે એ અપેક્ષાએ સૌ એકઠાં થયાં છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ક):</u>**

1. આ વાર્તાના આરંભમાં જ નગરસભ્યતાથી ભિન્ન પડતો આર્યસંસ્કૃતિનો સંદર્ભ છે. એ કઈ બાબતોથી સ્પષ્ટ થાય છે?
2. માજો વેલો માંદો હોવા છતાં ટાવર પાસેથી ફૂટપાથ સુધી શા માટે આવે છે?
3. માજા વેલાએ કઈ વાત પોતાનાં સંતાનોને અનેકવાર કહી હતી? શા માટે?
4. માજા વેલાનાં કુટુંબીજનો કયાંકયાં પ્રકારનાં કામ કરે છે? એમાંનાં કયાં યોગ્ય છે? કયાં અયોગ્ય છે?

**ખંડ-2**

બીજા ખંડમાં, મુખ્યત્વે માજા વેલાનો ભૂતકાળ આલેખાયો છે. ગામડેથી આ શહેરમાં આવીને વસવાટ કર્યા બાદ વિસ્તરેલા કુટુંબકબીલાની અને પેટિયું રળવા કરેલાં કામકાજોની રસભરી વાતો ડોસા કરે છે. એ વાતોમાં ધાડ અને રૂપિયાના સિક્કા પાડવાની ગુનાઈત પ્રવૃત્તિઓ પણ સંકળાઈ છે. માજા વેલા કબીલાનાં બાળકોને જુદીજુદી મીઠાઈનાં નામ પણ ખબર નથી, એનું ડોસાને દુઃખ છે. છોકરાંને દુકાન તોડીને - ચોરી કરીને આ બધું ચખાડવાની ડોસાને હોંશ છે. ટૂંકમાં, સમગ્ર પરિસ્થિતિ અભાવ અને સ્વભાવની મર્યાદાઓ વચ્ચે પ્રગટતી, સમાજના નીચલા થરના માનવીની જીવનરીતિ દર્શાવે છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ખ):</u>**

1. માજા વેલાના કુટુંબે પહેલું મોટું ગુનાઇત કૃત્ય કયું કર્યું? એનું શું પરિણામ આવ્યું?
2. માજા વેલાએ વર્ણવેલી ભૂતકાળની જાહોજલાલીનાં ત્રણ દૃષ્ટાંત આપો. હાલની પરિસ્થિતિમાં જે ફરક પડ્યો છે એનું માજા વેલાને શા માટે દુઃખ થાય છે?
3. બાળકો ઊંચી જાતનાં મેવા-મીઠાઈથી સાવ અજાણ્યાં છે, એ વાત કયાં મુદ્દાઓને આધારે

સમજાય છે? બાળકોની રંક સ્થિતિ દર્શાવવા લેખકે સંવાદમાં કયું દૃષ્ટાંત મૂક્યું છે?

4. વનો બોચિયું લઈને શા માટે જાય છે? માજા વેલાને કેમ ચિંતા થાય છે?

**ખંડ-3**

રાત્રિના દશ વાગ્યે ચોમેર શાંતિ છવાવા લાગે છે. માજા વેલાને ઘેન ચઢવા લાગે છે. તેની મૂછો ધ્રૂજતી હોય છે. શરીમાં તાવ વધી રહ્યો છે. એટલામાં તેની પૌત્રી ખુડી આઇસ્ક્રીમ લાવી છે, એ ડોસો પીએ છે. માજા વેલાને પથરા વધારે ટાઢા લાગવા માંડ્યાં છે. ખુડી પ્યાલાબરણી સાટે આવેલાં લૂગડાં પાથરી પથારી જેવું કરી આપે છે. ડોસાનો વાત્સલ્યભાવ જુદીજુદી રીતે અભિવ્યક્ત થાય છે. વનો મીઠાઈનો કંડિયો લાવ્યો છે એમાંની વાનગીઓ ડોસો સંતોષથી ખાય છે. એવામાં જ ડોસાનો અવાજ બદલાઈ જાય છે અને મસમોટા કુટુંબમેળાને આશીર્વાદ અને ઘટતાં સૂચનો આપતાં-આપતાં માજા વેલા સુખી અવસ્થામાં મૃત્યુ પામે છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ગ):</u>**

1. માજા વેલાને મૃત્યુ નજીક આવી રહ્યું છે, એના કેવાકેવા સંકેતો મળે છે?
2. માજો વેલો મૃત્યુ અગાઉની ક્ષણોમાં ખુડી પર વધુ વહાલ દર્શાવે છે, એનું કારણ શું?
3. માજા વેલાના મૃત્યુ-પ્રસંગને તમારા શબ્દોમાં વર્ણવો.
4. ‘માજો વેલો બહુ સારું મોત પામ્યો. બહુ સુખી મોત’- એવું તમને લાગે છે? શા માટે?

## 4.6 વસ્તુલક્ષી કસોટી

**<u>તમારી પ્રગતિ ચકાસો (ઘ):</u>**

નીચેના પ્રસંગોને વાર્તાના યોગ્ય ક્રમમાં ગોઠવો:

1. માજો વેલો અને તેમના ભાઈ એક લુવાણાને ઓટલેથી હુક્કો ઉઠાવી લાવેલા. સાતેક વાર એ પીધા પછી હુક્કો વેચવાની તકરાર થતાં એ ભાંગી નાખ્યો.
2. પોતનાં સંતાનોએ સૂતરફેણી ચાખી, તેથી માજા વેલાને સંતોષ થયો.
3. ખુડી કોઈ કલબમાંથી આઇસ્ક્રીમ લાવી હતી. એ ડાસોએ પડિયાથી પીધો.
4. માજો વેલો રૂપિયાના બનાવટી સિક્કા બનાવતો હતો.
5. વનો એકલો જ ડોસાને ખાંધોલે નાખી ચાલવા લાગ્યો.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ચ):</u>**

નીચે આપેલા વાક્યના અનુસંધાનમાં જે તે વાક્યની નીચે બે કારણો આપ્યાં છે, એમાંથી જે કારણ સાચું હોય એની બાજુના ખાનામાં (✓)ની નિશાની કરો.

1. માજા વેલો કુટુંબ સાથે લગ્નપ્રસંગના સ્થળે જવા તૈયાર થયા, કારણ કે-
   - જેનાં લગ્ન હતાં એ કુટુંબ સાથે ઘરોબો હતો. ☐
   - લગન, નાત, જમણ જોવા માટે તેની ઉત્સુકતા વધેલી હતી. ☐
2. બોચિયું લઈને મીઠાઈ લેવા જતા વનાને માજા વેલાએ જોરથી બૂમ પાડી રોકવા માટે પ્રયત્ન કર્યો કારણ કે-
   - વનો મીઠાઈ ખરીદવા પૈસા ખર્ચે એ તેમને ગમતું ન હતું. ☐

- પોલીસવાળા હવે બહુ હોશિયાર થઈ ગયા છે. તે ચોરી કરતા વનાને આજે પકડે એ માજા વેલાને યોગ્ય લાગતું ન હતું. ☐

3. ખુડીને જોઈને માજા વેલાની આંખમાં હેત ઊભરાય છે, કારણ કે-

- ખુડી ખોડિયાર માતાએ આપેલી હતી. એની બાધા-આખડીઓ રાખી ડોસાએ છોકરીને જીવતી રાખી હતી. ☐
- ખુડી માજા વેલાની જુવાન પરણેતરની પહેલા ખોળાની દીકરી હતી. ☐

4. માજા વેલાને ટાવર થથરતો લાગ્યો, કારણ કે-

- ધરતીકંપનો હળવો આંચકો આવ્યો હતો. ☐
- માજા વેલાને વૃદ્ધાવસ્થા આવી હતી અને મૃત્યુ સાવ નજીક હતું. ☐

## 4.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

(6) આ વાર્તાની ભૂમિકા નગરસભ્યતાની છે, એટલે એમાં વાતાવરણ શહેરનું છે. એનાં પાત્રો સમાજના નીચલા થરનાં છે. એ પાત્રો પેઢીઓથી શહેરમાં આવી વસ્યાં છે. એને કારણે કથન-વર્ણન અને સંવાદના સંદર્ભમાં આ વાર્તાનું શબ્દભંડોળ ખાસ અભ્યાસપાત્ર બને છે.

ગુજરાતી ભાષાનું શબ્દભંડોળ, અભ્યાસની દૃષ્ટિએ ત્રણ વિભાગમાં વહેંચી શકાયઃ

1. **તત્સમ શબ્દો :** મૂળ સંસ્કૃતમાંથી ઊતરી આવેલા અને ગુજરાતીમાં પણ એવા જ સ્વરૂપે રહેલા શબ્દોને તત્સમ શબ્દો કહેવાય. નીચેના શબ્દો જુઓઃ

   પ્રાચીન, કુલપિતા, પ્રપૌત્ર, મગ્ન, જિજ્ઞાસા, પદાર્થ, સંતોષ, સંતતિ.

2. **તદ્ભવ શબ્દો :** સંસ્કૃત ભાષામાંથી ઉદ્ભવેલા, કાળક્રમે ફેરફાર થઈને ગુજરાતીમાં ઊતરી આવેલા શબ્દોને તદ્ભવ કહેવાય છે. નીચેના શબ્દો જુઓઃ

   ઘર, પતરાળું, દૂધ, મૂછ, શિયાળો, વાણિયો, કાયર, તાવ, રાત.

3. **વિદેશી શબ્દો :** મુસલમાનો, અંગ્રેજો વગેરેના રાજ્યકાળ દરમિયાન અરબી-ફારસી અને અંગ્રેજી ભાષાઓના શબ્દો ગુજરાતીમાં પ્રચલિત થયા છે. નીચેના શબ્દો જુઓ :

   - પ્યાલો, ઈન્સાફ, દરવાજો, જલેબી, દરિયો, હોશિયાર (અરબી-ફારસી).
   - ટાવર, મોટર, હોટલ, સિગારેટ, આઇસ્ક્રીમ (અંગ્રેજી).

4. **દેશ્ય શબ્દો :** જેનાં મૂળ અજ્ઞાત છે એવા શબ્દોને દેશ્ય શબ્દો કહેવાય છે. આ શબ્દો આર્યેતર જનજાતિઓની બોલીઓમાંથી આવ્યા હશે, એવું માનવામાં આવે છે. નીચેના શબ્દો જુઓ :

   ઓઢાડવું, પકડવું, પેટ, ઓશીકું ('ઓશીકું'ને કેટલાક તદ્ભવ પણ ગણે છે).

**તમારી પ્રગતિ ચકાસો (છ):**

અભ્યાસક્રમની વાર્તામાંથી અને તમારા રોજિંદા વ્યવહારમાંથી શોધી-વિચારીને તત્સમ, તદ્ભવ અને વિદેશી શબ્દો (દરેકના દશ શબ્દો)ની યાદી બનાવો.

(2) નીચેનાં વાક્યો વિરામચિહ્નોના અભ્યાસની દૃષ્ટિએ જુઓઃ

- જા, લાલિયા, પેલી બીડી લઈ આવ
- સિગારેટ, દાદા!
- હા શીગરેટ, માળા શહેરી થઈ ગયા તો બહુ!
- હજી વીજી ન દેખાઈ?
- મકલાને ક્યાં મોકલ્યો છે?
- હા, બેટા! જા. જો કે તારી મા શું લાવી છે?

વિરામચિહ્નોની સંજ્ઞાઓ અને એના ઉપયોગની માહિતી લઈએ.

પૂર્ણવિરામ (.) વાક્યમાં જ્યાં વિચાર અને અર્થ પૂર્ણ થાય ત્યાં પૂર્ણવિરામ મુકાય છે.

પ્રશ્નાર્થચિહ્ન (?) વાક્યમાં જ્યાં પ્રશ્નનો અર્થ આવતો હોય ત્યાં પ્રશ્નાર્થચિહ્ન મુકાય છે. અહીં એક મુદ્દો ધ્યાનમાં રાખવાનો છે કે ગૌણ વાક્યમાં પ્રશ્ન હોય અને પ્રધાન વાક્યમાં પ્રશ્ન ન હોય તો વાક્યને અંતે પ્રશ્નાર્થચિહ્ન મુકાય નહિ. એવા સંજોગોમાં પૂર્ણવિરામ મૂકવું જોઈએ.

દા.ત. તમારો અભ્યાસ કયાં સુધી આવ્યો તે જણાવો.

પરંતુ પ્રધાન વાક્ય બાદ ગૌણ વાક્યમાં પ્રશ્નાર્થ હોય તો પ્રશ્નાર્થચિહ્ન જ આવે.

દા.ત. તમે જણાવશો કે તમારો અભ્યાસ ક્યાં સુધી આવ્યો?

અલ્પવિરામ (,) અલ્પવિરામ મૂકવાનાં સ્થાનો નીચે પ્રમાણે છેઃ

- 'અને', 'કે', 'અથવા' જેવા અવ્યયથી સાંકળતાં પદ, પદસમૂહ કે વાક્ય-અર્થની સ્પષ્ટ સમજણ માટે અલ્પવિરામ મૂકીને અલગ કરવામાં આવે છે.
- સંબોધન પછી અલ્પવિરામ મુકાય છે.
- સામાન્ય રીતે ગૌણ વાક્ય પછી અલ્પવિરામ મુકાય છે.

ઉદ્‌ગારવાચક ચિહ્ન (!) ઉદ્‌ગારવાચક ચિહ્નનો ઉપયોગ નીચે પ્રમાણે થાય છેઃ

- લાગણીનો ઉદ્‌ગાર હોય ત્યાં.
- આશ્ચર્યનો ભાવ હોય ત્યાં.
- સંબોધન પછી પણ કોઈ વાર ઉદ્‌ગારવાચક ચિહ્નનો ઉપયોગ થાય છે.

આ વિરામચિહ્નો સામાન્ય રીતે રોજ-બરોજના લખાણમાં વપરાય છે. એ ઉપરાંત અર્ધવિરામ મહાવિરામ, વિગ્રહરેખા, ગુરુરેખા વગેરે ચિહ્નો પણ ઉપયોગમાં લેવાય છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (જ):</u>**

યોગ્ય વિરામચિહ્નો મૂકીને નીચેનો પરિચ્છેદ ફરીથી લખોઃ

અહો શી એની તાકાત મજબૂત બાહુઓ પહોળા ખભા માંસલ શરીર અને તેજસ્વી દેદીપ્યમાન દેહ જોઈને ભલભલાના હાંજા ગગડી જાય સામેથી એક જણ ડરતાં ડરતાં એની નજીક આવ્યો અને પૂછ્યું મહાનુભાવો આપનું શુભ નામ શું એણે કાંઈ ઉત્તર આપ્યો નહિ ઊલટાનું ખડખડાટ હાસ્ય કરતાં બંને હાથ પહોળા કર્યા આગંતુકે પ્રશ્ન પૂછ્યો હતો એનો જવાબ જ મળતાં એ

નિરાશ થયો હિંમત કરીને એ ફરી બોલ્યો હે તેજસ્વી પુરુષ આપનું શુભ નામ શું છે તે કહેવાની કૃપા કરો.

## 4.8 પુનરવલોકન

વાર્તાના વાચન અને સઘન અભ્યાસ બાદ નીચેના પ્રશ્નોના ઉત્તર સારી રીતે આપી શકાશેઃ

**તમારી પ્રગતિ ચકાસો (ઝ):**

1. માજા વેલાના પાત્રનો આશરે બસો શબ્દોમાં પરિચય આપો.
2. માજા વેલાનાં કુટુંબીજનોની સ્વભાવગત ખાસિયતો વર્ણવો.
3. આ વાર્તાના આલેખન દ્વારા લેખક શું સાધવા ઇચ્છે છે? એમાં તેઓને કેવી અને કેટલી સફળતા મળે છે?
4. આ વાર્તાના આરંભ વિશે નોંધ તૈયાર કરો.

## 4.9 લેખન-પ્રવૃત્તિ

**તમારી પ્રગતિ ચકાસો (ટ):**

'આપણા ભોજનસમારંભો' વિશે ચાળીસેક લીટીનો નિબંધ લખો.

## 4.10 વિશેષ અધ્યયન

### 4.10.1 કર્તા-પરિચય

આ વાર્તાના સર્જક સુંદરમ્ (1908-1991) ગુજરાતી સાહિત્યમાં ગાંધીયુગના પ્રતિનિધિ કવિ તરીકે સુખ્યાત છે. 'કાવ્યમંગલા', 'વસુધા', 'યાત્રા' જેવા કાવ્યકલાની સમૃદ્ધિ રૂપ કાવ્યસંગ્રહો, 'હીરાકણી અને બીજી વાતો', 'ખોલકી અને નાગરિકા', 'પિયાસી', 'ઉન્નયન' જેવા વિષયવસ્તુ અને શૈલીની દૃષ્ટિએ ગણનાપાત્ર નીવડેલા વાર્તા (નવલિકા) સંગ્રહો, 'દક્ષિણાયન' પ્રવાસગ્રંથ ઉપરાંત 'અર્વાચીન કવિતા', 'અવલોકના' જેવા અભ્યાસપૂર્ણ વિવેચન ગ્રંથો દ્વારા ગુજરાતી સાહિત્યને તેઓએ મહત્ત્વનું પ્રદાન કર્યું છે. નવલકથા, નાટક, ચરિત્ર જેવાં સ્વરૂપોમાં તેઓનું યોગદાન ધ્યાનપાત્ર છે. અનુવાદ-પ્રવૃત્તિમાં સંસ્કૃત નાટકોના અનુવાદ અને શ્રી અરવિંદ તથા શ્રી માતાજીનાં પુસ્તકોનાં અનુવાદો તેઓની વિદ્વત્તા અને અધ્યાત્મપ્રીતિના સારા નમૂના છે.

### 4.10.2 સ્વરૂપ-પરિચય

ઘટના, પાત્ર, કથન-વર્ણન-સંવાદ જેવા ઘટનાતત્ત્વોની સંકલના કરીને ટૂંકીવાર્તામાં સ-ચોટ અંત સાધવાની પરંપરા છે. એ ચોટ પાત્રપ્રસંગના સંદર્ભમાં હોય, એવી માન્યતા રૂઢ થઈ હતી. ગુજરાતી ટૂંકીવાર્તાએ જુદાજુદા વાળાંકે વિષયવસ્તુના વૈવિધ્યની સાથેસાથે સ્વરૂપલક્ષી નાવીન્ય પણ સાધ્યું છે. એ સંજોગોમાં વાર્તાના સ્વરૂપને પામવા હવે ભાવકે પણ સજ્જતા કેળવવી અનિવાર્ય બને છે. ટૂંકીવાર્તા, એક વિચારબિંદુએ ભાવકને વિચારતો કરી મૂકે એવી માવજત સ્વાભાવિક લેખાઈ છે. આ સંદર્ભમાં 'માજા વેલાનું મૃત્યુ' વાર્તા પરોક્ષ રીતે, સમાજના નીચલા થરનાં માણસોની જીવનરીતિ પર પ્રકાશ નાખીને, ગાંધીભાવનાને કલાત્મક રીતે અભિવ્યક્ત કરે છે.

### 4.10.3 વિશેષ વાચન

'સુંદરમ્'ની વાર્તાઓનાં વિષયવૈવિધ્ય અને નિરૂપણની વિશેષતાઓ જાણવા માટે 'પિયાસી' અને 'ઉન્નયન'ની વાર્તાઓ વાંચવી જોઈએ. 'સુંદરમ્'ના બે નોંધપાત્ર કાવ્યસંગ્રહો 'વસુધા' અને 'યાત્રા' પણ સર્જકને ઓળખવા-પામવા માટે ઉપયોગી સાબિત થાય એમ છે. ગાંધીયુગની

ભાવના-નીચલાં થરનાં પાત્રોની સંવેદના સમજવાની અને આલેખવાની ભાવનાના સંદર્ભમાં દ્વિરેફ (રા.વિ. પાઠક)ની 'ખેમી' વાર્તા પણ અભ્યાસપાત્ર છે. 'સુંદરમ્'ના સમકાલીન અને સમર્થ સર્જક ઉમાશંકર જોશીના વાર્તાસંગ્રહો ('શ્રાવણી મેળો', 'વિસામો' ઇ૰)નો અભ્યાસ કરવાથી તુલનાત્મક અધ્યયનની સભાનતા વિકસી શકે એમ છે.

- **ટિપ્પણ**

**કુલપિતા** - (પું.) કુલનો વડીલ -મોભી; **તપોવન** - (ન.) તપથી પવિત્ર થયેલી (વનની) ભૂમિ; **દોણી** - (સ્ત્રી.) હાંલ્લી, માટીનું વાસણ; **ખાધરો** - (પું.) મોટો ખાડો; **ઈન્સાફ** - (પું.) ન્યાય; **બરાગત** - (સ્રી.) ઝીણો તાવ; **નકરું** (વિ.) નર્યું- માત્ર; **ડિલ** - (ન.) શરીર ('દિલ, નહિ); **ભારાડી** - (વિ.) ખૂરાંટ; **ખાંધોલો** - (પું.) ખભો.

# એકમ ૫

# માનચતુર

**- ગોવર્ધનરામ મા. ત્રિપાઠી**

રૂપરેખા

**5.1** ઉદ્દેશો
**5.2** પ્રસ્તાવના
**5.3** કૃતિ (નવલકથાખંડ)
**5.4** કૃતિનો સારાંશ
**5.5** કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન
ખંડ : 1
ખંડ : 2
ખંડ : 3
**5.6** વસ્તુલક્ષી કસોટી
**5.7** ભાષાકીય સામગ્રીનો અભ્યાસ
**5.8** પુનરવલોકન
**5.9** લેખન-પ્રવૃત્તિ
**5.10** વિશેષ અધ્યયન
5.10.1 કર્તા-પરિચય
5.10.2 સ્વરૂપ-પરિચય
5.10.3 વિશેષ વાચન
• ટિપ્પણ

## 5.1 ઉદ્દેશો

આ નવલકથાખંડના અભ્યાસ દ્વારા તમે -

- 'માનચતુર' નવલકથાખંડનો રસલક્ષી આસ્વાદ માણશો.
- નવલકથાખંડનો વસ્તુ, પાત્ર, વાતાવરણ, જીવનદર્શન, ભાષાશૈલી વગેરે ઘટકતત્ત્વોની દૃષ્ટિએ પરિચય મેળવશો.
- હિંદુ સંયુક્ત કુટુંબચિત્રનો પરિચય પામશો.
- કુટુંબનું નાવ જ્યારે સુકાનરહિત બને ત્યારે કુટુંબના વિચારશીલ વડેરાએ કુટુંબની નાવને સાચી દિશા મળે એ માટે કેવાં પગલાં લેવાં જોઈએ એનો ખ્યાલ પામશો.
- સાચા ધર્મનું સ્વરૂપ સમજશો. જડ આચાર એ સાચો ધર્મ નથી, માનવતાયુક્ત દૃષ્ટિકોણવાળા ધર્મમાં ક્યાં અને ક્યારે, કેવી જરૂર પડે છે એ દિશામાં વિચારવા પ્રેરાશો.
- એક અનોખું દામ્પત્યચિત્ર જાણશો.
- એકમનો ગદ્યની વિશેષતા સંદર્ભે પરિચય મેળવશો.
- એકમની ભાષાકીય દૃષ્ટિએ પ્રગટ થતી વિશેષતાઓ આસ્વાદશો.

## 5.2 પ્રસ્તાવના

પ્રસ્તુત એકમમાં અર્વાચીન ગુજરાતી સાહિત્યના પંડિતયુગના ઉત્તમ સર્જક ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીકૃત 'સરસ્વતીચંદ્ર' નવલકથાના બીજા ભાગ 'ગુણસુંદરીનું કુટંબજાળ'માંથી લીધેલા પ્રસંગરૂપ આ નવલકથાખંડનો અભ્યાસ કરવાનો છે.

'માનચતુર' નામક પ્રસ્તુત નવલકથાખંડમાં સૌને સુખી કરવાની ભાવનાવાળી, કુટુંબવત્સલ ગૃહિણી ગુણસુંદરી પ્રસૂતિને કારણે જ્યારે થોડો સમય સંયુક્ત કુટુંબની કાર્યધુરા વહન કરી શકતી નથી ત્યાર ઘરની કુટુંબવ્યવવસ્થા ખોરવાઈ જાય છે. સુવાવડી ગુણસુંદરીની ભોજન, ઔષધ વગેરે સગવડો સચવાતી નથી. કુટુંબના માણસોને સમયસર ભોજન મળતું નથી. 'સૌનું કામ એ કોઈનું નહીં એ નાતે સંયુક્ત કુટુંબના મોટાભાગના સભ્યો પોતાની ફરજ પ્રત્યે બેપરવા બની મનફાવે એવો વ્યવહાર કરે છે. કુટુંબના વડીલ માનચતુરથી ઘરની આ અવ્યવસ્થા જોઈ જતી નથી. પોતાની પત્ની ધર્મલક્ષ્મી જેણે ગુણસુંદરીની સુવાવડના આ સમયમાં કુટુંબની સર્વગ્રાહી વ્યવસ્થા સંભાળી લેવી જોઈએ એ તો એની ધર્મસેવામાં જ વ્યસ્ત છે અને એના બેધ્યાનપણાથી આ અવ્યવસ્થા અનહદ વધી છે. સમજેલા માનચતુરે પોતાની પત્નીને અને એ દ્વારા સમગ્ર કુટુંબને પદાર્થપાઠ ભણાવી કુટુંબતંત્રને કઈ રીતે ફરી થાળે પાડ્યું એનું નિરૂપણ ગોવર્ધનરામે આ નવલકથાખંડમાં સુચારુ રીતે કર્યું છે.

## 5.3 કૃતિ (નવલકથાખંડ)

### માનચતુર

**- ગોવર્ધનરામ મા. ત્રિપાઠી**

ગુણસુંદરી સુવાવડમાં સ્વાભાવિક રીતે ખાટલાવશ રહી. સૌએ પોતપોતાનું કામ તે વખતમાં ઉપાડી લીધું અને બેચાર દિવસ તો સારી રીતે ચાલ્યું પણ ધીમેધીમે ગૃહયંત્રનાં સર્વ ચક્ર શિથિલ પડ્યાં અને યંત્રની સંભાળ રાખનારની ખોટ અને કિંમત જણાવા લાગી. પ્રથમ તો ઘરનાં સર્વ માણસને પોતપોતાની બાબતમાં જરીજરી અગવડ લાગવા માંડી. માનચતુરની સરભરા ઓછી થઈ, કારણ સરભરા કરનારને બીજા કામમાં ગૂંથાવું પડ્યું; એટલું જ નહિ પણ એ સરભરા પર દેખરેખ રાખનારી સુવાવડમાં પડી અને તેની ચતુરાઈ, ધીરજ, મોંની મીઠાશ અને અંતરનું વહાલ વગેરે દેખાડનાર કોઈ રહ્યું નહીં અને ડોસો અકળાવા લાગ્યો. ઘરનાં કામમાં વાદ થવા લાગ્યો અને સુવાવડીની પણ સંભાળ એવી જ રહેતી. ધર્મલક્ષ્મીથી હેરોફેરો થતો નહીં અને જરજરી હેરોફેરો ગુણસુંદરી સારુ કરતી, પરંતુ પોતાની દેવસેવામાં હરકત પડવાથી એ હેરોફેરો કોઈ વખત થતો નહીં; અને સૌનું કામ તે કોઈનું નહીં એમ થતાં સુવાવડીનું ખાવાપીવાનું પણ મોડુંવહેલું થતું એટલું જ નહીં પણ તેના બાળકની પણ સંભાળ લેવાતી નહીં. એક પ્રસંગ એવો બન્યો કે માનચતુરનું ઔષધ બપોર થતાં સુધી કોઈએ તૈયાર કર્યું નહીં. જમવાની વખત તો થાય શાની, અને ડોસો આકળો થઈને લાકડી લઈ છાનોમાનો ઘરમાં સર્વ શું કરે છે તે જોવા ફરવા લાગ્યો. પ્રથમ તો વિદ્યાચતુરની મેડીએ ચડ્યો. વિદ્યાચતુર પોતે બહારથી આવેલો પણ ભૂખ લાગવાથી પલંગમાં સૂઈ રહ્યો હતો અને ઊંઘી ગયો હતો. તેના પલંગ પર માકણની હાર હતી, ચાદર મેલી થઈ ગઈ હતી, અને મેડીમાં વાસીદાનો કચરો એકઠો થયેલો. સૌને ગાળો દેતોદેતો ડોસો નીચે ઊતર્યો અને રસોડે ગયો તો દુઃખબા રસોઈ કરવા નાહી હતી અને સૌ તૈયાર જેવું હતું પણ શાક સમાર્યા વિના પડી રહેલું અને સામું જોઈ દુઃખબા પણ બેસી રહેલી. ડોસો વધારે ક્રોધમાં આવી ત્યાંથી ચાલ્યો અને પરસાળ ભણી ગયો તો ત્યાંથી મેડીમાંથી ગાનચતુરનું ગાયન સંભળાયું અને નીચે ચંડિકા હીંચકા પર સૂતી હતી તેની સાથે હાથમાં સાવરણી લઈ ચંચળ વાતો કરતી હતી. તે બેમાંથી કોઈએ વાતના રસમાં ડોસાને દીઠો નહીં. ગજાર ભણી જાય છે તો સુંદર બિચારી એકલી ઘડીમાં સુવાવડીનું ઔષધ તૈયાર કરે અને ઘડીકમાં ઘોડિયામાંના બાળકની સંભાળ રાખે, અને ગુણસુંદરી ખાટલામાં સૂતીસૂતી ભૂખે પેટ દાબતી સુંદરને સૂચના આપે. ક્રોધ હતો તેમાં દયા ઉમેરી ડોસો પરસાળ બહાર નીકળ્યો તો અગાશીમાં છોકરાં ધક્કામુક્કી કરે, ઘરનું બારણું ઉઘાડું તેમાં આવી શેરીનું કૂતરું જીભ કાઢી હાંફતું-હાંફતું ઊભેલું, અને બારણે

સામે કૂવો હતો ત્યાં પાણી ભરવા ગયેલો ચાકર કોઈની સાથે ગપાટા મારે. ડોસો કૂતરાને હાંકી બારણું વાસી ધર્મલક્ષ્મીની ઓરડી ભણી ગયો. ડોસી દેવસેવામાં હતાં. દહાડો ઘણો ચડ્યો હતો તેથી દેવના દીવામાં ઘી અને વાટ બે થઈ રહ્યાં હતાં. દીવો ઘેર ગયો હતો, અને દેરાસર પરના પાટિયા પર ડોસી રૂ, ઘી અને દીવાસળી શોધતાં હતાં અને ડોસો બારણામાં ઊભો હતો તેના ભણી એની પૂંઠ હતી. સૌની રીસ ડોસાએ ડોસી ઉપર કાઢી. બોલ્યાચાલ્યા વિના ન્હાયેલા ડોસાએ દેરાસરના પાલખાને અડકી બધા દેવ ઉપાડી લીધા અને પોતાનો ઘસારો માલૂમ ન પડે તે રીતે નીકળી જઈ ઘરના ટાંકા આગળ જઈ તેમાં દેવને પધરાવવા વિચાર કર્યો. પણ કંઈક વધારે શાંત વિચાર થવાથી તેમાં ન નાંખતાં પાણી પીવાની ગોળીમાં બધા દેવને નાખી દઈ છાનોમાનો પોતાને ઠેકાણે જઈ સૂઈ ગયો અને શું તાલ છે તે જોવા લાગ્યો.

ડોસાડોસીના સ્વભાવમાં ઘણીક જાતનો ફેર હતો. છતાં તેમનો સંસાર નિર્માલ્ય ન હતો. ડોસો નાનપણમાંથી બુદ્ધિવાળો હતો, અને કાંઈ પણ કામમાં પડે તે તેને આવડી જતું એટલું જ નહીં, પણ તેની સાથે જે કામ હાથમાં લે તે ત્વરાથી આટોપવા પર તેની દૃષ્ટિ રહેતી અને તે કરી દે તે સિવાય તેને જંપ વળે નહીં. કામ કરવા બેસે તે પ્રસંગે ગમે તે હરકત આવે તેને દૂર કરતાં કદી આંચકો ખાતો નહીં; પછી તે હરકત કોઈના સ્વભાવની હો કે પોતાના સ્વભાવની હો, દૈવી હો કે માણસની હો, ધર્મની હો કે નીતિની હો, સ્વાર્થની હો કે પરમાર્થની હો. ડોસાને મન તો એટલી જ વાત કે તે હરકત દૂર કરી ધારેલો અર્થ સિદ્ધ કરવો. માણસના સ્વભાવની હરકત આવે અને તે માણસ પારકું હોય તો તેને સમજાવી, ફોસલાવી, ઊંધુંચત્તું સમજાવી, ને જરૂર પડે તો આશ ને ફાવે તો ત્રાસ આપી, તેના સ્વભાવને પોતાને વશ કેમ કરી દેવો તેનો અભ્યાસ માનચતુરે નાનપણમાંથી કર્યો હતો. તે માણસ પોતાનું હોય તો સિરજોરીથી કામ કરાવતો. પોતાના સ્વભાવની હરકત દૂર કરવાની હોય તો, અને ધારેલું કામ કરવા જતાં ખરેખરી ન જ ગમે એવી વસ્તુ કરવી પડે તો તેમ કરતા જરી પણ અચકાતો નહીં, અને મહાવત હાથીના કુંભસ્થળ પર અંકુશ વાપરે તેમ વાપરે તેમ પોતાના મર્મસ્થળમાં પેસી અને પ્રસંગવશ કરી નાંખે એવી અર્થાનુસારી બુદ્ધિ રચી દેતો અને અણગમતી વાત કરવી પડે તે અણગમાના બદલામાં ધારેલો અર્થ ઝટ પાર પાડવામાં પુરુષાર્થ અને યશ માનતો. એ કાંઈ જાતે નાસ્તિક અથવા અનીતિને રસ્તે ચડેલો ન હતો અને કામમાં હરકત ન થાય ત્યાં સુધી ધર્મ અને નીતિ ઉભય સાચવતો, પણ પોતે આવો દૃઢ અને બળવાન સ્વભાવનો માણસ હોવાથી પ્રસંગ પડ્યે એ કશાને ગાંઠતો નહીં. એમાં કાંઈ નવાઈ ન હતી. ધર્મ ઉપર અત્યંત આસ્થાવાળી અને વૃદ્ધાચાર તથા લોકાચારના હવાપાણીમાં જન્મથી વસવા પામેલી ધર્મલક્ષ્મી ઊઠે ત્યાંથી સૂતા સુધી ડગલે-ડગલે ધર્મના નિયમ જાળવતી અને ધર્માચારના પ્રશ્નોનું નિરાકરણ કરતા શાસ્ત્રીઓને પ્રવીણતા વાપરવી પડે તેટલી જ પ્રવીણતા અને શ્રમ લોકાચારનો નિર્ણય કરવામાં વાપરતી. ગામની અને જ્ઞાતિની સ્ત્રીઓ લોકાચારના પ્રશ્ન લઈ ધર્મલક્ષ્મી પાસે આવતી; તેમને ઉત્તર દેતી વખત ડોસી જૂના કાળનાં કંઈકંઈ દૃષ્ટાંત કાઢતી, કંઈકંઈ પાનાં જીભ ઉપર ઉથલાવતી, કંઈકંઈ નિયમ શોધી કાઢતી, અને સામાના મનમાં બેસી જાય એવા કંઈકંઈ માર્ગ દેખાડી આપતી હતી. માનચતુર આ સૌ જોઈ ખુશી થતો, નવાનવા પ્રશ્ન ઉઠાવવામાં અને ડોસીની ચતુરાઈ કસી જોવામાં ગમ્મત માનતો, અને 'બૈરકશાસ્ત્ર'ની શાસ્ત્રિણીની નાતમાં પ્રતિષ્ઠા જોઈ જરીક ગર્વ પામતો. નાતમાં પ્રશ્ન ઊઠે એટલે સૌ કોઈ એમ કહેતું કે 'જાઓ, ધર્મલક્ષ્મી એનો માર્ગ બતાવશે.' આવી સ્ત્રીના વહેમ હદ કરતાં વધારે થાય, નાનીનાની બાબતોમાં અંટેવાળે આવે, અને મોટી બાબતોમાં પણ પ્રસંગે પથ્થરની ભીંત રસ્તા વચ્ચે ચણી લીધી હોય તેમ આવડે આવીને ઊભા રહે એ સ્વાભાવિક હતું. આ સ્વભાવથી હરકત ન થાય ત્યાં સુધી તો માનચતુરને ગમતું, પણ હરકત થાય ત્યારે હરકત દૂર કરવા તત્પર થતો, ઘણુંખરું મશ્કરીઓ કરીકરી, કેટલીક વખત આજ્ઞા

કરી, કેટલીક વખત સમજાવી, કેટલીક વખત સ્વામી નાખુશ થશે એમ જાતે જ સમજીને સ્ત્રી ચાલે એવી વગરબોલ્યે યુક્તિઓ કરી, કોઈ વખત તો મિજાજ ખોઈ વિવાહનું વરશી કરી મૂકી, અને એવી અનેક પણ ગમે તે રીતથી માનચતુર ધર્મલક્ષ્મી ભણીની સર્વ હરકતો ખંખેરી નાખતો. ગુણસુંદરીની સુવાવડમાં પોતાના ઘરમાં જે જ્યાં ને તે ત્યાં થયું જોયું. ધર્મલક્ષ્મી વગર રથનું ચક્ર હવે ચાલે એમ નથી અને એ તો પોતાના જ ખટકર્મમાં પડેલી તેથી કાંઈ જલદ ઉપાય વગર એને ભાન નહીં આવે એવું ધારી ડોશીના દેવને ગોળીના પાણીમાં ઝબકોળી પોતાની ઓરડીમાં સૂતેલો ડોસો, જામગરી સળગાવી બંદૂકનું નિશાન બરોબર વાગે છે કે નહિ તે જોતો હોય તેમ, નિરાંતે પડેલો દેખાતો છતાં અત્યંત આતુરતાથી શું થાય છે તેની વાટ જોવા લાગ્યો, જોતોજોતો નીચલો ઓઠ દાંત તળે ચૂસવા લાગ્યો અને આંખો ચગાવી મૂછે તાલ દેવા લાગ્યો.

ડોશીને દીવાસળી જડી અને તેણે દીવો પ્રગટાવ્યો અને પાલખા પાસે દીવો મૂકે છે તો દેવ ન મળે. ડોશીના દિલમાં ત્રાસ પડ્યો અને ચમકી પાલખાની તળે તથા ચારે પાસ શોધવા લાગ્યાં. ભક્તિવાળી ડોશીને સમજણ ન પડી કે આ શો ચમત્કાર થયો. ડોશી દેવસેવાની ઓરડી બહાર આવ્યાં પણ ત્યાં કોઈ હતું નહીં. 'બારણું ઉઘાડી અંદર આવી દેવને કોઈ છાનુંમાનું ચોરી તો નહીં ગયું હોય? મારું ધ્યાન બીજી પાસ હતું' આ વિચાર થતાં વધારે ફાળ પડી અને બારણું ઉઘાડે તો ડોસાએ કાઢી મૂકેલો કૂતરો ઊભેલો અને કૂવે ચાકર ગપાટા મારે. 'કોઈ ઘર ભણી આવ્યું હતું?' એમ ચાકરને પૂછ્યું અને ધમકાવી તેને ઘરમાં બોલાવ્યો. ઘરમાં પાછાં ફરી અકળાઈ બૂમ પાડીઃ 'ચંચળ! ચંચળ! આ જોને મારા દેવ ક્યાં ગયા?' બૂમ સાંભળી હાથમાં સાવરણી ઝાલી ચંચળ આવી, તેની પાછળ ચંડિકા, તેની પાછળ સુંદર, બીજી પાસથી દુઃખબા અને ઘરનાં છોકરાં સૌ આવી ચૉકમાં ભરાઈ ગયાં, પૂછાપૂછ અને શોરબકોર થઈ રહ્યો. એક પાસથી ગાવાનું બંધ કરી ગાનચતુર આવ્યો અને બીજી પાસથી વિદ્યાચતુર સફાળો જાગી દાદર પરથી ઊતર્યો. દેવ ક્યાં ગયા તે વિશે ઉપરાઉપરી પ્રશ્નો અને ઉત્તર થવા લાગ્યા અને સુચનાઓ તથા શોધાશોધ થઈ રહી. દુઃખબા કહેઃ 'કોઈ છોકરાં દેવને રમવા લઈ ગયાં હશે. ચંચળ અને ગાનચતુરને એમ વિચાર થયો કે ઉંદર તાણી ગયા હશે. વિદ્યાચતુર કહેઃ 'પાલખામાંથી ગબડી ગયા હશે - આસપાસ ફરી શોધો.' છેવટે ડોસો આંખો ચોળતો-ચોળતો લાકડી પર ટેકી બહાર આવ્યો અને ગુસ્સે થઈ બોલ્યોઃ 'આ શું તોફાન માંડ્યું છે? ઘરમાં ન કોઈને ખાવાની ચિંતા ને ન કોઈને ખવરાવવાની ચિંતા. એક વાગી ગયો ત્યાં સુધી જાણે ઘરમાં બૈરું જ ન હોય તેમ નથી કોઈ પૂછતું કે ખાવાની કેટલી વાર છે અને નથી કોઈ કહેતું કે જમવા ઊઠો!' વિદ્યાચતુર કહેઃ 'પિતાજી! માતૃશ્રીને દેવ નથી જડતા તેની આ ભાંજગડ છે. અચિંત્યા પાલખામાંથી ક્યાં ગયા તે જણાતું નથી.'

માનચતુર - 'દેવ એના જડવાના હશે તો જડશે ને નહીં જડવાના હોય તે નહીં જડે. પણ આ બધા જીવતા પરમાત્માના પેટની ચિંતાફિકર હોય કે ન હોય? એની ચિંતા ન રાખે તેના પર તો દેવ ન કોપતા હોય તો કોપે અને દેરાસર વાસેલું હોય તેમાંથી અદશ્ય થાય તો ઉઘાડા પાલખાનું શું પૂછવું? ચાલ, દુઃખબા, અમને જમાડ તરત. એને તો દેવ જડશે ત્યાં સુધી લાંઘણો કરવી પડશે.'

ડોશીને એક દુઃખમાં બીજું દુઃખ આ વચન સાંભળવાનું આવ્યું. કઠોર તીક્ષ્ણ વચન અને તેમાં પણ ઈષ્ટદેવનો તિરસ્કાર. આ સાંભળી ચાર પાસ અને પોપચે કરચલીઓવાળી આંખોમાં ધર્મલક્ષ્મીને આંસુ ભરાયાં. અને કાન ઉપર હાથ દેતીદેતી બોલીઃ 'અરેરે! આવાં નાસ્તિક વચન ન બોલતા હો તો શું થાય? સતજુગમાં દેવની સેવા કર્યાનું ફળ છે તેથી વધારે ફળ કળજુગમાં દેવસેવા કરાવ્યાનું છે. આ અવતાર આટલું-આટલું દુઃખ તમે ખમો છો અને હું ખમું

છું એ આવતે અવતારે પણ ખમવું છે? આપણે તો એકબીજાનાં પુણ્યપાપનાં ભાગિયાં છીએ. તમારાથી થતું નથી ને મારે હાથ થવા દેતા નથી. બળ્યું આ પેટ ને બળ્યા આ ધોળા વાળ! પેટે દેવની નિંદા કરાવી ને ધોળા વાળે પણ દેવનું સ્મરણ ન કરાવ્યું! દેવસેવાનું પુણ્ય હશે તો આ છોકરાં પણ સારાં ઊઠશે. કંઈક તો વિચાર કરો. દુઃખબા! ચંચળ! ચંડીવહુ! આ તમારાં પાપના લીધે મારે આ વચન સાંભળવાં પડ્યાં! નાની વહુ ઘરમાં હરતીફરતી હોય તો મારે આ વખત ન આવે! તમે મહિનોમાસ પણ ઘરની સંભાળ ન રાખી શક્યાં. ચંચળ! દેવ ક્યાં ગયા તે હું સમજી છું; તારા બાપનો સ્વભાવ તને ખબર છે. જા, એમને અને સૌને જમાડ. મારે તો દેવ જડે ત્યાં સુધી જમવું નથી.' આંખે આંસુ ન માય એમ રોતાંરોતા ડોશી દેવના પાલખા આગળ બેસી રોયાં અને આખરે પાલખા આગળ નાકલીટીઓ તાણી દેવને કાલાવાલા કરવા લાગ્યાંઃ 'મહારાજ, ક્ષમા કરો - એમના કર્યા સામું જોશો નહીં - એમનું પાપ મને આવજો ને મારું પુણ્ય એમને જજો, પણ ક્ષમા કરો.'

ઘરમાંનું સર્વ મંડળ ભરાયું હતું તેમાં સૌની સાથે લડતો-લડતો ડોસો સૌને ધમકાવવા લાગ્યો. દુઃખબા સામે આંખો કાઢવા લાગ્યો, ચંચળ સામે ઓઠ કરડવા લાગ્યો, ચંડિકા સામે દાંત પીસવા લાગ્યો, ગાનચતુર સામે ચાળા કરવા લાગ્યો, ચાકર સામે દૂરથી હાથ ઉગામવા લાગ્યો; વિદ્યાચતુર ઉપર પક્ષપાત દેખાય નહીં માટે તેની પૂંઠ કરી તેને ન દેખતો હોય તેમ ઊભો, સુંદરગૌરીના સામું જોયું નહી; અને ઘરની અવ્યવસ્થા બાબત પોતે જેટલું સૂતાંસૂતાં જોયા કર્યું હતું અને જેટલાં-જેટલાં જેનાં અપલક્ષણ હતાં તે તે તેમને ધમકાવી-ધમકાવી કહી બતાવ્યાં અને ગાળો ઉપર ગાળો દીધી. આખરે સુંદરગૌરીને ગુણસુંદરીની તપાસ રાખવા ગજારમાં મોકલી દીધી અને ચંડિકાને તથા પોતાની બે દીકરીઓને લાકડી ઉગામી ઘર બહાર કાઢી મૂકી સાંકળ દઈ, ગાનચતુરને હુકમ કર્યો, 'આપણે સૌને સારુ જમવાનું તૈયાર કર - રાંડોને તો આમ જ ઘટે.' વિદ્યાચતુર નાનપણમાંથી પરદેશ રહેલો એટલે પિતાનું આવું ઉગ્ર સ્વરૂપ જોવાનો વારો તેને આજે જ આવ્યો, અને આશ્ચર્યથી આભો બની, હડપચીએ હાથ દઈ, શું કરવું કે કહેવું તે ન સૂઝવાથી દિઙ્મૂઢ જેવો બની પોતે ઊભો હતો ત્યાં ને ત્યાં જ ઊભો રહ્યો. બહાર લોકો ભરાઈ ગયા અને બારણાં હમમચાવી મૂક્યાં. નાટક વધી ગયું જોઈ, ડોસો હાથમાં નથી એવું સમજી, આખરે ડોશી દેવમંદિર છોડી પાછાં બહાર આવ્યાં. આંસુ લોહી નાખ્યાં. મહાદેવના ગુણ તપોધન જાણે તેમ ડોસાનો સ્વભાવ વર્તી જનારી ડોશીને પોતાનો ભાવ બદલવો પડ્યો. ધર્મ અને આચાર ઉભયને ઠેકાણે વ્યવહારને આગળ કરવામાં આગ્રહ ધરનાર પતિનો સ્વભાવ છે અને એ સ્વભાવ સમુદ્રનાં મોજાં પેઠે અત્યારે ઉછાળા મારી રહ્યો છે, તેના સામા થવા કરતાં. તેને વશ થવાથી તેના હેલારાનું બળ ઓછું લાગશે એ ભાન ડોશીને આવ્યું. એ ભાન આવવાની સાથે ડોશીની સ્વાભાવિક બુદ્ધિ સ્વચ્છ બની, ડોસાના વચનમાં સત્ય હતું તે સમજાયું. ઘરની અવ્યવસ્થા દૃષ્ટિ આગળ તરવા લાગી, તેનો ઉપાય પોતાના જ હાથમાં આવે એવો હતો તેને લીધો, હૃદયને શાંત કર્યું, મુખ ગંભીર કર્યું, કુટુંબનું હિત જાળવવું એ પણ એક ધર્મ છે એવો વિચાર થયો, એ ધર્મ સાચવવાથી ઘણા જીવને સુખ થાય છે એ દેખાયું, ઘણા જીવનું કલ્યાણ થાય એવા ધર્મને સર્વ ધર્મથી મોટો કેમ ન ગણવો એવો પ્રશ્ન મનમાં ઊભો થયો, સર્વ સૃષ્ટિ જેને વહાલી છે અને સૌ સૃષ્ટિના સુખને ભરનાર વિશ્વંભર તેને એ જ ધર્મ સૌથી વહાલો હોવો જોઈએ એવી શ્રદ્ધા ઉત્પન્ન થઈ, શ્રદ્ધા થતાં તે ધર્મમાં પ્રવૃત્તિ થઈ, અને એ ધર્મની ઉત્સાહી ડોશી દેવનું દુઃખ ભૂલી પતિદેવ ભણી ચાલી. ઘરની અવ્યવસ્થા, પતિનાં વચન, ઘરબહાર જામી જતો ફજેતીનો ખેલ, અને કુટુંબના સર્વમંડળનું દુઃખ આ સર્વ સરોવરમાંથી નીકળતી કુટુંબવત્સલતાના પવિત્ર પ્રવાહમાં ડોશીની બુદ્ધિ નાહવા લાગી, અને નદી સમુદ્ર પાસે જતાં પાતાનો પટ વધારે વધારે પહોળો કરે તેમ પતિની પાસેજતી જતી અને પતિની ઇચ્છા જાણી

વળતી ડોશી પોતાના અંતઃકરણને વધારે વધારે ઉદાર કરવા લાગી. તેનામાં થયેલો ફેરફાર તેને આવતી જોતા જ તેનો પતિ સમજી ગયો. ડોસાના મનનો અર્થ મનમાં સિદ્ધ થયો જણાયો. ડોશી નાનપણથી ધર્મસંસ્કારનું બંધન પામી હતી. પુરુષો કરતાં સ્ત્રીજાતિમાં કેટલાક ગુણ વધારે વિકાસ પામે છે, અને પુરુષો કરતાં તેમની બુદ્ધિ - તેમનાં શરીર પેઠે - વહેલી પક્વ થાય છે, તેનું ધર્મલક્ષ્મી એક દષ્ટાંત હતું. છેક નાનપણમાંથી તેના હૃદય ઉપર જે જે સંસ્કાર પડતા તે તરત જ એ ગ્રહી લેતી. એના બાપ ધર્માંધ હતા અને તેના ઘરમાંથી ધર્મના સંસ્કાર ધર્મલક્ષ્મી પર કુમળી વયમાંથી જ વજ્રલેપ થયા હતા. એનું દસેક વર્ષનું વય હતું ત્યારે તો શેરીની સર્વ કન્યાઓમાં ધર્મલક્ષ્મી જેવું કોઈ ધર્મિષ્ઠ ગણાતું ન હતું. એનામાં સારી બુદ્ધિ છતાં આ ધર્મ સંસ્કાર જડ થાત અને એ છેક ધર્માંધ બનત તો તેના ઘર પ્રમાણે કાંઈ નવાઈ ન હતી. પણ માનચતુરના ઘરમાં ગયા પછી એને, માનચતુરને દેશપરદેશ નોકરીમાં આથડવું પડતું, તેની સાથે ફરવાનું થતું અને પરદેશમાં ધર્મલક્ષ્મીના સંસ્કાર સાચવવા કઠણ હતા, તેમાં વળી માનચતુરનો સ્વભાવ ઉગ્ર હતો એટલે ગૃહિણીને વખત જોઈ ગીત ગાવાં પડતાં હતાં. આ પતિનો સ્વભાવ વેઠવો એ તરવારની ધાર ઉપર ચાલવા જેવું હતું, અને કન્યાવયમાંથી જ ઈશ્વરે સૂક્ષ્મ બુદ્ધિ આપી ન હોત તો ધર્મલક્ષ્મીનો પતિ સાથે એકરાગ થાત જ નહીં. લોક એવું કહેતા કે 'આવા માનચતુરનો મિજાજ ધર્મલક્ષ્મી જ જાળવે - બીજી હોય તો એના ઘરમાં પળવાર પણ ટકવા ન પામે.' ધર્મિષ્ઠ છતાં ધર્માંધ ન બની, દુર્વાસા જેવા પતિના ઘરમાં વૃદ્ધાવસ્થા પર્યંત રહી શકી, અગ્નિ જેવા પતિની પ્રીતિ મેળવી છેવટ સુધી સાચવી શકી અને તેના ઉપર પોતે પ્રીતિ રાખી શકી, અને વળી તે સર્વ સાથે પોતાના ધર્મસંસ્કાર છેવટ સુધી જાળવી રહી; આ સર્વ અદ્ભુત પરિણામ ધર્મલક્ષ્મીની શુદ્ધ વત્સલતા, પૃથ્વી જેવી ક્ષમા, વિષ્ણુ જેવી શાંતિ, સૂક્ષ્મ બુદ્ધિ અને ઊંચી કુલીનતાઃ તે સર્વનું દુર્લભ ફળ હતું. એ સર્વ ગુણોનો આ પ્રસંગે આવિર્ભાવ થતો વિદ્યાચતુરે આજ પ્રથમ જ જોયો અને જોતાંજોતાં આ ગુણવાળી માતાથી પોતાનો જન્મ છે એ વિચારથી એનું હૃદય ગર્વ વડે ફૂલવા લાગ્યું.

ડોસો ક્રોધથી રાતો થયો હતો અને તેના અવયવમાત્ર કંપતા હતા. તેની આંખમાં લોહી તરી આવ્યું અને કપાળે ભ્રૂકુટી ચડી આવી. જાણે નરસિંહાવતાર પ્રગટ થયો. દેવને થયેલા અપમાનની ડોશીને તીવ્ર વેદના થતી હતી એટલે બળાત્કાર કરતાં પણ તેના મુખ પર સ્મિત તો ન ફરકી શક્યું, પણ એ પોતાની વેદના ઢાંકી શકી અને પતિનો ક્રોધ શમાવવા ચાલી. તેનું શરીર વૃદ્ધ પણ બાંધી દડી જેવું હતું. ધીમાં પણ સ્થિર પગલાં ભરી, ગંભીર આકાર ધરી, તે પતિ પાસે આવી. તેનું વૃદ્ધ હૃદય ધડકતું દેખાતું હતું. દાંતના આધાર વગરના ગાલ અંતરના વિકારથી ભરાતા લાગ્યા દેખાયા, જુવાનીના તેજ વિનાની પણ બુદ્ધિની તીવ્રતાએ અંદરથી ચળકતી આંખ ઉપર પાણીનું પડ બંધાયું, અને નિષ્કલંક ધોળા કેશ નીચે કેશ જેવી જ વાંકીચૂંકી કરચલીઓ ભરેલા ગોરા કપાળ ઉપર પરસેવો વળ્યો. તેણે સૌભાગ્યચિહ્નનું કુંકુમ ભીનું કરવા માંડ્યું. 'હા, હું તમારો ભાવાર્થ સમજી. હું શું કરું? મારો સ્વાભાવ છે તે દેવસેવામાં ચિત્ત પરોવાય છે ત્યારે ઘરસેવા પર રહેતું નથી. મારો હું વાંક કબૂલ કરું છું. પણ આટલો બધો કોપ ન ઘટે - ત્રણ જણીઓને બહાર કાઢી તે ઢેડ ફજેતી થાય છે ને લોક બારણે ભરાયા છે.' ડોસી ધીમેધીમે ચાલી અને બારણાં ઉઘાડી ત્રણેને ઘરમાં બોલાવી લીધી. ડોસો દ્વાર ભણી જોઈ રહ્યો, ગયો, અને લોકોને ધમકાવી કાઢી, બારણાં બંધ કરી, પાછો આવ્યો.

'જા, દેવને પાણીની ગોળીમાંથી કાઢી લે. આજ તો ગોળીમાં નાંખ્યા, પણ હવે ભૂખે મારીશ તો કૂવામાં નાખીશ.' ડોસો વિકરાળ અને રાતીચોળ આંખ કરી બોલ્યો. અને ક્રોધને શમતાંશમતાં કલાક લાગતો હતો. ડોશી બિચારી પાણીભરેલી ગોળીમાં હાથ ઘાલી દેવને લઈ આવી - બીજાં બધામાંથી કોઈને ડોશીનું એટલું કામ કરવું ન સૂઝ્યું. દેવને દેરાસરમાં લઈ જઈ, અશ્રુપાત

કરતાંકરતાં છાતીસરખા ચાંપી, પાછા પાલખા પર પધરાવી, ઘરકામમાં વળગી અને આજથી ધર્મલક્ષ્મીની દેખરેખ નીચે આ ઘરનો સંસાર પાછો ઠેકાણે આવી રસ્તે પડ્યો દેખાયો. પણ દેવને અપવિત્ર સ્થળે નાંખ્યા તે વાતનો ડંખ ડોશીના દિલમાંથી મરણ સુધી ગયો નહીં.

## 5.4 કૃતિનો સારાંશ

'માનચતુર' નવલકથાખંડનું વાચન તમે કર્યું. હવે આપણે એના મુખ્યમુખ્ય મુદ્દાઓના કથાનકના સારાંશ રૂપે ફરી સ્મરણમાં લઈ લઈએ -

જ્યારે ગુણસુંદરી સુવાવડમાં ખાટલે પડી ત્યારે એની ગેરહાજરીમાં કુટુંબનાં બાકીનાં સભ્યોએ પોતપોતાનું કામ ઉપાડી તો લીધું પણ ધીમેધીમે દરેકના કામમાં શિથિલતા અને બેજવાબદારી આવવા માંડી. કુટુંબના દરેક માણસને પોતાની બાબતમાં કંઈક કંઈક અગવડ અનુભવાવા માંડી. માનચતુરને એનું ઔષધ સમયસર મળતું બંધ થયું. સુવાવડીની સારસંભાળ ઓછી થતી ગઈ. ઘરમાં ઠેકઠેકાણે કચરો જમા થવા માંડ્યો.

એક દિવસ બપોર થવા છતાં ઘરનાં સૌ સભ્યો માટે સ્ત્રીવર્ગે રસોઈ તૈયાર કરી નહીં. એટલું જ નહિ સ્ત્રીમંડળનાં ચંચળ, ચંડિકા જેવાં સભ્યો હીંચકે બેસીને ગપાટા મારતાં હતાં અને ધર્મલક્ષ્મી દેવસેવાની તૈયારી કરતી હતી. ઘરની આવી અસ્તવ્યસ્ત સ્થિતિ જોઈને ક્રોધિત બનેલા માનચતુરે ડોશીના દેવને પાણીના ગોળામાં પધરાવી દીધા. ડોશીનું ધ્યાન એ વખતે બીજી તરફ હતું. દેવસેવામાં દીવો પ્રગટાવી એણે જોયું તો પાલખામાં દેવ ના મળે. એણે સોને બૂમ મારી આ અંગે પૂછ્યું ત્યારે સૌએ ટોળે મળીને જાતજાતના વિકલ્પો સૂચવ્યા.

આખીયે ઘટનાથી અજાણ હોવાનો દેખાવ કરતો માનચતુર ત્યાં આવ્યો અને બપોર થવા છતાં કોઈને ઘરનાં સૌ સભ્યોને જમાડવાની ચિંતા નથી એમ કહી સ્ત્રીમંડળ ઉપર ગુસ્સે થયો અને પોતાની બે દીકરીઓ તથા મોટી વહુને ઘર બહાર ધકેલી દીકરા ગાનચતુરને સૌને ખાવા આપવા માટે કહ્યું.

ધર્મલક્ષ્મી માનચતુરના ગુસ્સાનું કારણ સમજી ગઈ. પોતાના વગર ગૃહયંત્રનાં સર્વ ચક્ર હવે ચાલે એમ નથી અને પોતે તો ખટકર્મમાં પડેલી તેથી જ પોતાના પતિએ પોતાને પાઠ ભણાવવા દેવને ક્યાંક ગુમ કરી દીધા છે એ એને સમજાયું. અને એ સમજાતાં હવે એ દેવને બદલે પતિદેવને રીઝવવા તરફ વળી. ધર્મલક્ષ્મીને હવે સમજાયું કે કુટુંબનું હિત જાળવવું એ પણ એક ધર્મ છે. એ ધર્મ સાચવવાથી ઘણા જીવોને સુખ થાય છે અને ઘણા જીવનું કલ્યાણ થાય એ ધર્મ સૌથી મોટો છે. પોતાની આ ભૂલનો પસ્તાવો કરતી એણે બારણાં ઉઘાડી બે દીકરી અને વહુને ઘરમાં બોલાવી લીધી. તમાશો જોવા માટે એકઠાં થયેલાં લાકોને ધમકાવીને માનચતુરે કાઢી મૂક્યાં અને ધર્મલક્ષ્મીને કહ્યુંઃ 'જા, દેવને પાણીની ગોળીમાંથી બહાર કાઢી લે. આજ તો ગોળીમાં નાખ્યા, પણ હવે ભૂખે મારીશ તો કૂવામાં નાખીશ.' ધર્મલક્ષ્મીએ દેવની આ સ્થિતિ કરનાર પતિ વતી ભગવાન પાસે માફી માગી પાણી ભરેલી ગોળીમાંથી દેવને બહાર કાઢી પાલખામાં પધરાવ્યા અને ઘરકામમાં વળગી. આમ, ધર્મલક્ષ્મીની દેખરેખ નીચે આ ઘરનો વ્યવહાર પાછો ઠેકાણે આવ્યો.

## 5.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

પ્રસ્તુત નવલકથાખંડને આપણે ક્રિયાત્મક સઘન અધ્યયન માટે ચાર ભાગમાં વહેંચીશુંઃ

1. ગુણસુંદરી સુવાવડને ખાટલે પડી એને કારણે શિથિલ થયેલા ગૃહસંસારનું માનચતુરે કરેલું દર્શન

2. માનચતુર - ધર્મલક્ષ્મીની સ્વભાવભિન્નતા

3. શિથિલ ઘરસંસાર થવાનું કારણ શોધી એને ઠેકાણે લાવવા માટે માનચતુરે યોજેલ ઉપાય

4. પરિણામ

**(1)** ગુણસુંદરી સુવાવડમાં ખાટલાવશ રહી એ સમયે સૌએ પોતપોતાનું કામ જાતે કરવાનો વખત આવ્યો. પહેલાં તો સૌનાં કામ ઉપર ગુણસુંદરીની દેખરેખ રહેતી હતી અને વખત આવ્યે ઘણું કામ એ જાતે પણ ઉપાડી લેતી હતી એને બદલે હવે સૌએ કોઈની દેખરેખ વિના બધું કામ કરવાનું ઊભું થયું. બેચાર દિવસ તો કામ ઠીક ચાલ્યું પણ પછી ધીમેધીમે ગૃહસંસારનાં બધાં ચક્ર શિથિલ થવા માંડ્યાં અને ગુણસુંદરીની ખોટ દરેક ઠેકાણે અનુભવાવા માંડી.

ઘરમાં પ્રવર્તતી આ અવ્યવસ્થા તરફ સૌ પહેલું ધ્યાન માનચતુરનું ગયું. એની સામાન્ય સંજોગોમાં થતી સરભરા ધીમેધીમે ઓછી થવા માંડી. ઘરના કામમાં વાદ થવા લાગ્યા. સુવાવડીની સંભાળ ઓછી લેવાતી થઈ. સૌનું કામ તે કોઈનું નહીં - એ નાતે સૌ પોતાના કામમાં બેજવાબદાર બનવા માંડ્યાં.

એક દિવસ બપોર સુધી માનચતુરને એનું ઔષધ મળ્યું નહીં એટલે આકળા થયેલા એણે ઘરનાં બધાં શું કરે છે એ જોવા ઘરમાં ફરવા માંડ્યું તો -

- વિદ્યાચતુર બહારથી આવીને ભૂખથી બેચેન થઈ પોતાની મેડીમાં સૂતો હતો. એના પલંગ પર માંકણની હાર હતી, ચાદર મેલી થઈ ગઈ હતી અને મેડીમાં વાસીદાનો કચરો એકઠો થયો હતો.
- દુઃખબા રસોઈ માટે નાહી હતી, રસોઈ તૈયાર જેવી હતી, પણ શાક સમાર્યા વિના પડ્યું હતું અને સામું જોઈ દુઃખબા બેસી રહેલી હતી.
- મેડી ઉપર ગાનચતુર ગાતો હતો.
- નીચે ચંડિકા હીંચકા ઉપર સૂતી હતી. તેની સાથે સાવરણી લઈ ચંચળ વાતો કરતી હતી.
- સુંદર એકલીએકલી એક બાજુ સુવાવડી ગુણસુંદરીનું ઔષધ તૈયાર કરતી હતી અને બીજી બાજુ ઘોડિયામાંના બાળકની સંભાળ રાખતી હતી.
- ગુણસુંદરીને ભૂખ લાગી હતી પણ ખાવાનું તૈયાર ન થયું હોવાને કારણે ભૂખે પેટ દાબી પથારીમાં પડી હતી.
- અગાશીમાં છોકરાં ધક્કામુક્કી કરતાં હતાં.
- પાણી ભરવા ગયેલો ઘરનો નોકર કૂવા ઉપર કોઈ સાથે ગપાટા મારતો હતો.
- ધર્મલક્ષ્મી દેવસેવાની તૈયારીમાં પડ્યાં હતાં.

ગુણસુંદરીની, ગેરહાજરીમાં પોતાના ઘરની આવી અવ્યવસ્થા નિહાળી ગુસ્સે થયેલા માનચતુરે નાહ્યા વગર દેરાસરના પાલખાને અડકીને બધા દેવ ઉપાડી લીધા અને ઘરના ટાંકામાં એને પધરાવવાનો વિચાર કર્યો, પણ કંઈક વધારે શાંત થવાથી તેમાં ન નાંખતાં પાણી પીવાની ગોળીમાં બધા દેવને નાખી દઈ છાનોમાનો પોતાને ઠેકાણે જઈ સૂઈ ગયો, અને દેવ ગુમ થવાને કારણે ઘરમાં હવે શો તાલ થાય છે તે જોવા લાગ્યો.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ક):</u>**

1. ગુણસુંદરીની સુવાવડ દરમિયાન ઘરની અવ્યવસ્થા તરફ સૌથી પહેલું કોનું ધ્યાન ગયું?
2. એક પ્રસંગે માનચતુરે પોતાના ઘરનાં સૌ સભ્યોનું કેવું વર્તન નિહાળ્યું?

3. પોતાના ઘરમાં સરજાયેલી અવ્યવસ્થાની અસર માનચતુરના ચિત્ત પર કેવી થઈ?

4. ઘરની અવ્યવસ્થા દૂર કરવા માનચતુરે કયો ઉપાય અજમાવ્યો?

**(2)** માનચતુર અને ધર્મલક્ષ્મીના સ્વભાવમાં ઘણી જાતનો ફેર હતો. માનચતુર નાનપણથી બુદ્ધિશાળી હતો. જે કામ હાથમાં લે એ ત્વરાથી પૂરું કરવાની એને ટેવ હતી. કામ કરતી વખતે કોઈપણ પ્રકારની હરકત ઊભી થતી તો એને કોઈપણ રીતે દૂર કરવાની એનામાં આવડત હતી. એનો સ્વભાવ નાસ્તિક નહોતો, કામમાં હરકત ન થાય ત્યાં સુધી ધર્મ અને નીતિ તે સાચવતો પણ ખરો, પણ પ્રસંગ પડ્યે એ કશાને ગાંઠતો નહીં.

બીજી બાજુ ધર્મલક્ષ્મી ધર્મ ઉપર અત્યંત આસ્થાવાળી હતી. ઊઠે ત્યાંથી સૂતાં સૂધી ડગલે ડગલે ધર્મના નિયમ જાળવતી. ગામની અને જ્ઞાતિની સ્ત્રીઓ લોકાચારનો પ્રશ્ન લઈ ધર્મલક્ષ્મી પાસે આવતી; તેમને ઉત્તર દેતી વખતે ડોશી જૂના કાળનાં કંઈકંઈ દૃષ્ટાંત કાઢી સામાના મનમાં બેસી જાય એવા માર્ગ બતાવતી. જ્ઞાતિના 'બૈરકશાસ્ત્ર'માં એની પ્રતિષ્ઠા હતી. માનચતુરને એનો ગર્વ પણ હતો. પણ આવી સ્ત્રીના વહેમ હદ કરતાં વધારે થાય નહીં એ બાબતમાં માનચતુર સજાગ રહેતો. ધર્મલક્ષ્મીની ધર્મબુદ્ધિ ધર્મજડ ના બને ત્યાં સુધી માનચતુરને વાંધો નહોતો. પણ જો એનો એવો સ્વભાવ ક્યાંક હરકતરૂપ બનતો તો એ હરકતને એ કોઈપણ રીતે દૂર કરીને જ જંપતો.

ગુણસુંદરીની સુવાવડના સમય દરમિયાન આ ઘરની અવ્યવસ્થા એણે જ્યારે જોઈ ત્યારે એને પદાર્થપાઠ ભણાવવા એના દેવને પાણીની ગોળીમાં પધરાવી દીધા.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ખ):</u>**

1. માનચતુરનો સ્વભાવ કેવો હતો? માણસો પાસેથી એ ધાર્યું કામ કેવી રીતે લેતો?

2. ધર્મલક્ષ્મીનો સ્વભાવ કેવો હતો? માનચતુર એના ધર્મચુસ્ત સ્વભાવને કેવી રીતે વશમાં રાખતો?

3. માનચતુર અને ધર્મલક્ષ્મીની સ્વભાવભિન્નતા આલેખો.

**(3)** ગુણસુંદરીની સુવાવડમાં પોતાના ઘરના તંત્રની અવ્યવસ્થા માનચતુરે જાતે નિહાળી. ધર્મલક્ષ્મી હવે એ તંત્રની વ્યવસ્થા એના હાથમાં નહીં લે ત્યાં સુધી ઘરનું સુકાન ઠેકાણે આવવાનું નથી એ એને સમજાયું હતું. પણ ધર્મલક્ષ્મી તો પોતાના ખટકર્મમાં પડેલી હતી. એને તો જીવતા દેવ કરતાં દેવસેવાના દેવની જ વધારે ફિકર હતી. આવી ધર્મલક્ષ્મી હવે કોઈ જલદ ઉપાય વગર ઘરતંત્રની વ્યવસ્થા જાળવવાની એની જવાબદારીઓને સમજશે નહીં એટલે માનચતુરે ધર્મલક્ષ્મી જ્યારે દેવસેવાની તૈયારી કરતી હતી અને એનું ધ્યાન બીજી તરફ હતું ત્યારે વગર નહાયેલા એણે દેવના પાલખામાંથી દેવને ઉપાડીને પાણીની ગોળીમાં પધરાવી દીધા અને પોતાના ઓરડામાં જઈને પોતાના આ કાર્યનું શું પરિણામ આવે છે એ જોવા નિરાંતે બેઠો.

થોડીક વાર પછી માનચતુરે જોયું તો ધર્મલક્ષ્મીના દેવ અચાનક પાલખામાંથી ગાયબ થવાને કારણે ઘરનાં સૌ સભ્યો વિમાસણમાં પડ્યાં હતાં. સુંદર અને ગુણસુંદરી સિવાયનાં સૌ કુટુંબસભ્યો ધર્મલક્ષ્મીની આજુબાજુ આવીને અચિંત્યા દેવ પાલખામાંથી ક્યાં ગુમ થયા એ અંગે પોતાને સૂઝ્યાં એવાં અનુમાનો કરવા લાગ્યાં હતાં. એમની વાતોનો શોરબકોર સાંભળી અજાણ્યો થઈને આંખો ચોળતો-ચોળતો માનચતુર પોતાની ઓરડીમાંથી બહાર આવ્યો અને કોઈની પાસેથી પૂરી વાત સાંભળ્યા વગર સૌ ઉપર ગુસ્સો કરવા લાગ્યો. ભોજનનો સમય વીતી જવા છતાં સ્ત્રીમંડળનાં કોઈ સભ્યો ઘરનાં બાકીનાં સભ્યોને જમવા બોલાવતાં નથી એ અંગેનો

ઠપકો આપવા માંડ્યો. વિદ્યાચતુરે જ્યારે કહ્યું કે ધર્મલક્ષ્મીના દેવ પાલખામાંથી અચિંત્યા ગુમ થઈ ગયા છે. ત્યારે ધર્મલક્ષ્મી સાંભળે એમ વિદ્યાચતુરને કહ્યું: ‘દેવ એના જડવાના હશે તો જડશે ને નહીં જડવાના હોય તો નહીં જડે. પણ આ બધા જીવતા પરમાત્માના પેટની ચિંતા-ફિકર હોય કે નહીં? એની ચિંતા ન રાખે એની ઉપર તો દેવ ન કોપતા હોય તોપણ કોપે અને દેરાસર વાસેલું હોય તેમાંથી અદૃશ્ય થાય તો ઉઘાડા પાલખાનું શું પૂછવું? ચાલ, દુઃખબા, અમને જમાડ તરત. એને તો દેવ જડશે ત્યાં સુધી લાંઘણો કરવી પડશે.’

ધર્મલક્ષ્મીને પતિનાં આવાં નાસ્તિક વચન સાંભળીને ખૂબ દુઃખ થયું. પોતાના તરફના ઉપાલંભનું એ દુઃખ નહોતું પણ ઈષ્ટદેવનો આવો તિરસ્કાર પતિને ક્યાંક કોઈ મુશ્કેલીમાં ન મૂકી દે એની ચિંતામાંથી જન્મેલું એ દુઃખ હતું. અને એટલે તો દેવ સમક્ષ કરગરતી એ બોલી ઊઠી, ‘મહારાજ, ક્ષમા કરો, એમના કર્યા સામું જોશો નહીં. એમનું પાપ મને આપજો ને મારું પુણ્ય એમને જજો.’ પોતાની બે દીકરીઓ અને મોટી વહુને સંબોધીને કહ્યું કે એમના લીધે પોતાને આવાં વચન સાંભળવાનો વખત આવ્યો. બાકી ગુણસુંદરી ઘર સંભાળતી હતી ત્યારે ઘરને કારણે દેવસેવા સંબંધે માનચતુરનો ઠપકો સાંભળવો પડ્યો નહોતો. ત્યાર પછી એણે સૌને જમાડવાનું કહ્યું. માનચતુરે જ્યારે જોયું કે હજુ પણ ડોશીને પોતાનો ધર્મ સમજાયો નથી, હજી પણ એ તો પોતાની દેવની સેવાના વિચારમાં જ વધારે વ્યસ્ત છે ત્યારે એનો ગુસ્સો વધુ તીવ્ર બન્યો. એણે પોતાની બે દીકરી અને મોટી વહુને ઘર બહાર ધકેલી દીધાં અને ઘરનું બારણું બંધ કરી દીધું. ગાનચતુરને હુકમ કર્યો: ‘આપણે સૌને સારુ જમવાનું તૈયાર કર. રાંડોને તો આમ જ ઘટે.’ વિદ્યાચતુર પરદેશમાં વધારે રહ્યા હોઈ પિતાનું આવું રૌદ્ર રૂપ એણે ક્યારેય જોયું નહોતું. પિતાના ગુસ્સાને નાથવા શું કરવું એ એને સમજાયું નહીં. પણ પતિનો ગુસ્સો ચરમસીમાએ પહોંચેલો જોઈ ધર્મલક્ષ્મી દેવમંદિર છોડી બહાર આવી.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ગ):</u>**

1. ધર્મલક્ષ્મીના દેવને માનચતુરે ક્યાં ગુમ કર્યા? શા માટે?
2. દેવસેવામાં દેવ ન જણાતાં ધર્મલક્ષ્મી અને ઘરનાં સભ્યોની કેવી પ્રતિક્રિયા થઈ?
3. ધર્મલક્ષ્મીના દેવ ચોરાયાનું જાણી માનચતુરે વિદ્યાચતુરને શું કહ્યું?
4. માનચતુરનો જવાબ સાંભળી ધર્મલક્ષ્મીને શું થયું? શા માટે?
5. ધર્મલક્ષ્મીએ પોતાની બે દીકરીઓ અને મોટી વહુ ચંડિકાને શું કહ્યું ?
6. માનચતુરે દુઃખબા, ચંચળ, ચંડિકાને ઘરબહાર કેમ ધકેલી દીધાં? એનું પરિણામ શું આવ્યું?

**(4)** માનચતુરનો ગુસ્સો હદ બહાર વધી ગયો. એણે દુઃખબા, ચંચળ અને મોટી વહુ ચંદ્રિકાને ઘર બહાર ધકેલી ઘરનું બારણું બંધ કરી દીધું ત્યારે ‘તમાશાને તેડું નહીં’ એમ બહાર લોકો એકઠા થઈ બારણાં હચમચાવવા માંડ્યાં. ધર્મલક્ષ્મીએ જોયું કે નાટક ખૂબ જ વધી ગયું છે અને ડોસો હવે કોઈનાય હાથમાં નથી એટલે આખરે એ દેવમંદિર છોડી બહાર આવી. આંસુ લૂછી નાંખ્યાં. મહાદેવના ગુણની એના પૂજારીને જ સૌથી વધુ ખબર હોય એમ પોતાના પતિના સ્વભાવને પરખી ધર્મલક્ષ્મીએ પોતાનો સ્વભાવ બદલ્યો. ધર્મ અને આચાર કરતાં વ્યવહાર મુખ્ય ગણનાર પતિના વિચારને પામીને ડોશીની ધર્મબુદ્ધી સ્વચ્છ બની. માનચતુરની વિચારસરણીમાં રહેલા સત્યને એ સમજી શકી. ઘરની અવ્યવસ્થા એની નજર સામે તરવરવા લાગી. એનો ઉપાય પોતાના જ હાથમાં છે એ પણ એણે અનુભવ્યું. કુટુંબનું હિત જાળવવું એ પણ એક ધર્મ છે અને એ ધર્મ જાળવવાથી ઘણા જીવને સુખ થાય એ દેખાયું. અને ઘણા જીવનું કલ્યાણ થાય એ ધર્મ

સહુથી મોટો ધર્મ એમ સમજાવાને કારણે ડોશી દેવનું દુઃખ ભૂલી પતિદેવ ભણી વળી. માનચતુરે ડોશીમાં થયેલો આ ફેરફાર અનુભવ્યો. પોતાનો હેતુ સિદ્ધ થયેલો જાણ્યો. પોતે યોજેલું ઔષધ યોથોચિત ગુણકર નીવડ્યાનું જાણી એણે સંતોષ અનુભવ્યો. ધર્મલક્ષ્મીએ ત્રણેને ઘરમાં બોલાવી લીધી અને માનચતુરે બહાર તમાશો જોવા એકઠા થયેલા લોકોને ધમકાવીને કાઢી મૂક્યાં. અને વિકરાળ રાતીચોળ આંખ કરી ધર્મલક્ષ્મીને કહ્યુંઃ 'જા દેવને પાણીની ગોળીમાંથી કાઢી લે. આજ તો ગોળીમાં નાખ્યા, પણ હવે ભૂખે મારીશ તો કૂવામાં નાખીશ.' ડોશીએ બિચારીએ પાણી ભરેલી ગોળીમાં હાથ નાખી દેવને બહાર કાઢ્યા. અશ્રુપાત કરતાં-કરતાં પાછા પાલખામાં પધરાવ્યા અને ઘરકામમાં વળગી.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ઘ):</u>**

1. માનચતુરનો ગુસ્સો વધી ગયેલો જોઈ એની અસર ધર્મલક્ષ્મી ઉપર કેવી થઈ?
2. ધર્મલક્ષ્મીને સમજાયેલો સાચો ધર્મ કયો હતો?
3. ધર્મલક્ષ્મીના દેવ ક્યાંથી મળ્યા?
4. પ્રસ્તુત નવલકથાખંડમાંથી ઊપસતું માનચતુર અને ધર્મલક્ષ્મીનું દામ્પત્યચિત્ર તમારા શબ્દોમાં વર્ણવો.
5. નવલકથાખંડના શીર્ષકનું ઔચિત્ય ચકાસો.

## 5.6 વસ્તુલક્ષી કસોટી

**<u>તમારી પ્રગતિ ચકાસો (ચ):</u>**

**(ક)** નીચેનાં વિધાનો સાચાં છે કે ખોટાં તે જે તે વિધાનને અંતે આપેલ ખાનામાં ખરા વિધાન માટે (✓) અને ખોટા વિધાન માટે (✗)ની નિશાની કરી જણાવોઃ

1. ગુણસુંદરીને ટી.બી. થયો હોવાથી તે ખાટલાવશ હતી. ☐
2. ધર્મલક્ષ્મીની માંદગીને કારણે ગૃહયંત્રના સર્વ ચક્રો શિથિલ થયાં હતાં. ☐
3. ગુણસુંદરીની ગેરહાજરીમાં સૌ માનચતુરનું ધ્યાન રાખતાં અને માનચતુર એથી ખૂબ જ ખુશ હતા. ☐
4. દેવસેવામાંથી દેવ ખોવાવાને કારણે ધર્મલક્ષ્મી ખૂબ જ દુઃખી થઈ હતી. ☐
5. માનચતુરે ધર્મલક્ષ્મીના દેવને કૂવામાં નાખી દીધા. ☐

**(ખ)** વાર્તાનાં જુદાંજુદાં પાત્રો દ્વારા બોલાયેલાં કેટલાંક વાક્યો નીચે આપ્યાં છે. દરેક વાક્યની નીચે ત્રણ પાત્રોનાં નામ તથા દરેકની આગળ એક ખાનું આપેલી છે. જે તે વાક્ય કોણ બોલે છે તે નક્કી કરી પાત્રની આગળના ખાનામાં (✓)ની નિશાની કરોઃ

1. 'ચંચળ! ચંચળ! આ જો ને મારા દેવ ક્યાં ગયાં?'

   માનચતુર ☐ ચંડિકા ☐ ધર્મલક્ષ્મી ☐

2. 'નાની વહુ ઘરમાં હરતી-ફરતી હોય તો મારે આ વખત ન આવે!'

   સુંદર ☐ ચંડિકા ☐ ધર્મલક્ષ્મી ☐

3. 'આ શું તોફાન માંડ્યું છે? ઘરમાં ન કોઈને ખાવાની ને ન કોઈને ખવરાવવાની ચિંતા.'

   વિદ્યાચતુર ☐ માનચતુર ☐ ધર્મલક્ષ્મી ☐

4. 'બળ્યું આ પેટ ને બળ્યા આ ધોળા વાળ! પેટે દેવની નિંદા કરાવી ને ધોળા વાળે પણ દેવનું સ્મરણ ન કરાવ્યું!'

ધર્મલક્ષ્મી ☐ માનચતુર ☐ ગાનચતુર ☐

5. 'જા! દેવને પાણીની ગોળીમાંથી કાઢી લે. આજે તો ગોળીમાં નાખ્યા, પણ હવે ભૂખે મારીશ તો કૂવામાં નાખીશ.'

માનચતુર ☐ ગાનચતુર ☐ વિદ્યાચતુર ☐

(ગ) નીચે આપેલાં વિધાનો માટે નીચે આપેલ કારણો પૈકી જે કારણ સાચું હોય તેની આગળના ખાનામાં (✓)ની નિશાની કરોઃ

1. ગુણસુંદરીની સુવાવડના સમયે માનચતુરે ધર્મલક્ષ્મીના દેવને ગોળીમાં નાખ્યા, કારણ કે -

- ઘરનાં સૌ સભ્યોએ એની ઉપેક્ષા કરી હતી. ☐
- ધર્મલક્ષ્મીએ એનું અપમાન કર્યું હતું. ☐
- ધર્મલક્ષ્મીને પાઠ ભણાવવા માગતો હતો. ☐

2. પોતાના ઈષ્ટદેવનો પતિ દ્વારા તિરસ્કાર થવાથી ધર્મલક્ષ્મી દુઃખી થઈ, કારણ કે -

- તેને પોતાના ઈષ્ટદેવ ઉપર પતિ કરતા વધારે પ્રેમ હતો. ☐
- પોતાના ઈષ્ટદેવ પોતાની ઉપર કુપિત થશે એવો એને ડર હતો. ☐
- ઈષ્ટદેવનો તિરસ્કાર પોતાના પતિ ઉપર કોઈ વિપરીત અસર ન કરે તેની એને ચિંતા હતી. ☐

## 5.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

**1.** (ક) માણસ જેમ શરીરની શોભા વધારવા આભૂષણ પહેરે છે એમ સર્જકો પોતાની ભાષાને સુંદર બનાવવા માટે, પોતાના કથનને સચોટ બનાવવા માટે, ભાવની સુંદર અને અસરકારક અભિવ્યક્તિ માટે અલંકાર પ્રયોજતો હોય છે.

'માનચતુર' નવલકથાખંડનું નીચેનું વાક્ય તપાસોઃ

'આ પતિનો સ્વભાવ વેઠવો એ તલવારની ધાર ઉપર ચાલવા જેવું હતું.'

- ઉપર્યુક્ત વાક્યમાં પતિના સ્વભાવની સરખામણી તલવારની ધાર સાથે કરવામાં આવી છે. આ રીતે સરખામણી કરીને વાત થાય ત્યારે **ઉપમા** અલંકાર બને છે.
- ઉપમા અલંકારમાં જેની સરખામણી કરવામાં આવી હોય તેને **ઉપમેય** કહેવાય, જેની સાથે સરખામણી કરવામાં આવી હોય તેને **ઉપમાન** કહેવાય અને જે ગુણલક્ષણને આધારે સરખામણી કરવામાં આવી હોય તેને **સાધારણ ધર્મ** કહેવાય.
- ઉપરના વાક્યમાં 'પતિનો સ્વભાવ' ઉપમેય છે, 'તલવારની ધાર' ઉપમાન છે અને 'તીવ્રતા' સાધારણ ધર્મ છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (છ):</u>**

નીચેનાં વાક્યોમાંથી ઉપમેય, ઉપમાન, સાધારણ ધર્મ શોધો.

1. દુર્વાસા જેવા પતિના ઘરમાં વૃદ્ધાવસ્થા પર્યંત તે રહી શકી

   ઉપમેય....................ઉપમાન................સાધારણ ધર્મ..............

2. આ સર્વ અદ્ભુત પરિણામ ધર્મલક્ષ્મીની શુદ્ધ વત્સલતા, પૃથ્વી જેવી ક્ષમા, વિષ્ણુ જેવી શાંતિ, સૂક્ષ્મ બુદ્ધિ અને ઊંચી કુલીનતાનું દુર્લભ ફળ હતું.

   ઉપમેય...................ઉપમાન.................સાધારણ ધર્મ..............

3. તેનું શરીર વૃદ્ધ પણ બાંધી દડી જેવું હતું.

   ઉપમેય...................ઉપમાન.................સાધારણ ધર્મ..............

**(ખ)** ગુજરાતીમાં એવાં કેટલાંક પદો મળે છે જેમાં બે કે તેથી વધુ પદો ભેગાં મળીને એક એકમ બને છે. આવા પદને **'સમાસ'** કહેવામાં આવે છે. નીચેના શબ્દો જુઓઃ

1. 'હવાપાણી' - આ શબ્દમાં બે પદ છે 'હવા' અને 'પાણી.' આ બંને પદ 'અને'થી છૂટાં પડે છે. આવા 'અને' અથવા 'કે'થી વિગ્રહ પામતા સમાસને દ્વંદ્વ સમાસ કહેવામાં આવે છે.

2. 'દેવસેવા' - આ શબ્દમાં પણ બે પદ છે 'દેવ' અને 'સેવા'. આ બંને પદો વિભક્તિના કોઈ પ્રત્યયથી છૂટાં પડે છે. જેમ કે 'દેવની સેવા'. આવા વિભક્તિથી વિગ્રહ પામતા સમાસને 'તત્પુરુષ સમાસ' તરીકે ઓળખવામાં આવે છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (જ):</u>**

નીચેના સમાસનો વિગ્રહ કરી તે દ્વંદ્વ સમાસ છે કે તત્પુરુષ સમાસ છે તેની ઓળખ આપોઃ

| | | વિગ્રહ | ઓળખ |
|---|---|---|---|
| 1. | મોડુંવહેલું | ....................; | ..................... |
| 2. | લોકાચાર | ....................; | ..................... |
| 3. | ધર્માચાર | ....................; | ..................... |
| 4. | બોલ્યાચાલ્યા | ....................; | ..................... |
| 5. | પ્રસંગવશ | ....................; | ..................... |

(ગ) **1.** ગુજરાતી ભાષામાં એવા કેટલાક શબ્દપ્રયોગો છે જેમાં કોઈ વાર કોઈ અક્ષર એના એ સ્વરૂપે બેવડાય છે. જેમ કે, 'જરીજરી'. આ શબ્દ 'જ' અને 'રી' અક્ષર એના એ સ્વરૂપે બેવડાય છે. આવા શબ્દપ્રયોગને ધ્વનિની દ્વિરુક્તિ કહેવામાં આવે છે.

**2.** એવી જ રીતે કેટલાક શબ્દપ્રયોગોમાં કોઈ અક્ષર એના એ સ્વરૂપે અને કોઈ અક્ષર થોડા ફેરફાર સાથે બેવડાય છે. જેમ કે, 'છાનોમાનો'. આ શબ્દમાંનો 'નો' અક્ષર એના એ સ્વરૂપે બેવડાય છે પણ 'છ' થોડા ફેરફાર સાથે 'મ' બની છાનોમાનો, ધ્વનિની દ્વિરુક્તિનો શબ્દપ્રયોગ બને છે.

**3.** આ જ પ્રમાણે ગુજરાતી ભાષામાં એવા કેટલાક શબ્દપ્રયોગો છે જેમાં શબ્દ એના એ અર્થ સાથે બેવડાય છે. જેમ કે, 'મહિનોમાસ'. આ શબ્દમાં 'મહિનો' શબ્દનો જે અર્થ છે એ જ 'માસ' શબ્દનો પણ છે. આવા પ્રયોગને અર્થની દ્વિરુક્તિવાળો શબ્દપ્રયોગ કહેવાય છે.

ગુજરાતી ભાષાના આવા શબ્દપ્રયોગોને 'દ્વિરુક્ત શબ્દપ્રયોગ' તરીકે ઓળખવામાં આવે છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ઝ):</u>**

નીચે એવા કેટલાક દ્વિરુક્ત શબ્દપ્રયોગો આપ્યા છે જેમાં ધ્વનિ એના એ સ્વરૂપે બેવડાય છે, કે થોડા ફેરફાર સાથે બેવડાય છે અથવા અર્થની દ્વિરુક્તિ છે. આવા પ્રયોગોને જુદા પાડી જણાવો. ધ્વનિ કે અર્થની કઈ દ્વિરુક્તિ છે?

1. હેરોફેરો ....................
2. ધક્કામુક્કી ....................
3. બોલ્યાચાલ્યા ....................
4. ખરેખરી ....................
5. પૂછાંપૂછ ....................
6. શોરબકોર ....................
7. ઉપરાઉપરી ....................
8. શોધાશોધ ....................
9. આસપાસ ....................
10. ચિંતાફિકર ....................
11. હરતીફરતી ....................

**(ઘ) 1.** ઘણીવાર શબ્દની આગળ કોઈ પ્રત્યય લાગે છે અને એ શબ્દથી જુદા પડતાં અર્થવાળો નવો શબ્દ બનાવે છે. જેમ કે, 'પવિત્ર' શબ્દની આગળ 'અ' પ્રત્યય લાગતાં જે શબ્દ તૈયાર થાય છે તે છે 'અપવિત્ર' આ શબ્દનો અર્થ થાય છ. 'પવિત્રથી વિરુદ્ધનું'. આ જ રીતે 'વગરનું' '-થી ઉલટું' જેવા અર્થ આપનાર પ્રત્યયો છે 'અણ', 'અપ' વગેરે.

**2.** જ્યારે કેટલીક વાર શબ્દની પાછળ આવો કોઈ પ્રત્યય લાગે છે અને એ શબ્દથી જુદા પડતા અર્થવાળો નવો શબ્દ બનાવે છે. જેમ કે 'તા' પ્રત્યય 'સુંદર' શબ્દને લાગીને જે શબ્દ બને છે તે છે 'સુંદરતા'.

આમ પ્રત્યયો શબ્દ ઘડતરનું એક શબ્દમાંથી બીજો નવો શબ્દ બનાવવાનું કામ કરે છે. શબ્દની આગળ જે પ્રત્યય લાગે છે તેને 'પૂર્વપ્રત્યય' અને શબ્દની પાછળ જે પ્રત્યય લાગે છે તેને 'પરપ્રત્યય' કહે છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ટ):</u>**

નીચેના શબ્દોમાંથી પૂર્વપ્રત્યય કે પરપ્રત્યય શોધી શબ્દમાંથી પ્રત્યય જુદો પાડીને બતાવો:

| શબ્દો | પ્રત્યય ઓળખાવો | પૂર્વપ્રત્યય કે પરપ્રત્યય |
|---|---|---|
| 1. અદૃશ્ય | ..................; | .................... |
| 2. કુલીનતા | ..................; | .................... |
| 3. અણગમો | ..................; | .................... |
| 4. પ્રવીણતા | ..................; | .................... |

5. અપલક્ષણ ................; ..................

6. અચિંત્યા ................; ..................

7. અવ્યવસ્થા ................; ..................

8. કુટુંબવત્સલતા ................; ..................

9. પવિત્રતા ................; ..................

10. અજ્ઞાન ................; ..................

## 5.8 પુનરવલોકન

**<u>તમારી પ્રગતિ ચકાસો (ઠ):</u>**

પ્રસ્તુત નવલકથાખંડનો વિગતે, સઘન અભ્યાસ કર્યા પછી હવે નીચેના પ્રશ્નોના ઉત્તર આપો:

1. 'માનચતુર'માં આલેખાયેલું કુટુંબચિત્ર તમારા શબ્દોમાં વર્ણવો.
2. 'માનચતુર'માં સંયુક્ત કુટુંબની કઈ સમસ્યાનું નિરૂપણ લેખકે કર્યું છે?
3. માનચતુર તથા ધર્મલક્ષ્મીના પાત્રનો નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને અભ્યાસ કરો:
   - તેમનો બાહ્ય દેખાવ
   - તેમનો સ્વભાવ
   - તેમનું વર્તન
   - તેમની માન્યતા
4. 'દેવસેવા કરતાં માનવસેવા વધુ ઊંચી છે.' - પ્રસ્તુત નવલકથાખંડના સંદર્ભમાં આ વિધાનની સમીક્ષા કરો.

## 5.9 લેખન-પ્રવૃત્તિ

**<u>તમારી પ્રગતિ ચકાસો (ડ)</u>:**

તમારી આસપાસમાં રહેતા સંયુક્ત કુટુંબની કોઈ સમસ્યાનો અભ્યાસ કરી એનું વિગતે નિરૂપણ કરો.

## 5.10 વિશેષ અધ્યયન

### 5.10.1 કર્તા-પરિચય

'માનચતુર' નવલકથાખંડના લેખક છે પંડિતયુગના સાક્ષર ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી. ઈ.સ. 1885થી ઈ.સ. 1907 સુધીનો જેમનો જીવનસર્જનકાળ છે એવા આ સર્જક પાસેથી ચાર ભાગમાં લખાયેલી ગુજરાતી સાહિત્યની ઉત્કૃષ્ટ નવલકથા 'સરસ્વતીચંદ્ર' મળે છે. આ ઉપરાંત 'સ્નેહમુદ્રા' નામનો કાવ્યગ્રંથ; 'લીલાવતી જીવનકલા' અને 'નવલરામની જીવનકથા' જેવા ચરિત્રગ્રંથ; 'દયારામનો અક્ષરદેહ' તથા 'Classical Poets of Gujarat' નામના વિવેચનગ્રંથ; 'ક્ષેમરાજ અને સાધવી', 'સરસ્વતી અને માયા' જેવાં અપૂર્ણ નાટકો; 'સાક્ષરજીવન', 'અધ્યાત્મજીવન' જેવા ચિંતનાત્મક નિબંધ અને અન્ય કેટલુંક પ્રકીર્ણ સાહિત્ય મળે છે. એમના મૃત્યુ બાદ એમણે લખેલી રોજનીશી 'સ્ક્રેપબુક'નું પ્રકાશન પણ થયું છે. આમ સર્જક ગોવર્ધનરામનું સર્જન વિપુલ અને વૈવિધ્યવંતું છે.

### 5.10.2 સ્વરૂપ-પરિચય

તમે જે કૃતિનું અત્રે અધ્યયન કર્યું તે ‘માનચતુર’ એક નવલકથાખંડ છે. અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં પાશ્ચાત્ય સાહિત્યના સંપર્ક અને પ્રેરણામાંથી જન્મેલા આ સૌથી વધુ લોકપ્રિય સાહિત્યસ્વરૂપ નવલકથાને વ્યાખ્યાબદ્ધ કરવાનું કામ ખૂબ જ અઘરું છે, કારણ કે સર્જકે સર્જકે એનું રૂપ નિરાળું હોય છે. એના મુખ્ય ઘટકતત્ત્વોમાં વસ્તુસંકલન, પાત્રનિરૂપણ, સંવાદકલા, વાતાવરણ, જીવનદર્શન અને ભાષાશૈલીને મુખ્ય ગણાવી શકાય. નવલકથાના મુખ્ય પ્રકારોમાં છે સામાજિક, ઐતિહાસિક, પૌરાણિક, વાસ્તવવાદી, કલ્પનાલક્ષી નવલકથા.

### 5.10.3 વિશેષ વાચન

અર્વાચીન ગુજરાતી સાહિત્યના આ ખૂબ જ લોકપ્રિય સાહિત્યસ્વરૂપનો ઉદ્ભવ અને વિકાસ તથા એમાં નોંધપાત્ર પ્રદાન કરનાર સર્જકોનો પરિચય મેળવો. નંદશંકરથી શરૂ થયેલી આ નવલકથા પંડિતયુગમાં ગોવર્ધનરામ, રમણભાઈ નીલકંઠ જેવાને હાથે સુસ્પષ્ટ આકાર પામે છે. ગાંધીયુગના સર્જકોનું તો એ પ્રિય સ્વરૂપ બને છે. મુનશી, મેઘાણી, ર. વ. દેવાઈ, પન્નાલાલ પટેલ, પેટલીકર, પીતાંબર પટેલ, ચુનીલાલ મડિયા, દર્શક વગેરેને હાથે સોળે કળાએ મહોરે છે. અનુગાંધીયુગીન સર્જકો સુરેશ જોષી, ચંદ્રકાંત બક્ષી, મધુ રાય, રઘુવીર ચૌધરી, રાધેશ્યામ શર્મા વગેરેને હાથે અવનવા પ્રયોગ એમાં થાય છે. આ સર્જકોની વિવિધ નવલકથાઓ વાંચો અને એ દ્વારા ગુજરાતી નવલકથાસાહિત્યમાં સ્વરૂપ, વિષય અને નિરૂપણનું કેવું વૈવિધ્ય રહેલું છે એનો આસ્વાદ માણો.

**• ટિપ્પણ**

**પરસાળ** - (સ્ત્રી.) ઓસરી; ઘરનો આગલો ખંડ; **ગજાર** - (સ્ત્રી.) રસોડા કે ભંડાર તરીકે વપરાય એવો મુખ્ય ઓરડાની બાજુનો ખંડ; **ગપાટા મારવા** - (પુ.) ગપ, ગપ્પાં મારવાં; **નાસ્તિક** - (પુ.) ઈશ્વર, પરલોક, કર્મફળ વગેરે નથી એવી માન્યતાવાળી વ્યક્તિ; **નિર્માલ્ય** - (વિ.) માલ - દમ વગરનું, નકામું; **આસ્થા** - (સ્ત્રી.) શ્રદ્ધા; **વૃદ્ધાચાર** - (પુ.) વડીલોના આચાર કે રીતિ; **બૈરકશાસ્ત્ર** - (નપું.) બૈરામાં ચાલતા કે તેઓ સમજે કે રસ લે તેવા રીતરિવાજ ને ધારાધોરણ; **અંટેવાળે આવવું** - (સ્ત્રી.) વચ્ચે અડફટમાં આવવું, નડતર કરવું; **ખટકર્મમાં પડવું** - (ન.બ.વ.) ધર્મ સંબંધી નિત્યકર્મો, બ્રાહ્મણે કરવાનાં છ ધર્મકાર્યો જેમાં યજન, યાજન, અધ્યયન, અધ્યાપન, દાન, પ્રતિગ્રહનો સમાવેશ; **જલદ ઉપાય** - (પુ.) અસરકારક તીવ્ર ઈલાજ; **શોરબકોર** - (પુ.) ખૂબ જ ઘોંઘાટ, અવાજ; **અચિંત્યા** - (પુ.) અચાનક; **લાંઘણ** - (સ્ત્રી.) ઉપવાસ; **ભાગિયાં** - (પુ.બ.વ.) ભાગીદાર; **તપોધન** - (પુ.) પૂજારી; **હેલારો** - (પુ.) ધક્કો; **વિશ્વંભર** - (વિ.) આખા વિશ્વનું પોષણ કરનાર; **કુટુંબવત્સલતા** - (સ્ત્રી.) કુટુંબ તરફ વાત્સલ્યથી યુક્ત; **ધર્માંધ** - (વિ.) ધર્મની બાબતમાં જડ આગ્રહવાળું; **વજ્રલેપ** - (પુ.) કદી ઊખડે નહીં તેવો લેપ, કદી ઊખડે નહી તેવા લેપ જેવું સજ્જડ; **એકરાગ** - (પુ.) એકમતી, સંપ, સંવાદ; **ભ્રૂકુટી** - (સ્ત્રી.)ભવું, ભમ્મર; **ધારેલો અર્થ સિદ્ધ કરવો** - ઇચ્છેલું કામ પાર પાડવું; **સિરજોરીથી કામ કરાવવું** - જબરજસ્તીથી, કામ કરાવવું; **પથ્થરની ભીંત ચણી લેવી** - પથ્થર જેવી કઠણ આડશ ખડી કરવી; **વિવાહની વરશી કરવી** - શુભ-પ્રસંગ કે કાર્યમાં ઊલટું જ કરવું, તેને બગાડી મૂકવું. ઊંધું મારવું; **મૂછે તાલ દેવો** - પોતાની વીરતા બતાવવી; **હાથમાં ન હોવું** - કબજામાં ન હોવું; **મનનો અર્થ સિદ્ધ થવો** - મનમાં નક્કી કરેલું કાર્ય સફળ થવું; **વખત જોઈ ગીત ગાવાં** - ટાણું જોઈને વાત કરવી; **તલવારની ધાર પર ચાલવું** - જીવસટોસટ, પૂરી જોખમદારીથી, સાવધાનીથી વર્તવું.

## સ્વ-મૂલ્યાંકન માટેના સ્વાધ્યાયોની ચાવીઓ

**તમારી પ્રગતિ ચકાસો (જ):**

(ક) 1. (✗); 2. (✗); 3. (✗); 4. (✓); 5. (✗);

(ખ) 1. ધર્મલક્ષ્મી(✓); 2. ધર્મલક્ષ્મી(✓);
3. માનચતુર(✓); 4. ધર્મલક્ષ્મી(✓); 5. માનચતુર (✓)

(ગ) 1. ક 2. ક

**તમારી પ્રગતિ ચકાસો (ઝ):**

| | | | |
|---|---|---|---|
| 1. ધ્વનિની | 2. ધ્વનિની | 3. ધ્વનિની | 4. ધ્વનિની |
| 5. ધ્વનિની | 6. ધ્વનિની | 7. અર્થની | 8. ધ્વનિની |
| 9. ધ્વનિની | 10. ધ્વનિની | 11. અર્થની | 12. ધ્વનિની |

**તમારી પ્રગતી ચકાસો (ટ):**

| | પ્રત્યય | પૂર્વ કે પરપ્રત્યય |
|---|---|---|
| 1. | અ | પૂર્વ |
| 2. | તા | પર |
| 3. | અણ | પૂર્વ |
| 4. | તા | પર |
| 5. | અપ | પૂર્વ |
| 6. | અ | પૂર્વ |
| 7. | અ | પૂર્વ |
| 8. | તા | પર |
| 9. | તા | પર |
| 10. | અ | પૂર્વ |

એકમ ૬

# કીર્તિદેવનો મુંજાલ સાથે મેળાપ

- ક. મા. મુનશી

રૂપરેખા


**6.1** ઉદ્દેશો

**6.2** પ્રસ્તાવના

**6.3** કૃતિ (નવલકથા ખંડ)

**6.4** કૃતિનો સારાંશ

**6.5** કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

ખંડ : 1

ખંડ : 2

ખંડ : 3

ખંડ : 4

ખંડ : 5

**6.6** વસ્તુલક્ષી કસોટી

**6.7** ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

**6.8** પુનરવલોકન

**6.9** લેખન-પ્રવૃત્તિ

**6.10** વિશેષ અધ્યયન

6.10.1 કર્તા-પરિચય

6.10.2 સ્વરૂપ-પરિચય

6.10.3 વિશેષ વાચન

- ટિપ્પણ


## 6.1 ઉદ્દેશો

પ્રસ્તુત નવલકથાખંડના અભ્યાસ દ્વારા તમે -

- ગુજરાતના ઇતિહાસના સોલંકી-વાઘેલાયુગના એક સમયખંડનો પરિચય મેળવશો.
- કીર્તિદેવના પાત્ર દ્વારા કનૈયાલાલ મુનશીના ભારતવર્ષની અસ્મિતાના આદર્શને સમજશો.
- કનૈયાલાલ મુનશીની દૃષ્ટિએ 'રાષ્ટ્ર' કોને કહેવાય... રાષ્ટ્રિય ઐક્ય શું છે એ જાણશો.
- વર્તમાન ભારતમાં જે પ્રાંતવાદ, ભાષાવાદ, જ્ઞાતિવાદ કે કોમવાદ ભારતને 'રાષ્ટ્ર' થતાં અટકાવે છે તેના વિલીનીકરણ સંદેશ કીર્તિદેવના મુંજાલને ગુજરાત કે લાટના વ્યક્તિત્વને ગૌણ ગણી ભારતવર્ષના વ્યક્તિત્વમાં વિલીન કરવા કે સમન્વિત કરવાના સંવાદમાંથી પામશો.
- ઐતિહાસિક નવલકથાકાર પોતાની નવલકથામાં ઇતિહાસને નિમિત્ત બનાવીને પોતાના વર્તમાનકાલીન વિચારોને કેટલે અંશે નિરૂપી શકે એ અંગે વિચારતા થશો.
- નવલકથાખંડનો ઐતિહાસિક નવલકથાના સ્વરૂપ સંદર્ભે પરિચય મેળવશો.
- નવલકથાનો કથાવસ્તુ, સંકલન, પાત્રનિરૂપણ, સંવાદકલા, વાતાવરણ વગેરે દૃષ્ટિએ આસ્વાદ માણશો.
- નવલકથાખંડની ભાષાકીય વિશેષતાઓનો પરિચય મેળવશો.

## 6.2 પ્રસ્તાવના

મુનશીની સર્ગશક્તિનો સર્વોત્કૃષ્ટ ઉન્મેષ પ્રગટ કરતી 'ગુજરાતનો નાથ' નવલકથામાંથી પ્રસ્તુત ખંડ લેવામાં આવ્યો છે. 'ગુજરાતનો નાથ'માં નવલકથાકાર મુનશીની સઘળી લાક્ષણિક શક્તિઓ મ્હોરી ઊઠી છે. શોર્ય અને પ્રેમના સમાંતર વહેતા વેગીલા પ્રસંગપ્રવાહોની ગૂંથણી, માન્ય આદર્શોને પ્રાપ્ત કરવા મથતાં જીવતાં-જાગતાં પાત્રો, વાચકના હૈયાને મુગ્ધ કરે તેવું રસભર્યું પ્રણયનિરૂપણ, ચમકીલા સંવાદો અને નાટ્યાત્મક પરિસ્થિતઓ - આ બધાં તત્ત્વોનો મધુર સમન્વય આ નવલકથામાં અપૂર્વ કલામયતાથી થયો છે.

'કીર્તિદેવનો મુંજાલ સાથે મેળાપ'માં નવલકથાકારે કીર્તિદેવ અને મુંજાલ વચ્ચેનો વિચારસંઘર્ષ ખૂબ જ અસકારક રીતે નિરૂપ્યો છે. ભાવનાપરાયણ અને સ્વપ્નદૃષ્ટા કીર્તિદેવ આર્યાવર્તની સંસ્કૃતિનું અને ધર્મનું યવનોથી રક્ષણ કરવા અર્થે આર્યાવર્તની એકતા ઝંખે છે. આ માટે તે મુંજાલને આર્યાવર્તનાં વિવિધ રાજ્યોને એક કરી એમનું નેતૃત્વ સંભાળવા વિનંતી કરે છે, પણ મુંજાલને તે અશક્ય આદર્શ લાગે છે. તે પાટણને પોતાનું સંતાન ગણે છે, ને ગુજરાતની જ સમૃદ્ધિ અને કીર્તિ વાંછે છે અને એટલે જ કીર્તિદેવની વિનંતીને અવગણે છે.

## 6.3 કૃતિ (નવલકથાખંડ)

### કીર્તિદેવનો મુંજાલ સાથે મેળાપ

**- ક. મા. મુનશી**

જ્યારે કાક મંજરીનું પાણિગ્રહણ કરવામાં ગૂંથાયો હતો ત્યારે કીર્તિદેવ તેના જીવનનું મહાકાર્ય આરંભવા તત્પર થયો હતો. તે કાર્ય મુંજાલને મળવાનું હતું.

સજ્જને તેને અનેક વાર વાર્યો, પણ તે માલવી યોદ્ધો અડગ રહ્યો. તેના જીવનની બે નેમ હતીઃ તેના પિતાની શોધ અને તેના દેશનું ઐક્ય. એ બે ભાવના માટે તે જીવતો હતો; અને તે સિદ્ધ કરવા જતાં તે અમાનુષી - અચેતન સૃષ્ટિના મહત્ત્વ જેવો નિશ્ચલ - સચોટ બની રહેતો. જેવી રીતે એક કામ સાધવા તેણે કાળભૈરવ આરાધ્યો હતો, તેવી રીતે બીજું કામ સાધવા રાજખટપટમાં ભૈરવ સમા ભયાનક મંત્રીને મનાવવા તે જતો હતો.

કીર્તિદેવની બુદ્ધિપ્રધાન નજરે મુંજાલ એકમાત્ર કાર્ય સાધવા જતાં ઊભી થયેલી આડખીલીરૂપ હતો, પણ પાટણની નાની સૃષ્ટિની નજરે તે બધી વસ્તુનો કર્તાહર્તા હતો. લોકોને પૂછતાં કીર્તિદેવને તેનામાં પ્રભાવનાં કંઈ ઘણાં અસાધારણ લક્ષણો જણાયાં નહોતાં કે પરિણામની ખ્યાતિ સાંભળી નહોતી. તે જુવાનીમાં તોફાની હતો, ઉડાઉ હતો; લોકોને ગાંડા કરતો હતો; તેણે અઢળક ધનને પણ અધિક કર્યું હતું; ચંદ્રપુર જઈ હાલની રાજમાતાનું માગું પાટણ લઈ આવ્યો હતો; થોડાં યુદ્ધો લઢ્યો હતો; થોડાં શહેરો સર કર્યાં હતાં; ભલા કર્ણદેવના વખતમાં રાજસત્તા હાથ ધરી હતી; રાજાના ભત્રીજા અને પોતાના બનેવી દેવપ્રસાદને દુઃખી કરી દુર્દશાએ પહોંચાડ્યો હતો; રાણીની સેવા કરતાં પોતાનાં સ્ત્રી અને પુત્રનો ત્યાગ કરી, બંનેને મરવા દીધાં હતાં; રાજા મરી ગયા પછી બળવાખોર પટ્ટણીઓને રાજી કરી મીનળદેવીની સત્તા પાછી પાટણ પર બેસાડી હતી. અત્યારે તે રાણી અને રાજાની મહેરબાની અને બીજા મંત્રીઓની નિર્બળતાથી સર્વસત્તાધિકારી થઈ બેઠો હતો.

કીર્તિદેવને આ બધામાં કંઈ અસામાન્યતા ન લાગી, પણ માત્ર અસામાન્યતા તેણે પેદા કરેલા વાતાવરણમાં લાગી. જેમ વાતાવરણમાં ગમગીની હોય, સુગંધ હોય, ધાસ્તી હોય તેમ ગુજરાતમાં પગ મૂકતાં મુંજાલના પ્રભાવથી ભરેલું વાતાવરણ તેને સ્પષ્ટ લાગ્યું હતું. ન કળાય એવી ધાકથી ન સમજાય એવા માનથી, ન જણાય એવી મમતાથી બધા તેની તરફ જોતા.

કીર્તિદેવ મહાપુરુષ હતો, છતાં તેની વય કોમળ હતી. આ કારણથી તેણે આ પ્રભાવ બધો પટ્ટણીઓની નિર્બળતાથી ઉદ્ભવ્યો છે એમ માની લીધું.

તેની ભાવનામય દૃષ્ટિ, અણઘડાયેલી કલ્પનાશક્તિ એ બેથી મુંજાલના પ્રૌઢ વ્યક્તિત્વનો ખરેખરો પ્રભાવ તે રાખી શક્યો નહીં. મુંજાલથી અપરિચિત હતો તેથી તેના પ્રભાવમાં જે પ્રતાપી સર્જકશક્તિ હતી તે પણ એ જોઈ શક્યો નહોતો. તે તેને મળ્યો નહોતો; તેના અદ્ભુત વ્યક્તિત્વનો અસહ્ય પ્રતાપ તેણે જોયો ન હતો; નાના ગામડાના માલિકમાંથી પાટણ આજે બાર મંડળ ને બાવન શહેર પર એકહથ્થું સત્તા એને લીધે ચાલતી હતી તેની ખબર નહોતી.

પણ જ્યારે સજ્જન મહેતા સાથે તે રાજગઢ આવ્યો ત્યારે તેને પળવાર પાછા હઠવાનું મન થયું - ડરથી નહીં, પણ માત્ર એવા જ વિચારે કે મુંજાલને મળવાથી તેણે ઉપાડેલા કર્તવ્યને કંઈ હાનિ તો નહીં પહોંચે? બીજી પળે તે વિચાર અદૃશ્ય થયો, અને બાણાસુરની સાથે દ્વંદ્વયુદ્ધ કરવા ઊતરેલા અનિરુદ્ધ સમો કીર્તિદેવ મુંજાલ પાસે ગયો.

મુંજાલની માનસિક સ્થિતિ વળી જુદી જ હતી. જ્યારથી તેણે કીર્તિદેવને જોયો ત્યારથી તેના પ્રભાવના તેને ભણકારા વાગ્યા હતા. તેની મોહક બાલિકા સમી મુખમુદ્રા કોણ જાણે કેમ તેના મનમાં રમી રહી હતી; અને તેનાં ભાવના અને કર્તવ્યો સાંભળી અજાયબી લાગી હતી. આ કારણોથી સજ્જને ફુરસદની વખતે કીર્તિદેવને મળવા મુંજાલ પાસે યાચના કરી કે તરત જ તેણે તે સ્વીકારી. મુંજાલ મનુષ્યોનો હીરપારખું હતો, અને પોતની શક્તિ નવા ઝગમગતા રત્ન પર અજમાવવાનું તેને મન થયું હતું.

જ્યારે કીર્તિદેવ આવ્યો ત્યારે મુંજાલ તકિયે બેઠોબેઠો પાન ખાતો હતો. મીઠાશથી ભરપૂર હાસ્યથી મુંજાલે કીર્તિદેવને આવકાર દીધોઃ 'આવો, કીર્તિદેવ! સજ્જન મહેતાને તમે ઘણા જીતી લીધા છે; તમારાં ને તમારાં જ વખાણ કર્યા કરે છે.'

'મંત્રીરાજ! गुणकथनैः स्वान् गुणान् ख्यापयंतः (પારકાના ગુણના વખાણથી જ પોતાના ગુણ જણાવતા) એવા પણ વીરલા દુનિયામાં પડ્યાં છે.' નમ્રતાથી કીર્તિદેવે જવાબ વાળ્યો.

'મહેતાજી! તમે કીર્તિદેવને ક્યાંથી ઓળખો?' મુંજાલે એકદમ સજ્જન સામે જોઈ પૂછ્યું. સજ્જન મંત્રી ગભરાઈ ગયા; તેમનું મોઢું લાલચોળ થઈ ગયું. 'હું?' તે જરા ગૂંચવાઈને બોલ્યો. 'કીર્તિ - હં - ઉબકનો પુત્ર - દત્તક પુત્ર એટલે ઓળખું.'

'એમ!' મુંજાલે ડોકું હલાવી કહ્યું.

'તમે વણિક છો! તમારાં પણ સદ્ભાગ્ય કે ઉબકરાજ જેવું શિરછત્ર મેળવી શક્યા.'

'જી હા. મારાં માબાપ જે હોય તે; તેમણે મને બાળપણથી છોડી દીધો, પણ પરમારે બધી ખોટ પૂરી છે.'

પણ આ વાત કાંઈ સજ્જનને રુચિ નહીં. તે એકદભ ઊભા થઈ ગયા. તેને કંઈ માનસિક ગભરામણ થતી હોય એમ લાગ્યું.

'મહેતાજી, હું હવે જોઉં છું.'

'કેમ? બેસોની.'

'ના, મારે મહારાજને મળવું છે; પછી બીજું કામ છે. હું જઈશ.' કહી ઉતાવળથી રજા લઈ ચાલવા લાગ્યા. મુંજાલની આંખ જરાક ઝીણી થઈ; તેને આ વર્તણૂકની સમજ ન પડી.

'ઠીક મહેતા! આવજો.' તેણે કહ્યું અને સજ્જન ગયો એટલે કીર્તિદેવ તરફ ફરી જરાક હસીને કહ્યું, 'બોલો, કીર્તિદેવજી! શું કામ છે ?'

કીર્તિદેવ અડધી પળ મુંજાલનું વિશાળ ભાલ અને અગમ્ય આંખો જોઈ રહ્યો. તેને લાગ્યું કે તે એક મહારથી જોડે વાગ્યુદ્ધમાં ઊતરતો હતો.

'મંત્રીવર્ય! હું બે કામે આવ્યો છું: એક, આપનાં દર્શન પામી કૃતાર્થ થવા; બીજું, એક યાચના કરી ભિક્ષા મેળવવા.' કીર્તિદેવે કહ્યું. તેની તેજસ્વી આંખોમાં કપટ નહોતું; ઊંડાણ નહોતું; માત્ર સરળતા ને શ્રદ્ધા હતી. તેનો સ્વર કોમળ હતો.

તે સ્વરે; માત્ર સરળતા ને શ્રદ્ધા હતી. તેનો સ્વર કોમળ હતો.

તે સ્વરે, તે નજરે, મંત્રીના હૃદયમાં ન સમજાય એવા સૂરો પેદા કર્યા; પણ મુંજાલે તે સાંભળવાની કે સમજવાની તસ્દી લીધી નહીં. તેણે મીઠાશથી જવાબ આપ્યો: 'બોલો, શું કામ છે?'

કીર્તિદેવને મંત્રીની મીઠાશથી આશા આવી. તેણે કહ્યું: 'કામ આપના જેવાને સહેલ છે. આપ કરશો?'

'ભટ્ટરાજ! તમને સહેલ લાગે, પણ ગમે તેવો પણ હું રાજસેવક.' પોતાના શબ્દોને ખોટું પાડતું, સત્તાદર્શક હાસ્ય હસીને મુંજાલે કહ્યું.

'આપ રાજસેવક નથી, રાજ્યના ભાગ્યવિધાતા છો.'

'તમારો ખ્યાલ ખોટો છે.'

'ના, મંત્રીવર્ય! એટલું જ નહીં, પણ ભરતખંડનું ભાગ્ય પણ તમારા હાથમાં છે.'

'મારા હાથમાં?' જરા વિસ્મય પામી મુંજાલે પૂછ્યું.

'હા, મેં ગુર્જર ભૂમિમાં પગ મૂક્યો ત્યારથી તમારા પ્રભાવનો પરચો હું જોતો અને સાંભળતો આવ્યો છું. અને તેથી જ એક યાચના કરું છું.' કીર્તિદેવે કહ્યું.

'શી?'

'જેમ ગુજરાતનું રાજ્યતંત્ર એક આંગળીએ ધારો છો, તેમ આર્યાવર્તનું રાજ્યતંત્ર પણ ધારો'.

'એટલે?'

'મહારાજ! તમારા જેવાએ માત્ર એક રાષ્ટ્રની રાજનીતિ પાછળ જીવન સમર્પવું ન જોઈએ, આખા આર્યાવર્તની રાજનીતિ હાથ કરો. છિન્નભિન્ન થઈ ગયેલાં રાષ્ટ્રોને, કુસંપી બનેલાં રાજ્યોને એકતંત્ર બાંધો. તમારા જેવાની શક્તિ વિના તે કોઈ કરી શકવાનું નથી.'

થોડીવાર મુંજાલ જોઈ રહ્યો. તેને કીર્તિદેવનું મગજ ભમતું લાગ્યું.

'કીર્તિદેવજી! શું અવંતી ને પાટણની સંધિ વિશે કહો છો? જરા સ્પષ્ટ કહો?

'મંત્રીવર્ય! તમે એમ ધારો છો કે હું પાટણ ને અવંતીની સંધિ યાચવા આવ્યો છું? મહારાજ! ઉબક પરમાર તરવારની ધાર વડે સંધિ કરાવે છે, સંધિ યાચતા નથી. ગઈ કાલે એમણે ગૌરવ છોડી માગણી કરી તે માત્ર મારે લીધે. તે માગણી ફરીથી કરી માનભંગ થવા ને અવંતીને અલ્પતા પમાડવા હું ફરી આવું એવો નથી. પટ્ટણીઓ વિગ્રહ માગશે તો શું માલવીઓ આપશે નહીં?'

'ત્યારે તમે શું માગો છો?'

‘મહારાજ! માત્ર પાટણ અને અવંતી વચ્ચે કુસંપ છે, એમ નથી; સપાદલક્ષ અને માલવાને વેર છે; કાન્યકુબ્જાધિપ (કનોજપતિ) ચંદ્રદેવ મહારાજ માલવા અને સપાદલક્ષ (અજમેર) બે સાથે વઢે છેઃ ચેદિરાજ (બુંદેલખંડપતિ) કીર્તિવર્મા સાથે વઢે છે; ચિતોડના રાવળની મહેચ્છા દિનપ્રતિદિન વધતી જાય છે. આ બધાનાં વેર સમાવવાં છે; આ બધાને ભેગા કરી એક મહા પ્રબળ સૈન્ય પેદા કરવું છે. એ બધું કરવા આર્યાવર્તને એક મુત્સદ્દી જોઈએ છે; એ પદવી તમે લેશો?’

મુંજાલના મુખ પર એકાગ્ર થયેલી કીર્તિદેવની આંખોમાંથી તેજના તણખા નીકળવા માંડ્યા. જેમ તેની વાચાનો પ્રવાહ વધ્યો તેમ મુંજાલના પ્રભાવનો ખ્યાલ પણ ઓછો થયો. કીર્તિદેવ એક દેવનો દૂત હોય તેવો લાગતો હતો. તેની નિર્મળ કાન્તિ ભભૂકી ઊઠી; તેની એકવડી, સુકોમળ દીસતી કાઠી અણદીઠી રીતે ધ્રૂજવા લાગી.

‘આ બધી મહેનતનું કંઈ કારણ?’ શાંતિથી મુંજાલે પૂછ્યું.

‘કારણ? આર્યાવર્તને માથે ભય ઝઝૂમે છે, મંત્રીરાજ!’

‘કેવા પ્રકારનો?’

‘મહારાજ! કાલે રાજ્યસભામાં તમે અર્ધનગ્ન મ્લેચ્છ જોયો. એ અહીંયાં તો એકલો છે, કાશ્મીર પાસે એની જાતના અબજ યોદ્ધા છે. તે બધા આર્યાવર્તને ભસ્મીભૂત કરવા એક પગે થઈ રહ્યા છે. તેમનાં ભયંકર રણશિંગાં, તેમની ભયાનક હાક ઉત્તર પ્રદેશોમાં ગાજે છે. તમે પણ ભૂલ્યા મંત્રીવર, ગિઝનીના સુલતાને કરેલો પાટણ અને દેવપાટણનો વિનાશ? કાલે તો જયદેવ મહારાજે એક પાપીને પંચાંગ પોશાક આપ્યો; તેના પૌત્રો તમારાં ને મારાં છોકરાંના ડિલ પર કાપડનો એક ટુકડો પણ રહેવા નહીં દે.’

‘એટલે આપણાં રાજ્યો વચ્ચે સંધિ કરાવી એ અરિદળો સંહારવાં છે? એ મ્લેચ્છોને પાછા હાંકી કાઢવા છે?’

‘હા, મુંજાલ મહેતા! અને તે તમારા વિના કોઈ કરી શકે તેમ નથી.’

મુંજાલ વિચાર કરતો હતો; તેની પ્રભાવશાળી આંખો કીર્તિદેવ પર ઠરી રહી હતી. તે મનમાં આ બાલયોદ્ધાની પ્રશંસા કરી રહ્યો હતો. તે થોડી વારે બોલ્યોઃ ‘કીર્તિદેવજી! તમારી વાત સાચી છે, પણ મારાથી કે ગુજરાતથી એમાંનું કંઈ નહીં બને.’

‘કેમ?’ ચમકીને કીર્તિદેવે પૂછ્યું.

‘તમે બાળક છો, નહીં સમજો. આવી સ્પષ્ટ રીતે કોઈએ અત્યાર સુધી કહ્યું નહોતું; પણ ચાર વરસ પર એ અમારો જતિ હતો તે પણ એમ જ કહેતો હતો.’ મુંજાલે કહ્યું.

‘શું?’

‘મને તેના બોલો યાદ આવે છે.’ કહી મુંજાલે ઝીણી આંખો કરી તેના શબ્દો સંભાર્યાઃ ‘તે કહી ગયો હતો કે તમારા મંત્રીઓની મહેનત ધૂળ મળશે, તમારા દીકરા-દીકરી ગિઝનીની બજારમાં વેચાશે; એ સ્પષ્ટ સાંભરે છે.’

‘તેની વાત સાચી છે, માટે જ કહું છું કે મારું કહ્યું માનો.’

‘કીર્તિદેવ!’ ડોક ધુણાવી મુંજાલે કહ્યું, ‘તમારી વાત સાચી ભલે હોય, પણ સત્ય વાત શક્ય નથી હોતી.’

‘શક્ય ન હોય તો થવી જોઈએ.’

‘ત્યારે દુનિયાનો છેડો આવે.’ મુંજાલે કહ્યું, ‘શક્ય વસ્તુ ન હોય તો હાથમાં ન સાહવી એ મારું સૂત્ર છે.’

‘પણ તમે બધું શક્ય કરી શકો એમ છો. તમે મહા-અમાત્ય થયા ત્યારે ગુજરાત કેવું હતું? અને આજે કેવું છે ?’

‘પણ હું મહા-અમાત્ય હતો - તે ખબર છે? અને તે છતાં મારી પીડા હું જાણું છું. કીર્તિદેવ! તમે માગણી કરી મારું ગૌરવ વધાર્યું છે. જો હું એક મહારાજ્યનો મંત્રી હોત, મારા તાબામાં દસ હજાર સામંત હોત, તો હું તે સ્વીકારત. તે નથી એટલે લાચાર.’ કહી મુંજાલ મૂંગો રહ્યો. કીર્તિદેવે તેને અજબ રીતે પિગળાવ્યો હતો.

‘તમે બધું કરી શકશો. મેં ઘણાખરા રાજાઓને સમજાવ્યા છે; તે બધા તમારું માનશે.’

‘એક ચલ્લું નહીં માને. ભય વિના પ્રીતિ સાંભળી છે? તમારા વિચારના તેજમાં તમને આંખે અંધારા આવ્યાં છે. કુસંપ કરતાં સંપ કરવો વધારે કઠણ છે.’

‘તે તો મેં કાલે જ જોયું. તમારે ઘેર બેઠાં સંપ આવ્યો, પણ તે સ્વીકાર્યો નહીં, નહીં તો તમારી પીઠે આજે પાટણ અને અવંતી બે હોત.’

‘કીર્તિદેવ! શબ્દોની શોભાથી હું છેતરાતો નથી. હું અને પાટણ ઉબક પરમારનું ગુલામ થઈ રહેત; પાટણના ઊગતા ગૌરવનો અસ્ત થાત.’

‘એમ જ બધા માને તો કોઈ ભેગા મળી યવનોની સામે થાય જ નહીં.’

‘જેણે તમને ભેગા થવાનું વચન આપ્યું હશે તેનો મદ્દો હું સમજું છું.’

‘શો?’

‘યવનોને હરાવી દરેક જણ ચક્રવર્તી થવા આશા રાખતો હશે.’ મુંજાલે કહ્યું.

‘ત્યારે  એ આશાએ તમે નથી જોડાતા?’

‘ગુજરાત હજી નાનું છે, તે હમણાં જ પગભર થાય છે. તે એવી આશા રાખે તો મૂર્ખ ઠરે. યવનો તો કોણ જાણે ક્યારે હારે, પણ આવતે વર્ષે અમારું નખ્ખોદ વળી જાય.’ નિરાશાભર્યા હૃદયથી કીર્તિદેવ જોઈ રહ્યો. મુંજાલે આગળ ચલાવ્યું: ‘તમારા જેવા નિઃસ્વાર્થી માણસ આગળ સત્ય બોલતાં મને શી હરકત? મહામહેનતે મેં મારી ઝૂંપડી ઊભી કરી છે; આર્યાવર્તનો મહેલ ચણવા જાઉં તો એ ઝૂંપડી ચગદાઈ જાય, સમજ્યા! તમને જે મહેલ બાંધવાની હોંશ છે તે તમે ભલે બાંધો; મુંજાલ તો એની મઢૂલી જ સંભાળશે.’

‘એટલે મારાં સ્વપ્નો નષ્ટ થવાનાં?’ દિલગીરીભર્યા અવાજે કીર્તિદેવે કહ્યું.

‘ત્યારે તમારાં સ્વપ્નો ખાતર શું હું મારા સિદ્ધ થયેલાં સ્વપ્નો નષ્ટ કરું?’

‘ત્યારે એક નાના રાજ્યની મહત્ત્વાકાંક્ષા સાચવવા આર્યાવર્તનું સત્યાનાશ વળવા દેવું એમાં તમારું મુત્સદ્દીપણું!’ નિરાશાએ ડંખેલા હૃદયથી કીર્તિદેવે કહ્યું - કહેવાઈ ગયું.

મુંજાલે ગૌરવથી જાયું; તેમને લાગ્યું કે કીર્તિદેવની નિઃસ્વાર્થ બુદ્ધિ જોઈ પોતે અણધારી અયોગ્ય ભલમનસાઈ દેખાડી હતી. તેની આંખો નિશ્ચલ થઈ, ‘તેનો જવાબ લેવાનો તમારો અધિકાર નથી.’ શાંતિથી તેણે કહ્યું, ‘હું છું ત્યાં સુધી મારું મુત્સદ્દીપણું ગમે તેવું હશે તોપણ ચાલશે.’

'અને મારું ચાલશે ત્યાં સુધી હું નહીં ચાલવા દઉં.' સત્તાથી કીર્તિદેવે કહ્યું.

મુંજાલ તિરસ્કારભર્યું હસ્યો, 'એવું મને ઘણા કહેનારા મળ્યા છે; અને -'

'અને તે બધાનો પરાજય કર્યો છે.' કીર્તિદેવે ઉમેર્યું. નિરાશાથી તેના મગજમાં ગુસ્સો પેદા થયો હતો, 'તમે એમ ધારો છો કે આર્યાવર્તના ભવિષ્ય આડે આવતાં તમે ફાવશો? મંત્રીરાજ! તમને ડરાવતો નથી, પણ ખરી વાત કહું છું. હું થોડે દિવસે અવંતી જઈશ ને સમય આવે મારી ઈચ્છા સિદ્ધ કરીશ. દેશદેશના રાજાઓના સૈન્ય વડે મ્લેચ્છોનો સંહાર કરાવીશ અને જીવતો રહીશ તો બતાવીશ કે સત્યમેવ જયતે, નહીં કે તમારી ટૂંક બુદ્ધિની સ્વાર્થી રાજનીતિ. અને ખાતરી કરાવી દઈશ કે ગુજરાત એ આર્યાવર્તનું અંગ નથી, પણ સ્વાર્થી શ્રાવક ધનાઢ્યોને ધનસંચય કરવાનું ચૌટું છે. ઉબકરાજ કહે છે તેમ પાટણ માત્ર અવંતીનું મંડલ થવાને જ યોગ્ય છે.' કહેતાં-કહેતાં કીર્તિદેવ ઊભો થઈ ગયો. જાજવલ્યમાન કાન્તિ દેવ જેવી દીપી રહી. આ ઉમળકાનો ઊછળતો સાગર મુંજાલના શાંત ગૌરવ પર અથડાયો અને વીખરાઈ ગયો.

'તમારી આશાઓ સિદ્ધ ન થઈ તો?'

'તો હું જગતને કહીશ કે જ્યારે બધાં રાજ્યો સંધિ કરવા તૈયાર હતાં - જ્યારે બધાના સંપથી યવોનોનો સંહાર થાત અને ભરતખંડ બચી જાત - ત્યારે એ મંત્રીએ તેમ થવા ન દીધું. જ્યારે તમારા રાજ્યોનો વિનાશ થશે - તમારું પાટણ પાધર થશે - ત્યારે કહીશ કે આ પ્રતાપ એક મંત્રીનો - એક સ્વાર્થપરાયણ મુત્સદ્દીનો. તમારો જતિ કહી ગયો તેમ જ્યારે તમારાં દીકરા-દીકરીઓ ગિઝનીનાં બજારોમાં વેચાશે ત્યારે તમારા કર્તવ્યનું પરિણામ શું છે તે સમજશો.'

જુસ્સાથી કીર્તિદેવનાં અંગેઅંગ ધ્રુજતાં હતાં.

'કીર્તિદેવ!' એક પળ વાર થોભી મુંજાલે સખ્તાઈથી કહ્યું, 'તમે ઉશ્કેરાઈ ગયા છો એટલે વધારે વાત કરવામાં માલ નથી. તમે અવંતી ક્યારે જાઓ છો?'

'આવતી અમાવાસ્યાએ.'

'મારું માનો તો આજે જ વિદાય થાઓ.'

'કેમ?'

'કારણ જાણવાની જરૂર નથી.'

'શું મહા-અમાત્ય તરીકે શાસન કરો છો? હું અવંતીનો સાંધિવિગ્રહિક છું, હોં!' ગૌરવથી કીર્તિદેવે કહ્યું.

'હું શાસન નથી કરતો, શિખામણ આપું છું. માટે જેમ વહેલા પાટણ છોડો તેમ સારું.'

'ડરાવો છો?' ગુસ્સે થઈ કીર્તિદેવે પૂછ્યું.

'જેની પાસે શક્તિ કે સત્તા ન હોય તે ડરાવે; મારી પાસે બંને છે. જય સોમનાથ! આવજો.'

મુંજાલે કહ્યું અને તે ઊભો થઈ ગયો.

કીર્તિદેવ નીકળ્યો. તેના મનમાં નિશ્ચયાત્મક બુદ્ધિનો પ્રવેશ થયો હતો; તેનું હૈયું ગુસ્સાથી બળી રહ્યું હતું.

તેના ગયા પછી તેની પાછળ મુંજાલ જોઈ રહ્યો અને આખરે બબડ્યો: 'શો છોકરો! શો પ્રભાવ! એવો પુત્ર હોય તો ઈકોતેર પેઢી તારે. શી બોલવાની છટા - ભયંકર! એને અહીંયાં રહેવા નહીં દેવો જોઈએ. પર્વત પણ પિગળાવવાનું એની જીભમાં જોર છે. અરે, બહાર કોઈ છે કે?'

બહારથી વિહારી આવ્યોઃ 'બાપુ! શો હુકમ છે?'

'કેમ! શી ખબર છે?'

'રાતના બાર વાગે સજ્જન મહેતાની વાડીમાં બધા ભેગા થવાના છે.' વિહારીએ કહ્યું.

'કોણ કોણ?'

'એક તો  આ ગયો તે - કીર્તિદેવ; બીજો કાક, પેલો કૃષ્ણદેવ - '

'તે હજુ અહીંયાં જ છે?'

'જી હા, કીર્તિદેવનો જમણો હાથ છે.'

'પછી?'

'દેશળદેવ ને બીજા થોડાક છે; હું પછી બધાનાં નામ કહીશ.'

'શું કામ?'

'આપે જે જવાબ આપ્યો હોય તેના પર વિચાર કરવા.'

'પેલો કાક કેમ છે?'

'બાપુ! તે સમજાતું નથી. એ તો બધાનો ખાસ મિત્ર દેખાય છે. - કીર્તિદેવનો, કૃષ્ણદેવનો, મંડલેશ્વર મહારાજનો ને મહારાજાનો.'

મુંજાલ હસ્યોઃ 'હરકત નહીં. એ બધું તારે સમજવાની જરૂર નથી. બીજું કંઈ?'

'બાપુ! અત્યારે એ કાક પરણ્યો.'

મુંજાલ હસ્યોઃ 'પરણ્યો? કોની સાથે?'

'રુદ્રદત્ત કવિ હતા ને, તેની છોકરી જોડે. મંડલેશ્વર મહારાજાને કાશ્મીરાબા પણ હતાં.'

'ક્યાં પરણ્યો?'

'ગજાનન પંડિતના ઘરમાં.'

'વારુ! ડુંગર નાયકને કહી આવ કે મને મળી જાય ને દસ મલ્લ તૈયાર રાખે.'

'જેવી આજ્ઞા.' કહી વિહારી ગયો.

'જોઈશ, હવે એ રાતના બધા શું કરે છે.' કહી મુંજાલ મીનળદેવી પાસે ગયો.

## 6.4 કૃતિનો સારાંશ

'ગુજરાતનો નાથ' કનૈયાલાલ મુનશીની ઐતિહાસિક નવલકથા છે. ઐતિહાસિક નવલકથાનો લેખક ભૂતકાળમાં બનેલા બનાવોના માળખા પર નવલકથાનું નિર્માણ કરે છે, પણ એનો અર્થ એવો નથી કે એ નવલકથાકારનો ઉદ્દેશ કેવળ ઇતિહાસદર્શન કરાવવાનો છે. ઐતિહાસિક નવલકથાકારનું લક્ષ્યબિંદુ તો છે નવલકથા. ઇતિહાસ એનું સાધન છે, સાધ્ય તો છે નવલકથા. એથી ઐતિહાસિક નવલકથાકાર પોતાની કથાને રસમય બનાવવા ઇતિહાસસિદ્ધ પ્રસંગો તેમજ પાત્રોમાં ફેરફાર કરે છે, એટલું જ નહીં કલ્પનાબળે નવાં પાત્રો કે પ્રસંગો ઉમેરે પણ છે. અલબત્ત, એણે કરેલા આ ફેરફારો કે ઉમેરણોમાં ઔચિત્ય હોવું જરૂરી છે.

'ગુજરાતનો નાથ' નવલકાથામાં મુનશીએ કેટલીક મહત્ત્વની ઐતિહાસિક ઘટનાઓને મૂળ

રૂપમાં સ્વીકારી છે, કેટલાંક પાત્રો પણ ઇતિહાસપ્રસિદ્ધ છે. પણ તે સાથે વાર્તાને કલાયુક્ત અને રસિક બનાવવા માટે પોતાની સર્જક કલ્પનાનો આશ્રય લઈ મુનશીએ પ્રસ્તુત નવલકથાનાં પ્રસંગો અને પાત્રોમાં કેટલાક ફેરફાર પણ કર્યા છે. કીર્તિદેવ અને મંજરી જેવાં પાત્રો તદ્દન કલ્પિત ઉમેર્યાં છે. એ પાત્રોમાં ઘણે સ્થળે મુનશીનો જીવનાદર્શ પ્રતિબિંબિત થાય છે.

'કીર્તિદેવનો મુંજાલ સાથે મેળાપ' એ આ નવલકથાનું સૌથી વધુ વાર પુનમુદ્રિત બનેલું અને લોકપ્રિય તથા ચર્ચાસ્પદ બનેલું પ્રકરણ છે. આ પ્રકરણમાં મુનશીએ કીર્તિદેવના કલ્પિત પાત્ર દ્વારા પોતાની રાષ્ટ્રિય અસ્મિતાની પ્રિય ભાવનાને શબ્દરૂપ આપ્યું છે. વર્તમાન ભારતમાં જે પ્રાંતવાદ, ભાષાવાદ, જ્ઞાતિવાદ કે કોમવાદ ભારતને 'રાષ્ટ્ર' બનતું અટકાવે છે. એ વિચારને પોતાની 'ગુજરાતનો નાથ' જેવી નવલકથાના પ્રસ્તુત પ્રકરણ દ્વારા કીર્તિદેવ જેવાં પાત્રો દ્વારા મુનશી જાણે કે વર્ણવે છે.

કીર્તિદેવ માળવી યોદ્ધો છે. એ એક ચોક્કસ ધ્યેય લઈને પાટણમાં આવ્યો છે. તેનું ધ્યેય છે. આર્યાવર્તનું ઐક્ય. આ ઐક્ય સાધી શકે એવી એક વ્યક્તિ એને પાટણમાં જણાઈ છે, અને તે છે મુંજાલ. માટે જ તે પાટણમાં અવંતીનો સાંધિવિગ્રહિક બનીને પાટણના મંત્રી મુંજાલને મળવા આવ્યો છે.

જ્યાં સુધી આ બંને યોદ્ધાઓ એકબીજાને મળ્યા નથી ત્યાં સુધી બંનેને એકબીજાના પ્રભાવનો, પ્રતાપનો ડર લાગે છે અને માટે જ જ્યારે બંને એકબીજાને મળે છે. ત્યારે ખૂબ જ સજાગપણે પોતાની વાત સમજાવવા પ્રયત્ન કરે છે.

કીર્તિદેવ ભાવનાશાળી આદર્શસેવી યુવાન છે. તે આર્યાવર્તના જુદાંજુદાં રાજ્યો જેમની વચ્ચે કુસંપ છે એમને એકસૂત્રે બાંધી શકે એવા મુત્સદ્દીની શોધમાં છે. પાટણના મુંજાલ મંત્રીનો પ્રભાવ અને પ્રતાપ સાંભળ્યા અને જોયા પછી એને લાગે છે કે આ કાર્ય મુંજાલ ધારે તો પાર પાડી શકે, અને એટલે જ તે એને મળે છે ત્યારે એની પાસે યાચના કરે છે કે 'જેમ ગુજરાતનું તંત્ર એક આંગળીએ ધારો છો તેમ આર્યાવર્તનું રાજતંત્ર પણ ધારો.' મુંજાલને કીર્તિદેવની આ મહેનતનું કારણ સમજાતું નથી ત્યારે કીર્તિદેવ તેને તેનું કારણ સમજાવતાં કહે છે કે સમગ્ર આર્યાવર્તને ભસ્મીભૂત કરવા અબજો મ્લેચ્છ યોદ્ધાઓ કાશ્મીર પાસે એકપગે થઈ રહ્યા છે. એ યોદ્ધાઓથી જો આર્યાવર્તને બચાવવું હોય તો એણે છૂટક-છૂટક સ્વતંત્ર રાજ્યોમાં રહેવાને બદલે, અંદરોઅંદર સત્તા મેળવવા ઝઘડવાને બદલે એક બનવું પડશે અને એ કામ મુંજાલ જેવા મુત્સદ્દીથી જ સિદ્ધ થઈ શકશે.

મુંજાલ કીર્તિદેવની વાતને સમજે છે પણ સ્વીકારી શકતો નથી. તેને કીર્તિદેવનો આદર્શ અશક્ય આદર્શ લાગે છે, અને જે અશક્ય આદર્શ હોય એની સિદ્ધિ અર્થે પોતે જે સિદ્ધ કરી ચૂક્યો છે એને એ હોડમાં મૂકવા માગતો નથી. એને ખબર છે કે આર્યાવર્તનાં વિવિધ રાજ્યો ક્યારેય એક થવાનાં નથી... એ માને છે કે ભય વિના પ્રીતિ થઈ જ ના શકે... અને માટે જ તે પોતાની આ અંગે અશક્તિ જાહેર કરતાં કહે છે, 'કીર્તિદેવ, શબ્દોની શોભાથી હું છેતરાતો નથી. પાટણના ઊગતા ગૌરવનો તો અસ્ત થાત. મહામહેનતે મેં મારી ઝૂપડી ઊભી કરી છે, આર્યાવર્તનો મહેલ ચણવા જાઉં તો તે ઝૂંપડી ચગદાઈ જાય. તમને જે મહેલ બાંધવાની હોંશ છે તે તમે ભલે બાંધો. મુંજાલ તો એની મઢૂલી જ સંભાળશે.'

મુંજાલની પોતાના સ્વાર્થની આવી વાત સાંભળી કીર્તિદેવ નિરાશ બને છે, હતાશ બને છે. અને નિરાશાથી ડંખેલા હૃદયે એનાથી કહેવાઈ જાય છે, 'ત્યારે એક નાનકડા રાજ્યની મહત્ત્વાકાંક્ષા સાચવવા આર્યાવર્તનું સત્યાનાશ વળવા દેવું એમાં તમારી મુત્સદ્દીગીરી છે ?' નવલકથામાં

કીર્તિદેવ જે મુનશીનું કલ્પિત પાત્ર છે અને નવલકથાકાર જેના દ્વારા પોતાના વિચારો રજૂ કરે છે તેની આ વાત સાંભળીને આપણને પણ થાય છે કે મુંજાલની આ તે કેવી મુત્સદ્દીગીરી?

મુત્સદ્દીગીરી તો તે જે મુક્તિ તરફ લઈ જાય. અપાર્થિવ પાત્ર સમો કીર્તિદેવ વધારે પ્રત્યક્ષ લાગે છે, ને થોડી ક્ષણો ગુજરાતનો મહા અમાત્ય આપણી આગળ ફિક્કો પડી જાય છે.

અલબત્ત, ઈતિહાસની દૃષ્ટિએ તેમ જ રસની દૃષ્ટિએ મુનશીનું આ નિરૂપણ જેમાં કીર્તિદેવની યોજનાઓને સફળતા ન મળી એ યોગ્ય છે. મુનશીએ આ નવલકથાખંડમાં ભારતવર્ષની રાષ્ટ્રિય અસ્મિતાના કોયડાને જ સોલંકીયુગના એક ચોક્કસ સમયખંડના નિરૂપણ દ્વારા મૂર્ત રૂપ આપ્યું છે. અહીં નિરૂપાયેલો કીર્તિદેવ - મુંજાલનો વિચારસંઘર્ષ એ મુનશીના વર્તમાનકાલીન વિચાર સંઘર્ષનું જ જાણે કે પ્રતીક છે. નવલકથાકારની કુશળતા એ હકીકતમાં રહેલી છે કે વર્તમાન માટેના ઉચિત સંદેશને ઐતિહાસિક નવલકથામાં સહેજ પણ રસભંગ ન થાય એ રીતે કલામય રૂપ આપી શક્યા છે.

## 6.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

કીર્તિદેવ અને મુંજાલ વચ્ચેના વિચારસંઘર્ષને નિરૂપતા પ્રસ્તુત નવલકથાખંડને આપણે સઘન અધ્યયનની દૃષ્ટિએ નીચેના વિભાગમાં વહેંચીશું:

1. કીર્તિદેવ - મુંજાલ વચ્ચેનો વ્યક્તિત્વભેદ
2. કીર્તિદેવનો મુંજાલ સાથે મેળાપ અને તે સમયની બંનેની મનઃસ્થિતિ
3. કીર્તિદેવની યાચના અને તેનાં કારણો
4. મુંજાલનો કીર્તિદેવની યાચનાનો અસ્વીકાર અને તેનાં કારણો
5. પરિણામ

**(1)** કીર્તિદેવ માલવી યોદ્ધો હતો. પાટણમાં આવવા પાછળ તેના જીવનનાં બે મુખ્ય ધ્યેય હતાં (1) પોતાના પિતાની શોધ અને (2) પોતાના દેશનું ઐક્ય. પહેલા ધ્યેયને સિદ્ધ કરવા માટે તેણે કાળભૈરવની આરાધના કરી હતી, જ્યારે બીજા ધ્યેયની સિદ્ધિ માટે રાજખટપટમાં ભૈરવ સમા મંત્રી મુંજાલને આજે તે મળવા જતો હતો.

જ્યાં સુધી કીર્તિદેવ મુંજાલને મળ્યો નહોતો ત્યાં સુધી કીર્તિદેવને લાગતું હતું કે દેશના ઐક્યનું પોતાનું ધ્યેય સિદ્ધ કરવામાં જો કોઈ સૌથી મોટી આડખીલી હોય તો તે મુંજાલ છે. કીર્તિદેવે જોયું હતું કે પાટણમાં મુંજાલનો ખૂબ જ પ્રભાવ હતો. પાટણની નાની સૃષ્ટિનો તે કર્તાહર્તા હતો. આ મુંજાલે એની જુવાનીમાં તોફાન કર્યાં હતાં, રાજ્ય માટે અઢળક ધન ભેગું કર્યું હતું, પોતાના રાજ્ય માટે ચંદ્રપુર જઈને હાલનાં રાજમાતા મીનળનું માંગું પાટણ લઈ આવ્યો હતો. થોડાં યુદ્ધો લડી કર્ણદેવના વખતમાં રાજસત્તા હાથ ધરી હતી. કર્ણદેવના ભત્રીજા અને પોતાના બનેવી દેવપ્રસાદને દુઃખી કર્યો હતો. રાણી મીનળદેવીની સેવા કરવામાં મસ્ત રહેવાને કારણે પોતાની પત્ની અને પુત્રને મરવા દીધાં હતાં. કર્ણદેવ રાજાના મૃત્યુ પછી બળવાખોર પટ્ટણીઓને રાજી કરી મીનળદેવીને ફરી સત્તાસ્થાને બેસાડી હતી અને અત્યારે તે પાટણનો સર્વસત્તાધીશ હતો.

પાટણ આવેલા કીર્તિદેવે જોયું કે પાટણમાં સૌ મુંજાલ તરફ ન કળાય એવી ધાકથી, ન સમજાય એવા માનથી, ન જણાય એવી મમતાથી જોતાં હતાં. આ બધામાં એને મુંજાલનો પાટણ ઉપર પ્રભાવ નહોતો દેખાતો, પટ્ટણીઓની નિર્બળતા જણાતી હતી.

પણ કીર્તિદેવની મુંજાલ સંદર્ભેની આ માન્યતા બરોબર નહોતી. ખરેખર તો એ મુંજાલના પ્રૌઢ

વ્યક્તિત્વને પારખી શક્યો નહોતો. મુંજાલના પ્રભાવમાં જે પ્રતાપી સર્જકશક્તિ હતી તે જોઈ શક્યો નહોતો.

બીજી બાજુ મુંજાલે જ્યારથી કીર્તિદેવને જોયો ત્યારથી તેના પ્રભાવક વ્યક્તિત્વથી તે પણ અંજાયો હતો. કીર્તિદેવની મોહક બાલિકા સમી મુખમુદ્રા એના મનમાંથી ખસતી નહોતી. એની ભાવનાઓ અને કર્તવ્યોની વાત સાંભળી મુંજાલને અજાયબી લાગતી હતી. મુંજાલ મનુષ્યોનો હીરપારખુ હતો, અને પોતાની શક્તિ આ કીર્તિદેવરૂપી ઝગમગતા રત્ન પર અજમાવવાની ઈચ્છાથી એને મળવાનું નિમંત્રણ સ્વીકાર્યું હતું.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ક):</u>**

1. કીર્તિદેવ કયા પ્રદેશોનો યોદ્ધો હતો? એના જીવનનાં કયાં બે ધ્યેય હતાં?
2. પોતાના જીવનનાં બે ધ્યેયને સિદ્ધ કરવા કીર્તિદેવે શું કર્યું?
3. દેશનું ઐક્ય સિદ્ધ કરવામાં કીર્તિદેવને કોણ આડખીલીરૂપ લાગતું હતું?
4. પાટણમાં મુંજાલનો કેવો પ્રભાવ હતો?
5. મુંજાલનો ભૂતકાળ કેવો હતો?
6. પાટણમાં મુંજાલના પ્રભાવ અંગે કીર્તિદેવની શી માન્યતા હતી? એ માન્યતા સાચી હતી ? શા માટે?
7. કીર્તિદેવના વ્યક્તિત્વનો પ્રભાવ મુંજાલ ઉપર કેવો પડ્યો હતો?

**(2)** કીર્તિદેવ જ્યારે મુંજાલને મળવા સજ્જન મહેતા સાથે રાજગઢ આવ્યો ત્યારે એક ક્ષણ તેનું મન પાછું હઠ્યું. એના મનને ક્ષણ વાર તો થયું કે મુંજાલને મળવાથી દેશના ઐક્યના પોતે ઉપાડેલા ધ્યેયને હાનિ તો નહીં થાય ને? પણ બીજી જ ક્ષણે પોતાના એ વિચારને તિલાંજલિ આપી ખૂબ જ સ્વસ્થતાથી તે મુંજાલ પાસે પહોંચ્યો.

કીર્તિદેવ જ્યારે મુંજાલને મળ્યો ત્યારે એની માનસિક સ્થિતિ કંઈક જુદી જ હતી. કીર્તિદેવના એક વિશિષ્ટ પ્રકારના વ્યક્તિત્વથી, એની આગવી વિચારસરણીથી તે પ્રભાવિત બન્યો હતો અને એટલે જ એને મળવાનું એણે સ્વીકાર્યું હતું.

કીર્તિદેવ અને મુંજાલની આ મુલાકાતનો આરંભ એક અણદીઠી મીઠાશથી થાય છે. બંને એકબીજાના ગુણોની મનોમન અને સ્વમુખે પ્રશંસા કરે છે. મુંજાલ કીર્તિદેવની સાથે આવેલા સજ્જનને તે કીર્તિદેવને ક્યાંથી ઓળખે એ અંગે પૃચ્છા કરે છે. સજ્જન મહેતા કહે છે કે કીર્તિદેવ માળવાના અધિપતિ ઉબક પરમારનો દત્તક પુત્ર છે એટલે પોતે એને ઓળખે છે. કીર્તિદેવ સાથેની વાતચીતમાંથી મુંજાલને એ પણ ખબર પડે છે કે કીર્તિદેવ મૂળ તો વણિક છે અને માબાપે એને બાળપણમાં ત્યજી દીધો હતો ત્યારથી તે ઉબકરાજની પાસે જ રહ્યો હતો. કીર્તિદેવે મુંજાલ સાથે આર્યાવર્તના ઐક્ય અંગેની જે યાચના કરવાનો હતો. એ વાત મુંજાલને નહીં જ ગમે એમ માનતા અને જાણતા સજ્જન મહેતાએ આ બંનેની વાતચીતમાં પ્રત્યક્ષ હાજરી ના આપવી પડે માટે મુંજાલ પાસેથી વિદાય લીધી.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ખ):</u>**

1. રાજગઢમાં જતી વખતની કીર્તિદેવની મનઃસ્થિતિનું નિરૂપણ કરો.
2. કીર્તિદેવ સાથેની મુલાકાત સમયે મુંજાલની માનસસ્થિતિ કેવી હતી

3. મુંજાલે કીર્તિદેવને મળવાનું શા માટે સ્વીકાર્યું?

4. કીર્તિદેવ-મુંજાલના મેળાપની આરંભની ક્ષણો કેવી હતી?

5. કીર્તિદેવ કોને ત્યાં ઊછર્યો હતો? શા માટે?

6. સજ્જન મહેતા કીર્તિદેવ-મુંજાલની વાતચીતના સાક્ષી રહેવાનું શા માટે ટાળે છે?

**(3)** કીર્તિદેવ-મુંજાલની મુલાકાતની આરંભની ઔપચારિકતા પૂરી થયા પછી બંને મૂળ વાતચીત ઉપર આવે છે. એક મહારથી સામે પોતે વાગ્યુદ્ધમાં ઊતરી રહ્યો છે એ સભાનતા સાથે કીર્તિદેવ મુંજાલને કહે છે કે પોતે એક યાચના કરવા આવ્યો છે. મુંજાલ જ્યારે એ અંગે પૂછે છે ત્યારે કીર્તિદેવ કહે છે કે મુંજાલ જેવા કુશળ વહીવટકર્તાએ પાટણ જેવા નાનકડા રાષ્ટ્રની રાજનીતિ પાછળ જીવન સમર્પવાને બદલે આર્યાવર્ત જેવા વિશાળ રાષ્ટ્રની એકતા માટે જીવન સમર્પવું જોઈએ. છિન્નભિન્ન થયેલાં રાષ્ટ્રોને, કુસંપી બનેલાં રાજ્યોને એકતંતે બાંધવાં જોઈએ. મુંજાલ સિવાય આ કામ કદાચ કોઈ ન કરી શકે એમ તે માને છે.

મુંજાલને કીર્તિદેવની વાત ગળે ઊતરતી નથી. એટલે એ કીર્તિદેવને પૂછે છે કે શું તેની ઇચ્છા અવંતી અને પાટણ વચ્ચે સંધિ કરાવવાની છે? કીર્તિદેવ મુંજાલની આ વાતનો જવાબ આપતાં કહે છે કે ઉબક પરમાર તરવારની ધાર વડે સંધિ કરાવે છે, સંધિ યાચતા નથી. કીર્તિદેવને તો પાટણ, અવંતી સપાદલક્ષ, માળવા, કાન્યકુબ્જ વગેરે રાજ્યોના રાજાઓ જે અંદરોઅંદર લડીને કપાઈ મરે છે... એમની વચ્ચે સંધિ કરાવવી છે. એ બધાની વચ્ચેના પરસ્પરના વેરને શમાવવાં છે; એ બધાને એકત્ર કરી એક મહાપ્રબળ સૈન્ય તૈયાર કરવું છે અને એ બધુ કરવા આર્યાવર્તને એક કુશળ મંત્રીની...મુત્સદ્દીની જરૂર છે... એ પદ મુંજાલ લે એવી કીર્તિદેવની ઇચ્છા છે.

મુંજાલને કીર્તિદેવની આ બધી મહેનતનું કારણ સમજાતું નથી ત્યારે કીર્તિદેવ કહે છે કે આર્યાવર્તને માથે ભય ઝઝૂમે છે... મ્લેચ્છોનો ભય...કાશ્મીરની પાસે આ મ્લેચ્છો અબજોની સંખ્યામાં રહેલા છે...એ બધા આર્યાવર્તને ભસ્મીભૂત કરવા એક પગે થઈ રહ્યા છે. એ લોકો જો આર્યાવર્ત ઉપર ત્રાટકશે તો આર્યાવર્તનો ભયંકર વિનાશ થશે. અને એ ના થવા દેવું હોય તો આર્યાવર્તનાં છૂટક-છૂટક રાજ્યો વચ્ચે સંધિ કરાવવી જોઈએ.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ગ):</u>**

1. કીર્તિદેવ મુંજાલ પાસે શેની યાચના કરે છે?

2. મુંજાલને કીર્તિદેવની વાત ગળે ઊતરે છે? એ કીર્તિદેવની વાતમાંથી કયો અર્થ તારવે છે?

3. પાટણ-અવંતીની સંધિ બાબતે કીર્તિદેવ મુંજાલને શું કહે છે?

4. આર્યાવર્તમાં કોનીકોની વચ્ચે કુસંપ હતો? એ કુસપનું શું પરિણામ આવી શકે?

5. આર્યાવર્તના કુસંપને દૂર કરવાનો કયો ઉપાય કીર્તિદેવ મુંજાલને બતાવે છે?

**(4)** આર્યાવર્તને યવનોના હુમલાના ડરમાંથી બચાવવા કીર્તિદેવ મુંજાલની મુત્સદ્દીગીરીનો લાભ આર્યાવર્તને આપવાની યાચના કરે છે... એ માટે પાટણને બદલે આર્યાવર્તનું સુકાનીપદ લેવા વીનવે છે. પણ મુંજાલના ગળે કીર્તિદેવની આ વાત ઊતરતી નથી. એ આ કામ પાર પાડવાની પોતાની અશક્તિ જાહેર કરી કીર્તિદેવને કહે છે. કે, 'તમારી વાત સાચી ભલે હોય પણ શક્ય નથી.' જ્યારે કીર્તિદેવે મુંજાલને શક્ય ન હોય એવી આ વાતને શક્ય કરવાનું કહે છે. ત્યારે એનો જવાબ આપતાં મુંજાલ કહે છે કે, આર્યાવર્તનું સુકાનીપદ લેવાની વાત કરી

કીર્તિદેવે મુંજાલનું ગૌરવ વધાર્યું છે... જો પોતાની પાસે દસ હજાર સામંત હોત અને પોતે એક મહારાજ્યનો મંત્રી હોત તો તે આ વાત સ્વીકારત પણ તેવું કંઈ તેની પાસે નથી એટલે લાચાર. કીર્તિદેવ કહે છે કે, આર્યાવર્તના ઘણા રાજાઓને એણે આ વાત સમજાવી છે અને તેઓ મુંજાલનું માનશે પણ મુંજાલ જાણે છે કે રાજકારણમાં ભય વગર પ્રીતિ શક્ય નથી.

મુંજાલને ખબર છે કે કીર્તિદેવની વાત આદર્શની રીતે સુંદર છે પણ વાસ્તવમાં એ પ્રમાણે કાર્ય કરવું શક્ય નથી. તે કીર્તિદેવને કહે છે કે, પોતાનું ગુજરાત ઘણું નાનું છે... હજી માંડ પગભર થયું છે. એટલે એનાથી તો શક્ય નહીં બને. અને આગળ કહે છે કે, 'મહામહેનતે મેં મારી ઝૂંપડી ઊભી કરી છે, આર્યાવર્તનો મહેલ ચણવા જાઉં તો એ ઝૂંપડી ચગદાઈ જાય... કીર્તિદેવને એવો આર્યાવર્તનો મહેલ ચણવો હોય તો ભલે ચણે. મુંજાલને તો એની મઢૂલીથી જ સંતોષ છે.

મુંજાલની આ વાતથી કીર્તિદેવ ખૂબ જ નિરાશ થાય છે. પોતાનાં સ્વપ્નો નષ્ટ થવાનાં એ વિચારથી એ દુઃખી થાય છે...પણ મુંજાલને તો પોતાનાં સિદ્ધ થયેલાં સ્વપ્નોને સાચવવાં છે અને એટલે જ એ મક્કમપણે કીર્તિદેવની વાતને ઠુકરાવે છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ઘ):</u>**

1. મુંજાલ કીર્તિદેવના આર્યાવર્તનું સુકાનીપદ સંભાળવાના પ્રસ્તાવને શા માટે ઠુકરાવે છે?
2. આર્યાવર્તનું સુકાનીપદ કયા સંજોગ હોય તો સ્વીકારવાની મુંજાલની તૈયારી હતી?
3. કીર્તિદેવની વાત મુંજાલને કયા કારણે અવાસ્તવિક લાગે છે?
4. મુંજાલને શા માટે પોતાની ઝૂંપડી સાચવી રાખવી છે?
5. મુંજાલના ઈન્કારથી કીર્તિદેવના મનમાં શું થાય છે?

**(5)** એક નાના રાજ્યની મહત્ત્વાકાંક્ષાને સાચવવા માટે થઈને આર્યાવર્તનું સત્યાનાશ વાળવા તૈયાર થયેલા મુંજાલને કીર્તિદેવ ઉપાલંભે છે... ઠપકા આપે છે, અને કહે છે કે મુંજાલ કોઈ પણ સંજોગોમાં આર્યાવર્તના ભવિષ્ય આડે આવતાં ફાવવાનો નથી... કીર્તિદેવ દેશદેશના રાજાઓને એકત્ર કરી એમનાં સૈન્ય વડે મ્લેચ્છોનો જરૂર નાશ કરાવશે... એટલું જ નહીં મુંજાલને એ ખાતરી કરાવશે કે સત્યનો જ હંમેશ જય થાય છે, નહીં કે મુંજાલ જેવાની ટૂંકી ગણતરીની સ્વાર્થી રાજનીતિનો. એટલું જ નહીં કીર્તિદેવ એ પણ સિદ્ધ કરી બતાવશે કે ગુજરાત આર્યાવર્તનું અંગ નથી, એ તો છે માત્ર સ્વાર્થી શ્રાવક ધનાઢ્યોનું ધનસંચય કરવાનું ચૌટું.

જાજ્વલ્યમાન એવી કીર્તિદેવની વાતની કોઈ અસર મુંજાલ ઉપર થતી નથી એટલું જ નહીં, એ તો સ્વસ્થતાથી અને સખ્તાઈથી જેમ બને એમ જલદી કીર્તિદેવને પાટણ છોડી જતા રહેવાનું સૂચવે છે.

કીર્તિદેવના ગયા પછી એના પ્રભાવનો મનોમન સ્વીકાર કરતો મુંજાલ પોતાની જાતને કહી રહ્યો હતો - 'શો છોકરો! શો પ્રભાવ! એવો પુત્ર હોય તો ઈકોતેર પેઢી તારે, શી બોલવાની છટા - ભયંકર!...પર્વત પણ પિગળાવવાનું એની જીભમાં જોર છે!

ટૂંકમાં, આ આખુંય પ્રકરણ ઈતિહાસની દૃષ્ટિએ તપાસીએ તો કીર્તિદેવની વાતનો મુંજાલે કરેલો અસ્વીકાર ઐતિહાસિકતાની દૃષ્ટએ ઉચિત છે. મુંજાલે એ જમાનો જોતાં કીર્તિદેવની યોજનાઓમાં સાથ ન આપવાનો જે નિર્ણય લીધો તેને ભાગ્યે જ અવ્યવહારુ ગણી શકાય. મુંજાલે બીજાં રાજ્યો વિશે જે અવિશ્વાસ બતાવ્યો તેમાં સત્ય નહોતું તેમ પણ ઈતિહાસકાર ભાગ્યે જ કહી શકે. પ્રસ્તુત પ્રકરણમાં આમ કીર્તિદેવને પોતાની યોજનાઓમાં સફળતા ન મળી એમ ચીતરીને મુનશીજીને ઈતિહાસની તેમ જ રસની દૃષ્ટિએ યોગ્ય જ કર્યું છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ચ):</u>**

1. આર્યાવર્તની એકતાનું સ્વપ્ન રોળાઈ જતાં કીર્તિદેવ મુંજાલને શો ઠપકો આપે છે?
2. મુંજાલને એ કઈ બાબતની ખાતરી કરાવશે?
3. કીર્તિદેવની વાત સાંભળ્યા પછી મુંજાલ કીર્તિદેવને શું કહે છે?
4. કીર્તિદેવનો પ્રભાવ મુંજાલના મન ઉપર કેવો પડ્યો છે? એ અંગે અંતમાં શું કહે છે?
5. આ આખુંય પ્રકરણ ઐતિહાસિકતાની દૃષ્ટિએ ટૂંકમાં મૂલવો.

## 6.6 વસ્તુલક્ષી કસોટી

**<u>તમારી પ્રગતિ ચકાસો (છ):</u>**

**(અ)** નીચેના વ્યક્તિત્વ-લક્ષણોમાંથી કેટલાંક મુંજાલને અને કેટલાંક કીર્તિદેવને લાગું પડે છે. મુંજાલને લાગુ પડતાં વ્યક્તિત્વ-લક્ષણો (ક) અને કીર્તિદેવને લાગુ પડતાં લક્ષણો (ખ) વિભાગમાં અલગ તારવીને બતાવોઃ

માલવી યોદ્ધો, પાટણનો મહામંત્રી, ભાવનામય દૃષ્ટિ, પ્રૌઢ વ્યક્તિત્વ, પ્રતાપી સર્જક શક્તિ, મનુષ્યોનો હીરપારખું, ગુજરાતનું રાજ્યતંત્ર, એક આંગળીએ ધારનાર, મહા-અમાત્ય, ઉમળકાનો ઊછળતો સાગર, જાજ્વલ્યમાન કાંતિ, શાંત ગૌરવ, અવંતીનો સાંધિવિગ્રહિક, બુદ્ધિપ્રધાન નજર, કોમળ વય, અણઘડાયેલી કલ્પનાશક્તિ, અદ્ભુત વ્યક્તિત્વનો અસહ્ય પ્રતાપ.

| **(ક) મુંજાલ** | **(ખ) કીર્તિદેવ** |
| --- | --- |
| | |

(બ) નીચેની ઉક્તિઓ મુંજાલ કે કીર્તિદેવના મુખની છે. નવલકથાનો સઘન અભ્યાસ કરી એ ઉક્તિઓને (અ) વિભાગમાં દર્શાવ્યા એવા બે વિભાગમાં અલગ પાડી બતાવોઃ

1. ભટ્ટરાજ! તમને સહેલ લાગે, પણ ગમે તેવો પણ હું રાજસેવક.
2. આપ રાજસેવક નથી, રાજ્યના ભાગ્યવિધાતા છો.
3. જેમ ગુજરાતનું રાજ્યતંત્ર એક આંગળીએ ધારો છો તેમ આર્યાવર્તનું રાજ્યતંત્ર પણ ધારો.
4. પટ્ટણીઓ વિગ્રહ માગશે તો શું માલવીઓ આપશે નહીં?
5. શક્ય વસ્તુ ન હોય તો હાથમાં ન સાહવી એ મારું સૂત્ર છે.
6. ભય વિના પ્રીતિ સાંભળી છે?
7. કુસંપ કરતાં સંપ કરવો કઠણ છે.
8. મહામહેનતે મેં મારી ઝૂંપડી ઊભી કરી છે; આર્યાવર્તનો મહેલ ચણવા જાઉં તો એ ઝૂંપડી ચગદાઈ જાય, સમજ્યા?

9. એક નાના રાજ્યની મહત્ત્વાકાંક્ષા સાચવવા આર્યાવર્તનું સત્યાનાશ વળવા દેવું એમાં તમારું મુત્સદ્દીપણું!

10. તમે એમ ધારો છો કે આર્યાવર્તના ભવિષ્ય આડે આવતાં તમે ફાવશો?

11. જીવતો રહીશ તો બતાવીશ કે सत्यमेव जयते। નહીં કે તમારી ટૂંકબુદ્ધિની સ્વાર્થી રાજનીતિ.

12. ખાતરી કરાવી દઈશ કે ગુજરાત એ આર્યાવર્તનું અંગ નથી, પણ સ્વાર્થી શ્રાવક ધનાઢ્યોને ધનસંચય કરવાનું ચૌટું છે.

13. હું અવંતીનો સાંધિવિગ્રહિક છું, હોં!

14. શો છોકરો! શો પ્રભાવ! એવો પુત્ર હોય તો ઇકોતર પેઢી તારે!

15. પર્વત પણ પિગળાવવાનું એની જીભમાં જોર છે.

(ક) પ્રસ્તુત નવલકથાખંડમાં રજૂ થયેલા વિચારો પ્રમાણે નીચેનાં વિધાનો સાચાં છે કે ખોટાં તે જણાવો. જે વિધાન ખોટું હોય તેને માટે વિધાનને અંતે આપેલા ખાનામાં ( ✗ )ની અને જે વિધાન સાચું હોય તેને માટે ( ✓ )ની નિશાની કરો.

1. કીર્તિદેવના જીવનની બે નેમ હતીઃ પાટણનું રાજ્ય મેળવવાની અને મંજરી સાથે લગ્ન કરવાની. ☐
2. રાષ્ટ્રનું ઐક્ય સિદ્ધ કરવામાં કીર્તિદેવને મન મુંજાલ આડખીલીરૂપ હતો. ☐
3. કીર્તિદેવ મુંજાલના પ્રૌઢ વ્યક્તિત્વનો ખરેખરો પ્રભાવ પારખી શક્યો નહોતો. ☐
4. કીર્તિદેવ મનુષ્યોનો હીરપારખું હતો. ☐
5. કીર્તિદેવ માળવાના ઉબકરાજનો પુત્ર હતો. ☐
6. મુંજાલે કીર્તિદેવને આર્યાવર્તનું રાજ્યતંત્ર એક આંગળીએ ધારણ કરવા વિનંતી કરી. ☐
7. કીર્તિદેવને પાટણ અને અવંતી સંધિ કરે એ જ વાતમાં રસ હતો. ☐
8. મુંજાલે કીર્તિદેવની આર્યાવર્તને એક કરવાની યાચના સ્વીકારી. ☐
9. મુંજાલે એક નાના રાજ્યની મહત્ત્વાકાંક્ષા સાચવવા આર્યાવર્તનું સત્યનાશ વળવા દીધું. ☐
10. મુંજાલે તાત્કાલિક પાટણ છોડી જવા કીર્તિદેવને હુકમ કર્યો. ☐

## 6.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

**(1) નીચેના શબ્દો જુઓઃ**

(ક) બળવાખોર

- આ શબ્દ અરબી ભાષામાંથી આવેલો છે. બીજા અનેક અરબી ભાષાના શબ્દોની જેમ તે આપણી ભાષામાં રૂઢ થયો છે. આ શબ્દમાં આપણને બે પદ જોવા મળે છેઃ ૧. ‘બળવો’ એટલે ‘બંડ’, અને ૨. ‘ખોર’ એટલે ‘કરનાર’. ‘બળવાખોર’ શબ્દનો અર્થ થાય છે ‘બંડ કરનાર’.

**<u>તમારી પ્રગતિ ચકાસો (જ):</u>**

'ખોર' પાછળ લાગતો હોય એવા નીચેના અર્થવાળા શબ્દો બનાવોઃ

૧. નફો કરનાર = ................................

૨. દગો કરનાર = ................................

૩. હુમલો કરનાર = ................................

૪. મસ્તી કરનાર = ................................

૫. ચુગલી કરનાર = ................................

**(ખ)** ઉડાઉગીરી

– આ શબ્દમાં આપણને બે પદ મળે છે ૧. 'ઉડાઉ' એટલે 'અતિ ખર્ચાળ' અને ૨. 'ગીરી' એટલે 'પણું'. શબ્દનો અર્થ થાય છે 'અતિ ખર્ચાળપણું'. 'ગીરી' ફારસી પ્રત્યય છે, જે વિશેષણ પરથી ભાવવાચક સંજ્ઞા બનાવે છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ઝ):</u>**

'ગીરી' પ્રત્યય પાછળ લાગેલો હોય એવા નીચેના અર્થવાળા શબ્દો બનાવોઃ

1. ગુલામપણું = .........................

2. સોદાપણું = .........................

3. ગુંડાપણું = .........................

4. દાદાપણું = .........................

5. માસ્તરપણું = .........................

**(૨) નીચેનાં વાક્ય જુઓઃ**

1. **જો** હું એક મહારાજયનો મંત્રી હોત, મારા તાબામાં હજાર સામંત હોત **તો** હું તે સ્વીકારત.

2. તમારે ઘેર બેઠાં સંપ આવ્યો **પણ** તમે તે સ્વીકાર્યો નહીં.

ઉપરનાં વાક્યોમાં 'જો-તો', 'પણ' વાક્યને જોડવાનું કામ કરે છે. વાક્યો, પદસમૂહો અને પદોને જોડવાનું કામ કરનાર તત્ત્વોને **'સંયોજક'** તરીકે ઓળખવામાં આવે છે. કેટલાંક સંયોજકો કેવળ વાક્યને જોડવા માટે પ્રયોજાય છે -જેમ કે, જો - તો, જ્યાં - ત્યાં, કારણ કે, છતાં, તેથી, માટે, નહીંતર વગેરે, જ્યારે કેટલાંક સંયોજકો વાક્યો તેમ જ પદસમૂહો કે પદોને જોડવા માટે પણ પ્રયોજાય છે. દા.ત. ને, અને, તથા, તેમ જ, પણ, અથવા, અથવા તો, નહીં તો, એટલે, અર્થાત્ વગેરે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ટ):</u>**

નીચેનાં વાક્યોમાંથી સંયોજકો શોધીને જણાવોઃ

1. જેમ ગુજરાતનું રાજ્યતંત્ર એક આંગળીએ ધારો છો, તેમ આર્યાવર્તનું રાજ્યતંત્ર પણ ધારો.

2. તમારે ઘેર બેઠાં સંપ આવ્યો, પણ તમે તે સ્વીકાર્યો નહીં.

3. હું અને પાટણ ઉબક પરમારનાં ગુલામ થઈ રહેત.

4. તમને જે મહેલ બાંધવાની હોંશ છે તે તમે ભલે બાંધો, મુંજાલ તો એની મઢૂલી જ સંભાળશે.

## 6.8 પુનરવલોકન

**તમારી પ્રગતિ ચકાસો (ઠ):**

નવલકથાખંડનો વિગતે અભ્યાસ કર્યા પછી હવે એને આધારે નીચેના પ્રશ્નોના ઉત્તર તમે સરળતાથી આપી શકશોઃ

1. કીર્તિદેવ અને મુંજાલના પાત્ર વિશે નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખી નોંધ લખોઃ
   - બંનેના આદર્શ
   - બંનેની માન્યતા
   - બાહ્ય અને આંતરવ્યક્તિત્વ
2. સમગ્ર પ્રકરણને ઈતિહાસના કથાવસ્તુ, પાત્રચિત્રણ અને એમાં કનૈયાલાલ મુનશીએ કરેલા ફેરફારોના સંદર્ભમાં ચકાસો.
3. આર્યાવર્તના હિતને અવગણીને ગુજરાતના જ હિતની મુંજાલની ચિંતા સાચી છે કે પછી સમગ્ર આર્યાવર્તને બચાવવા કીર્તિદેવે કહેલી યોજના વધારે સાચી છે? તમારા જવાબ માટે કારણો આપો.
4. પ્રસ્તુત નવલકથાખંડમાંથી તમને કયું પાત્ર આદર્શ કે વાસ્તવિકતાની દૃષ્ટિએ ચડિયાતું લાગે છે? તમારો જવાબ ઉદાહરણો સાથે જણાવો.

## 6.9 લેખન-પ્રવૃત્તિ

**તમારી પ્રગતિ ચકાસો (ડ):**

પ્રસ્તુત નવલકથાખંડમાં રજૂ થયેલી રાજ્યતંત્ર અંગેની વિચારધારા વર્તમાન ભારતીય રાજકારણને લાગુ પડે એવી છે? ઉદાહરણ સહિત એ અંગે જણાવો.

## 6.10 વિશેષ અધ્યયન

### 6.10.1 કર્તા-પરિચય

આ નવલકથાખંડના લેખક કનૈયાલાલ માણેકલાલ મુનશી (ઈ.સ. ૧૮૮૭થી ઈ.સ. ૧૯૭૧) ગોવર્ધનરામ ત્રિપાઠી પછીના ઉત્તમ નવલકથાકાર તરીકે ગુજરાતી સાહિત્યમાં જાણીતા છે. તેજસ્વી ધારાશાસ્ત્રી, પ્રખર મુત્સદ્દી, સ્વાતંત્ર્ય-સંગ્રામના સાથી, સ્વતંત્રતા પૂર્વેના અને સ્વતંત્રતા પછીના સમયગાળાના ઉત્તમ રાજપુરુષ, ભારતીય વિદ્યાભવન જેવી વિદ્યાસંસ્થાના સ્થાપક અને કુલપતિ, ગુર્જર અસ્મિતાના ગાયક, ભારતીય સંસ્કૃતિના જ્યોતિર્ધર, સંસ્કારપુરુષ અને પ્રતિભાશાળી સર્જક એવા મુનશીનું સાહિત્યસર્જન વૈવિધ્યવંતું છે. એક કવિતાપ્રકાર સિવાય સાહિત્યનાં લગભગ તમામ સ્વરૂપોમાં એમની લેખિનીએ સફળ વિહાર કર્યો છે. ઈ.સ. ૧૯૧૨માં 'ઘનશ્યામ વ્યાસ'ના નામે 'સ્ત્રીબોધ'માં પ્રગટ થયેલી 'મારી કમલા' વાર્તાથી મુનશીની સાહિત્ય-કારકિર્દી આરંભાઈ હતી. એમની પાસેથી 'વેરની વસૂલાત', 'પાટણની પ્રભુતા', 'ગુજરાતનો નાથ', 'જય સોમનાથ', 'પૃથિવીવલ્લભ', 'સ્વપ્નદ્રષ્ટા', 'ભગવાન કૌટિલ્ય', 'તપસ્વિની', 'કૃષ્ણાવતાર' જેવી **નવલકથાઓ**; 'કાકાની શશી', 'છીએ તે જ ઠીક', 'અવિભક્ત આત્મા', 'તર્પણ', 'પુત્ર-સમોવડી', 'ધ્રુવસ્વામિની દેવી' જેવાં

**નાટકો**; 'શિશુ અને સખી', 'અડધે રસ્તે', 'સીધાં ચઢાણ', 'સ્વપ્નસિદ્ધિની શોધમાં' જેવી **આત્મકથા** અને 'નરસૈયો ભક્ત હરિનો', 'નર્મદ - અર્વાચીનોમાં આદ્ય', 'થોડાંક રસદર્શનો', 'ગુજરાતના જ્યોતિર્ધરો', 'ગુજરાત ઍન્ડ ઈટ્સ લિટરેચર' જેવું **સંશોધન-વિવેચન** મળે છે. કુલ છપ્પન જેટલાં ગુજરાતી અને છત્રીસ જેટલાં અંગ્રેજી પુસ્તકોની યાદી મુનશીની લેખિનીનું સામર્થ્ય દર્શાવે છે.

### 6.10.2 સ્વરૂપ-પરિચય

'કીર્તિદેવનો મુંજાલ સાથે મેળાપ' એ ઐતિહાસિક નવલકથાનો ખંડ છે. ઐતિહાસિક નવલકથાનો લેખક ભૂતકાળમાં બનેલાં બનાવોના માળખા પર નવલકથાનું નિર્માણ કરે છે. પણ આ કલાનિર્માણમાં નવલકથાકારનો ઉદ્દેશ કેવળ ઇતિહાસદર્શન કે ભૂતકાળના બનાવોને યથાતથ રૂપમાં આપણી સમક્ષ તાદૃશ કરવાનો નથી હોતો. આ કામ તો સમય-સ્થળની ઝીણવટભરી માહિતીનો અભ્યાસી ઇતિહાસકાર જ વધારે સારી રીતે કરી શકે. ઐતિહાસિક નવલકાર એ ઇતિહાસકારથી ભિન્ન મિજાજનો માનવી છે, એ તો ઇતિહાસકારથી જુદો છે. ઇતિહાસકારનો હેતુ ઇતિહાસદર્શન કરાવવાનો છે જ્યારે નવલકથાના લેખકનો હેતુ ઇતિહાસના વસ્તુની સામગ્રી લઈને નવલકથાસર્જનનો છે. આથી નવલકથાકારને માટે ઇતિહાસ એ સાધન બની જાય છે અને ઔચિત્યપૂર્વક ઇતિહાસની સામગ્રીમાં ફેરફાર કરવાની પણ છૂટ મળે છે.

### 6.10.3 વિશેષ વાચન

આ એકમને વધારે સારી રીતે સમજવા આ એકમ જેમાંથી લેવામાં આવ્યો છે તે 'ગુજરાતનો નાથ' નવલકથા વાંચો. વળી આ જ નવલકથાકારની 'ગુજરાતનો નાથ' પહેલાં લખાયેલી 'પાટણની પ્રભુતા' અને 'ગુજરાતનો નાથ' પછી લખાયેલી 'રાજાધિરાજ' નવલકથા વાંચો. ગુજરાતી સાહિત્યમાં બીજા પણ ઘણા નવલકથાકાર છે જેમણે ઐતિહાસિક નવલકથાઓ લખી છે જેમ કે, નંદશંકર મહેતાની 'કરણઘેલો', 'ધૂમકેતુ'ની 'ચૌલાદેવી', 'આમ્રપાલી' અને ચૌલુક્ય ગ્રંથાવલિ; ગુણવંતરાય આચાર્ય, જયભિખ્ખુ વગેરેની ઐતિહાસિક નવલકથાઓ. આ નવલકથાઓ વાંચો.

● ટિપ્પણ

**પાણિગ્રહણ** - (ન.) લગ્ન; **અમાનુષી** - (વિ.) ક્રૂર, રાક્ષસી; **આડખીલીરૂપ** - (ન.) નડતર કરનાર; **કર્તાહર્તા** - (પુ.) સર્વોપરી સત્તા ધરાવનાર પુરુષ; **શહેરો સર કર્યાં હતાં** - શહેરો જીત્યા હતાં; **એકહથ્થું સત્તા** - (વિ.) એક જ હાથમાં સત્તા હોય એવું; **હીરપારખુ** - (વિ.) સત્વ પારખનાર; **શિરછત્ર** - (વિ.) માથાના છત્રરૂપ, પાલક; **મહારથી** - (પુ.) એકલો દશ હજાર યોદ્ધાઓ સામે લડી શકે એવો પરાક્રમી લડવૈયો; **વાગ્યુદ્ધ** - (ન.) ગરમાગરમ ચર્ચા; **કૃતાર્થ** - (વિ.) કૃતકૃત્ય; **ભાગ્યવિધાતા** - (પુ.) ભાગ્યના ઘડનાર; **પરચો** - (પુ.) પ્રતાપ, ચમત્કાર; **રાજ્યતંત્ર એક આંગળીએ ધરવું** - એક વ્યક્તિના હાથમાં રાજ્યના સમગ્ર તંત્રની સત્તા હોવી; **એકતંત્રે બાંધવું** - (વિ.) એક વ્યવસ્થા નીચે રાખવું; **માનભંગ થવું** - (વિ.) અપમાનિત થવું; **અલ્પતા** - (સ્ત્રી.) સંકુચિતતા; **વિગ્રહ** - (પુ.) યુદ્ધ, સંગ્રામ; **મુત્સદ્દી** - (પુ.) રાજનીતિમાં પ્રવીણ; **મહેચ્છા** - (સ્ત્રી.) મોટી ઇચ્છા; **કાઠી** - (સ્ત્રી.) શરીરનો બાંધો; **નિર્મળ કાન્તિ ભભૂકી ઊઠી** - ચહેરાનું નિર્મળ તેજ ખીલી ઊઠ્યું; **મ્લેચ્છ** - (પુ.) આર્યની સંસ્કૃતિથી ભિન્ન સંસ્કૃતિનો માણસ; **ભસ્મીભૂત કરવા** - (વિ.) બાળીને ખાખ કરવું; **એકપગે થઈ રહેવું** - (અ.) અધીરું થવું; **રણશિંગું** - (ન.) યુદ્ધમાં વગાડવાનું તતૂડું; **પંચાંગ પોશાક આપવો** - પાંચ અંગ માટે પોશાક આપવો; **ડિલ** - (ન.) શરીર; **હાથમાં ન સાહવી** - (સ.ક્રિ.);

હાથમાં ન પકડવી; **તાબામાં હોવું** - હુકમમાં રહેનારું; **ચલ્લું** - (ન.) ચકલાની જાતનું નાનું પંખી, ચકલું; **નખ્ખોદ વળવું** - સત્યનાશ થવો; **મઢૂલી** - (સ્ત્રી.) કુટિર, છાપરી, ઝૂંપડી; **ચૌટું** - (ન.) બજાર; **અમાવાસ્યા** - (સ્ત્રી.) અમાસ.

**<u>સ્વ-મૂલ્યાંકન માટેના સ્વાધ્યાયોની ચાવીઓ</u>**

**<u>તમારી પ્રગતિ ચકાસો (છ):</u>**

| **(ક) મુંજાલ** | **(ખ) કીર્તિદેવ** |
|---|---|
| - પાટણનો મહામંત્રી | - માલવી યોદ્ધો |
| - પ્રૌઢ વ્યક્તિત્વ | - ભાવનામય દૃષ્ટિ |
| - પ્રતાપી સર્જક શક્તિ | - અવંતીનો સાંધિવિગ્રહિક |
| - મનુષ્યોનો હીરપારખુ | - કોમળ વય |
| - ગુજરાતનું રાજ્યતંત્ર એક આંગળીએ ધારનાર | - અણઘડાયેલી કલ્પનાશક્તિ |
| - મહા અમાત્ય | |
| - ઉમળકાનો ઊછળતો સાગર | |
| - જાજવલ્યમાન કાંતિ | |
| - શાંત ગૌરવ | |
| - બુદ્ધિપ્રધાન નજર | |
| - અદ્‌ભુત વ્યક્તિત્વનો અસહ્ય પ્રતાપ | |

(બ) મુંજાલ : 1, 5, 6, 7, 8, 14, 15

કીર્તિદેવ : 2, 3, 4, 9, 10, 11, 12, 13

(ક) 1. (✗); 2. (✓); 3. (✓); 4. (✗); 5. (✗);

6. (✓); 7. (✗); 8. (✗); 9. (✓); 10. (✓);

**<u>તમારી પ્રગતિ ચકાસો (જ):</u>**

1. નફાખોર 2. દગાખોર 3. હુમલાખોર 4. મસ્તીખોર 5. ચુગલીખોર

**<u>તમારી પ્રગતિ ચકાસો (ઝ):</u>**

1. ગુલામગીરી 2. સોદાગીરી 3. ગુંડાગીરી 4. દાદાગીરી 5. માસ્તરગીરી

**<u>તમારી પ્રગતિ ચકાસો (ટ):</u>**

1. જેમ-તેમ 2. પણ 3. અને 4. જે-તે

**એકમ ૭**

# ગોપાળ બાપા

**- મનુભાઈ પંચોળી 'દર્શક'**

**રૂપરેખા**


**7.1 ઉદ્દેશો**

**7.2 પ્રસ્તાવના**

**7.3 કૃતિ (નવલકથાખંડ)**

**7.4 કૃતિનો સારાંશ**

**7.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન**

**ખંડ : 1**

**ખંડ : 2**

**7.6 વસ્તુલક્ષી કસોટી**

**7.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ**

**7.8 પુનરવલોકન**

**7.9 લેખન-પ્રવૃત્તિ**

**7.10 વિશેષ અધ્યયન**

**7.10.1 કર્તા-પરિચય**

**7.10.2 સ્વરૂપ-પરિચય**

**7.10.3 વિશેષ વાચન**

- **ટિપ્પણ**


## 7.1 ઉદ્દેશો

પ્રસ્તુત નવલકથાખંડના અભ્યાસ દ્વારા તમે -

- વસ્તુ, પાત્ર, વાતાવરણ, જીવનદર્શન, ભાષાશૈલી વગેરે નવલકથાનાં ઘટકતત્ત્વોના સંદર્ભમાં પ્રસ્તુત નવલકથાખંડનો રસલક્ષી આસ્વાદ માણશો.
- ગુજરાતી સાહિત્યની એક ઉત્તમ સામાજિક નવલકથાના મુખ્ય પાત્રના કેટલાક વ્યક્તિત્વ-અંશનો પરિચય પામશો.
- માણસના મનના રોપને સંસ્કાર-અમીરસનું સિંચન કરીને ઉછેરનાર માળી કેવો હોય એ અંગે ગોપાળ બાપાના પાત્ર દ્વારા વિચારતા થશો.
- કાચી માટીમાંથી સાચો માનવ પેદા કરનાર અજબ કીમિયાગરની ઝલક ગોપાળ બાપામાં જોશો.
- જીવન અને મૃત્યુ બંનેનો સમાદર કરીને જીવનમાં એમના આગમનને હરખભેર સ્વીકારનાર એક સાચો અલખનો જોગી કેવો હોય એની કલ્પના કરતાં થશો.
- નવલકથાખંડમાં રજૂ થયેલી ચિંતનકણિકાઓનો આસ્વાદ લઈ એ અંગે વિચારતા થશો.
- નવલકથાખંડની ભાષાકીય વિશેષતાઓ જાણશો.
- સમગ્ર નવલકથાખંડનો રસલક્ષી પરિચય પામશો.

## 7.2 પ્રસ્તાવના

મનુભાઈ પંચોળી 'દર્શક' આપણા ગાંધીયુગના સર્જક છે. ગાંધીચીંધ્યા માર્ગે જીવન અને સમાજને ઘડનારા ગુજરાતના કેટલાક સંસ્કાર-પુરુષોમાંના તે એક... 'ઝેર તો પીધાં છે જાણી જાણી' તેમની એક ઉત્તમ નવલકથા. 'ગોપાળ બાપા' નવલકથાખંડ એમની આ નવલકથામાંથી લેવામાં આવ્યો છે.

જીવતરનાં ઝેરને પચાવવાનો જીવનસંદેશ આપતી આ નવલકથામાં સર્જક જાણે કે સૂચવે છે કે દુનિયામાં દુઃખ છે, વેદના છે, એ કબૂલ! પણ સાથેસાથે કોમળ લાગણીઓથી છલકતું માનવહૃદય પણ છે, અને એ હૃદય જ જીવનને જીવવા જેવું બનાવે છે. જીવવાનું બીજું નામ છે સહન કરવું. જે સહન કરી શકતો નથી તે જીવી શકતો નથી. જીવતરના ઝેરથી આપણે ડરવાનું નથી, ગભરાવાનું નથી. આપણે તો એને હસતે મોઢે ગટગટાવવાનાં છે. અને ન્યાયની તુલા ઈશ્વરના હાથમાં સોંપવાની છે. આ નવલકથાનાં ગોપાળ બાપા, સત્યકામ, રોહિણી વગેરે પાત્રો જાણે કે આ જ સંદેશને પોતાના વર્તન દ્વારા પ્રતિબિંબિત કરે છે.

ગોપાળ બાપાના કેટલાક વ્યક્તિત્વ-અંશોનો પરિચય આપણને 'ગોપાળ બાપા' પ્રકરણમાં થાય છે. ગુજરાતી નવલકથા-સાહિત્યની પાત્રસૃષ્ટિમાં આગવું સ્થાન પ્રાપ્ત કરનાર ગોપાળ બાપા મહાન કર્મવાદી હતા. ઈશ્વરના પરમ ભક્ત એવા એમને ઈશ્વરના પાર્ષદો તેડવા આવે છે. પોતાને તેડવા આવેલા દેવી ફિરસ્તાને તેઓ સત્યકામ નહીં આવ્યો હોવાથી તે આવ્યા પછી પડવાના દિવસે તેનું રોહિણી સાથે લગ્ન પતાવી બીજને દિવસે તેડવા આવવા વિનંતી કરે છે. મહાન આત્માને જ પોતાના મૃત્યુની અગાઉથી ખબર પડે... માગ્યા દિવસે મૃત્યુ મળે એ કંઈ જેવી તેવી સિદ્ધિ ન કહેવાય! ગોપાળ બાપા હવે પૂર્વતૈયારી આરંભે છે. સત્યકામને તાર કરવાનું પરમાણંદદાસને કહીને તેઓ સુરગવાળા પાસે જાય છે. જુવાન કાઠી સુરગવાળાની વાડી છોડાવી તેને શિખામણ આપી સન્માર્ગે લાવવા પ્રયત્ન કરે છે. પ્રસ્તુત પ્રકરણમાં કોતરો જેવા જ કઠોર, કરાલ એવા કાઠી સુરગવાળાને સાચા અર્થમાં માનવ બનાવવાનો એમનો પ્રયત્ન અનુભવવા મળે છે.

## 7.3 કૃતિ

### ગોપાળ બાપા

**- મનુભાઈ પંચોળી 'દર્શક'**

પડવાને આઠેક દિવસની વાર હતી ત્યાં એક દિવસે પરમાણંદભાઈને વાડીએથી એક જણે આવીને કહ્યું:

'બાપા તમને બોલાવે છે.'

ગોપાળ બાપા એમને કોઈ દિવસ રાત સિવાય બોલાવતા નહિ. કારણ કે એમની નીચે કોઈ ડેપ્યુટી આ નાના સ્ટેશનમાં હતો નહિ. કાંઈક અકસ્માત થયો હશે એમ ધારીને એ ઉતાવળા-ઉતાવળા આવ્યા.

જોયું તો ઘરની પરસાળના જેર ઉપર પલાંઠી વાળીને ગોપાળ બાપા બેઠા હતા. પ્રસન્નતાથી જાણે એમનું મન ઊભરાઈ જતું હતું, ને એમના મોં ફરતું જાણે તેજોમંડળ રચાયું હતું.

'આવો દાસ!' એમને જાણે સ્વપ્નમાં બોલતા હોય તેમ આવકાર આપ્યો, 'આજ તો ગોપાલાનંદ સ્વામી પધાર્યા હતા.'

પરમાણંદદાસ ચમક્યા. એને થયું - ગોપાળ બાપા આ શું બોલી રહ્યા છે! સ્વસ્થ તો છે ને? એ કાંઈ પૂછે તે પહેલાં ગોપાળ બાપાએ ઓરડા તરફ જોઈ કહ્યું:

'રોહિણી, તું પેલા માંદા વાછરડાને જોઈ આવ જોઈએ.' રોહિણી જતી હતી ત્યાં કહે: 'આજે દૂધ અહીં લાવવાનું નથી. નિશાળનાં છોકરાંઓને પાઈ દેવાનું છે.'

રોહિણી ગઈ એટલે બેસવા માટે સામેનો પાટલો ચીંધતાં કહે:

'આજે ઊઠીને નાહ્યો, ઘીનો દીવો કરી ધ્યાન કરવા બેસતો હતો ત્યાં જાણે ઘરમાં કોઈક આવ્યું. જોઉં તો બે જણા. ગેરુવા લૂગડાં, પગમાં પાવડીઓ, એક દૂબળા ને બીજા સ્થૂળકાય. બંનેના ચહેરા હસતા હતા. હસે પણ કેવું - દાસ, જાણે આપણે હમણાં ઓગળી જશું, ને શું નિર્મળતા! શું નિર્મળતા! મને કહે: 'તમને લેવા આવ્યા છીએ.'

'શું?' પરમાણંદદાસ ચમક્યા.

'હું તો ઓળખું નહિ, એટલે કહે... અમે ગોપાલાનંદ ને લાડુભટ્ટ છીએ. શ્રીજી મહારાજે તમને તેડવા અમને મોકલ્યા છે.'

'વાહ પ્રભુ! વાહ! દયાધન!' પરમાણંદદાસ બોલી ઊઠ્યા.

મેં કહ્યું કે: 'ભૂલ થઈ હશે, તમને પરમાણંદદાસને બોલાવવા કહ્યું હશે. અમારામાં શ્રીજી મહારાજના ભક્ત તો એ છે.' પણ એ કહે: 'તમને જ સંભારે છે. તમારા પિતામહે શ્રીજી મહારાજની બહુ સેવા કરેલી ને તમેય સૌની સેવા કરો છો.' ત્યાર પછી વિશ્વાસ બેઠો. મેં કહ્યું: 'હું તો તૈયાર જ બેઠો છું. પણ મારો છોકરો ઝરિયા ગયો છે, ને પડવે એ આવવાનો છે, તો બીજને દિવસે આવજો. હું નાહીધોઈ આંહી જ બેસીશ.' 'ભલે.' કહેતાં એ તો જાણે ધોળા ધુમાડામાં ભળી ગયા. ઘડીક એ ઊભા હતા ત્યાં લાલ કંકુનાં પગલાં દેખાણાં. મારી આંખે જાણે બાવાં બાઝતાં હોય તેમ લાગ્યું. ને પછી તો પગલાં પણ અદૃશ્ય થઈ ગયાં. તરત તમને બોલાવવા માણસ મોકલ્યું. હવે શું સમજું, કહો?'

પરમાણંદદાસ, માથું નમાવી ગદ્ગદ કંઠે કહે: 'બાપા, તમે મહાભાગ્યશાળી છો.' પછી આંખનાં હર્ષાશ્રુ લૂછતાં કહે: 'તમે લૂલાંપાંગળાંનું કાંઈ ઓછું કર્યું છે ? આ હળાહળ કળિયુગમાં ષડ્રિપુઓની કેદમાંથી ઘડીકે કોણ છૂટી શકે છે?' પછી વળી આંસુ સારવા માંડ્યાં, તેને પરાણે રોકી કહે: 'તમે તો જશો પણ આહીં અમારું કોણ?'

'અરે દાસ, આંહી ને ત્યાં વળી શું? 'રામ રાખે તેમ રહીએ' એમ કાલે જ ગાતા હતા ને!'

'પણ રામ પાસે રહેવાનો હુલાસ તો જુદો જ છે!'

'પણ તમને બોલાવ્યા હતા તે તો બીજા સારુ. તમે ઝરિયા એક અરજન્ટ તાર કરી નાખો - સત્યકામને કે એ તરત જ આવે. હવે સાત દિવસ રહ્યા. નરસિંહ મહેતો સાચો પડ્યો.'

'શું?'

'એણે દોઢ મહિના પહેલાં કહેલું કે બાપા, તમને બે મહિના પછી અમે નહિ ભાળીએ.'

'પણ આમનાં લગનનું શું?'

'એટલે જ તાર કરું છું. પડવે એ કરાવીને જ બીજે જવું છે. હું તો છેલ્લી ઘડી સુધી -' પછી જાણે અજુગતું બોલાયું હોય તેમ અટકી ગયા ને હાથ જોડીને કહે, 'હું કોણ! તારી જ ઇચ્છા પૂરી થાઓ નાથ! અમારો અધિકાર તો પ્રયત્ન કરી તારી ઇચ્છાને જ સર્વોપરી ગણવાનો! પણ તમે હવે ઊઠો, ઝટ તાર રવાના કરો. મારેય રોહિણીને જરાક તૈયાર કરવી પડશે, નહિતર એ ઢીલી પડી જશે.'

પરમાણંદદાસ ઊઠ્યા.

પણ સત્યકામ વખતસર પડવે ન પહોંચી શક્યો. તે સાંજે ગોપાળ બાપાને ઝીણો તાવ આવ્યો, પણ એમણે સૂવાની ના પાડી. બેઠાંબેઠાં ભાગવત વાંચ્યા કર્યું. દી આથમવાને થોડી વાર હતી ત્યાં થોડાક કાગળિયાં લઈને ગામ તરફ નીકળ્યા. નરસિંહ મહેતો હાટમાં બેઠાંબેઠાં ગિરધરકૃત રામાયણ વાંચતા હતા એમણે બૂમ મારીઃ

'બે ઘડી પોરો ખાતા જાઓ.'

'આ સુરગને ત્યાં જઈ આવું.'

સુરગ ડેલીમાં બેઠોબેઠો નાડી ગૂંથતો હતો તે ગોપાળ બાપાને જોઈ એકદમ ઊભો થયો.

'અહોહો! મારું આંગણું આજ પાવન થયું!'

'બેસ, બેસ, એવી ભાટાઈ કાઠીથી ન થાય. કાઠી તો એક ઘા ને બે કટકા કરે.'

સુરગે હસીને કહ્યુંઃ 'ના બાપા, તમારા આગળ કોઈ દી ખોટું ના બોલું.'

'સાચું કે' છે?'

'ગળાના સમ.'

'ત્યારે કહે જોઈ, પરમ દિવસે રાત્રે ક્યાં ગયો'તો?'

સુરગ થોથવાઈ ગયો – 'એમાં તમારે શું જાણવું'તું?' પછી કહે 'ભૂંડ ક્યાં જાય?'

'પણ સિંહ શીદ ને ઓખર કરવા જાય? પણ જાવા દે, સુરગ, એ વાત. આજ તો સુવાણે આવ્યો છું. કેટલાં ઢોર છે?'

'એક ઘોડું ને ગાવડી રાખી છે.'

'ભેંસું?'

'ભેંસ્યું કાઢી નાખી.'

'શું કે'છ? સાવ? યાદ છેઃ હું આંહીં નવોસવો આવ્યો ત્યારે તારી હારે કોક વાર પહર ચારવા આવતો ને આપણે ગામગપાટા મારતા?'

'ગામગપાટા શેના? ગનાનવારતા કે'વાય.'

'જ્ઞાનગપાટા, ચાલ! એકવાર હું વહેલો ઘર તરફ ભેંસો ઘોળીને ચાલી નીકળ્યો ત્યારે તું કહેઃ 'લ્યો હાલ્યા! આમ ડોબાં ચરાતાં હશે? ડોબાને ચરવાટાંણું થ્યું ત્યારે હાંક્યાં, બડિયો મારીને ઘેર દીમનાં? ભેંસને આંગળીઓ અડાડાતી હશે! રાખ્યાં ડોબાં!'

'હા, પણ ભેંસો એની મેળે હાલે તો જ હંકાય ને! તો જ અધમણનાં દૂધ આપે, હો બાપા!'

'પણ તેં ઢોર શું કામ કાઢી નાખ્યાં – તારો ઢોરનો પ્રેમ આટલો બધો છતાં?'

'વરસોવરસ બસો રૂપિયાની ખોટ જાતી'તી. કપાસિયાની કેવી મોંઘવારી થઈ ગઈ છે? એ તો વાડી ને લીલું ઘાસ હોય તો પરવડે.'

'તારી વાડી તો પોપટ સોનીના મંડાણમાં છે ને?'

સુરગે હસીને કહ્યુંઃ 'આ ઘર પણ મંડાણમાં છે.'

બાપા ઘડીક ગંભીર થઈ ગયા. 'સુરગ, ઓલામાંય દેણામાં હતો ને ચૂલામાંય દેણામાંઃ તો પછી ઓલો જ ઠીક હતો ને?'

સુરગ કાંઈ ન બોલ્યો.

'જો સુરગ, મેં પોપટ પાસેથી તારી વાડી છોડાવી લીધી છે. આ રહ્યાં એનાં કાગળિયાં. ગાયો કે ભેંસો જોતી હોય તો મારે ત્યાંથી બેત્રણ હમણાં લઈ જા. ને ફરીથી ખેડ શરૂ કર. હું બે દિવસ પહેલાં પહર ગ્યો'તો. હવે હું જાતો નથી, પણ સત્યકામ નથી એટલે એક દી ગ્યો'તો તે દી આપણી વાતો બહુ યાદ આવી. મને થ્યું કે તું પહર આવે તો પાછી મજા આવે.'

સુરગે જાણે કંટાળીને કહ્યું: 'હવે હાડ ન હાલે બાપા!'

'શું કામ ન હાલે? અત્યારે શું હાડ નથી હલાવતો? તે દી રાત્રે ઓલ્યાં ગાડાં રોકી પૈસા લીધા તે કાંઈ પથારીમાં પડ્યાપડ્યા લીધા'તા?'

'પણ બાપા, મારે ટેવ પડી ગઈ છે - થોડોક પીવાની.'

'ખોટાં કામ કરવા સારુ એ પીવો પડે છે. બુદ્ધિને બેભાન બનાવ્યા વિના આત્મા કાળું કામ કરવામાં કેમ હા ભણે? પણ આ કામમાં એની જરૂર નહિ રહે. તે છૂટી જશે રે'તાં રે'તાં.'

'પણ બાપા પછી તમારો ઠપકો નહિ આવે ને?'

'ઠપકો? બેઠો હઈશ ને અંતર બળશે તો આપીશ જ ને? ઠપકો હું ન આપું તો કોણ આપે તને ?'

'સાચી વાત છે, તમે ઠપકો આપવા જોગ છો, પણ હિંમત હવે નથી હાલતી, મન તો ઘણુંય થાય છે.' પણ વળી સુરગ ટટાર થઈને કહે, 'ભલે બાપા, તમેય જોજો.' ગોપાળ બાપાએ એના હાથમાં દસ્તાવેજ મૂક્યો ને કહ્યું: 'પોપટની પાઈએ પાઈ ચૂકવી દીધી છે, વધારે જાણવું હોય તો નરસિંહ મહેતા પાસે વંચાવી લેજે.'

'તમને મારે શું વ્યાજ દેવાનું છે?'

'પહર ચારવા જવાનું!' બાપાએ હસીને કહ્યું.

'ના બાપા, વે'વારે તો તમારે લેવું જોઈએ.'

'તું વે'વારમાં આવ તો ખરો, પછી લઈશ. બસ.'

સુરગ કાંઈ ન બોલ્યો. બાપા એના ખભે હાથ મૂકીને કહેઃ 'જો સુરગવાળા, ભક્તિ સાચે કે ખોટે ભાવે કરીએ તોય સાવ એળે નથી જતી. ખોટી કરતાં-કરતાં સાચી થઈ જાય છે. એના મંદિરમાં તો કાચબા ને ઉંદરડાંનેય સ્થાન છે, તો તારું સ્થાન ત્યાં ન હોય? ગભરાતો નહિ. હોશિયાર થઈ જા. ધૂળ ખંખેરી નાખ્ય. ખરડાય છે તો સૌ - શંકર જેવા શંકર ભીલડીમાં નહોતા ખરડાયા? ખરડાય એની શરમ નથી. આત્માને વીસરી જઈને ભૂંડડાંની જેમ લહેરથી આળોટ્યા કરીએ તેમાં નીચાજોણું છે. બેઠો થઈ જા, ધૂળ ખંખેરી નાખ્ય. પૃથ્વીના જીવ છીં ત્યાં સુધી માટીમાં જીવ તો જાવાનો, પણ એમાં માથું ડુબાડી દેવાય છે કાંઈ?'

સુરગની આંખ ભીની થઈ ગઈ. અચાનક એ નીચો નમ્યો ને બાપાને પગે અડવા ગયો. 'રાખ્ય રાખ્ય, મને ભોંઠપ આપ્ય મા!' કહી બાપા બહાર નીકળી ગયા.

## 7.4 કૃતિનો સારાંશ

મનુભાઈ પંચોળી 'દર્શક' કૃત 'ઝેર તો પીધાં છે જાણી જાણી' નવલકથાના પ્રથમ ભાગનો એક અંશ 'ગોપાળ બાપા'માં મળે છે. આ અંશમાં નવલકથાના એક ચિરંજીવ પાત્ર ગોપાળ

બાપાના વ્યક્તિત્વની છબી ઊપસી આવી છે.

પડવાને આઠેક દિવસની વાર હતી ત્યાં એક દિવસ ગોપાળ બાપાએ પરમાણંદદાસને બોલાવવા માણસ મોકલ્યો. ગોપાળદાસે પરમાણંદદાસને પોતાને થયેલા એક દિવ્ય અનુભવની વાત કરી. પોતાને તેડવા માટે ગોપાલાનંદ સ્વામી અને લાડુભટ્ટ આવ્યા હતા એમ કહ્યું. હજુ સત્યકામ આવ્યો ન હતો તેથી અને તે પડવાને દિવસે આવી જવાનો હતો તેથી પોતાને તેડવા આવેલા ગોપાલાનંદ સ્વામીને બીજને દિવસે તેડવા આવવાનું કહ્યું. આટલી વાત થયા પછી બંને દેવાંશી વ્યક્તિઓ ધુમાડામાં ભળી ગઈ અને કંકુનાં પગલાં રહી ગયાં. પોતાને થયેલા આ અનુભવને તેઓ પરમાણંદદાસ આગળ વ્યક્ત કરે છે ત્યારે ગોપાળ બાપા ખૂબ જ પ્રસન્ન હતા, આનંદમાં હતા. આવનાર મૃત્યુનો અણસાર એમને દુઃખિત કે ભયભીત બનાવતો નહોતો. મૃત્યુને તેઓ પોતાના પ્રિય અતિથિ તરીકે આવકારવા તત્પર હતા, પણ એ પહેલાં કેટલાંક કાર્યો પતાવવાનો એમને રસ હતો. એમણે પહેલું કામ સત્યકામને તાર કરી પૂનમને દિવસે પાછા વળી જવા સૂચવવાનું પરમાણંદદાસને સોંપ્યું.

એ પછી ગોપાળ બાપાએ લેણુંદેણું પતાવવા માંડ્યું... રોહિણીને માનસિક રીતે પિતાના મૃત્યુ માટે તૈયાર કરવા માંડી. સત્યકામની રાહ જોવામાં પડવો આવી ગયો, પણ એ વખતસર પહોંચી ના શક્યો. પડવાની સાંજે ગોપાળ બાપાને ઝીણો તાવ આવ્યો પણ એમણે સૂવાની ના પાડી. બેઠાબેઠા ભાગવત વાંચ્યા કર્યું. સૂર્ય આથમવાને થોડી વાર હતી ત્યારે તેઓ ગામ તરફ નીકળ્યા. સુરગ કાઠીવાળાને ત્યાં પહોંચ્યા. સુરગ ડેલીમાં બેઠોબેઠો નાડી ગૂંથતો હતો. ધીમેધીમે એની સાથે વાત માંડી ને એનું ક્યાં કેટલું દેવુંલેણું છે એ જાણી લીધું. એની વાડી જે પોપટ સોનીને ત્યાં ગીરવે પડી હતી એ છોડાવી એનાં કાગળિયાં લઈને તેઓ આવ્યા હતા. એ કાગળિયા સુરગને તેઓ આપે છે. ઉપરાંત પોતાનાં કોતરોમાંથી ભેંસો લઈ જવાનું પણ કહે છે. ગોપાળ બાપા એને શ્રમનો મહિમા સમજાવે છે, પરંતુ સુરગવાળો તો હરામનાં હાડકાંનો થઈ ગયો હતો કારણ કે તેને પીવાની આદત પડી ગઈ હતી. ગોપાળ બાપા તેની આ આદત છોડાવવા તેને બોધ આપે છે અને ચોરી કરીને નહીં પણ શારીરિક શ્રમ કરીને પૈસા કમાવાનું કહે છે. સુરગ કાઠીવાળો ગોપાળ બાપાની વાતને સ્વીકારી એ રીતે જીવન જીવવા પ્રયત્ન કરવાનું કહે છે.

ટૂંકમાં, પ્રસ્તુત નવલકથાખંડમાં ગોપાળ બાપાના વ્યક્તિત્વના બે મુખ્ય અંશનો પરિચય મળે છેઃ એકતો એ કે તેઓ મહાન કર્મયોગી છતાં મહાન સંન્યાસી હતા. જીવન અને મૃત્યુ બંને વંદના કરે તેવું સમર્થ એમનું વ્યક્તિત્વ હતું. આવા ભક્તને જ, મહાન આત્માને જ પોતાના મૃત્યુની અગાઉથી ખબર પડે. પોતાને તેડવા આવેલા દૈવી પાર્ષદોને તેઓ ઉમંગથી આવકારે છે અને જીવનનાં બાકીનાં કેટલાંક કર્તવ્યો પૂરાં કરવા એમની પાસેથી એક અઠવાડિયાની મહેતલ માગી લે છે. આ પ્રકારમાં ગોપાળ બાપાના વ્યક્તિત્વનો બીજો જે અંશ આપણને માણવા મળે છે એતો અદ્‌ભુત છે. પારસમણિના સંપર્કથી લોઢું જેમ સુવર્ણમાં ફેરવાઈ જાય તેમ બાપાના સમાગમમાં આવનાર વ્યક્તિનું જીવન પલટાઈ જતું. કાચી માટીમાંથી વીરપુરુષો પેદા કરવાની તેમનામાં આવડત હતી. સુરગ જેવો કાઠી ભગત જે દિવસે ભજન કરતો અને રાત્રે ઘરફોડ ચોરી કરતો તેના જીવનમાં એમણે પરિવર્તન આણ્યું. તેને માનવતાનો પૂજારી બનાવ્યો અને માણસના મનના રોપડાને ઉછેરવાની રીત સહુને બતાવી.

## 7.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

'ગોપાળ બાપા' નવલકથાખંડનો હવે આપણે વિગતે અભ્યાસ કરીએ. સરળતા ખાતર આપણે ખંડને બે ભાગમાં વહેંચી તપાસીએઃ

પહેલા ખંડમાં ગોપાળ બાપાને પોતાના મૃત્યુનો અણસાર કઈ રીતે, કોના દ્વારા મળે છે એ અને એના કારણે એમના મનમાં કેવા પ્રતિભાવ જાગે છે એ વર્ણવાયું છે, જ્યારે બીજો ખંડ કોતર જેવા કઠોર કરાલ માનવીઓને ગોપાળ બાપા કઈ રીતે નરમ, મુલાયમ અને માનવતાના પૂજારી બનાવે છે તે સુરગ કાઠીવાળાના પરિવર્તન-પ્રસંગ દ્વારા વર્ણવાયું છે.

**ખંડ : 1**

પડવાને આઠેક દિવસની વાર હતી ત્યાં એક દિવસ પરમાણંદદાસને વાડીએથી ગોપાળ બાપા બોલાવે છે. ગોપાળ બાપાનો સંદેશો મળતાંની સાથે જ તેઓ વાડીમાં ગોપાળ બાપાના ઘેર પહોંચી જાય છે. ગોપાળ બાપા પરસાળની જેર ઉપર પલાંઠી વાળીને બેઠા હતા. એમનું મન ખૂબ જ પ્રસન્ન હતું. એક દિવસ તેજની આભા એમના મુખની આસપાસ રચાઈ હતી. જાણે કે કોઈ સ્વપ્નમાં બોલતા હોય એમ એમણે પરમાણંદદાસને આવકારીને રોહિણીને માંદા વાછરડા પાસે મોકલીને વાત આરંભી.

એમણે પરમાણંદદાસને સવારે થયેલો અનુભવ વર્ણવતાં કહ્યું કે પોતે સ્નાન કરીને ઘીનો દીવો કરી ધ્યાન કરવા બેસતા હતા ત્યાં જાણે ઘરમાં બે જણા આવ્યા. ગેરુવાં લૂગડાં, પગમાં પાવડીઓ, એક દૂબળા અને બીજા સ્થૂળકાય. બંનેના ચહેરા હસતા હતા. બંનેનું હાસ્ય એવું તો નિર્મળ હતું કે જાણે એમાં ઓગળી જવાનું મન થાય. એમણે ગોપાળ બાપાને કહ્યું: ‘તમને લેવા આવ્યા છીએ’ અને પોતાનાં નામ ગોપાલાનંદ તથા લાડુ ભટ્ટ એવાં બતાવ્યાં અને આગળ કહ્યું કે શ્રીજી મહારાજે તેમને ગોપાળ બાપાને તેડવા માટે મોકલ્યા છે. ગોપાળ બાપાને સાચું લાગતું નથી કારણ કે એમણે શ્રીજી મહારાજની ભક્તિ કરી નહોતી જ્યારે પરમાણંદદાસ તો શ્રીજી મહારાજના સાચા ભક્ત છે. એટલે એમણે કહ્યું કે તમારી ભૂલ થતી હશે. તમને પરમાણંદદાસને બોલાવવા કહ્યું હશે. પણ એમણે કહ્યું કે શ્રીજી મહારાજ ગોપાલ બાપાને જ સંભારે છે. એમના પિતામહે શ્રીજી મહારાજની બહુ સેવા કરેલી અને ગોપાળ બાપા પણ સૌની સેવા તો કરે જ છે. આ વાત સાંભળીને ગોપાળ બાપાને વિશ્વાસ બેઠો.

દૈવી પાર્ષદોની વાત સાંભળી ગોપાળ બાપાએ પોતે એમની સાથે આવવા તૈયાર જ બેઠા છે એમ કહ્યું. પણ એમનો દીકરો ઝરિયા ગયો છે તે પડવાને દિવસે આવી જાય પછી આવવાનું કહ્યું. પોતે નાહીધોઈ અહીં જ એમની રાહ જોશે એમ પણ એમણે કહ્યું. ગોપાળ બાપાની વાત સાંભળી પાર્ષદો ‘ભલે’ કહીને ગયા... જાણે કે ધોળા ધુમાડામાં ભળી ગયા. ઘડીક એ ઊભા હતા ત્યાં લાલ કંકુનાં પગલાં દેખાણાં અને પછી તો એ પગલાં પણ અદશ્ય થઈ ગયાં.

આ અનુભવ વિશે શું સમજવું એમ તેઓ પરમાણંદદાસને પૂછે છે. પરમાણંદદાસ આ સાંભળીને એક બાજુ ગોપાળ બાપાને આવું ધન્ય ભાગ્ય મળ્યાનો અહોભાવ વ્યક્ત કરે છે તો બીજી બાજુ ગોપાળ બાપા જાય તો પોતાનું કોણ એની વેદના પણ!

એ પછી પરમાણંદદાસને તાત્કાલિક બોલાવ્યાનું કારણ આપતાં ગોપાળ બાપા કહે છે કે તેઓ ઝરિયા એક અરજન્ટ તાર કરીને સત્યકામને તેડાવી લે. હવે એમની પાસે માત્ર સાત જ દિવસ છે અને એમણે ઘણાં કામ પતાવવાનાં છે. પડવા સુધીમાં સત્યકામ આવી જાય તો રોહિણી સાથે એનાં લગ્ન કરાવી દેવાની એમની ઉત્કટ ઝંખના છે.

પ્રથમ ખંડમાં પોતાના મૃત્યુનાં અગમ એંધાણરૂપ નિરૂપાયેલો આ પ્રસંગ, એમાંની ઘટના, દૈવી પાર્ષદોનું આવવું વગેરે કદાચ આપણું બુદ્ધિજીવી મન ન સ્વીકારી શકે એટલે જ નવલકથાકારે આખોય પ્રસંગ ‘જાણે’થી રજૂ કર્યો છે. પણ આ પ્રસંગ ગોપાળ બાપાના અધ્યાત્મ-પુરુષ તરીકે વ્યક્તિત્વનો પરિચાયક તો છે જ.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ક):</u>**

1. ગોપાળ બાપા કોને બોલાવે છે? શા માટે?
2. પરમાણંદદાસ ગોપાળ બાપા પાસે પહોંચે છે ત્યારે ગોપાળ બાપાનું મન કેવું છે? એ કેવા લાગે છે?
3. એમણે પરમાણંદદાસને પોતાને થયેલો કયો અનુભવ કહ્યો?
4. દૈવી પાર્ષદોએ આવીને શું કહ્યું? કોણે તેડવા મોકલ્યા હતા? એ વાત ગોપાળ બાપાને સાચી કેમ લાગતી નથી?
5. ગોપાળ બાપાએ દૈવી પાર્ષદોની વાત સાંભળીને કેવો પ્રતિભાવ વ્યક્ત કર્યો?
6. દૈવી પાર્ષદોની પાસે એમણે કેટલા દિવસ રોકાવાની મહેતલ માગી લીધી? શા માટે?
7. આ અનુભવની વાત સાંભળી પરમાણંદદાસને શું થાય છે? તેઓ શું કહે છે?
8. પરમાણંદદાસને તેઓ શું કામ સોંપે છે? એમની કઈ ઉત્કટ ઝંખના છે?
9. શેનાં એંધાણરૂપ આ ઘટના છે? ગોપાળ બાપાના આ અનુભવને ચમત્કાર કહેવો કે ભ્રમણા?

**ખંડ : 2**

ગોપાળ બાપાને પોતાના મૃત્યુનાં અગમ એંધાણ મળી ગયાં... મૃત્યુને એમણે આઠેક દિવસ માટે પોતાની ઇચ્છાથી પાછળ ધકેલ્યું. સત્યકામ આવી જાય તો રોહિણી સાથે એનું લગ્ન પતાવી દેવાની એમની ઇચ્છા હતી માટે જ બીજને દિવસે ઇચ્છા-મૃત્યુ એમણે માગ્યું હતું. પણ પડવાના દિવસ સુધી પણ સત્યકામ પહોંચી શક્યો નહીં. પડવાની સાંજે એમને ઝીણો તાવ આવ્યો પણ તેઓ સૂતા નહીં. બેઠાબેઠા ભાગવત વાંચ્યું. દિવસ આથમવાને થોડી વાર હતી અને તેઓ થોડાં કાગળિયાં લઈને ગામ તરફ નીકળ્યા. નરસિંહ મહેતાએ બૂમ મારી રોકાવાનું કહ્યું છતાં તેઓ રોકાયા નહીં અને સુરગને ત્યાં પહોંચ્યા. સુરગ એ સમયે બેઠોબેઠો નાડી ગૂંથતો હતો. એણે ગોપાળ બાપાને આવકાર આપ્યો.

થોડી આડીઅવળી વાત કરી ગોપાળ બાપાએ તેને પૂછ્યું કે તારે ઢોર કેટલાં છે સુરગે કહ્યું કે એક ઘોડો અને એક ગાય. અને ભેંસ તો એની હતી જ નહીં. ગોપાળ બાપા સુરગને બંનેનો ભૂતકાળ યાદ કરાવતાં કહે છે કે જ્યારે પોતે અહીં નવાસવા આવેલા અને સુરગ સાથે પહર ચારવા જતા ત્યારે બંને જ્ઞાનગપાટા મારતા. અને જો ગોપાળ બાપા ભેંસો લઈને વહેલા ઘર તરફ નીકળ્યા તો સુરગ કહેતો 'લ્યો હાલ્યા! આમ ડોબાં ચરાતાં હશે? ડોબાને ચરવાટાણું થયું ત્યાં તો તમે ઘર તરફ ભાગો છો... તમારાથી ડોબાં નથી રખાવાનાં...!'

ગોપાળ બાપા સુરગને એ વખતની એ વાતને જ્યારે યાદ કરાવે છે ત્યારે સુરગ કહે છે કે જ્યાં સુધી ભેંસ સંતુષ્ટ ના થાય ત્યાં સુધી એને ચરાવીને ઘેર હાંકી ના જવાય અને તો જ એ ભેંસ ટંકે અધમણ દૂધ આપે. ઢોર તરફ આવો પ્રેમ ધરાવતા સુરગે અત્યારે ઢોર કેમ કાઢી નાખ્યાં, એ અંગે જ્યારે ગોપાળ બાપા સુરગને પૂછે છે ત્યારે સુરગ પોતાની લાચારી વર્ણવતાં કહે છે કે વરસો વરસ રૂપિયાની ખોટ જતાં પોતે લાચાર બની ગયો અને ઢોર કાઢી નાખ્યાં.

ગોપાળ બાપાએ એ પણ જાણી લીધું હતું કે સુરગની વાડી પોપટ સોનીને ત્યાં ગીરવે પડી હતી... સુરગના કહેવા પ્રમાણે તો ઘર પણ ગીરવે હતું ત્યારે ગોપાળ બાપા એને કહે છે કે

પોતે પોપટ પાસેથી સુરગની વાડી છોડાવી લીધી હતી. અને એનાં કાગળિયાં લઈને એ આવ્યા હતા. ગાયો-ભેંસો જોઈતી હોય તો પોતાને ત્યાંથી બે-ત્રણ લઈ જવાનું તેઓ કહે છે પણ તેમની અંતરંગ ઈચ્છા એવી હતી કે સુરગ ફરી ખેડ શરૂ કરે અને પહર આવી ઢોર ચરાવે. પણ અત્યાર સુધી કામ કર્યા વગર હરામનું ખાવાને કારણે સુરગનાં હાડકાં આળસુ થઈ ગયાં હતાં. એણે પોતાનો આ અંગે કંટાળો વ્યક્ત કરતાં કહ્યું કે 'હવે પોતાનું શરીર આવા કામ માટે નહીં ચાલે.' ત્યારે એને ખખડાવતાં ગોપાળ બાપા કહે છે કે 'કેમ નહીં ચાલે? લોકો પાસેથી દાદાગીરીથી પૈસા લેવામાં શરીર નથી ચાલતું શું? તો પછી આમાં શું કામ નહીં ચાલે?' પણ સુરગને હવે પોતાની જાત ઉપર પણ વિશ્વાસ નથી... એને પીવાની પણ આદત પડી ગઈ છે એટલે એ ફરી ના પાડે છે. ત્યારે ગોપાળ બાપા સુરગને જે કહે છે એ વાત જીવનનું એક સનાતન સત્ય તો છે જ પણ ગોપાળ બાપાની માનવવેલાને ઘડવાની, ઉછેરવાની પદ્ધતિની પરિચાયક પણ છે. તેઓ સુરગને કહે છે, 'ખોટાં કામ કરવા સારુ પીવો પડે છે. બુદ્ધિને બેભાન બનાવ્યાં વિના આત્મા કાળું કામ કરવામાં કેમ હા ભણે? પણ આ કામમાં એની જરૂર નહી રહે. તે છૂટી જશે રે'તાં રે'તાં.' ગોપાળ બાપાની આ વાત ખરેખર સાચી છે. ખરાબ કામ કરવાનું હોય ત્યારે ખરેખર તો માણસનો માંયલો એને અટકાવતો હોય છે પણ માંયલાની એ વાત ના સાંભળવા માટે થઈને માણસ પોતાની બુદ્ધિને, સમજદારીને બેભાન બનાવતો હોય છે. પણ ધીમેધીમે સારાં કામ કરવાની આદત પડે છે પછી એ પીવાની આદત આપોઆપ છૂટી જશે.

સુરગને ગોપાળ બાપાનો પરિચય છે. ઓળખાણ છે એટલે જ એ કહે છે કે પોતે ઢોર ચરાવવાનું કામ હાથમાં તો લે પણ એમાં કાંઈ ખોટું થતાં ગોપાળ બાપાનો ઠપકો તો નહીં સાંભળવો પડે ને? ત્યારે ગોપાળ બાપા કહે છે કે 'ઠપકો? બેઠો હઈશ ને અંતર બળશે તો આપીશ જ ને? ઠપકો હું ન આપું તો કોણ આપે ?' ગોપાળ બાપાની આ વાત પણ કેવી સરસ છે! ઠપકો એ જ વ્યક્તિ બીજી વ્યક્તિને આપે જેને અંતરમાં એ વ્યક્તિનું હિત વસ્યું હોય. ગોપાળ બાપાની આ અને આવી બીજી હિંમત ભરેલી વાતો સુરગના દિલમાં સારા કામ પ્રત્યે જોશ જગાવે છે.

ગોપાળ બાપા સુરગના હાથમાં વાડીનો દસ્તાવેજ મૂકતાં કહે છે કે પોતે પોપટની પાઈએ પાઈ ચૂકવી દીધી છે. સૂરગ આ અંગેનો વ્યવહારધર્મ ગોપાળ બાપા પાસે જાણવા ઈચ્છે છે અને તેથી કહે છે કે પોતાને ગોપાળ બાપાને વ્યાજ શું આપવાનું? ગોપાળ બાપા હસતાં-હસતાં એની પાસેથી વ્યાજરૂપે પહર ચારવાનું કામ માગી લે છે.

અંતમાં ગોપાળ બાપા સુરગને ખભે હાથ મૂકી એને જીવતર જીવવાની સાચી ચાવી - જીવનમંત્ર આપતાં કહે છે - 'જો સુરગવાળા, ભક્તિ સાચે કે ખોટે ભાવે કરીએ તોય સાવ એળે જતી નથી. ખોટી કરતાં-કરતાં સાચી થઈ જાય છે... માટે હોશિયાર થઈ જા. ધૂળ ખંખેરી નાખ્ય. ખરડાય છે તો સૌ - શંકર જેવા શંકર ભીલડીમાં નહોતા ખરડાયા? ખરડાયા એની શરમ નથી. આત્માને વીસરી જઈને ભૂંડડાંની જેમ લહેરથી આળોટ્યા કરીએ એમાં નીચાજોણું છે. બેઠો થઈ જા, ધૂળ ખંખેરી નાખ્ય. પૃથ્વીના જીવ છીં ત્યાં સુધી માટીમાં જીવ તો જવાનો પણ એમાં માથું ડુબાડી દેવાય છે કાંઈ ?' ગોપાળ બાપાની આ વાત કેટલી સરસ છે! તેઓ માનવીને માનવીની રીતે જુએ છે. માનવી ભૂલ તો કરે પરંતુ એક વખત કરેલી ભૂલથી તેની આંખ ઊઘડી જવી જોઈએ. માટીમાંથી બનેલો માનવીનો જીવ માટીમાં તો જવાનો જ. તે પાર્થિવ તો રહેવાનો જ, પરંતુ એ માટીમાં માથું ડુબાડીને જ રહેવાનું ન હોય.

સુરગની અંતરની આંખ ગોપાળ બાપાની વાત સાંભળી ઊઘડી જાય છે. એ બાપાને પગે પડવા નીચો નમે છે પણ એને એમ કરતો અટકાવી ગોપાળ બાપા બહાર નીકળી જાય છે.

આ આખોય પ્રસંગ ગોપાળ બાપાના અને સુરગવાળાના વ્યક્તિત્વને ઉપસાવી આપે છે. આ

એ જ ગોપાળ બાપા છે જેમણે માંડણ ભગત જેવા ઈલમીની પાસેથી ગુરુમંત્ર મેળવી ધરતીને પોતાની મા બનાવી શિંગોડાનાં કોતરોને સજીવન કરવા કમર કસી હતી. જ્યાં કરાલ કઠોર પથ્થરો હતા ત્યાં માખણ જેવી મુલાયમ માટી પેદા કરી હતી. એ જ ગોપાળ બાપાએ કોતરો જેવા જ કઠોર કરાલ માનવીઓને પણ સાચા અર્થમાં સજીવન કર્યા હતા. એમનામાં દયા, માયા, પ્રીતિ અને ધરતીની સુગંધને મ્હોરાવી હતી. સુરગવાળા કાઠીને સાચા અર્થમાં માનવ બનાવ્યો હતો, અને માણસના મનના રોપડાને ઉછેરવાની રીત સહુને બતાવી હતી.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ખ):</u>**

1. ગોપાળ બાપાને શેનાં એંધાણ મળી ગયાં હતાં? એમણે મૃત્યુને કેટલો સમય પાછું ધકેલ્યું? શા માટે?
2. પડવાને દિવસે સાંજે તેઓ કોને ત્યાં પહોંચ્યા? એ સમયે એ શું કરતો હતો?
3. ગોપાળ બાપાએ સુરગ સાથે ભૂતકાળની કઈ ઘટનાને યાદ કરી?
4. સુરગે શા માટે ઢોર કાઢી નાખ્યાં હતાં?
5. સુરગની વાડી અને ઘર ક્યાં પડ્યાં હતાં? ગોપાળ બાપા એનું શું કરે છે?
6. ગોપાળ બાપા સુરગની વાડી અને ઘર શા માટે છોડાવે છે? એમની અંતરંગ ઈચ્છા શી હતી?
7. સુરગ તેમની અંતરંગ ઈચ્છાને અનુસરવા તૈયાર થાય છે ખરો? એ શું કહે છે ? શા માટે?
8. સુરગમાં કઈકઈ મર્યાદાઓ પ્રવેશી ગઈ હતી?
9. 'બુદ્ધિને બેભાન બનાવ્યા સિવાય આત્મા કાળું કામ કરવાની હા નહીં ભણે' - એનો અર્થ શો થાય?
10. ગોપાળ બાપા સુરગને કયો જીવનમંત્ર શીખવે છે?
11. ગોપાળ બાપાનું કેવું વ્યક્તિત્વ પ્રસ્તુત પ્રસંગમાંથી ઊપસે છે?

## 7.6 વસ્તુલક્ષી કસોટી

**<u>તમારી પ્રગતિ ચકાસો (ગ):</u>**

(ક) નીચેનાં વિધાનો સાચાં છે કે ખોટાં તે જે વિધાનને અંતે આપેલ ખાનામાં ખરા વિધાન માટે (✓) અને ખોટા વિધાન માટે (✗)ની નિશાની કરી, જણાવોઃ

1. ગોપાળ બાપા પોતાના મૃત્યુના આગમ એંધાણ જાણી ખૂબ જ દુઃખી થાય છે. ☐
2. ગોપાળ બાપા પોતાના મૃત્યુને કોઈપણ રીતે અટકાવવા પરમાણંદદાસને પોતાની પાસે બોલાવે છે. ☐
3. ગોપાળ બાપાને પોતાના મૃત્યુના આગમ એંધાણ ડૉક્ટર પાસેથી જાણવા મળે છે. ☐
4. ગોપાળ બાપાને તેડવા બે જણા આવે છે અને કહે છે કે શ્રીજી મહારાજે તમને તેડવા અમને મોકલ્યા છે. ☐
5. પરમાણંદદાસને ગોપાળ બાપાના ધન્ય ભાગ્યની ઈર્ષ્યા આવે છે. ☐
6. ગોપાળ બાપા ઝરિયાથી સત્યકામને અરજન્ટ પાછો બોલાવવા તાર કરાવે છે. ☐

7. પડવાને દિવસે સાંજે ગોપાળ બાપા પરમાણંદદાસને ઘેર જાય છે. ☐

8. ગોપાળ બાપા પોપટ સોનીને ત્યાં ગીરવે પડેલી સુરગની વાડી છોડાવી તેનાં કાગળિયાં સત્યકામના નામે કરાવી દે છે. ☐

9. સુરગને ઠપકો આપી ગોપાળ બાપા એને પોતાનો દુશ્મન બનાવે છે. ☐

10. સુરગ એક પ્રામાણિક અને સાચો ભક્ત છે. ☐

**(ખ)** નવલકથાખંડનાં જુદાંજુદાં પાત્રો દ્વારા બોલાયેલાં કેટલાંક વાક્યો નીચે આપ્યાં છે. દરેક વાક્યની નીચે ત્રણ પાત્રોનાં નામ તથા દરેકની આગળ એક ખાનું આપેલ છે. જે તે વાક્ય કોણ બોલે છે તે નક્કી કરી પાત્રની આગળના ખાનામાં ( ✓ )ની નિશાની કરોઃ

૧. ‘આજ તો ગોપાલાનંદ સ્વામી પધાર્યા હતા.’

ગોપાળ બાપા ☐ રોહિણી ☐ પરમાણંદદાસ ☐

૨. ‘તમે તો જશો પણ અહીં અમારું કોણ?’

સુરગ ☐ રોહિણી ☐ પરમાણંદદાસ ☐

૩. ‘બાપા, તમને બે મહિના પછી અમે નહિ ભાળીએ.’

પરમાણંદદાસ ☐ સત્યકામ ☐ નરસિંહ મહેતા ☐

૪. ‘હું કોણ! તારી જ ઇચ્છા પૂરી થાઓ નાથ! અમારો અધિકાર તો પ્રયત્ન કરી તારી ઇચ્છાને જ સર્વોપરી ગણવાનો!’

પરમાણંદદાસ ☐ ગોપાળ બાપા ☐ નરસિંહ મહેતા ☐

૫. ‘બેસ, બેસ એવી ભાટાઈ કાઠીથી ન થાય. કાઠી તો એક ઘા ને બે કટકા કરે.’

ગોપાળ બાપા ☐ નરસિંહ મહેતા ☐ પરમાણંદદાસ ☐

(ગ) નીચેની ખાલી જગ્યા પૂરો :

1. પડવાને ................ દિવસની વાર હતી ત્યારે ગોપાળ બાપાએ પરમાણંદદાસને તેડવા માણસ મોકલ્યું હતું.

2. પરમાણંદદાસ ગોપાળ બાપાને મળવા આવ્યા ત્યારે .................... થી એમનું મન ઊભરાતું હતું.

3. ગોપાળ બાપાને તેડવા ................ મોકલ્યા હતા.

4. ગોપાળ બાપાએ ................. ને તેડવા માટે અરજન્ટ તાર ................... કરવાનું ..................... ને કહ્યું હતું.

5. સુરગે પોતાની વાડી ................ ને .................. માં આપી દીધી હતી.

6. .................. સુરગની વાડી છોડાવી તેને પાછી આપે છે.

7. સુરગ ................. કામ કરવા માટે પીતો હતો.

## 7.7 ભાષાસામગ્રીનો અભ્યાસ

**(1) <u>નીચેનાં વાક્યો જુઓઃ</u>**

1. તમે સારું કર્યું. ('સારું કર્યું'નો અર્થ)
2. તમે સારું <u>જ</u> કર્યું. ('ચોક્કસપણે સારું'નો અર્થ)
3. હું જઈશ. ('માત્ર જવાનો' અર્થ)
4. હું <u>તો</u> જઈશ. ('બીજું કોઈ આવે ન આવે'નો અર્થ)

ઉપરનાં વાક્યોમાં (અધોરેખિત) કરેલા શબ્દોને કારણે વાક્યના અર્થમાં વિશેષતા આવે છે. એને ગુજરાતીમાં નિપાત તરીકે ઓળખવામાં આવે છે. નિપાત એ એવા ઘટકો છે કે જે વાક્યમાં સંજ્ઞા, વિશેષણ, ક્રિયાવિશેષણ કે ક્રિયાપદની સાથે આગળ કે પાછળ આવે છે અને ભાર કે અર્થની વિશેષતા બતાવે છે. ગુજરાતી ભાષાના નિપાતો નીચે પ્રમાણેના અર્થોને દર્શાવે છે.

| નિપાત | કયા અર્થને દર્શાવે છે? |
|---|---|
| ● 'જ' | - 'ચોક્કસપણું', 'નિશ્ચય'નો અર્થ |
| ● 'તો' | - અન્ય નિરપેક્ષતાનો એટલે બીજું કોઈ કરે-ના કરે પોતાના કરવાનો અર્થ |
| ● 'ને' | - આગ્રહ કે ખાતરીનો અર્થ |
| ● 'ય' 'પણ' 'સુધ્ધાં' | - અંતર્ભાવનો એટલે કે અન્ય સાથે આનો પણ સમાવેશ થવાનો અર્થ |
| ● 'જી' | - આદર કે વિનયવાચકનો અર્થ |
| ● 'ફક્ત' 'કેવળ' 'માત્ર' | - પદની પૂર્વે આવી અન્ય વ્યાવર્તકતાનો એટલે કે 'આજ અને બીજું કંઈ નહિ' એવો અર્થ દર્શાવે છે. |
| ● 'ખરું' 'ખરો' 'ખરી' 'ખરાં' | - 'ખાતરી કરવાનો અર્થ' |

**<u>તમારી પ્રગતિ ચકાસો (ઘ):</u>**

નીચે કેટલાંક વાક્યો આપ્યાં છે એમાંથી નિપાતને શોધીને એ કયા અર્થમાં વપરાયો છે તે જણાવો.

1. તમને જ સંભારે છે.

   નિપાત : .............. અર્થ : ..............

2. તમેય સૌની સેવા કરો છો.

   નિપાત : .............. અર્થ : ...............

3. સ્વસ્થ તો છો ને?

   નિપાત : .............. અર્થ : ...............

4. અમારામાં શ્રીજી મહારાજના ભક્ત તો એ છે.

નિપાત : .............   અર્થ : ..............

5. પડવેએ કરાવીને જ બીજે જવું છે.

નિપાત : .............   અર્થ : ..............

6. મારેય રોહિણીને જરાક તૈયાર કરવી પડશે.

નિપાત : ...........   અર્થ : .............

7. શેઠજી, મને થોડા પૈસા આપો.

નિપાત : ............   અર્થ : .............

8. એનું કામ ધીમું પણ હોય છે.

નિપાત : ............   અર્થ : .............

9. ફક્ત હું હાજર રહ્યો હતો.

નિપાત : ............   અર્થ ...............

10. એ આવ્યો ખરો.

નિપાત : ...........   અર્થ ...............

(2) <u>આપણે નીચેનાં વાક્યો તપાસીએ:</u>

- એ ગયો **અને** તમે આવ્યા.
- હું **અથવા** મારો કોઈ પ્રતિનિધિ આવશે.

ઉપરનાં વાક્યોમાં 'અને', 'અથવા' પદો બે વાક્યને અથવા ક્યારેક બે પદોને જોડવાનું કામ કરે છે. આવું કરનાર પદોને 'સંયોજકો' કહેવામાં આવે છે. સંયોજકો વાક્યો, પદસમૂહ અને પદોને એકબીજા સાથે જોડી આપવાનું કાર્ય બજાવતાં હોઈ એને 'ઉભયાન્વયી અવ્યય' તરીકે પણ ક્યારેક ઓળખવામાં આવે છે. સંયોજકોમાં 'અને', 'ને', 'અથવા', 'કારણ કે', 'જો-તો', 'એટલે', 'તેમ જ', 'નહીં તો', 'પણ' જેવાં મુખ્ય છે.

<u>તમારી પ્રગતિ ચકાસો (ચ):</u>

નીચેનાં વાક્યોમાંથી સંયોજકોને ઓળખી બતાવો:

1. ગોપાળ બાપા એમને કોઈ દિવસ રાત સિવાય બોલાવતા નહિ કારણ કે એમની નીચે કોઈ ડેપ્યુટી આ નાના સ્ટેશનમાં હતો નહિ.

   સંયોજક : ...............

2. તમારા પિતામહે શ્રીજી મહારાજની બહુ સેવા કરેલી ને તમેય સૌની સેવા કરો છો.

   સંયોજક : ...............

3. હું તો તૈયાર જ બેઠો છું પણ મારો છોકરો ઝરિયા ગયો છે.

   સંયોજક : ...............

4. તમારું તેમ જ મારું કહ્યું એ માને છે.

   સંયોજક : ..............

5. મુખ્ય પ્રધાને રાજીનામું આપ્યું, નહીં તો એમના પર અવિશ્વાસની દરખાસ્ત પસાર થાત.

   સંયોજક : .............

**(૩) નીચેનાં વાક્યો તપાસો:**

- હું **આંહી** નવોસવો આવ્યો ત્યારે તારી **હારે** કોક વાર પહર ચારવા આવતો.
- હા, પણ ભેંસો એની મેળે **હાલે** તો જ હંકાય ને!
- શું કામ ન હાલે? અત્યારે શું હાડ નથી **હલાવતો?**

ઉપરનાં વાક્યોમાંના 'આંહી', 'હારે', 'હાલે', 'હલાવતો' જેવા શબ્દો ગુજરાતી માન્યભાષાના નહીં પણ ગુજરાતની એક બોલી - સૌરાષ્ટ્રી બોલીના છે. આ બોલીના ઉચ્ચારણ-પ્રયોગોમાં, શબ્દપ્રયોગોમાં કેટલીક લાક્ષણિકતાઓ છે જેમ કે, -

1. આ બોલીમાં માન્ય ભાષામાં જ્યાં 'સ' બોલાય ત્યાં 'હ'નું ઉચ્ચારણ થાય છે.

   દા.ત. સારું > હાચું

2. આ બોલીના શબ્દપ્રયોગોમાં જ્યાં 'ય'નું ઉદાહરણ માન્ય ભાષામાં ન હોય ત્યાં 'ય'નો પ્રયોગ કરવામાં આવે છે. જેમ કે, થયું > થ્યું, નાખ > નાખ્ય.

3. 'અ' કારાન્ત ધાતુઓનાં રૂપોમાં 'અ' કારનો 'આ' કાર થાય છે. જેમ કે, થવું > થાવું, જવું> જાવું વગેરે.

4. સૌરાષ્ટ્રી બોલીનું શબ્દભંડોળ પણ વિશિષ્ટ છે. જેમ કે, ત્યાં- 'ઊંઆં' કે'વાં', પેલું > ઓલું, આગળ > મોર, સાથે > હારે, ચાલવું > હાલવું, અત્યારે > અટાણે વગેરે.

**તમારી પ્રગતિ ચકાસો (છ):**

'ગોપાળ બાપા' એકમમાંથી પાંચ એવાં વાક્યો શોધો જેમાં સૌરાષ્ટ્રી બોલીની ઉપરનામાંથી કોઈ લક્ષણ ધરાવતી વિશેષતા હોય.

## 7.8 પુનરવલોકન

**તમારી પ્રગતિ ચકાસો (જ):**

સમગ્ર નવલકથાખંડનો વિગતવાર અભ્યાસ તમે કર્યો. હવે એને આધારે નીચેના પ્રશ્નોના ઉત્તર આપો:

1. 'ગોપાળ બાપા' નવલકથાખંડમાંથી સ્ફૂટ થતું ગોપાળ બાપાનું વ્યક્તિચિત્ર તમારા શબ્દોમાં આલેખો.

2. મૃત્યુનાં એંધાણ સૂચવતો જે અનુભવ ગોપાળ બાપાને થયો એ અનુભવ વર્ણવી એ અનુભવમાં ભ્રમણાનું તત્ત્વ રહેલું છે, ચમત્કારનું તત્ત્વ રહેલું છે કે પછી વાસ્તવિકતા છે એ અંગે તમારો અભિપ્રાય જણાવો.

3. માણસના મનના રોપને સંસ્કાર-અમીરસનું સિંચન કરીને ઉછેરનાર માળી તરીકે ગોપાળ બાપા કોના પ્રસંગમાં કેવી રીતે મ્હોર્યા છે તે વિગતે વર્ણવો.

## 7.9 લેખન-પ્રવૃત્તિ

**તમારી પ્રગતિ ચકાસો (ઝ):**

કાચી માટીમાંથી સાચો માનવ પેદા કરનાર કોઈ અજબ કીમિયાગર - સંતના પરિચયની ઝલક તમારા શબ્દોમાં વર્ણવો.

## 7.10 વિશેષ અધ્યયન

### 7.10.1 કર્તા-પરિચય

'ગોપાળ બાપા' નવલકથાખંડના લેખક મનુભાઈ રાજારામ પંચોળી 'દર્શક'નો જન્મ વાંકાનેર તાલુકાના પંચાશિયા ગામમાં ઈ.સ. ૧૯૧૪માં થયો હતો. એમનું મૂળ વતન હતું વઢવાણ. ફક્ત પાંચ અંગ્રેજી ધોરણ સુધી શાળામાં અભ્યાસ કરી શકેલા દર્શકે ૧૯૩૦ના સત્યાગ્રહમાં ભાગ લેવા માટે થઈને અભ્યાસ છોડી દીધો હતો. તેમની જીવનભાવના ઘડવામાં અને વિકસાવવામાં રાષ્ટ્રપિતા ગાંધીજી ઉપરાંત સ્વામી આનંદ, નાનાભાઈ ભટ્ટ, કાકાસાહેબ કાલેલકર વગેરે મહાનુભાવોનો પણ મૂલ્યવાન ફાળો રહ્યો છે. તેઓ ઇતિહાસ અને રાજનીતિશાસ્ત્રના ઊંડા અભ્યાસી રહ્યા છે. શિક્ષણ, સમાજજીવન, જાહેર રાજકારણમાં લોકહિતની પ્રવૃત્તિઓ ઉપરાંત સાહિત્યસર્જન એ દર્શકની પ્રિય પ્રવૃત્તિઓ રહી છે. સર્જન દ્વારા જગતના સુખની આકાંક્ષા એમનામાં જોવા મળે છે. દર્શકે નવલકથા, નાટક, ચિંતન, ચરિત્ર, વિવેચન, સંપાદન એમ અનેક ક્ષેત્રે લેખનકાર્ય કર્યું છે. એમના સર્જનનો ગુજરાત અને ગુજરાત બહાર ભારતકક્ષાએ પણ પુરસ્કાર થયો છે. દર્શક પાસેથી 'જલિયાંવાલા', 'અઢારસો સત્તાવન', 'પરિત્રાણ' વગેરે **નાટકો**; 'દીપનિર્વાણ', 'સૉક્રેટિસ', 'ઝેર તો પીધાં છે જાણી જાણી ભા. ૧,૨,૩,' જેવી **નવલકથાઓ;** 'આપણો વારસો અને વૈભવ', 'માનવકુલ કથા' જેવાં અનેક **ચિંતન પુસ્તકો,** 'વાગીશ્વરીનાં કર્ણફૂલો', 'મંદારમાલા' જેવું **વિવેચન-સાહિત્ય** મળે છે.

### 7.10.2 સ્વરૂપ-પરિચય

'ગોપાળ બાપા' નવલકથાખંડનું સાહિત્યસ્વરૂપ છે નવલકથાનો સાહિત્યપ્રકાર. એ આપણા સાહિત્યમાં પશ્ચિમના અનુકરણરૂપે ખેડાયો છે. મૂળ ઇટાલીમાંથી મળેલા આ સાહિત્યના રોપને ખાતરપાણી ગુજરાતી સાહિત્યમાં વિવિધ નવલકથાકારે એવાં આપ્યાં છે કે આજે તો એ એક પરદેશી રોપમાંથી મળેલું સાહિત્યરૂપ છે એવું પણ જણાતું નથી. પારા જેવા પ્રવાહી એવા આ સાહિત્યસ્વરૂપને ક્રેફર્ડ 'Pocket theatre' તરીકે તો પર્સી લબક 'Portrait' તરીકે ઓળખાય છે. શ્રી મણિલાલ નભુભાઈ દ્વિવેદી એની વ્યાખ્યા આપતાં કહે છે, 'આનંદ અથવા બોધ અથવા બેઉ પ્રાપ્ત થાય એવા પ્રયોજનથી રચેલી, જનસ્વભાવનું વર્ણન કરનાર... મનુષ્યનું કલ્પિત અને યથાતથ લિખિત ચિત્ર તે નવલકથા.' નવલકથામાં વસ્તુ, પાત્ર, સંવાદ, વાતાવરણ, ભાષાશૈલી અને જીવનદર્શન જેવાં ઘટક તત્ત્વોની સુસંવાદી ગૂંથણી નવલકથાના કલાવિધાનને આગવું રૂપ આપે છે.

### 7.10.3 વિશેષ વાચન

તમે આ જ લેખકની અન્ય કૃતિઓ જેવી કે 'દીપનિર્વાણ', 'સૉક્રેટિસ' વગેરેને વાંચો. વળી આ નવલકથાખંડ જેમાંથી લેવામાં આવ્યો છે એ 'ઝેર તો પીધાં છે જાણી જાણી'ના ત્રણે ભાગ પણ વાંચો. આ ઉપરાંત ગુજરાતી સાહિત્યની મુખ્ય મુખ્ય નવલકથાઓ જેવી કે નંદશંકરની 'કરણઘેલો', ગોવર્ધનરામ ત્રિપાઠીની 'સરસ્વતીચંદ્ર', રમણભાઈ નીલકંઠની 'ભદ્રંભદ્ર', કનૈયાલાલ મુનશીની 'ગુજરાતનો નાથ', ઝવેરચંદ મેઘાણીની 'સોરઠ તારાં વહેતાં પાણી', પન્નાલાલ પટેલની 'માનવીની ભવાઈ', ઈશ્વર પેટલીકરની 'જનમટીપ', ચુનીલાલ મડિયાની 'વ્યાજનો વારસ', સુરેશ જોશીની 'છિન્નપત્ર', મધુ રાયની 'ચહેરા', ચંદ્રકાંત બક્ષીની 'આકાર', રઘુવીર ચૌધરીની 'અમૃતા'નો વાંચીને પરિચય મેળવો જેને આધારે નવલકથા-સાહિત્ય-સ્વરૂપમાં થયેલાં પરિવર્તનોનો તમને ખ્યાલ આવશે.

● ટિપ્પણ

**જેર** - (ન.) ઉંમરો; **પાવડીઓ** - (સ્ત્રી.) પાદુકા, ચાખડી; **પિતામહ** - (પુ.) દાદા; **ધોળા ધુમાડામાં ભળી ગયા** - અદૃશ્ય થઈ ગયા, દેખાતા બંધ થઈ ગયાં; **દેખાણાં** - (ક્રિ.) દેખાયાં;**બાવાં બાઝ્યાં** - ઝાંખું દેખાયું; **હર્ષાશ્રુ** - (ન.પુ) હર્ષનાં આંસુ; **લૂંલા પાંગળા** - (પુ.) અશક્ત; **હળાહળ** - (ન.) અતિશય; **ષડ્‌રિપુ** - (પુ.) મનુષ્યના છ આંતરશત્રુઓ; **અરજન્ટ** - તાત્કાલિક; **અજુગતું** - (વિ.) અયોગ્ય, અઘટિત; **સર્વોપરી** - (વિ.) સર્વના ઉપરી; **દી** - (પુ.) દિવસ; **કાર** - (સ્ત્રી.) દુકાન; **પોરો ખાવો** - (ક્રિ.) આરામ કરવો; **પાવન થયું** - (ન.) પવિત્ર થવું; **ભાટાઈ** - (સ્ત્રી.) ખુશામત; **સિંહ શીદને ઓખર કરવા જાય** - સિંહ શા માટે નરક ખાવા જાય; **ઓખર કરવું** - (ક.) ગંદવાડ કરવો; **સુવાણ** - (સ્ત્રી.) આરામ; **ઘોડું** (પું.) ઘોડો; **ગાવડી** - (સ્ત્રી.) ગાય; **ભેસું** (સ્ત્રી.) ભેંસો; **હારે** - (અ.) જોડે, સાથે; **પહર ચારવા** - (સ્ત્રી.) મળસકે ઢોરને ચારવા લઈ જવા તે; **ધોળીને ચાલવા માંડ્યું** - દોરીને ચાલવા માંડ્યું; **હાલ્યા** - (ક્રિ.) ચાલ્યા; **ડોબાં** - (સ્ત્રી.) ભેંસો; **હાંક્યા બડિયો મારીને ઘેર દીમનાં** - પરોણો મારીને ઘરની દિશામાં હાંકી જવું; **વરસોવરસ** - વરસ પછી વરસ; **મંડાણમાં હોવું** - ગીરવે હોવું; **ઓલામાંય દેણામાં ને ચૂલામાંય દેણામાં** - નાનું દેવું ચૂકવવા મોટું દેવું કરવું; **હાડ ન ચાલે** - શરીર કામ ના કરે; **ઓલ્યાં** - પેલાં; **ખોટાં કામ કરવાં** - અનિષ્ટ કૃત્યો કરવાં; **હા ભણે** - હા પાડે, સંમતિ આપે; **પાઈએ પાઈ ચૂકવી દેવી** - એકેએક પૈસો ચૂકવી દેવો; **એળે જવું** - નકામું જવું; **ખરડાવું** - (અ.ક્રિ.) મેલું કરવું, બગાડવું; **છીં** - છીએ.

**<u>સ્વ-મૂલ્યાંકન માટેના સ્વાધ્યાયોની ચાવીઓ</u>**

**<u>તમારી પ્રગતિ ચકાસો (ગ):</u>**

**(ક)** 1. (✗), 2. (✗), 3. (✗), 4. (✓), 5. (✗),
6. (✓), 7. (✗), 8. (✗), 9. (✗), 10. (✗).

**(ખ)** 1. ગોપાળ બાપા ✓ 2. પરમાણંદદાસ ✓ 3. નરસિંહ મહેતા ✓
4. ગોપાળ બાપા ✓ 5. ગોપાળ બાપા ✓

(ગ) 1. આઠેક 2. પ્રસન્નતા 3. શ્રીજી મહારાજે
4. સત્યકામ, ઝરિયા, પરમાણંદદાસ 5. પોપટ સોની, મંડાણ
6. ગોપાળ બાપા 7. ખોટા.

# વિભાગ-3 નાટ્યખંડ (નાટ્યાંશ)

**એકમ ૮**

## રાઈનું આંતરમંથન

**- રમણભાઈ નીલકંઠ**

**રૂપરેખા**


**8.1 ઉદ્દેશો**
**8.2 પ્રસ્તાવના**
**8.3 કૃતિ (નાટ્યાંશ)**
**8.4 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન**
**ખંડ : 1**
**ખંડ : 2**
**ખંડ : 3**
**8.5 વસ્તુલક્ષી કસોટી**
**8.6 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ**
**8.7 પુનરવલોકન**
**8.8 લેખન-પ્રવૃત્તિ**
**8.9 વિશેષ અધ્યયન**
**8.9.1 કર્તા-પરિચય**
**8.9.2 સ્વરૂપ-પરિચય**
**8.9.3 વિશેષ વાચન**
**• ટિપ્પણ**


### 7.1 ઉદ્દેશો

- માનવજીવનના સદ્-અસદ્ અંશોનો અને એ વચ્ચે ચાલતા સંઘર્ષનો પરિચય મેળવવો.
- અસદ્ ઉપર વિજય મેળવવા સદ્અંશોને દૃઢતાપૂર્વક વળગી રહેવું કેવું આવશ્યક છે એ જાણવું.
- લેખકે સદ્-અસદ્ વચ્ચેના સંઘર્ષને કેવી રીતે ઉપસાવ્યો છે એ જોવું.

### 8.2 પ્રસ્તાવના

પ્રત્યેક વ્યક્તિના જીવનમાં સદ્ અને અસદ્ વૃત્તિઓ રહેલી હોય છે પરંતુ દૃઢ મનોબળથી અસદ્ વૃત્તિઓ ઉપર કાબૂ મેળવી સદ્ગામી કઈ રીતે થઈ શકાય એ રમણભાઈ નીલકંઠના આ નાટ્યાંશ દ્વારા જાણી શકાય છે.

### 8.3 કૃતિ

**રાઈનું આંતરમંથન**

**- રમણભાઈ નીલકંઠ**

સ્થળ : કિસલવાડી પાસે નદીનો કિનારો.

(રાઈ રેતીમાં ફરતો પ્રવેશ કરે છે.)

**રાઈ :** શીતલસિંહે જે બધું કહ્યું તેમાંથી એક વાત તો ખરેખરી સાચી છે. તે એ કે લીલાવતીનું

સૌન્દર્ય અનુપમ છે. એવું સૌન્દર્ય મેં આજ સુધી કોઈ સ્ત્રીનું જોયું નથી. હું વસ્તીમાં કદી રહ્યો નથી, તેથી કદાચ એમ હશે. પરંતુ લીલાવતીનું સૌન્દર્ય અતીવ મનોહર છે એ તો નિઃસંદેહ છે. એવા સૌન્દર્યના ઉપભોગ માટે પર્વતરાયે યૌવનપ્રાપ્તિની ઈચ્છા કરી હોય તો તે ક્ષમા કરવા યોગ્ય છે. પણ ગયેલું યૌવન કદી પાછું આવતું નથી એ નક્કી છતાં પર્વતરાયે લીલાવતી સાથે લગ્ન કરી તેનું સૌન્દર્ય નકામું કરી નાખી દીધું એ શું વાજબી હતું?

**(અનુષ્ટુપ)**

સૌન્દર્ય કેરી સંપત્તિ સ્વર્ગથી અહીં ઊતરે,

દુર્વ્યય કરવા તેનો અધિકાર ન કોઈને.

લીલાવતીનું લગ્ન કોઈ યુવાન વીર નરેન્દ્ર સાથે થયું હોત તો તેમનું જીવન કેવું ધન્ય થાત અને દુનિયાનાં દંપતીરત્નોનું ઔજ્જવલ્ય કેવું પુષ્ટ થાત! હું પર્વતરાય તરીકે નહિ પણ જગદીપ તરીકે ગાદીએ હોત તો લીલાવતી જેવી રાણી...(ખેંચાઈને) અરે! આ શું? પરસ્ત્રી વિશે લાલસાભર્યા વિચારને હું મારા ચિત્તમાં પ્રવેશ કરવા દઉં છું ને વધવા દઉં છું! આહ! શીતલસિંહ! તેં સૌન્દર્યમોહનો કીડો મારા ચિત્તમાં મૂક્યો! અરે! પણ, મેં એ કીડાને ટકવા કેમ દીધો? ટકવા દીધો તો આમ ઊપડી આવ્યો! પણ ત્યારે, શું મારે સૌન્દર્ય એ વસ્તુનો જ તિરસ્કાર કરવો?

**(ઇન્દ્રવજ્રા)**

જે સૃષ્ટિ કેરા યશની પતાકા,

જે પ્રેરણાઓ તણી ખાણ મોંઘી,

જેનાં ત્રિલોકે ગુણગાન થાય,

સૌન્દર્ય તે શું મુજ દ્વેષયોગ્ય?

લીલાવતીનું સૌન્દર્ય પરમ આદરને યોગ્ય છે, પણ આદર પછી કઈ વૃત્તિ? અહો! શું એ આ ગૂંચવણ ઉત્પન્ન કરે છે? ના! ના! સૌન્દર્ય અને આ ગૂંચવણને શો સંબંધ છે? મારે પર્વતરાય થવું પડે ત્યારે પર્વતરાયની રાણી લીલાવતીનું શું કરવું એ પ્રશ્ન છે. લીલાવતી સુન્દર હોય કે ન હોય પણ એ પ્રશ્ન તો એનો એ જ છે. શું હું એવો દુર્બલ છું કે એ સૌન્દર્ય તરફના આદરને લીધે મારાથી નિર્ણય થઈ શકતો નથી? એમ હોય કેમ! સૌન્દર્ય તરફનો આદર એ તો ઉદાર વૃત્તિ છે, એ અધમ વૃત્તિ નથી, પરંતુ વૃત્તિઓનું પૃથક્કરણ અત્યારે શું કામ આવે એવું છે? (અટકીને) હું કેવો મૂર્ખ! મને સૂઝ્યું જ નહિ કે પર્વતરાય થતાં મારે તેની રાણીના પતિ થવું પડશે! જાલકા મને 'શાહી અને કાગળનો પંડિત' કહે છે તે ખોટું છે? જાલકાએ અને શીતલસિંહે તો મને ગાદીનો માલિક બનાવતાં રાણીનો સ્વામી પણ બનાવવા ધારેલો જ, પણ એમણે એ વાત મારાથી ગુપ્ત રાખી. એમને મન ખુલ્લું હતું તેનો મને ખ્યાલ પણ ન આવ્યો એવી મારી પંડિતતા! લાવ, મારી ભૂલના ચિહ્નોનો કાપો કાગળ ઉપર નખથી કોતરી નાખું કે હૃદયનો કાપો ચિત્રરૂપે મારી આંખ આગળ ધરી શકાય. (ગજવામાંથી કાગળ કાઢે છે. કાગળ ઉઘાડી) આ શું? મારા લખાણ નીચે જાલકાના અક્ષર ક્યાંથી એણે શું લખ્યું છે ? (વાંચે છે.)

'રાંઈ' ને 'જાલકા' એ તો બાજીનાં સહુ સોકઠાં.

શું હું માત્ર બાજીનું સોકઠું? મારું નરત્વ નહિ, મારું વીરત્વ નહિ, ને જાલકા પોતાના પાસા નાખે તેમ મને ફેરવે! જાલકા પોતાને પણ સોકઠું કહે છે એ એની ચતુરાઈ છે, અને એને સોકઠું થવું હોય તો ભલે થાય, હું નહિ થાઉં. બીજી લીટી શી છે? (વાંચે છે.)

'છેતરે કોણ કોને જયાં રમે ખેલાડી એકઠાં?'

આ બધી છેતરપિંડી તે જાલકાને મન રમત છે અને ખેલ છે! બાજી રમી રહીને રમનારાંએ હસવાનું, તેમ આ સહુ કપટ અને અનીતિને અંતે અમારે સહુએ મળીને હસવાનું! એ સૂત્ર મારાથી કબૂલ નહિ થાય. જાલકાએ જાણેલું તે મેં ન જાણેલું, એટલો એની વ્યવહારકુશળતાએ મારી પંડિતતાનો પરાભવ કર્યો, તો મારી પંડિતતાનો એ વિજય છે કે એણે ઈચ્છ્યું તે મેં નથી ઈચ્છ્યું, અને હું તે નહિ ઈચ્છું. (અટકીને) શું મારી ઈચ્છાને હવે અવકાશ નથી, અને હું બંધાઈ ગયો છું? શીતલસિંહે કહ્યું કે પર્વતરાય થવાની મારી કબૂલાતમાં પર્વતરાયના બધા સંબંધો અને બધા વ્યવહારોનો સ્વીકાર આવી જાય છે. શું પર્વતરાય થવાનું કબૂલ કરતી વેળામાં મેં લીલાવતીના સ્વામી થવાની ધારણા કરેલી એમ જ મનાશે? મારા કપટમાં કામવાસનાનો અંશ નહોતો એ વાત શું કોઈ નહિ માને? તે વખતની મારા મનની સ્થિતિ તે કોણ જાણે?

હા! આ જ સ્થાને હતું. આ નદી બધું જાણે છે!

**(હરિગીત)**

ઓ! રંગિણી! તું સાક્ષી છે તે સર્વ મારા તર્કની,
સંકલ્પ ને સંદેહ મારા તેં સુણ્યા તે રાત્રિએ,
લાવું જગતને તારી પાસે તો ખરું શું તું ન ક્હે?
કંઈ કંઈ યુગોનું મૌન તુજ, મુજ અર્થ તું તોડે ન શું?

અને, મારા મનની એ વિશુદ્ધતા મનુષ્યો કદાચ કબૂલ ન કરે, માટે શું એ વિશુદ્ધતા મારે મૂકી દેવી? ત્યારે, પર્વતરાય થવું અને લીલાવતીના સ્વામી ન થવું એમ શી રીતે કરવું? (અટકીને) એ તો કેવળ અશક્ય છે. કાં તો બંન્ને થવું કે કાં તો એકે ન થવું એ બે જ માર્ગ છે. કોઈ વચલો માર્ગ છે જ નહિ. વચલો માર્ગ ખોળવો એ ભ્રાંતિ છે. તો સામસામા બે માર્ગમાંથી ગમે તે માર્ગે આંખો મીંચી ઘસડાઈ જવું? મને ઘસડી જઈ શકે એવો કોઈ વાયુવેગ છે? મેં આ કાગળમાં શું લખ્યું હતું (વાંચે છે.),

'બે રહ્યા તુજ સમીપ માર્ગ જ્યાં,
તું ગ્રહે ઉભયમાંથી એક ત્યાં.'

એ જ ખરી વાત છે. માણસ જાતે જ માર્ગ પસંદ કરે છે. ઘસડાવાનું કહેવું એ માત્ર જવાબદારીમાંથી બચવાનું બહાનું છે. મારા પુસ્તકજ્ઞાનથી લખેલો સિદ્ધાન્ત કેવો અણીની વેળાએ સહાયકારક થયો! સિદ્ધાંત થયો. (કાગળ ગજવામાં મૂકે છે.) હવે, નિર્ણય કરું કે બેમાંથી કયો માર્ગ લેવો? લીલાવતીનું સ્વામીપણું મુકી દેતાં પર્વતરાયપણું જશે, કનકપુરની ગાદી જશે, ગુજરાતનું મોટું રાજ્ય જશે, ગુર્જરો પરનું આધિપત્ય જશે, દ્વવ્ય-સુખ-વૈભવના ભંડાર જશે, પુરુષાર્થના પ્રસંગ જશે, સંકલ્પ કરી મૂકેલી ધારણાઓ જશે, જાલકાના મનોરથ જશે, સ્નેહીઓના સંબંધ જશે. (આંખો મીંચીને ક્ષણભર ઊભો રહે છે. પછી આંખો ઉઘાડીને)

**(ઉપજાતિ)**

જાઓ ભલે જીવન-આશ સર્વે!
ઉત્પાત થાઓ! ઉપહાસ થાઓ!

થાઓ તિરસ્કાર! વિનાશ થાઓ!

ન એક થાઓ પ્રભુપ્રીતિનાશ.

(ઘૂંટણીએ પડીને) પતિતોદ્ધારક પ્રભુ!

**(અનુષ્ટુપ)**

સન્મતિ પ્રેરી છે જેવી, આપજો બલ તેહવું;

કે હું સર્વસ્વ છોડીને તમોને વળગી રહું.

(ઊભો થઈને) હવે મને ભીતિ નથી, શંકા નથી. મારા કર્તવ્યનો માર્ગ સ્પષ્ટ અને સીધો દેખાય છે. આજે હું ઘણે મહિને નિરાંતે ઊંઘીશ.

(જાય છે.)

## 8.4 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

**ભૂમિકાઃ** સરળતા ખાતર આપણે આ નાટ્યાંશને ત્રણ ભાગમાં વહેંચીશું. રાઈ ખીસામાંથી કાગળ કાઢે છે ત્યાં સુધીનો એક ભાગ, એ કાગળ વાંચીને ખીસામાં પાછો મૂકે છે ત્યાં સુધીનો બીજો ભાગ, અને એ ઊંઘવા જાય છે ત્યાં સુધીનો ત્રીજો ભાગ.

**ખંડ : 1**

શીતલસિંહ પાસેથી રાઈએ પર્વતરાયની વિધવા પત્ની લીલાવતીના સૌન્દર્ય અંગે ઘણી વાતો જાણી લીધી છે. પર્વતરાયનો રાઈથી અજાણતાં થયેલો વધ, રાઈની માતા જાલકા દ્વારા રાઈને જ પર્વતરાય તરીકે ગોઠવી દેવાની યુક્તિ અને એમ એને પોતાના પતિના મૂળ રાજ્યને એના યોગ્ય વારસને સોંપવાની સંકલ્પસિદ્ધિ મૂળ ‘રાઈનો પર્વત’ નાટકનું કથાવસ્તુ છે. રાઈ પર્વતરાય બનવા તો તૈયાર છે પણ લીલાવતીના પતિ થવાનું એની સદ્‌વૃત્તિને લેશમાત્ર મંજૂર નથી. લીલાવતીના યૌવનને સમકક્ષ થવા વૃદ્ધ પર્વતરાયે નવયુવાન થવાના પ્રયત્નો કર્યા પણ એનો એવો અધિકાર નહોતો. પણ અહીંથી જ એની દ્વિધા, મનોસંઘર્ષ શરૂ થાય છે. એ વિચારે છે, ‘હું કેવો મૂર્ખ! મને સૂઝ્યું જ નહિ કે પર્વતરાય થતાં મારે તેની રાણીના પતિ થવું પડશે!’ આ સંઘર્ષ આ રચનાને બલિષ્ઠ બનાવે છે. નાટકમાં સંઘર્ષ-તત્ત્વ અનિવાર્ય માનવામાં આવ્યું છે અને અહીંનું આ તત્ત્વ આ સ્વરૂપગત લાક્ષણિકતા પણ સિદ્ધ કરે છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ક):</u>**

1. લીલાવતીનું સૌન્દર્ય જોઈને રાઈના ચિત્તમાં શા વિચાર આવે છે?
2. સદ્ અને અસદ્ વૃત્તિઓ વચ્ચે રાઈ કેવો સંઘર્ષ અનુભવે છે?

**ખંડ : 2**

રાઈ પોતાને આ સમગ્ર વિશ્વની કોઈ મહા શેતરંજનું સોગઠું માને છે. જાલકાની વ્યવહાર બુદ્ધિ અને રાઈના પાણ્ડિત્ય વચ્ચે અહીં ખેંચતાણ થાય છે. પોતાના ચિત્તની વિશુદ્ધિ લોકો કઈ રીતે જાણશે એવો પ્રશ્ન એને મૂંઝવે છે. એની સામે બે માર્ગ છે. બેમાંથી કયો માર્ગ લેવો એ અંગે રાઈ દ્વિધા અનુભવે છે. એને એ મૂંઝવણ છે કે, ‘પર્વતરાય થવું અને લીલાવતીના સ્વામી ન થવું એમ શી રીતે કરવું?’ ખીસામાંનો કાગળ વાંચતા એને કોઈ એક જ માર્ગ લેવાની પ્રેરણા થાય છે. એ દૃઢસંકલ્પ બની કાગળ ખીસામાં પાછો મૂકી દે છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ખ):</u>**

1. જાલકા અને રાઈ વચ્ચેના સંઘર્ષનું સ્વરૂપ કેવું છે? એ બે વચ્ચે કયો ભેદ છે?

2. રાઈ પોતાની દ્વિધામાંથી મુક્ત થવા કયો નિર્ણય લે છે?

**ખંડ : 3**

રાઈ માને છે કે, એક જ માર્ગ લેતાં કનકપુરની ગાદી ગુમાવવાનો વારો પણ આવશે. જાલકાના મનોરથો પડી ભાંગશે. બધા જ સંબંધોનો પણ અંત આવી જશે. પણ આ બધાંની પરવા કર્યા વિના રાઈ પોતાના નિશ્ચયને વળગી રહે છે. પ્રભુપ્રીતિને ભરોસે એ આમ સદ્‌વૃત્તિ તરફ પાછો વળે છે. વિમલચિત્ત થઈ એ પ્રભુને પ્રાર્થના કરે છે કે જેવી સન્મતિ આપી છે એવું જ બળ પણ આપજો. હવે એ નિર્ભ્રાન્ત અને નિર્ભય બની ચૂક્યો છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ગ):</u>**

1. નિર્ણયની મક્કમતાથી રાઈને શું ગુમાવવું પડશે?

2. રાઈની બેપરવાઈ અહીં લેખકે કઈ રીતે દર્શાવી છે?

3. રાઈ ઈશ્વર પાસે કઈ પ્રાર્થના કરે છે?

## 8.5 વસ્તુલક્ષી કસોટી

(૧) એકમમાં રજૂ થયેલા વિચારો પ્રમાણે નીચેનાં વિધાનો સાચાં છે કે ખોટાં તે જણાવો. જે વિધાન સાચું હોય તેને માટે વિધાનને અંતે આપેલ ખાનામાં (✓)ની નિશાની કરો અને જે વિધાન ખોટું હોય તેને માટે (✗)ની નિશીની કરો:

1. લીલાવતીનું સૌન્દર્ય અતીવ માદક છે. ☐

2. જાલકાએ સૌન્દર્યમોહનો કીડો રાઈના ચિત્તમાં દાખલ કર્યો. ☐

3. રંગિણી રાઈના મનોમંથનની સાક્ષી બને છે. ☐

4. રાઈના ખીસામાંના કાગળમાં જાલકાના અક્ષરો છે. ☐

(૨) રાઈ સામેના નીચેના વિકલ્પોમાંથી એ કયો વિકલ્પ પસંદ કરે છે એ જણાવો.

(અ) લીલાવતીના સૌન્દર્યનો ઉપભોગ કરવો. ☐

(બ) પર્વતરાય થવું અને લીલાવતીના પતિ ન થવું. ☐

(ક) પર્વતરાય પણ ન થવું અને લીલાવતીના પતિ પણ ન થવું. ☐

## 8.6 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

(૧) **<u>નીચેના પ્રયોગને ધ્યાનથી જુઓ:</u>**

- લીલાવતીનું સૌન્દર્ય અનુપમ છે.
- લીલાવતીનું સૌન્દર્ય અતીવ મનોહર છે.

અહીં 'લીલાવતીનું સૌન્દર્ય' કેવું છે એ દર્શાવવા લેખકે 'અનુપમ' અને 'અતીવ મનોહર' શબ્દપ્રયોગો કર્યા છે, અને એમ સૌન્દર્યને વિશેષ ગુણ આપ્યો છે. સૌન્દર્ય નામપદ છે અને નામના અર્થમાં વધારો કરનાર, વિશેષ કરનાર પદને વિશેષણ કહેવાય છે. આથી 'અનુપમ', 'અતીવ' અને 'મનોહર' વિશેષણો છે. એ ગુણ દર્શાવતા હોઈ ગુણવાચક વિશેષણ

છે. વિશેષણ જેને લાગે એ વિશેષ્ય કહેવાય છે. આથી 'સૌન્દર્ય' અહીં વિશેષ્ય બને છે.

(૨) <u>**નીચેના વાક્યખંડો ધ્યાનથી જુઓ:**</u>

'લીલાવતીનું સ્વામીપણું મૂકી દેતાં પર્વતરાયપણું **જશે**, કનકપુરની ગાદી **જશે**, ગુજરાતનું મોટું રાજ્ય **જશે**, પુરુષાર્થના પ્રસંગ **જશે**, સંકલ્પ કરી મૂકેલ ધારણાઓ **જશે**, જાલકાના મનોરથ **જશે**, સ્નેહીઓના સંબંધ **જશે**.'

પ્રત્યેક વાક્યખંડ અહીં ભવિષ્યવાચક '**જશે**' ક્રિયારૂપથી પૂરો થાય છે. '**જશે**'નાં આવાં સાતત્યપૂર્ણ આવર્તનો ભાષાને લયનાદનું, પ્રાસનું તત્ત્વ પૂરું પાડે છે. આવી પ્રયુક્તિને 'વાગ્મિતા' કહેવાય છે. વક્તૃત્વ અને નાટ્યકળામાં આ પ્રયુક્તિનો ઘણો ઉપયોગ થાય છે. ક્યારેક પ્રશ્નાર્થક ઉક્તિઓ, આશ્ચર્યાર્થો કે વિશેષણો - સર્વનામોનો પણ આવો સાતત્યપૂર્ણ ઉપયોગ નાટ્યકારો કરી લેતા હોય છે.

<u>**તમારી પ્રગતિ ચકાસો (ઘ):**</u>

તમે પણ આવા કોઈ એક જ ક્રિયારૂપવાળા પાંચેક વાક્યખંડો બનાવો.

(૩) <u>**નીચેના શબ્દ જુઓ:**</u>

અનુપમ, દુર્વ્યય, અનીતિ, અશક્ય, વિનાશ, દુર્બલ.

આ શબ્દોમાં બબ્બે પદ છે જેમ કે, 'અન' અને 'ઉપમ', 'દુર' અને 'વ્યય', 'અ' અને 'નીતિ'. 'ઉપમ', 'વ્યય' અને 'નીતિ'ને ગુજરાતી ભાષાના ચોક્કસ અર્થો છે. પણ 'અન' , 'દુર' કે 'અ' ને સ્વતંત્ર અર્થ નથી. આમ છતાં પદની આગળ લાગીને એ શબ્દના મૂળ અર્થમાં પ રિવર્તન આણે છે. અહીં એ વિરોધનો અર્થ સૂચવે છે. આવા આગળ લાગતાં પદને ગુજરાતી ભાષામાં પૂર્વપ્રત્યય કહે છે. એ ક્યારેક અર્થનો વિરોધ કરે છે તો ક્યારેક અર્થમાં વધારો પણ કરે છે. જેમ કે, 'વિશુદ્ધતા' અને 'સન્મતિ'માં 'વિ' અને 'સદ્' અર્થમાં વધારો કરે છે.

<u>**તમારી પ્રગતિ ચકાસો (ચ):**</u>

1. અર્થમાં વિરોધ અને વધારો કરતા પાંચપાંચ શબ્દોનાં અન્ય દૃષ્ટાંતો આપો.

## 8.7 પુનરવલોકન

પાઠના સઘન વાચન-અભ્યાસ બાદ નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

<u>**તમારી પ્રગતિ ચકાસો (છ):**</u>

(1) આખા નાટ્યાંશને આધારે રાઈ અને જાલકા વચ્ચે રહેલા અભિગમભેદને સ્પષ્ટ કરો.

(2) રાઈના મનોમંથનને નાટ્યાંશને આધારે સ્પષ્ટ કરો.

## 8.8 લેખન-પ્રવૃત્તિ

'સત્યમેવ જયતે' વિશે આશરે ત્રીસેક વાક્યોનો નિબંધ લખો.

## 8.9 વિશેષ અધ્યયન

### 8.9.1 કર્તા-પરિચય

આ નાટ્યાંશના સર્જક રમણભાઈ મહીપતરામ નીલકંઠ ગુજરાતી સાહિત્યના પંડિતયુગના એક નોંધપાત્ર લેખક છે. એમણે 'રાઈનો પર્વત' નામનું સાત અંકનું નાટક સર્જ્યું છે. આ ઉપરાંત 'ભદ્રંભદ્ર' નામની એક નવલકથા પણ લખી છે. 'કવિતા અને સાહિત્ય' નામના પુસ્તકમાં

એમણે સૈદ્ધાન્તિક અને પ્રત્યક્ષ વિવેચન કર્યું છે.

### 8.9.2 કૃતિ-પરિચય

પ્રસ્તુત કૃતિ નાટ્યાંશ છે. નાટક અત્યંત જૂનું અને અજપર્યંત ટકી રહેલું કલાસ્વરૂપ છે. એ દૃશ્ય-શ્રાવ્ય અને મિશ્ર સ્વરૂપ ગણાય છે. સંઘર્ષ એનો વસ્તુગત અને ભજવણી એનો પ્રસ્તુતિગત અનિવાર્ય અંશ છે. સંઘર્ષ અને અભિનેયતા ન હોય તો નાટક સફળ બનતું નથી. ભાષાની અર્થાત્ સંવાદની પ્રયુક્તિ નાટકમાં વિશેષ પ્રયોજાય છે. કથન-વર્ણન એમાં ઝાઝાં ઉપકારક બનતાં નથી.

### 8.9.3 વિશેષ વાચન

આના અનુસંધાનમાં મણિલાલ નભુભાઈ દ્વિવેદીનું 'કાન્તા' નાટક, ક. મા. મુનશીનું 'ધ્રુવસ્વામિનીદેવી' નાટક, શેક્સપિયરના 'હૅમ્લેટ' અને 'ઑથેલો'નાં ગુજરાતીમાં થયેલાં અનુવાદો વાંચો અને રાઈના આ સંઘર્ષને એમાંનાં કોઈ પાત્રોના સંઘર્ષ સાથે સામ્ય છે કે નહીં તે શોધો.

### ● ટિપ્પણ

**અનુપમ** - સરખામણી ન થઈ શકે તેવું; **અતીવ** - (વિ.) ઘણું; **દુર્વ્યય** - (સં.) ખોટો બગાડ; **ઔજ્જવલ્ય** - (સં.) ઉજ્જવળતા, તેજ; **પુષ્ટ** - (વિ.) મજબૂત; **પતાકા** - (સં.) ધજા; **સોકઠું** - (સં.) પ્યાદું, રમતનું સાધન; **પરાભવ** - (સં.) હાર, પરાજય; **રંગિણી** - (સં.) નદીનું નામ; **ભ્રાંતિ** - (સં.) ભ્રમણા; **પતિતોદ્ધારક** - (વિ.) પતન પામેલાંઓંનો પણ ઉદ્ધાર કરનાર (એવો ઈશ્વર); **ભીતિ** - (સં.) ડર, બીક.

એકમ ૯

# બાધર આગવાળો

- ચં. ચી. મહેતા

રૂપરેખા

9.1 ઉદ્દેશો

9.2 પ્રસ્તાવના

9.3 કૃતિ (નાટ્યાંશ)

9.4 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

ખંડ : 1

ખંડ : 2

ખંડ : 3

9.5 વસ્તુલક્ષી કસોટી

9.6 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

9.7 પુનરવલોકન

9.8 લેખન-પ્રવૃત્તિ

9.9 વિશેષ અધ્યયન

9.9.1 કર્તા-પરિચય

9.9.2 સ્વરૂપ-પરિચય

9.9.3 વિશેષ વાચન

- ટિપ્પણ

## 9.1 ઉદ્દેશો

- માલિક અને નોકર વચ્ચે જોવા મળતા મોભાગત, આર્થિક અને સામાજિક ભેદને કારણે થતા શોષણનું સ્વરૂપ સમજવું.
- માનવજીવનને વળગેલી નબળાઈઓ, આળસ, શઠતાને પિછાણવી.
- નિર્દોષ શોષિત વ્યક્તિઓના જીવનમાં પણ હીર અને સત્ત્વ, સંવેદનશીલતા અને ઉદાત્તતા હોય છે એની નોંધ લેવી.

## 9.2 પ્રસ્તાવના

અંગ્રેજ અમલ દરમિયાન હિન્દુસ્તાની અબુધ પ્રજાનું કેવું શોષણ થતું એ આ નાટ્યાંશ દ્વારા જાણી શકાય છે. આ પ્રકારનું શોષણ તાણને જન્મ આપે છે. ચન્દ્રવદન ચી. મહેતાએ આ શોષણ પાછળ રહેલી સંવેદનજડતાને, અમલદારીને ગંભીરતાપૂર્વક ઉપસાવી છે. શોષિત વર્ગની સંવેદનશીલતા અને ઉદાત્તતા પણ અહીં પ્રગટ થઈ છે.

## 9.3 કૃતિ

### બાધર આગવાળો

**- ચં. ચી. મહેતા**

(ચારપાંચ ક્લીનરો બાધરના ખાટલા પાસે ઊભા છે ને ગુલામમહમદ વગેરે દાખલ થાય છે. સૌ આવીને પોતપોતાની બત્તીઓ કૂવા પાસે મૂકે છે.)

**ડેપ્યુટી સ્ટેશન માસ્તર :** કેમ ભાઈ! કેમ છે? ડાક્ટર નથી આવ્યો?

**એક જણ :** એ તો નથી આવ્યો - પણ કંપાઉન્ડર હમણાં આવે છે.

**ગુલામમહમદ :** પણ મોટા ડૉક્ટરને કહ્યું'તું ખરું કે નહિ?

**એક જણ :** કેમ કરીને કે'? જગાડી જ નહિ હકાઈને! બાહાર બે કૂતરા, ને એક પઠાણ. જાગવાનો ઉતો તો કૂતરાના ભહવાટથી નીં જાગે હું? - એ તો ચઢાવીને ઊંઘતો ઓહે.

**ગુલામમહમદ :** સાહેબ, એ ડાક્ટર માંદાને માટે નથી, સાજાને માંદા પાડવા માટે છે. બે નોટ સરકાવી કે સિક સરટિફિકેટ તૈયાર. બાકી મરતાંને બચાવવા માટે એ નથી.

(રૂખી ખાટલા પાસે માથે હાથ દઈ રડતી બેઠી છે.)

**ડે.સ્ટે.માસ્તર :** ખાટલો અંદર નથી જાય એમ?

**રામચરણ :** યે ખાટ કોટરીમેં નહિ રહ સકતી, સાહબ!

**ડે.સ્ટે.માસ્તર :** રૂખીબાઈ! હિંમતરાખ, બહેન! નારણીઓ નથી?

**રામચરણ :** અરે સાબ! ઓ ડિપોટીકો દૂસરા કોઈ મિલા નહિ તો નારણીઆ કો વો મસાલ લેકે ભેજા.

**ડે.સ્ટે.માસ્તર :** અરે, એને પણ એ શું સૂઝ્યું? આટલા છોકરાને તે કામ પર મુકાય? સાહેબોને ખુશ કરવા કીધું હશે - પણ સ્પેશિયલ ગયાને તો ચાર કલાક થઈ ગયા! હજી કેમ નહિ આવ્યો?

**ગુલામમહમદ :** આ કમ્પાઉન્ડર તો આવ્યો.

**ડે.સ્ટે.માસ્તર :** હું હોત તો નારણીઆને જવા જ ન દેત. હે રામ!

**ગુલામમહમદ :** ખુદા હાફિઝ!

(કૉમ્પાઉન્ડર આવે છે.)

**ડે.સ્ટે.માસ્તર :** કેમ ડાક્ટર નથી આવવાના?

**કંમ્પાઉન્ડર :** એ તો ડાક્ટર સાહેબ છે! મન ફાવે તો આવે, ન ફાવે તો ન પણ આવે.

**ડે.સ્ટે.માસ્તર :** ઠીક ભાઈ! તમે તો તપાસો.

(કૉમ્પાઉન્ડર તપાસવા આવે છે.)

**ગુલામમહમદ :** કેમ વળી આ શું છે?

(કૉલબૉય બત્તી સાથે આવતો જણાય છે.)

કૉલબૉય! પાછો કેમ આવ્યો?

**કૉલબૉય** : એ આ રપોર્ટ પર બાધરજીની સહી કે અંગૂઠો લેવાનો છે. મુકાદમે મોકલ્યો.

**રામચરણ** : અરે હેવાન કા બચ્ચા! તેરા રપોટ ઓર મુકાદમ જાઓ જહન્નમ કે ખડ્ડે મેં - યે ક્યા નફરત લગાઈ હય?

(ઉશ્કેરાઈને મારવા દોડે છે.)

**કૉલબૉય** : અરે ભૈયાજી!

**રામચરણ** : અરે હેવાન કા બચ્ચા! જાતા હય યા નહિ? જાન લેતા હૈ-

(કૉલબૉય નાસી જાય છે, નાસતાં બત્તીનો દીવો હોલવાઈ જાય છે.)

**રૂખી** : ઓય રે! હું ના કહેતી'તી એ કૉલબૉયને કે એ નહિ આવે. એને આજે નો લઈ જાઓ રે... ને ડ્યૂટી પર ઘસડી ગયા. ઓ ભૈયાજી! ...ઓ ભાઈ!

**રામચરણ** : શાંત હો બાઈ ...! રામજી કા નામ લો.

**રૂખી** : રામનું જ નામ લેવાનું હવે બાકી છે, ભાઈ! એ મૂઆ જોન્સનું સત્યાનાશ જજો, એણે જ બાધરજીના આ હાલ કર્યા.

**ડે.સ્ટે.માસ્તર** : તમે શાંત થાઓ, બહેન! હમણાં દવાથી સારું થઈ જશે.

**રૂખી** : અરે માહતર સા'બ! તમે આટલી ઓથ છો. મારું જીવતર આજે બાળી મેલ્યું આ આગગાડીએ. ઓ ભગવાન! મારો નારણીઓ પણ હજી નથી આયો-

(કૉમ્પાઉન્ડર બાધરજીને તપાસવામાં પડે છે. દરમિયાન ગુલામમહમદ અને ડેપ્યુટી સ્ટેશન માસ્તર બાજુ પર જઈ વાતો કરે છે.)

**ડે.સ્ટે.માસ્તર** : ગુલામમહમદ! મને શંકા છે. આ કોપ અસહ્ય છે.

**ગુલામમહમદ** : સાહેબ, આનો કંઈ ઉપાય જ નથી, એમ? આ આગવાળાઓ ઉપર શો સિતમ?

**ડે.સ્ટે.માસ્તર** : ના, ભાઈ! ના. આ બાર બાર કલાકની નોકરી જ્યાં સુધી ઓછા કલાકની નહિ થાય અને વધારે માણસો આટલા કામ માટે રાખવામાં નહિ આવે ત્યાં સુધી આપણો દા'ડો નહિ વળે.

**ગુલામમહમદ** : એ તો ખરું, સાહેબ! પણ માથે આ અમલદારો આપણા લોહીના નહિ હોય ત્યાં સુધી આ જુલમ ઓછો નહિ થાય. એમને તો, સાહેબ! બસ, આપણું લોહી ચૂસીને પૈસા કમાવા છે. મારે માથે તમે ઉપરી હો, તો સાહેબ, આવો સિતમ નહિ જ કરો ને?

ડે.સ્ટે.માસ્તર : હા, ભાઈ! હા. પણ હિંદીઓને ઉપલી નોકરીમાં લે છે જ કોણ? અને જે બેચાર જણ લેવામાં આવે છે તે પૂરેપૂરા ગામના ઉતાર.

(કૉમ્પાઉન્ડર આગળ આવી માસ્તર સાથે વાત કરે છે. ગુલામમહમદ બાધર તરફ જાય છે.)

**બાધર** : (ધીમેથી) રૂખી!

**ગુલામમહમદ** : એ રૂખીબાઈ અહીં જ છે, ભાઈ! તમારી પાસે.

(રૂખી એનું માથું ખોળામાં લઈ બેસે છે.)

**બાધર** : ના...ર...ણી...આ!

**રામચરણ** : અભી આતા હય, ભાઈ! અભી આતા હોગા.

**ગલામમહમદ** : (એક બાજુ જઈને) અરે, આ શું લાવે છે. વળી?

(બધા તે તરફ જુએ છે.)

**ડે.સ્ટે.માસ્તર** : ભૈયા! આમ આવ. (ધીમેથી) લે આ રૂપિયા, બાધર પાસે પુણ્ય કરાવી લે. બાધર હવે ઘડી બે ઘડી -

(બોલતાં આંખમાંનું એક આંસુ લૂછે છે.) (કૉમ્પાઉન્ડરને) કંઈ જ નહિ થાય, હવે?

**કૉમ્પાઉન્ડર** : તરત જ ટ્રીટમેન્ટ થઈ હોત તો કદાચ બચત. પણ હવે તો...નહિ જ.

(થોડી વાર રહી ચાર જણ- બે વાવટીવાળા અને બે સડક સાફ કરનારા મજૂરો ઝોળો ઊંચકીને આવે છે જે ત્યાં નજીકમાં ઉતારે છે.)

**એક વાવટીવાળો** : રાતના સરપ કરડ્યો લાગે છે. પાટા પાહે મુડદું પડેલું. એ તો હું એને ઓળખું, એટલે અહીંઆં લઈ આઈવા.

**રૂખી** : (મોટેથી) ઓ મારા નારણીઆ રે! - કહ્યું'તું કે નારણીઆને ના લઈ જાઓ - બાધરજીને ના લઈ જાઓ - જબરદસ્તીથી ઘહડી ગયાં બંનેને, ભગવાન રે - (તૂટી પડે છે.)

**ડે.સ્ટે.માસ્તર** : (કૉમ્પાઉન્ડરને) જુઓને, આ નારણને કેમ છે?

(કૉમ્પાઉન્ડર એને તપાસે છે.)

**ગુલામમહમદ** : માસ્તર સાહબ! મરજી ઉપરાંત આ પ્રમાણે નોકરી હજી ક્યાં સુધી કરાવવામાં આવશે? આ લોકો નારણીઆને તો જુલમ કરીને જ ઘસડી ગયા હતા. આનો જવાબદાર કોણ?

**ડે.સ્ટે.માસ્તર** : જવાબદાર આપણું નસીબ, ભાઈ! એમ તો બાધરજીને પણ ઘસડી જ ગયા હતા ને? અને આ એનું મોત કંઈ ખૂન ઓછું જ કહેવાશે? ઓ પ્રભુ!

**કૉમ્પાઉન્ડર** : સાહેબ! હું જાઉં છું. કંઈ જોવા જેવું નહિ હવે. (જાય છે.)

(માસ્તર, ગુલામમહમદ ને ભૈયો સૂનમૂન થઈ ઊભા છે. કંઈક વાર બધું શાંત રહે છે અને એકાએક માસ્તર કંઈ જુએ છે, અને ચમકીને)

**ડે.સ્ટે.માસ્તર** : એ શું લાવો છો હજી? એ જે હોય તે લઈ જાઓ, અહીં સિવાય બીજો રસ્તો કે ઠામ દેખાતું જ નથી તમને?

| | | |
|---|---|---|
| **રામચરણ** | : | યે તો મેરે બાધરજી કી ગૌઆ! ઈસપીસલસે કટા હુવા, ઓ રામ! |
| **ગુલામમહમદ** | : | ઓ ખુદા! આટલી એક ગાય હતી તે પણ તેં કાપી નાખી? |
| | | (નિસાસો નાખી બેસી જાય છે.) |
| | | (પડદો) |

## 9.4 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

**ભૂમિકા :** અભ્યાસની સગવડ માટે આ ખંડને આપણે ત્રણ ભાગમાં વહેંચીશું. દવાખાનામાં લાવવામાં આવેલા બાધરને કમ્પાઉન્ડર તપાસે છે ત્યાં સુધીનો એક ભાગ, બાધરની સારવારને અંતે કંપાઉન્ડર હાથ હેઠા મૂકી દે છે ત્યાં સુધીનો બીજો ભાગ અને રચનાના અંત સુધીનો ત્રીજો ભાગ.

### ખંડ : 1

ઘાયલ બાધરને ઊંચકીને લાવેલા ગુલામમહમદ, ડેપ્યુટી સ્ટેશન માસ્તર અને એક અન્ય જણ ડૉક્ટરની તપાસ કરે છે પણ એ તો હજી દવાખાનામાં આવ્યા જ નથી. માત્ર કંપાઉન્ડર જ હાજર છે. બાધરની પત્ની રૂખી ખાટલા પાસે બેસીને રડે છે. દવાખાનામાં ખાટલો લઈ જવાની મનાઈ હોઈ બધાં બહાર જ બેસે છે. કંપાઉન્ડરને ડૉક્ટર વિશે પૂછવામાં આવતાં એ કહે છે કે, 'એ તો ડાક્ટર સાહેબ છે! મન ફાવે તો આવે, ન ફાવે તો ન પણ આવે.' અહીં ભારતીય સરકારી દવાખાનાની પરિસ્થિતિનો સહેલાઈથી પરિચય થઈ શકે છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ક):</u>**

પ્રથમ ખંડનો અભ્યાસ કરી નીચેના પ્રશ્નોના ઉત્તર આપોઃ

1. દવાખાના અને ડૉક્ટર અંગે બાધરને લઈને આવેલા લોકોના મનમાં કઈ છાપ છે?
2. નારણને મોકલવાના કયા પ્રતિભાવો ડેપ્યુટી સ્ટેશન માસ્તરના મનમાં ઊઠે છે?
3. આટલા ખંડ ઉપરથી ડેપ્યુટી સ્ટેશન માસ્તરના ચરિત્ર વિશે નોંધ લખો.

### ખંડ : 2

રેલવેનો કૉલબૉય બાધર પાસે કશાક વહીવટી કાગળ પર અંગૂઠાનું નિશાન લેવા આવે છે. વહીવટી બિછાને પડેલા માણસને પણ છોડતો નથી એનો એ સંકેત છે. રૂખી બાધરની સ્થિતિ પર વલોપાત કરે છે. ગુલામમહમદ અને ડેપ્યુટી સ્ટેશન માસ્તર શોષણયુક્ત નોકરીપ્રણાલી ઉપર ટીકાટિપ્પણ કરે છે. રૂખીને નારણની પણ ચિંતા સતાવે છે. હિન્દુસ્તાન સ્વશાસન નહીં પામે ત્યાં સુધી આવી જ સ્થિતિ રહેશે એવા તારણ પર એ પહોંચે છે. દરમિયાન બાધરને તપાસી ચૂકેલો કમ્પાઉન્ડર 'બાધર પાસે પુણ્ય' કરાવી લેવાનું સૂચન કરે છે અને એમ બાધરના અંતકાળને પ્રચ્છન્ન રીતે જાહેર કરી દે છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ખ):</u>**

ઉપરના ખંડને આધારે નીચેના પ્રશ્નોના ઉત્તર આપોઃ

1. પરશાસન અને સ્વશાસન વચ્ચેનો ભેદ લેખકે કઈ રીતે દર્શાવ્યો છે?
2. 'દીવો હોલવાઈ જવો' અને 'રામજી કા નામ લો' સંકેતોના અર્થો સ્પષ્ટ કરો.

બહાર મોકલવામાં આવેલા નારણને અંધકારમાં સર્પદંશ થાય છે અને એ મૃત્યુ પામે છે. અધૂરામાં પૂરું બાધરની ગાય પણ મૃત અવસ્થામાં રંગભૂમિ પર લાવવામાં આવે છે. બધાં પોતાની કમનસીબીને ભાંડે છે, રડે છે.

**તમારી પ્રગતિ ચકાસો (ગ):**

1. નારણનું મૃત્યુ કયા સંજોગોમાં અને કેવી રીતે થયું?
2. બાધર અને નારણના મૃત્યુને તમે અકસ્માત ગણશો કે હત્યા? શા માટે?

## 9.5 વસ્તુલક્ષી કસોટી

નીચેનાં વાક્યો કોણ બોલે છે તે દર્શાવોઃ

1. 'ડાક્ટર માંદાને માટે નથી, સાજાને માંદા પાડવા માટે છે.'
2. 'તેરા રપૉટ ઑર મુકાદમ જાઓ જહન્નમ કે ખડ્ડે મેં!'
3. 'રામનું જ નામ લેવાનું હવે બાકી છે.'
4. 'હિંદીઓને ઉપલી નોકરીમાં લે છે જ કોણ?'
5. 'કંઈ જોવા જેવું છે નહિ હવે.'

## 9.6 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

**(1) નીચેનાં વાક્યો કઈ ભાષા કે બોલીનાં છે એ સમજવા પ્રયાસ કરોઃ**

- 'કેમ કરીને કે'? જગાડી જ નહિ હકાઈને? બાહાર બે કૂતરાં, ને એક પઠાણ. જાગવાનો ઉતો તો કૂતરાના ભહવાટથી નીં જાગે હું?'
- 'યે ખાટ - કોટરીમેં નહિ રહ સકતી, સાહબ!'

પહેલું દૃષ્ટાંત સૂરતી બોલીનું છે. સૂરતી બોલી માન્ય ગુજરાતી ભાષાની એક બોલી છે અને એ દક્ષિણ ગુજરાતના વિસ્તારમાં બોલાય છે. ભાષા અને બોલી વચ્ચે કશો સ્વરૂપગત ભેદ નથી પરંતુ ઉચ્ચારણ અને શબ્દભંડોળની દૃષ્ટિએ પ્રાદેશિક ભેદ હોય છે. ગુજરાતની આવી ચાર મુખ્ય બોલીઓ છે : (1) ઉત્તર ગુજરાતની બોલી, (2) મધ્ય ગુજરાતની (ચરોતરી) બોલી, (3) દક્ષિણ ગુજરાતની (સુરતી) બોલી અને (4) સૌરાષ્ટ્રની બોલી. આ ઉપરાંત પણ ગુજરાતમાં આદિવાસીઓ, મીરો, ખલાસીઓ, ખારવાઓ, માછીમારો, કચ્છી અને પારસી લોકો પોતપોતાની વિશિષ્ટ બોલીઓનો ઉપયોગ કરે છે. આવા પ્રાદેશિક બોલીભેદો ધ્યાનથી સાંભળો, એના નિહિત સૌન્દર્યનો, ભાષાલઢણોનો અભ્યાસ કરો અને એનાં કારણો વિશે વિચારતા થાઓ.

**તમારી પ્રગતિ ચકાસો (ઘ):**

1. પહેલાં દૃષ્ટાંતમાં 'હઈકા', 'ઉતો' અને 'નીં' શબ્દોના માન્ય ગુજરાતી ભાષાના પર્યાયો આપો.
2. બીજા દૃષ્ટાંતનું ગુજરાતી ભાષાન્તર કરો.

**(2) નીચેનાં વાક્યો ધ્યાનથી જુઓ :**

- કેમ છે? ડાક્ટર નથી આવ્યો?
- કેમ કરીને કે'?
- હજી કેમ નહિ આવ્યો?
- કેમ વળી આ શું છે?

ઉપરનાં વાક્યોમાંનું (?) ચિહ્ન પ્રશ્નાર્થ સૂચવે છે. આવાં વાક્યોને પ્રશ્નાર્થક વાક્યો કહેવામાં આવે છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ચ):</u>**

1. આ જ કૃતિમાંથી આવાં અન્ય પાંચ પ્રશ્નાર્થક વાક્યો શોધીને નોંધો.

નીચેનાં વાક્યો ધ્યાનથી જુઓઃ

- જગાડી જ નહિ હઈકાને!
- હિંમત રાખ, બહેન!
- હે રામ!
- અરે, ભૈયાજી!
- ના, ભાઈ!

ઉપરનાં વાક્યોમાંનું (!) ચિહ્ન ઉદ્‌ગાર કે સંબોધનનો ભાવ સૂચવે છે. આ વાક્યોને ઉદ્‌ગારવાક્યો કહેવામાં આવે છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (છ):</u>**

આ જ કૃતિમાંથી આવાં અન્ય પાંચ ઉદ્‌ગારવાક્યો શોધો અને નોંધો.

## 9.7 પુનરવલોકન

પાઠના વાચન અને સઘન અધ્યયન બાદ નીચેના પ્રશ્નોના ઉત્તર આપોઃ

(1) આ રચનામાંથી અમલદારીની નિષ્ઠુરતા કઈ રીતે પ્રગટ થાય છે એ દર્શાવો.

(2) કૃતિમાં કેટલાં મૃત્યુનાં સૂચનો છે? આ મૃત્યુ તમને સહજ લાગે છે કે આકસ્મિક? કારણો સાથે જણાવે.

(3) ડેપ્યુટી સ્ટેશન માસ્તર, ગુલામમહમદ અને રૂખીનાં ચરિત્રો પર નોંધ લખો.

(4) લેખકે દર્શાવેલા ભાષાવૈવિધ્યનો સદષ્ટાંત પરિચય કરાવો.

## 9.8 લેખન-પ્રવૃતિ

'સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછીની અમલદારશાહી' પર ત્રીસેક વાક્યોનો નિબંધ લખો.

## 9.9 વિશેષ અધ્યયન

### 9.9.1 કર્તા-પરિચય

આ નાટ્યાંશના સર્જક ચન્દ્રવદન ચી. મહેતા ગુજરાતી સાહિત્યના સમર્થ નાટ્યલેખક, નટ,

દિગ્દર્શક, આત્મકથાકાર અને કવિ છે. 'આગગાડી', 'ધરાગુર્જરી', 'નર્મદ', 'અખો', વગેરે એમની સફળ નાટ્યરચનાઓ છે. 'ધારાસભા' અને 'હોહોલિકા' એમની નોંધપાત્ર લઘુ નાટિકાઓ છે. 'બાંધ ગઠરિયાં', 'નાટ્ય ગઠરિયાં', 'સફર ગઠરિયાં', 'છોડ ગઠરિયાં', વગેરેમાં એમણે પોતાનું આત્મવૃત્તાંત પ્રગટ કર્યું છે. 'ઈલાકાવ્યો' દ્વારા એમણે ભગિનીપ્રેમનાં સુંદર કાવ્યો આપણી ભાષાને આપ્યાં છે. 'પઢો રે પોપટ રાજા રામના' નામનો પણ એમનો એક જાણીતો કાવ્યસંગ્રહ છે.

### 9.9.2 સ્વરૂપ-પરિચય

પ્રસ્તુત કૃતિ પણ અગાઉના 'રાઈનું મનોમંથન'ની જેમ નાટ્યાંશ હોઈ અહીં પણ નાટ્યરૂપની લાક્ષણિકતાઓ પ્રગટ થાય છે. અહીં ચરિત્રો અનુસાર હિન્દી, સૂરતી, શિષ્ટમાન્ય એવી વિવિધ ભાષાતરેહોને કુનેહપૂર્વક લેખકે વણી લીધી છે. અહીં શોષક અને શોષિત સંઘર્ષ નાટ્યરૂપ પામ્યો છે.

### 9.9.3 વિશેષ વાચન

રમણભાઈ નીલકંઠનું 'રાઈનો પર્વત', દલપતરામનું 'મિથ્યાભિમાન', મણિલાલ દ્વિવેદીનું 'કાન્તા' નાટક પણ વાંચો. હેન્રિક ઈબ્સનના 'એ ડૉલ્સ હાઉસ' અને 'ઘોસ્ટ્સ'ના ગુજરાતી અનુવાદોનું વાચન કરો. આનાથી નાટક અને સામાજિક સંઘર્ષ વચ્ચેનો સંબંધ સ્પષ્ટ થશે.

---

- **ટિપ્પણ**

---

**કૉમ્પાઉન્ડર** - (પુ.) ડૉક્ટરને સહાય કરતો દવાખાનાનો માણસ; **સિક સરટિફિકેટ** - (સં.) માંદગીનું પ્રમાણપત્ર; **કોટરી** - (સં.) ખાલી ઓરડી; **કૉલબૉય** - (સં.) બોલાવવા આવનાર; **રપોટ** - (સં.) રિપોર્ટ, હેવાલ; **જહન્નમ** - (સં.) નરક; **નફરત** - (સં.) ધિક્કાર; **ઓથ** - (સં.) સહારો; **ગામના ઉતાર** - (વિ.) નકામા, વંઠેલ; **ટ્રીટમેન્ટ** - (સં.) સારવાર; **સરપ** - (સં.) સાપ; **ઘહડી** - (સં.) ઘસડી.

# વિભાગ-4 એકાંકી

## એકમ ૧૦ ઊડણ ચરકલડી

**- ઉમાશંકર જોશી**

રૂપરેખા

**10.1** ઉદ્દેશો

**10.2** પ્રસ્તાવના

**10.3** કૃતિ (એકાંકી)

**10.4** કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

ખંડ : 1

ખંડ : 2

ખંડ : 3

**10.5** વસ્તુલક્ષી કસોટી

**10.6** ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

**10.7** પુનરવલોકન

**10.8** લેખન-પ્રવૃત્તિ

**10.9** વિશેષ અધ્યયન

**10.9.1** કર્તા-પરિચય

**10.9.2** સ્વરૂપ-પરિચય

**10.9.3** વિશેષ વાચન

- ટિપ્પણ

### 10.1 ઉદ્દેશો

- નારીજીવનનો મહિમા સમજવો.
- ગ્રામજીવનના સામાજિક વાસ્તવનો પરિચય મેળવવો.
- ગ્રામજીવનના જ્ઞાતિકેન્દ્રી વાસ્તવને કારણે અને સામાજિક રીતરિવાજને કારણે નિર્દોષ, રમતિયાળ, કોડભરી અને સ્વપ્નભરી યુવતીઓનાં જીવન કેવાં નિષ્પ્રાણ બની જાય છે એ સમજવું.

### 10.2 પ્રસ્તાવના

યૌવનની સાથે જ પ્રિય સાથીદાર મેળવવાની ઝંખના વ્યક્તિમાત્રમાં જાગે છે, પરંતુ વાસ્તવની ભીંસ અને સામાજિક રીતરિવાજના દબાણને કારણે યુવક-યુવતીઓના મનોરથો સફળ નીવડતા નથી. ગ્રામજીવનમાં નારીને તો આ સમસ્યાનો સામનો વિશેષ કરવો પડે છે. ઉમાશંકર જોશીએ એક યુવતીના મનોરથો અને એની સામેની સામાજિક નિષ્ઠુરતાને પાસપાસે મૂકી આપીને આ રચનામાં ઘેરા કરુણનું નિરૂપણ કર્યું છે.

## 10.3 કૃતિ

### ઊડણ ચરકલડી

**- ઉમાશંકર જોશી**

**પાત્રો**

**ચંદણી** : એક તરુણ કુમારિકા

**જીવી** : ચંદણીની બહેનપણી, પરિણીતા

**વાલી** : બંનેની બહેનપણી, નવોઢા

**કેશુ** : અણવર, જાનમાં આવેલો પરગામી

**સંતોકબાઈ** : ચંદણીની માતા

**નારાયણ** : ચંદણીના પિતા

**સમય** : આથમતા ઉનાળાની બપોર તરફ ઢળતી સવાર.

**સ્થળ** : ખૂણાના એક ઘરની ઓસરીમાં સોળસત્તર વરસની કુમારિકા ચંદણી વળગણી ઉપર ધોતિયું સૂકવતી દેખાય છે. એણે ઓઢેલી બાંધણીએ એના ભીના વાનનો ઉઘાડ બતાવવા કરતાં કન્યાને છાજે એવી શાંત છાયામાં એને લપેટી લીધી છે. પડદો ઉપડતી વખતે એ ધોતિયું પૂરું સૂકવીને મોઢું અરધું દેખાય - ન દેખાય એમ ઊભીઊભી ધોતિયાનો પનો ખેંચી સળ ઉકેલતી હોય છે. એનું મોઢું પડી ગયેલું છે, આંખમાં પાણી છે. એનાથી ડૂસકું ભરી જવાય છે. એ જ વેળાએ પાસેના ઘરની ગોઠણ જીવી પ્રવેશે છે. એને પગે સાંકળાં, કલ્લાં, કાંબી અને હાથે ચૂડીઓ છે. ડિલે રંગબેરંગી ટપકીવાળું ગવન ઓઢેલું છે. તે સહેજ શામળા વર્ણને બરોબર બંધબેસતું આવે છે.

---

**જીવી** : (ડૂસકું સાંભળી જઈ ધીરેથી) : પકડાઈ ગઈ છે આજે તો! (ચંદણી એની ધૂનમાં જ છે, ધોતિયાની કોર હાથમાં રહી ગઈ છે. જીવી બિલાડીની ચાલે ડગલાં ભરતી પાછળથી આવીને એની આંખો બે હાથે દાબી દે છે.)

**ચંદણી** : (ચોંકી ઊઠીને) કોણ છે આ? મૂકી દે કહું છું!

**જીવી** : (આનંદાતી) હં અં અં અં...

**ચંદણી** : (ચિડાઈને) મૂકી દે, નહિ તો...! કોણ મોંઘી? (જીવીના હાથ છોડાવવા મથતી) અરે!

**જીવી** : (કૃત્રિમ અવાજે) નહિ તો?

**ચંદણી** : (હારીને જીવીના હાથ પર ચૂટીં ખણતી) મૂકે છે કે નહિ?

**જીવી** : (ચીડવતી) : હં અં અં અં...

**ચંદણી** : (જીવીને માથે હાથ ફેરવે છે, બોર પકડીને) : ઓત્તારીની જીવલી! અંબોડે મારું જ ગૂંથેલું બોર!

(જીવી આંખો પરથી હાથ લઈ લે છે.)

(આંખો લૂછતી) બળ્યું! વેળા કવેળા ભાળ્યા વિના...?

જીવી : (એકદમ ડાહી બની જઈને) આ મારા હાથ શેણે ભીના થયા? (ચંદણીની આંખો સામું જોઈ) આમ છે તો વાઘણ જેવી, ને રોતી શું હશે?

ચંદણી : (બાજુ જોઈ) કોણ રુએ છે? આ ધોતિયા પર હાથ લાગ્યો હશે.

જીવી : જુઠ્ઠી! હું આવી ત્યારે રોતું'તું કોણ? તું કે બીજી?

ચંદણી : (એનું મોઢું પડતું જાય છે.) તું મને પજવવા આવી છે?

જીવી : (ખિજાયાનો ડોળ કરતી) અમારા મનમાં તો એમ કે 'ઓહો, આપણાં ચંદણી બુન!' ત્યારે આ તો અમને ગણકારતાંય નથી.

ચંદણી : (સહેજ સાવધાન થઈ, ડારતી) જીવી!

જીવી : તે છણકા કરે છે તે પૂછ્યાનો સામો ઉત્તર આપને!

ચંદણી : (આડું જોતી) તને અહીં કોણે તેડું મોકલ્યું'તું અત્યારે?

જીવી : (ખભે હાથ મૂકી) હીંડ, કાંઈ નહિ! પછી કહેજે... વાલીને વોળાવવાનો વખત થયો છે, ને અહીં કેમ બેસી રહી છે? ડૂસકું સાંભળીને મેં તો જાણ્યું કે વાલી ને તું બે છેલ્લી વારનું રોઈ લેતાં હશો. પણ આ તો તું એકલી નીકળી!

ચંદણી : હોવે! કેમ ત્યારે આ વેળાએ વાલી અહીં આવે, ને તે વળી મારા જેવી પાસે આંખો ભીની કરવા! ગામને ગોંદરે રોવું એ તો ઢોંગ કરવાના.

જીવી : તે તું એની પાસે ના જાય, તો બિચારી એ જ અહીં આવે ને? હીંડ, દોડ, જાન ઊપડવાની તૈયારીમાં છે.

ચંદણી : (વીલેં મોઢે) અંહં!

જીવી : બેઠાવાર પછી અહીં તમને મળવા વાલી બેસી રહેવાની નથી હો!

ચંદણી : તું જા ને! તું તો તારે સાસરે હતી, ને અમે તો ઘણીયે વાર મળ્યાં છીએ ને રોયાં છીએ.

જીવી : કેમ, કાંઈ કોઈએ આડુંઅવળું કહ્યું છે કે શું? કાલે તો વાલી કહેતી'તી કે ઓણ સાલ આપણી પાંચે બેનપણીઓને વોળાવતાં ચંદણી કાંઈ રોઈ છે!

ચંદણી : (ઊંચું જોઈ) ને એ ઓછું રોતી'તી કે વળી?

જીવી : (ટોળ કરતી) બંને જણાં શીખતાં હશો ત્યારે તો?

ચંદણી : (ડૂસકું કરતી) એને તો શીખેલું આજ પાર પડશે?

જીવી : (વરતી જઈને) ને તારે શાં વરસો વીતી જવાનાં છે!

ચંદણી : (રોવા જેવી) હોવે! તને આવડી અમથીને બે વરસ પહેલાં વોળાવી, ઓણ જમની, લલી, રૂપાળી, બધાંને વોળાવ્યાં ને આંખમાં હતું એટલું પાણી ઢોળી નાંખ્યું. આજે વાલીને વોળાવવાની! ... મારે તો હજી, બુન, પોર સુધીમાં પાછું કોક વાર રોવું પડે તો!

(એનાથી રોઈ પડાય છે.)

જીવી : (ગળે હાથ વીંટી) ચંદણી! ડાહી થઈને આ શું? અમને બધાંને તો પાંદડે પાણી પાય છે, ને આજ આમ ઢીલી શું થઈ ગઈ?

ચંદણી : (નીચું જોઈને) હોવે! તુંય આણાં આવ્યે હીંડી જઈશ. પછી અહીં ચંદણીબાઈ મેવડો[૧] થઈને નાચશે આખા ગામમાં!

જીવી : (દિલાસો દેતી) તે આ લગનગાળામાં જ તારુંય ક્યાંક નક્કી નહિ થઈ જાય, એ કોણે કહ્યું?

ચંદણી : (આંખો લૂછી) મારા કાકા છે ત્યાં લગી તો વાત મૂકો ને! મારા સાટામાં ઈંયાંને ઘૂંઘટાવાળી લાવવી છે.

જીવી : દીકરીના નિસાકા[૨] લે છે, તે આયખામાંય...

ચંદણી : (હસવા કરતી) અલી જીવી! મારી કાકી ક્યાંક જનમી હશે કે નહિ? મને લાગે છે કે મારો કાકો અને હું બેય અવલકુંવારાં મરવાનાં છીએ!

જીવી : જા, જા, ગાંડી! એવાં કાકાફાકાને ગણકારે છે ખાસડારાત! ઈયાના દકાંન[૩] તો જુઓ પાછા!

ચંદણી : પણ ઈંયાંના જ પરતાપે...! ને મારી બા તો મૂઈ કહે છે કે પૈસાવાળું ઘર હોય તો જ દીકરી આલું. ને, હેં! દે'જમાં દાગીના કેટલા માગે છે તે?

જીવી : સતીકાકીનો શભાવ જ વિચિતર છે. પણ નારણકાકો તો આખી દુનિયાને પોકે એવા છે.

ચંદણી : એ તો હમણાંના, જુવે જ છે ને, પટલાઈમાં પડ્યા છે તે ઊંચા ઘર વના વાત જ નાં કરે. ઊલટા બે પૈસા ઘસારો ખમવા તૈયાર.

જીવી : પણ આમ ત્રણ જણની જુદીજુદી ઢોલકી વાગે ત્યાં મેળ શેના ખાય? મૂઓ આપણી નાતનો ઢાળો[૪]!

ચંદણી : મારાં ફોઈ જીવ્યાં હોત તો બધાંયને સીધાં દોર કરી દેત. દુરગાફોઈની કસ્તૂરી પંદર વરસની થઈ ના થઈ, ને ત્યાં તો...

જીવી : એ તો આ વાલીનેય માવતર સારાં ન મળ્યાં હોત તો તારી જ વલે ઈંનીય થાત. મારી સાસરીમાંય એક છોડીને...

ચંદણી : (વીલે મોઢે) પણ વાલીનું તો અમારા કરતાં કુળ પણ ઊંચું ને? અને તેય કેટલે વાને વર મળ્યો છે? વાલીબાઈને પહેરાવ્યું હોય તો નમીને બેવડ થઈ જાય, એટલું રૂપું કહે છે કે આપ્યું!

જીવી : મૂઆં લોકો પણ ભાતભાતનાં છે ને! પેલી ડાયલી વાણિયણે સામા રૂપિયા લઈને દીકરી પરણાવી, ને પેલા રવલા મેરઈની ચાર છોડીઓ તો સૂપડામાં પરણેલી! આપણાં જ ગાંડાં દીકરીના નિસાકા લે છે!

ચંદણી : (ગળગળી થઈને) મારાથીય નાની નાની ગોઠણો જતી રહી. લગનોમાં મા'લવું તે મરવા જેવું લાગ્યું છે અને ઓણ તો! ને પાણિયારીને કૂવે ઓછાં મેણાં સાંભળ્યાં છે? તોબા બાપજી!

જીવી : એ તો ભગવાન પૂછશે સૌને!

૧. ભવાઈમાં સ્ત્રીપાત્રનો પાઠ ભજવનાર પુરુષ, સ્ત્રીના પોશાકમાં; ૨. નિસાસા; ૩. દિદાર, સિકલ; ૪. રિવાજ, રૂઢિ; ૫. એટલી બધી નાની કે સૂપડામાં સુવાડીને પરણાવેલી.

**ચંદણી** : તને ખોટું ના લાગે તો - આ તારી ભાભી જ મને ના કહેવાનું કેટલીય વાર સંભળાવી ગઈ છે. પણ મારી બાના કાનના ઢાક ઊઘડતા નથી.

**જીવી** : (આંગણા તરફ જોતી) જો કોક આવે! (આંખ ઝીણી કરી) તારી બા જ છે ને?

**ચંદણી** : (જીવીને ટપલી લગાવી) જો! સગી માને ન કહેવાય એ તને કહેવાયું. (હોશિયાર થઈ જતી) બા કરતાં બેનપણી મોટી!

(હાથમાં ટોપલી લઈને સંતોકબાઈ પ્રવેશે છે.)

**સંતોકબાઈ** : કેમ હજી ધોતિયું પંપાળે છે ને? આવડી છોડી તો ફૂદાની[૬] પેઠમ ફરે તો! મારે આટલી વેઠ શેની હોય? દયાળિયા સારુ ધાણી શેકી રાખી છે કે નહિ? ને બેડાંમાં તો છાંટોય પાણી નહિ હોય! અહીં તો ચાલશે, પણ ઘેર કેમ હીંડશે?

**જીવી** : કાકી, જાન નીકળવાની કેટલી વાર છે?

**સંતોકબાઈ** : ચંદણીનો જાનમાં જીવ છે તો! પેલી લલીના લગનમાં સાદ બેસાડી દીધો, તે બાઈ, ગાણાંય કાંઈ ઈંની રીતમાં ગવાતાં હશે ને?

**જીવી** : પણ જરી ઊભાંઊભાં વાલીને મળી આવીએ. જાણો છો ને વાલી વના તો અમે પાણીય ના પીતાં.

**સંતોકબાઈ** : તે કાંઈ ચંદણી હવે નાની કીકલી છે, બાઈ? એમ પારકા ગામની જાનોમાં ભટકવાની ટેવ પડે એ આપણને ના શોભે બા!

(ચંદણી આખો વખત ચૂપ રહે છે.)

**જીવી** : આમ શું બોલતાં હશો, સંતીકાકી? વાલી તો માની જણી બુન જેવી છે. ઈંના લગનમાંય ના જઈએ ત્યારે શું કરીએ? (ચંદણીને) જા જા, ચંદણી, કપડાં પહેરી લે.

(ચંદણી ખસતી નથી. સંતોકબાઈ ઘરમાં જવા કરે છે.)

**સંતોકબાઈ** : (જતાંજતાં જાણે પોતાને જ પૂછતાં હોય એમ) આ છોડી પારકે ઘેર કેમ કરીને જીવશે? અહીં છે ત્યાં લગી તો પહેર્યાં ને લહેર્યાં કરે છે, પણ કોઈ ભિખારીને પાને પડી તો...

(પછી અંદર અદશ્ય થાય છે.)

**ચંદણી** : (ધીમેથી) આ 'પારકા ઘર'ની વાત ચાર વરસથી એકધારી સંભળાવે છે, ને 'ભિખારી' તો ડગલે ને પગલે આબ્બાનો જ!

**જીવી** : પણ હવે પછી બધું, વાલી આપણને દેખ્યા વના ઊંચીનીચી થતી હશે.

**ચંદણી** : અહીંથી નીકળવા ઊંચીનીચી થતી હશે, એમ કહે!

**સંતોકબાઈ** : (બહાર આવીને) કેમ ખોટકાઈ ગઈઓ? જાઓ જાઓ, દોડો! પણ વહેલી આવજો...(લગભગ પોતાને) હુંયે ત્યારે એટલામાં વીરચંદ વાણિયાને ત્યાં ઊભીઊભી જઈ આવું.

**જીવી** : કેમ, ચંદણીના લગનની તેવડમાં કાંઈ?

(જીવી ને ચંદણીની આંખો મળે છે.)

**સંતોકબાઈ** : ના રે, બાઈ! લગનગાળો હવે પૂરો થવાય આવ્યો. તારો ડૂબ્યા આડા પંધરસોળ દા'ડા છે.

**જીવી** : ત્યારે શા કાજે હીંડ્યાં?

**સંતોકબાઈ** : એ તો ઈંનો બાપો દોઢડાહ્યા ને? સારાં જોઈને ગોળઘી વાણિયાને ત્યાં એક કોરે કાઢી રખાવેલાં, પણ મોઈનું કરમ જ કોડિયા જેવ્‌ડું, તે રાણી ગામના પેલા રાજુભાઈ કારભારીના દીકરા સાથે બધુંય ગોઠવાઈ ગયેલા જેવું હતું, પણ આજે ઓચિંતાનો સંદેશો આવ્યો છે કે ઈંનાં તો આ પાંચમના લગન છે, બોપાલીના નાનજીની દીકરી વેરે.

**જીવી** : તો કાંઇ ઈંના વેચાણ... ઓછાં છે? એ નહિ તો ઈંનો ભાઈ બીજો!

**સંતોકબાઈ** : હોવે સ્તો! કુંવારીના સો વર! પણ ઘરમાં બે હાંડલાં જોઈને દીકરી નાખવી ને? (ઊંચું જોઈ) અલી ચંદણી! (બંને બેનપણીઓ ચોંકી ઊઠે છે.) કમાડ બરોબર વાસીને જજે હોં?

(જાય છે.)

**ચંદણી** : મારી બાયે બિચારી શું કરે?

**જીવી** : કેમ શું કરે! આ બીજાઓની માઓ શું કરે છે?

('કોણ શું કરે છે?' કરતીકને નવોઢા વાલી કન્યાના વેશમાં પ્રવેશે છે.)

**ચંદણી-જીવી** : (સાથે) ઓહ્‌હો!

**વાલી** : તમે જ શું કરો છો એ કહો ને! હું તો વાટ જોઈજોઈને અરધી થઈ ગઈ.

**ચંદણી** : સાસરીના ગામની કે અમારી?

**વાલી** : (હસતી) તારી તો બોલી જ બસ! મારો કંઈ વાંકગુનો? કેમ અલોપ થઈ ગયાં છેલ્લી ઘડીએ?

**ચંદણી** : અમે આબ્બા જ કરતાં'તાં.

**વાલી** : વાહ રે તારું આવવું! મામાટલું પુરાવા માંડ્યું, ને મારાથી ના ટકાંણું. મેં'કું ચાર-પાંચ વીસો પાપડને એવું ગણતામાં તો તમને પાતાળમાંથીય પકડી પાડીશ. દોટ મૂકીને પાછલે બારણેથી આવી છું. ઝટ પાછાં જઈએ. હીંડ.

**ચંદણી** : હવે તું જ આવી છે ને...!

**વાલી** : જો પાછી, તારા લગનમાં નહિ આવું પછી, હો! વળી કહીશ કે કીધું નો'તું.

**ચંદણી** : પોરની વાત તો પોર છે. થઈ પડશે.

**વાલી** : (ચોંકીને) હેં?

**જીવી** : તારે બદલે ઈંને પરણવા દેવું'તું ને વાલી!

**વાલી** : મારા હાથમાં છે ને બધું જાણે?

**ચંદણી** : (હસવા કરતી) ને હાથમાં હોય તો જાણે બધું છોડી દેવા તૈયાર પાછી! તારા કિસન, બાઈ, સો વરસનાં થજો!...પણ અલી! તેં અણવર પારખ્યો?

**વાલી** : કેશુભાઈ?

**ચંદણી** : વર મૂકો ને અણવર વધાવો જાણે!...મારે તો નાની બુન હોત તો કેશુભાઈને...

**વાલી** : (ટોળમાં) હવે તારી જ વાત કરને!

**જીવી** : (ચોખ્ખું કરતી) આપણે તો નાનામોટાનોય બળ્યો વાંધો તો!

**ચંદણી** : (આડું જોઈ) જવા દેને વાત!

(ગળગળી થઈ જાય છે.)

**જીવી** : અલી વાલી! આપણને બધાંને પાણી ચડાવનાર ચંદણી લગીર બોલબોલમાં આંખે પાણી ભરે છે!

**વાલી** : ચંદણીબુન! ક્યારે મળશું પાછાં?

(બંને ભેટે છે. બંને રડે છે.)

**જીવી** : પાછો તમે વેશ માંડશો!

**વાલી** : (છૂટાં પડી, આંખો લૂછી) છાની રહે બુન! મને ખાતરી છે કે આપણે એક જ ગામમાં આયખું કાઢવાનાં છીએ.

**ચંદણી** : (ન માનતી. કટાક્ષમાં) હા! (રોતી અટકતી નથી.)

**વાલી** : (ચંદણીને ખભે હાથ મૂકી) જાણે તું જ સાસરે જવાની હોય ઈમ રુએ છે, મારા સારુ તો કાંક રહેવા દે!

**ચંદણી** : (સ્વસ્થ થતી) તારા પાછળ જીવીય આણાકોલી[૭] હીંડી જાય એટલે મારે રોવાનુંય દોહ્યલું થવાનું છે.

(વાલી ને જીવી બંને ભેટે છે. વાલીને હાથે બંને બચી* ભરે છે. વાલી જવા કરે છે.)

**વાલી** : હીંડો, મોડું થશે વળી.

(એક ચાલાક, દેખાવડો ગોરો છોકરો - કેશુભાઈ - પ્રવેશ કરે છે. પહેરણ પર તેણે જાકીટ પહેર્યું છે. માથે ફૂલગુલાબી સાફો બાંધેલો છે. ઉતાવળો-ઉતાવળો નજીક આવતાં વાલીને જોઈને -)

**કેશુ** : ભાભી છે કે અહીં? (બધાં સ્વસ્થ થઈ જાય છે. એમને જોઈ, લગભગ સ્વગત)

અરે! આ તો આખુંય રાધામંડળ અહીં છે ને!

**ચંદણી** : વાલી, તને એવો ચોકીદાર મળ્યો છે, બસ!

**વાલી** : આટલી વારમાં હું ક્યાં ખોવાઈ જવાની હતી?

**કેશુ** : વળી સીતાની પેઠે તમારું પણ કોઈ હરણ કરી જાય તો?

**જીવી** : (ચંદણીને) કેવું રૂપાળું બોલે છે?

**કેશુ** : (લહેરમાં ગાય છે.) 'સાહેલી, આંબો મ્હોર્યો!'

---

[૭] આણું આવ્યે *સાબરકાંઠામાં કેટલેક ઠેકાણે એવો રિવાજ છે.

| | | |
|---|---|---|
| **જીવી** | : | (ચંદણી તરફ જોઈને) કોને કે'છે આ? |
| **ચંદણી** | : | એ તો અમારાં ગાંણાંના ઠઠણિયા[૮] પાડે છે. |
| **કેશુ** | : | ને, હં...ચંદાબેન, તમે ક્યાં ખોવાઈ ગ્યાં'તાં? તમારી તો વાટ જોઈજોઈને થાક્યો. ભાભીને વાંકે ન આવ્યાં કે મારે? સાચું બોલજો, હો! |
| **જીવી** | : | હવે અહીં ન્યા' કરવા રહેશો એટલામાં ત્યાં જાન નીકળવાની થશે. ને કન્યા ને અરધો વર તો અહીં છે! |
| **વાલી** | : | હીંડો જઈશું ને? ચંદણી, જીવી, હીંડો! |
| **કેશુ** | : | (સહજ) શી ઉતાવળ છે? (વાલી અને જીવી ખમચાય છે. વાલીને) જાઓ જાઓ, ભાભી, તમે તમારે! મારે જરી ચંદનબેન જોડે કામ છે. તમારી પાછળ પાછળ જ આવ્યો સમજો. |
| **જીવી** | : | જા જા, વાલી, બધાં ગોતાગોત કરી મૂકશે વળી. |
| **વાલી** | : | (જતી જતી) ચંદણી, જીવી, બુન! આવો છો ને? |
| **જીવી** | : | હા હા. દોડ! |
| | | (વાલી જાય છે. ચંદણી એક ખાટલો ઢાળે છે. પાથરણું લેવા અંદર જવા કરે છે, પણ કેશુ રોકે છે. કેશુ ખાટલા પર બેસે છે.અને ચંદણી અને જીવી ભીંતને અઢેલી ઊભાં રહે છે.) |
| **ચંદણી** | : | ભલું તમે ગામમાંથી ઘર ગોતી કાઢ્યું! |
| **કેશુ** | : | તમે ન બતાવો એટલે અછતું ઓછું રહેવાનું હતું? |
| | | (અવાજ આવે છે 'ઓ જીવી! ઓ  આ ભાણિયો રુએ છે. દોડ!') |
| **જીવી** | : | કેશુભાઈ, આવું છું હો! |
| | | (જાય છે.) |
| **ચંદણી** | : | (એકલી પડતાં કંઈક ક્ષોભ પામતી કેશુ ભણી તાકી રહે છે. એની શૂન્ય નજરમાં કશું વરતાતું નથી. થોડીક વાર પછી) કેમ થીજી ગ્યા? કૂદંકૂદા કરતા ફરો છો ને? |
| **કેશુ** | : | ના ન પાડો તો એક વાત કહું. |
| **ચંદણી** | : | તમારી વાતો સાંભળવી છે તે વળી ના પાડવા રહીશ? ચાર દનના ચાંદરણામાં હા-ના શેની વળી?-પણ ભિયા! તમારે ત્યાં મારા ભાઈને, દયાળિયાને લઈ જજો ને બરોબર તમારા જેવો ઈંને ભણાવીને પોપટ બનાવજો હો! મારી આટલી વાત વચમાં-બોલો, શું કહેતા'તા? |
| **કેશુ** | : | પણ કોઈને કહેવાનું નહિ હો. આપણે મનોમન સાક્ષી! |
| **ચંદણી** | : | (કંઈ ન સમજાતાં) પણ શું છે એ તો કહો! |
| **કેશુ** | : | તમે ના કહેશો તો? |
| **ચંદણી** | : | એવું કડવું સંભારણું નહિ રાખું. |

૮. ચાળા

**કેશુ** : જોજો હો! (જાકીટના અંદરના ખીસામાંથી સાવ સોનાનો પૂતળીઓનો હાર કાઢી ચંદણી આગળ ધરે છે. અણધાર્યું જ કંઈ જોઈને તે આભી બની જાય છે.) લ્યો, આ ત્રણ દિવસના બેનપણાનું (બાજુ જોઈ) કે ગમે-તે-પણાનું સંભારણું.

**ચંદણી** : (કશું ન માનતી) હેં! !

**કેશુ** : (ચંદણીની અકળામણ જોઈ હસતો) ઝટ લઈને મૂકી ઘો. કોઈ જોશે તો નકામું અદેખાઈ કરશે.

**ચંદણી** : (સંકોચાતી) પણ કોનો?

**કેશુ** : કોઈનો ચોરીનો આણ્યો નથી, હો! ચંદનબેન, તમે મને ત્રણ દિવસમાં શાનાં ઓળખી શકો? છાનાંમાનાં ડાહ્યાં થઈને લઈ લ્યો!

(રૂમાલમાં વીંટી ફેંકે છે. ચંદણીથી સહજ ઝીલી લેવાય છે. હારવાળો હાથ પીઠ પાછળ રાખીને ઊભી રહે છે.)

**ચંદણી** : (કેશુ ઊઠવા કરે છે તેને) એક વાત...!

**કેશુ** : (ટપ બેસી જઈ ને) લ્યો ભઈ, સો વાત! એક શા માટે?

**ચંદણી** : (સંકોચથી) મારી બા પૂછશે તો ઈંને...!

**કેશુ** : પણ કહ્યું ને કોઈનું ખાતર પાડીને લાવ્યો નથી.

**ચંદણી** : (મૂઝંવણથી) : તો પછી...?

**કેશુ** : તોબા ભાઈ, તમારી જાતથી તો! ભગવાન બચાવે! સાંભળો ત્યારે - જાન આવતી'તી ને જ્યાં વાઘલપર વટાવ્યું ને 'લીલુડા વાંસની વાંસળી રે ઊભી વાટે વાગતી જાય' તે વાગતી બંધ પડી અને રસ્તે નદીની આ બાજુ ઝાડીમાં લૂટાંરા સવળ્યા. અમારી સંગાથે કામઠીવાળા ચોકિયાત હતા, એમણે એમને દોટ મૂકીને ભગાડ્યા. હું પણ ભેગોભેગો મારું કામઠું લઈને દોડ્યો...

**ચંદણી** : (વચ્ચે) તે તમે રાખો છો? કામઠું બતાવ્યું તો નહિ!

**કેશુ** : ચોકિયાત કને છે...પછી પેલા બેઠેલા ત્યાં હું તો જઈ ચડ્યો ને ઘાસમાં આ હાર દેખ્યો. મૂક્યો ચૂપચાપ ગજવામાં. કહો તો એ ચોરલોકોને પાછો આપવા જાઉં!

**ચંદણી** : ના, તમારે ઘેર લઈ જાઓ ને?

**કેશુ** : મારા બાપા તો ખાઈ પરવાર્યા છે. પચાસ વરસ લગી પૈસા જ ભેગા કર્યા છે ને?

(ત્યાં જીવી આવે છે. કેશુ ખંચકાય એ પહેલાં તો -)

**ચંદણી** : કેશુભાઈ, આ જીવી તો મને જીવથીયે વા'લી છે. મારામાં ને ઈંનામાં મુદ્દલે ભેદભાવ નથી. એનો કંઈ વાંધો નથી હો!

**કેશુ** : ના ના, વાંધો શાનો?

(જીવી સમજવા મથતી આસપાસ નજર કરે છે.)

**ચંદણી** : અલી જીવી! આ જાન આવતાં વાટમાં બોકાહો બોલેલો ને? તે ઈંમાં ચોરોની

પાછળ પડતાં કેશુભાઈને પૂતળીઓનો હાર જડ્યો છે. કહે છે, તમે રાખો! આપણાથી કેમ લેવાય?

જીવી : (સાંભળી જ રહે છે) વિચિતર માણસ છે!

ચંદણી : (કેશુને) તમે જ રાખો ને!

કેશુ : કેમ મારે ગળે શોભે ખરો ને? કંદોરો હોત તો હું રાખી લેત કદાચ!

ચંદણી : તમારી બાને આલજો... બુનને!

કેશુ : (નરમ અવાજે) મારી બા... તમને દુઃખ શા માટે કહેવું! (ગળગળો થઈ જાય છે.) ને બેન હોત તો જાનમાં તમે દેખત નહિ? (સ્વચ્છ થતો, ચંદણી બીજું કંઈ પૂછે તે પહેલાં) હું તો મારે ભણું છું ત્યાં જ રહું છું. અઠવાડિયા પહેલાં આવ્યો. ધરાઈને કોઈને મળ્યો હોઉં તો તે તમને જ!

જીવી : ચંદણી, ઈંયાંને વધારે દલગીર કર મા!

કેશુ : (ઊઠવા કરતો) ઠીક ત્યારે. ચંદનબેન, રામરામ! જીવીબેન! રામરામ! અત્યારે જાન વોળાવા તો આવશો ને? મળશું વળી મેંદોલી આવશો કોક વાર તો!

ચંદણી : (હસવા કરતી) ના રે, ભઈ! તમારા કૂવાનું પાણી કાઢતાં બાવડાં રહી જાય! (કેશુ ઊઠીને ચાલવા કરે છે. ત્યાં 'એ આ તમારો હાર. મને નાં ખપે ભા!' કરતી ચંદણી તેને કેશુ તરફ ફેંકે છે. પણ તે તો પાછું જોયા વિના ચાલ્યો જાય છે. જીવી હારવાળો રૂમાલ લઈ લે છે.)

જીવી : ચંદણી, તને જો ને ચંદનબેન, કહે છે!

ચંદણી : ને આપણા માણહ ઢોર જેવાં. કેશવલાલ નામ હોય તો કેશો કહીને બોલાવે ને રૂપાળું પરશોતમ નામ હોય તો પશલો કહીને ઊભાં રહે!

જીવી : તારે ને ઇંને ઠીક દોસ્તી...!

ચંદણી : ના ના, વાલીને ત્યાં બેત્રણ વાર જ વાતચીત પણ કરી હશે. પણ...

જીવી : (વચ્ચે) આવા ફૂલફૂલિયા કુંવારા, ને તારો કાકો કહે મને પરણાવો.

ચંદણી : (પાછી ઢીલી પડી જઈ) આ હાર મારે શું કરવો છે? તું લે, તને શોભશે.

(ત્યાં, નીચે શેરીમાં થઈને જતી જાનમાં વરપક્ષ તરફનાં ગીત સંભળાય છેઃ

એક આલી તે તમે રીતની આલી
બીજી આલો તો વડાઈઓ રે
મારા નવલા વેવાઈઓ! )

જીવી : બીજી આલીએ?

(ખોખરા સાદનું બીજું ગીત સંભળાય છેઃ

ભૂખે માર્યાં, ભૂંઈ સુવાડ્યાં,
ખરે બપોરે કાઢ્યાં રે.)

**ચંદણી** : હીંડ, જશું ને? હું લૂગડાં પહેરી લઉં.

(અંદર જાય છે.)

(ગીત સંભળાય છેઃ

મેં તો ચઈતરના તડકા વેઠ્યા હો લાડણી

તારા ઘૂંઘટડાને કાજ રે!)

**જીવી** : (મોટેથી) કેટલી વાર, 'લી ચંદણી!

**ચંદણી** : (અંદરથી) એ...આવી!

(કન્યાપક્ષનું ગીત સંભળાય છેઃ

આજ દાદાજીના દેશમાં,

કાલે ઊડી જાશું પરદેશ જો!)

(વચ્ચે ડૂસકાંનો અસ્પષ્ટ અવાજ.

અમે રે દાદા ઊડણ ચરકલડી.)

**જીવી** : ચંદણી, દોડ, દોડ, પછી ક્યારે જશું?

(ચંદણી નવાં કપડાં પહેરીને બહાર આવે છે. ત્યાં એના પિતા નારાયણ પ્રવેશે છે. એમના હોંસભર્યા પગમાં જોમ છે. અંદર આવવા જાય છે, ત્યાં ચંદણી સામે મળે છે.)

**નારાયણ** : સો વરસની થજે, ભા! (જીવીને) વાલીને વોળા'વા જાઓ છો બેયે? ઊભાં રો'! કાંકરી ગોળ ચાખતાં જાઓ!

(બંને આશ્ચર્યમાં ઊભાં રહે છે. નારાયણ અંદર જતા હોય છે તેમને)

**જીવી** : શેનો કાકા? (ચંદણીને) જરા ઉતાવળી ના થતી હોય તો?

**નારાયણ** : (બહાર આવી બંન્નેને ગોળ આપતાં) આપણી આ જાનમાં પેલા વિઠ્ઠલ આયા છે ને? ઈંમનો વિવા' આપણી ચંદણી સંગાથે નક્કી કર્યો. પછી જાન ઊપડી.

**જીવી** : કયા વિઠ્...?

**નારાયણ** : કેમ કયા...? અણવરને ઓળખે છે તું? ઈંનો બાપ. ઈંયાંનું બૈરું બેત્રણ વરસથી મરી ગયું છે. લગન કરવાના જ નો'તા. પણ કોણ જાણે કોઈકે મને કહ્યું ને મેં કેવાય મૂરતમાં પૂછ્યું તે બોલ સમો પડ્યો.

**જીવી** : ઉમ્મર?

**નારાયણ** : હશે. ત્રીસબત્રી' વરસની! બીજવર પણ ઊંચા ઘરનો ક્યાં મળવો હતો?

**જીવી** : એ તો કહેનારે કહ્યું છે ને કે, 'બીજવરની પરણી મહાસુખ પામશે?'... સંતીકાકીને પૂછ્યું જ હશે તો?

**નારાયણ** : ના. એનો ક્યાં પત્તો છે?

(ત્યાં સંતોકબાઈ પ્રવેશે છે.)

**સંતોકબાઈ** : હજી તો બેયે અહીં પટલાઈ ડફણો છો ને? પેલી પોકી તાં પાધર!

**જીવી** : કાકી, કાકી ચંદણીનો વિવા' થ્યો!

**સંતોકબાઈ** : હેં?... ગાંડી! આ તારો કાકો ઊભા છે એ તો ભાળ જરી!

**નારાયણ** : સાચું કહે છે. મેંદોલીના વિઠ્ઠલ ઠાકર સંગાથે. આવતી પૂનમનાં લગન.

**સંતોકબાઈ** : તમારા ભઈની સલ્લા વના કે...

**નારાયણ** : ઈંના હાથે ચાંલ્લો જ કર્યો.

**સંતોકબાઈ** : (ન માનતી) જાઓ, જાઓ!

**નારાયણ** : બધાંની વચમાં, પારકા ગામની જાનની વચમાં ઈંનાથી કાંઈ બોલાયું નહિ, ને મેં જરી કહ્યું કે - ભગવાનની કિરપા તે - લગરીકે અવળું નો બોલ્યો.

**સંતોકબાઈ** : હું તો ત્યારે, તમે આવશો એટલે તમને કહીશ ઈંમ ગણીને વાણિયાને કહી આવી કે આપણાં રખાવેલાં ઘી ગોળ વેચી દે!

**નારાયણ** : વાહ રે! વાહ તારું ડા'પણ! જા. જા. પાછી કહીં આવ કે રાખે. (ભારપૂર્વક) ઊંચા ઘરની જાન છે!

**સંતોકબાઈ** : (વધારે ભારપૂર્વક લગભગ પોતાને) પૈસેટકે તો ભર્યું ભર્યું ઘર છે!

**નારાયણ** : પણ...

**સંતોકબાઈ** : શું?

(છોકરીઓ સંકોચાતી સંકોચાતી બધો વખત સાંભળતી ઊભી છે.)

**નારાયણ** : રૂપિયા અઢીસો કલદાર ચાંલ્લાના કબૂલ્યા છે!

(બધાં ચોંકી ઊઠે છે.)

**સંતોકબાઈ** : (ઊછળીને)લખ બેટા દલ્લી! તમારે તે કંઈ છે! ઘર પર નળિયાં છે અઢીસો?

**નારાયણ** : દેવા થશે! નહિ મળે તો પોર સુધમાં ગમે તેમ કરીને મેળવી લેશું, પણ એટલી રકમ મળી જાય તો ઓણ દીકરીને અચૂક પરણાવી દેવી છે. (હસતાં હસતાં) એનાં કુંવારકા ગ્રહ ઉતારવા છે!

**સંતોકબાઈ** : છેવટે તમે તમારાવાળી કરી!

(જીવી ચૂપચાપ નારાયણકાકાના ખોળામાં હારવાળો રૂમાલ નાખે છે. કોઈ કાંઈ પૂછે તે પહેલાં નાસવા કરે છે. પણ -)

**નારાયણ** : ભાગો છો ક્યાં? ઊભાં રો'! તમારું જાય જડાબીટ! આ કેનો હાર ઉપાડી લાવ્યાં?

**જીવી** : (ખમચાઈને) કોઈનો નથી. એક જણે આલ્યો છે!

(સંતોકબાઈના મોઢા પર હરખભરી શાંતિ પથરાતી જાય છે.)

**ચંદણી** : (પહેલી જ વાર મોં ખોલી) તું બધું કહેવા રહીશ તો વાલી તો પોકશે અરધે રસ્તે!

| | | |
|---|---|---|
| **નારાયણ** | : | ના. પણ મને કહો, આ...? |
| **જીવી** | : | કાકા, ભરોસો રાખો! અમે તે કાંઈ ચોરલૂંટારું ઓછાં છીએ? ચંદણીનો જ છે! જેનો છે ઈંને એ નકામો હતો, ને છેવટે તો ઈંને ત્યાં જ જવાનો છે. ઠીક એ તો આવીને વાત... |
| **સંતોકબાઈ** | : | હું વાણિયાને કહી આવું ત્યારે? |
| | | (સંતોકબાઈ જાય છે. વિચારમાં પડેલાં નારાયણ ઘરની અંદર જવા કરે છે.) |
| **જીવી** | : | (જવા કરતાં - ચંદણીનો હાથ પકડીને) : અલી ચંદણી, કેશુ તે તારો..., કે ભાઈ કે દીકરો? |
| **ચંદણી** | : | (ઉડાવતી) એ તો અમથો અણવર જ... |
| **જીવી** | : | (ઉતાવળી) હીંડ, પગ ઉપાડ, ચંદણી! વા...લી... |
| **ચંદણી** | : | દોડ દોડ! કે...શુ... |
| | | (બંને અદશ્ય થતાં હોય છે ત્યાં) |
| **જીવી** | : | તું તો રે બેની ઊડણ ચરકલડી... |
| | | (બંને અદશ્ય થાય છે.) |

( પડદો પડે છે.)

## 10.4 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

ભૂમિકાઃ અભ્યાસની સરળતા ખાતર પ્રસ્તુત રચનાને આપણે ત્રણ ખંડમાં વહેંચીશુંઃ કેશુના પ્રવેશ સુધીનો પહેલો ખંડ, નારાયણના પ્રવેશ સુધીનો બીજો ખંડ અને રચનાના અન્ત સુધીનો ત્રીજો ખંડ.

**ખંડ : 1**

વળગણી પર ધોતિયું સૂકવતી ચંદણી ગમગીનીમાં ડૂબેલી છે. એવામાં જીવી સમાચાર લઈને આવે છે કે, ચંદણીની સખી વાલીને લગન પછી વળાવવામાં આવી રહી છે. જીવી ચંદણીને વિદાયવેળાના આ પ્રસંગે ઉપસ્થિત રહેવા વીનવે છે, પરંતુ ચંદણી જવા માટે ઉત્સુકતા દર્શાવતી નથી. અમથી, જમની, લલી, રૂપાળી અને વાલીને વળાવીને એકલી પડી ગયેલી ચંદણી હવે અંદરથી પોતાના ભાવિ અંગે ચિંતિત છે. એ જણાવે છે કે, એના માર્ગમાં એના કાકાનો અવરોધ છે. એને તો લાગી આવે છે કે, ''મારાથીય નાની નાની ગોઠણો જતી રહી. લગનોમાં મા' લવું તે મરવા જેવું લાગ્યું છે અને ઓણ તો!'' સંતોકબાઈ આવતાં બન્ને વાલીને વળાવવા જવા નીકળે છે, ત્યાં તો વાલી જ સામેથી આવી ચઢે છે. ત્રણેયની વાતમાંથી કેશુનો અને કેશુ પ્રત્યેની ચંદણીની ખેંચનો સંકેત નીકળે છે. વાલી સખીઓને ભેટીને છૂટા પડવાની તૈયારી કરે છે એવામાં કેશુનો પ્રવેશ થાય છે.

<u>**તમારી પ્રગતિ ચકાસો (ક):**</u>

પ્રથમ ખંડ વાંચીને નીચેના પ્રશ્નોના ઉત્તર આપોઃ

1. ચંદણીની ઉદાસીનું મૂળ કારણ કયું છે?
2. ચંદણીનું લગ્ન વિલંબમાં શા માટે પડી રહ્યું છે?
3. ચંદણી લગ્નોત્સુકા છે એ શેને આધારે જાણી શકાય છે?

**ખંડ : 2**

આવી ચડેલો કેશુ ગીતો ગાય છે. જવા માંગતી ચંદણીને રોકે છે. વાલી તો જતી રહે છે પણ ચંદણી-જીવી રોકાઈને કેશુ સાથે વાતો કરે છે. જીવી પણ બન્નેને એકાંત આપીને જતી રહે છે. કેશુ પોતાના ખીસામાંથી સોનાનો હાર કાઢીને ચંદણીને આપે છે. આ હાર એને જાનમાં આવતાં લૂંટારાઓ સાથેની ઝપાઝપી દરમિયાન ઘાસમાંથી મળ્યો છે. ચંદણી પ્રત્યેનું એનું આકર્ષણ આ હારપ્રદાનકાર્યમાંથી થાય છે. કેશુ જતો રહે છે. જીવી-ચંદણી કન્યાવિદાયનાં ગીતો સાંભળતાં વાલીને વળાવવા દોડે છે. એવામાં નારાયણનો પ્રવેશ થાય છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ખ):</u>**

બીજો ખંડ વાંચી નીચેના પ્રશ્નોના ઉત્તર આપોઃ

1. કેશુ ચંદણીને કઈ ભેટ આપે છે? એ ભેટ એણે કઈ રીતે મેળવી છે?
2. ચંદણી એ ભેટ સ્વીકારવાની આનાકાની શા માટે અને કઈ રીતે કરે છે?
3. ‘અમે રે દાદા ઊડણ ચરકલડી’ પંક્તિનો મર્મ સમજાવો.

**ખંડ : 3**

નારાયણ આવતાંની સાથે કેશુના પિતા વિઠ્ઠલ સાથે ચંદણીના થયેલા વિવાહની જાહેરાત કરે છે. કૃતિની આ પરાકાષ્ઠા છે. જીવી પણ માને છે કે, ‘બીજવરની પરણી મહાસુખ પામશે.’ નારાયણ-સંતોક ચંદણીના વિવાહ અંગે વાતો કરે છે ત્યા જીવી નારાયણના ખોળામાં રૂમાલમાં બાંધેલા હારને નાખીને જતી રહે છે. જતાં જતાં બોલતી જાય છે કે, “જેનો છે ઈંને એ નકામો હતો, ને છેવટે તો ઈંને ત્યાં જ જવાનો છે.” વળી ચંદણીને પૂછે પણ છે કે, “અલી ચંદણી, કેશુ તે તારો... કે ભાઈ, કે દીકરો...?” ત્યારે ચંદણી એને ટાળતાં ઉત્તર આપે છે કે, ‘એ તો અમથો અણવર જ.’ ચંદણીના, હળવાશથી બોલાયેલા, આ શબ્દોમાં ભારોભાર કરુણતા ભરેલી છે. રચનાને અંતે જીવી દ્વારા બોલાતી ‘તું તો રે બેની ઊડણ ચરકલડી’ ઉક્તિમાં પણ એવી જ કરુણતા નિહિત છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ગ):</u>**

ત્રીજો ખંડ વાંચીને, એના સઘન અભ્યાસ બાદ નીચેના પ્રશ્નોના ઉત્તરો આપોઃ

1. નારાયણ સંતોકબાઈને કયા સમાચાર આપે છે?
2. નારાયણ પાસેના સમાચાર સાંભળ્યા પછી જીવી કઈ પ્રતિક્રિયા પ્રગટ કરે છે?

## 10.5 વસ્તુલક્ષી કસોટી

**<u>તમારી પ્રગતિ ચકાસો (ઘ):</u>**

નીચેના બનાવોને યોગ્ય ક્રમમાં ગોઠવોઃ

1. જીવી અને ચંદણી વાલીને વળાવવા જાય છે.
2. કેશુભાઈ ચંદણીને મળવા આવે છે.
3. નારાયણ ચંદણીનો વિવાહ નક્કી કરે છે.
4. ચંદણી વળગણી ઉપર ધોતિયું સૂકવે છે.
5. કેશુભાઈ ચંદણીને હાર આપે છે.

6. સંતોકબાઈ વીરચંદ વાણિયાને ઘરે જાય છે.

7. વાલી ચંદણીને મળવા આવે છે.

8. જીવી નારાયણના ખોળામાં હાર નાખે છે.

## 10.6 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

નીચેના શબ્દોને ધ્યાનથી જુઓઃ

રંગબેરંગી, વેળાકવેળા, આડુંઅવળું, કાકાફાકા, ભાતભાતનાં.

આ શબ્દોમાં આવતાં બે પદોમાંથી એકાદનો ઘણી વાર કશો અર્થ નથી હોતો, તો ઘણી વાર પરસ્પર વિરોધી અર્થોવાળાં પદો પણ સાથે બેસે છે. વાક્છટા દ્વારા જુદીજુદી અર્થચ્છાયા નિષ્પન્ન કરવા યોજાતાં આવાં જોડિયાં પદોને દ્વિરુક્તિ તરીકે ઓળખવામાં આવે છે. ગુજરાતી ભાષાની આ એક આગવી લાક્ષણિકતા છે. ક્યારેક એમાં 'ભાતભાત'માં છે એમ એનું એ જ પદ બેવડાય છે, તો ક્યારેક પ્રાસાત્મક રીતે 'કાકાફાકા'માં છે એમ આદ્ય વ્યંજન બદલાય છે. 'રંગબેરંગી', 'વેળાકવેળા' અને 'આડુંઅવળું'માં પરસ્પર વિરુદ્ધાર્થી પદો સાથે જોડાયાં છે.

<u>**તમારી પ્રગતિ ચકાસો (ચ):**</u>

આ એકમમાંથી આવા પાંચ અન્ય શબ્દો શોધો.

<u>**તમારી પ્રગતિ ચકાસો (છ):**</u>

નીચેનાં વાક્યોને માન્ય ગુજરાતીમાં લખોઃ

1. સંતીકાકીનો શભાવ જ વિચિતર છે. પણ નારણકાકો તો આખી દુનિયાને પોકે એવા છે.

2. અમે આબ્બા જ કરતાં'તાં.

3. પારકા ગામની જાનની વચમાં ઈનાથી કોઈ બોલાયું નહિ ને મેં જરી કહ્યું કે - 'ભગવાનની કિરપા તે - લગરીકે અવળું નો બોલ્યો.'

## 10.7 પુનરવલોકન

<u>**તમારી પ્રગતિ ચકાસો (જ):**</u>

સમગ્ર એકમના સઘન અધ્યયન પછી નીચેના પ્રશ્નોના ઉત્તરો તૈયાર કરોઃ

1. કૃતિની નાયિકા ચંદણીની લગ્નોત્સુક મનઃસ્થિતિને લેખકે કઈ રીતે પ્રગટ કરી છે?

2. ગુજરાતી ગ્રામજીવનમાં તત્કાલીન સામાજિક રિવાજો કયા પ્રકારના હતા એનું નિદર્શન કૃતિમાંથી કઈ રીતે પ્રાપ્ત થાય છે એ જણાવો.

3. 'ઊડણ ચરકલડી' શીર્ષકની યથાર્થતા સ્પષ્ટ કરો.

## 10.8 લેખન-પ્રવૃત્તિ

'આપણા કુરિવાજો' વિશે ત્રીસેક વાક્યોમાં નિબંધ લખો.

## 10.9 વિશેષ અધ્યયન

### 10.9.1 કર્તા-પરિચય

આ એકાંકીના સર્જક ઉમાશંકર જોશી ગુજરાતી સાહિત્યના કવિ, એકાંકીકાર, પદ્યનાટકકાર,

વાર્તાકાર, નિબંધકાર અને સમીક્ષક તરીકે ઊંચું સ્થાન ધરાવે છે. ગુજરાત યુનિવર્સિટીના ભૂતપૂર્વ કુલપતિ તરીકે કે રાજ્યસભાના સભ્ય તરીકે રહીને એમણે એમની વહીવટી સૂઝનાં પણ દર્શન કરાવ્યાં છે. 'વિશ્વશાંતિ', 'ગંગોત્રી', 'નિશીથ', 'અભિજ્ઞા', 'સપ્તપદી' આદિ એમના નોંધપાત્ર કાવ્યસંગ્રહો છે. 'નિશીથ' માટે તો એમને (અડધું) જ્ઞાનપીઠ પારિતોષિક પણ પ્રાપ્ત થયું છે. 'પ્રાચીના' અને 'મહાપ્રસ્થાન'માં એમનાં પદ્યનાટકો ગ્રન્થસ્થ થયાં છે. 'શ્રાવણી મેળો' અને 'ત્રણ અડધું બે' એમના વાર્તાસંગ્રહો છે. 'ગોષ્ઠિ'માં અંગત અને 'હૃદયમાં પડેલી છબિઓ'માં ચરિત્ર-નિબંધો છે. 'શૈલી અને સ્વરૂપ', 'સમ સંવેદન', 'અખો એક અધ્યયન' આદિ એમના નોંધપાત્ર સમીક્ષાગ્રંથો છે. 'સાપના ભારા' અને 'હવેલી' એમના એકાંકીસંગ્રહો છે.

### 10.9.2 સ્વરૂપ-પરિચય

પ્રસ્તુત કૃતિ એકાંકી છે. એક પૂર્ણ એકમમાં નાટ્યતત્ત્વને ચરિતાર્થ કરે છે. એકાંકીમાં પણ સંઘર્ષક્ષણ કેન્દ્રસ્થાને હોય છે. એ પરાકાષ્ઠાએ પહોંચે પછી એના અવરોહ તરફ વળતી હોય છે. નાટકની જેમ એકાંકીમાં પણ અભિનેયતા અનિવાર્ય છે. ભાષા ચરિત્રધર્મી જ હોવી જોઈએ. સંવાદોથી એનું પોત બંધાય છે. સ્થળ અને સમયનું ઐક્ય હોય તો એકાંકી વિશેષ સફળ થાય છે.

### 10.9.3 વિશેષ વાચન

ઉમાશંકર જાશીનાં જ 'સાપના ભારા' અને 'બારણે ટકોરા' ઉપરાંત ચુનીલાલ મડિયાનું 'વાની મારી કોયલ', જયંતિ દલાલનું 'માની દીકરી' અને કૃષ્ણલાલ શ્રીધરાણીનું 'પિયો ગોરી' એકાંકી વાંચવાથી સ્ત્રીજીવનનું કારુણ્ય સર્જકનજરે કેવી રીતે ઝિલાય છે એ સમજી શકાશે.

---

**● ટિપ્પણ**

---

**વળગણી** - (સં.) કપડાં સૂકવવા માટેની દોરી, તાર, વાંસની લાકડી; **ભીનો વાન** - (રૂ.) શ્યામ, કાળી; **ગોઠણ** - (વિ.) સહેલી; **ડિલે** - (સં.) શરીરે; **કોર** - (સં.) છેડો; **ગોંદરું** - (સં.) ગામનો છેડાનો ભાગ; **ઓણ** - (ક્રિ) આ વર્ષે; **પોર** - (ક્રિ.વિ.) આવતે વર્ષે; **હીંડશે** - (ક્રિ.) ચાલશે; **ફૂદાની** - (સં.) પતંગિયાની; **પેઠમ** - (ઉપવાચક) જેમ (પેઠે); **સળુ** - (નામયોગી) માટે; **વના** - વિના; **તેવડ** - (સં.) સગવડ; **અણવર** - (અનુવર) વરની સાથે રહેતો યુવક (સં.); **રાધામંડળ** - (સં.) યુવતીઓની ટોળી; **મુદ્દલે** - (ક્રિ.વિ.) જરા પણ; **આલીએ** - (આ.) આપીએ; **સમો** - (ક્રિ.વિ) સરખો; **કલદાર** - (સં.) સિક્કા; **જડાબીટ** - (સં.) મૂળ.

# વિભાગ-5 નિબંધ

**એકમ ૧૧**

## સત્ય અને અહિંસા

- ગાંધીજી

રૂપરેખા


11.1 ઉદ્દેશો

11.2 પ્રસ્તાવના

11.3 કૃતિ (નિબંધ)

11.4 કૃતિનો સારાંશ

11.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

ખંડ : 1

ખંડ : 2

11.6 વસ્તુલક્ષી કસોટી

11.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

11.8 પુનરવલોકન

11.9 લેખન-પ્રવૃત્તિ

11.10 વિશેષ અધ્યયન

11.10.1 કર્તા-પરિચય

10.10.2 સ્વરૂપ-પરિચય

11.10.3 વિશેષ વાચન

• ટિપ્પણ


### 11.1 ઉદ્દેશો

આ પાઠના અભ્યાસ દ્વારા તમે -

- સત્ય અને અહિંસાના સ્વરૂપનો મૂળગામી પરિચય કરશો.
- સત્ય એ જ પરમેશ્વર છે લેખકની આ પ્રતીતિને તાત્ત્વિક રીતે સમજશો.
- ઈશ્વરનું સચ્ચિદાનંદ-સ્વરૂપ સમજશો.
- સત્યને પામવાના ઉપાયો જાણશો.
- સત્ય અને અહિંસાનો સંબંધ સમજી શકશો.
- વિષયના મૂળ સુધી જઈ એની તત્ત્વગામી વિચારણા તર્કબદ્ધ રીતે કેવી રીતે કરી શકાય તે તથા વૈચારિક અભિવ્યક્તિની શિસ્ત તમારા લખાણમાં કેળવી શકશો.

### 11.2 પ્રસ્તાવના

ગાંધીજીનો આ નિબંધ 'મંગલ પ્રભાત'માંથી લેવામાં આવ્યો છે. 'મંગલ પ્રભાત'માં એમણે આશ્રમવાસીઓ માટેનાં વ્રતો પર યરવડા જેલમાંથી ભાષ્ય કરેલાં એનો સંચય છે. દર

મંગળવારની પ્રાર્થના માટે અને મંગલ ભાવના માટે લખાયેલાં આ લખાણોમાં આધ્યાત્મિક અને નૈતિક જીવનનાં સૂત્રોનું નિરૂપણ છે. પ્રસ્તુત નિબંધમાં સત્ય અને અહિંસા વિશે વાતો કહી છે. સામાન્ય રીતે 'સત્ય' એટલે 'સત્ય બોલવું' એટલું જ આપણે સમજીએ છીએ, પણ લેખક અહીં સત્યને વ્યાપક અર્થમાં સમજાવે છે. સત્ય એ જ ઈશ્વર કેવી રીતે છે તે સમજાવી તેને પામવાનો અહિંસાનો માર્ગ દર્શાવે છે. અભ્યાસ અને વૈરાગ્યથી સત્યને કેવી રીતે પામી શકાય તે આલેખે છે. સત્ય અને અહિંસા જેવા ગહન અને અમૂર્ત વિષયને તેઓ સરળતાથી સમજાવે છે. આમ, જેલમાં રહીને પણ આશ્રમવાસીઓનું નૈતિક, વૈચારિક ઘડતર ગાંધીજી કર્યા કરતા.

## 11.3 કૃતિ (નિબંધ)

### સત્ય અને અહિંસા

**- ગાંધીજી**

### 1. સત્ય

'સત્ય' શબ્દ 'સત'માંથી છે. 'સત્' એટલું હોવું. સત્ય તે હોવાપણું. સત્ય સિવાય બીજી કોઈ વસ્તુને હસ્તી જ નથી. પરમેશ્વરનું ખરું નામ જ 'સત્' અને 'સત્ય' છે. તેથી પરમેશ્વર 'સત્ય' છે, એમ કહેવા કરતાં 'સત્ય' એ જ પરમેશ્વર છે એમ કહેવું વધારે યોગ્ય છે. આપણું રાજ કર્તા વિના, સરદાર વિના ચાલતું નથી. તેથી પરમેશ્વર નામ વધારે પ્રચલિત છે અને રહેવાનું. પણ વિચાર કરતાં તો 'સત્' કે 'સત્ય' એ જ ખરું નામ છે ને એ જ પૂર્ણ અર્થ સૂચવનારું છે.

અને જ્યાં સત્ય છે ત્યાં જ્ઞાન - શુદ્ધ જ્ઞાન - છે જ. જ્યાં સત્ય નથી ત્યાં શુદ્ધ જ્ઞાન ન જ સંભવે. તેથી ઈશ્વર નામની સાથે 'ચિત્' એટલે જ્ઞાન શબ્દ યોજાયો છે. અને જ્યાં સત્યજ્ઞાન છે ત્યાં આનંદ જ હોય, શોક હોય જ નહિ. અને સત્ય શાશ્વત છે તેથી આનંદ પણ શાશ્વત હોય. આથી જ ઈશ્વરને આપણે સચ્ચિદાનંદ નામે પણ ઓળખીએ છીએ.

આ સત્યની આરાધનાને ખાતર જ આપણી હસ્તી. તેને જ કારણે આપણી પ્રત્યેક પ્રવૃત્તિ. એને જ કારણે આપણે પ્રત્યેક શ્વાસોચ્છ્વાસ લઈએ. આમ કરતાં શીખીએ તો આપણને બીજા બધા નિયમો સહેજે હાથ આવે, ને તેમનું પાલન પણ સહેલું થઈ પડે. સત્ય વિના કોઈ પણ નિયમનું શુદ્ધ પાલન અશક્ય છે.

સામાન્ય રીતે સત્ય એટલે સત્ય બોલવું એટલું જ આપણે સમજીએ છીએ. પણ આપણે વિશાળ અર્થમાં સત્ય શબ્દ યોજ્યો છે. વિચારમાં, વાણીમાં ને આચારમાં સત્ય એ જ સત્ય. આ સત્ય સંપૂર્ણપણે સમજનારને જગતમાં બીજું કંઈ જાણવાપણું નથી રહેતું. કેમ કે જ્ઞાનમાત્ર તેમાં સમાયેલું છે એમ આપણે ઉપર જોયું. તેમાં જે ન સમાય તે સત્ય નથી, જ્ઞાન નથી, પછી તેમાં ખરો આનંદ તો હોય જ ક્યાંથી? આ કસોટી વાપરતાં શીખી જઈએ તો આપણને તુરત ખબર પડે કે કઈ પ્રવૃત્તિ કરવા યોગ્ય છે, કઈ ત્યાજ્ય છે, શું નથી, શું વાંચવા યોગ્ય છે, શું નથી.

પણ સત્ય જે પારસમણિરૂપ છે, જે કામધેનુરૂપ છે તે કેમ જડે? તેનો જવાબ ભગવાને આપ્યો છેઃ અભ્યાસ અને વૈરાગ્યથી. સત્યની જ ધાલાવેલી તે અભ્યાસ, તે વિના બીજી બધી વસ્તુ વિશે આત્યંતિક ઉદાસીનતા તે વૈરાગ્ય. આમ છતાં એકનું સત્ય તે બીજાનું અસત્ય એમ આપણે જોયા કરીશું. તેથી ગભરાવાનું કશું કારણ નથી. જ્યાં શુદ્ધ પ્રયત્ન છે ત્યાં નોખાં જણાતાં બધાં સત્ય તે એક જ ઝાડનાં અસંખ્ય નોખાં જણાતાં પાંદડાં સમાન છે. પરમેશ્વર પણ ક્યાં પ્રત્યેક મનુષ્યને નોખો નથી જણાતો? છતાં તે એક જ છે એમ આપણે જાણીએ છીએ. પણ સત્ય નામ જ પરમેશ્વરનું છે. તેથી જેને જે સત્ય ભાસે તે પ્રમાણે તે વર્તે તેમાં દોષ નથી, એટલું

જ નહીં પણ તે જ કર્તવ્ય છે. પછી તેમ કરવામાં ભૂલ હશે તોપણ તે સુધરી જવાની છે જ. કેમ કે સત્યની શોધની પાછળ તપશ્ચર્યા હોય, એટલે પોતે દુઃખ સહન કરવાનું હોય, તેની પાછળ મરવાનું હોય. એટલે તેમાં સ્વાર્થની તો ગંધ સરખીયે ન હોય. આવી નિઃસ્વાર્થ શોધ કરતાં આજ લગી કોઈ; આડે માર્ગે છેવટ લગી ગયું નથી. આડે જાય કે ઠેસ વાગી જ છે; એટલે વળી તે સીધે માર્ગે ચડી જાય છે. તેથી સત્યની આરાધના એ ભક્તિ છે, ને ભક્તિ તે 'શીશ તણું સાટું' છે. અથવા તે હરિનો મારગ હોઈ તેમાં કાયરતાને સ્થાન નથી, તેમાં હાર જેવું કંઈ છે જ નહીં. એ મરીને 'જીવવાનો મંત્ર' છે.

પણ હવે આપણે લગભગ અહિંસાને કાંઠે આવી પહોંચ્યા. એનો વિચાર આવતે અઠવાડિયે કરીશું.

આ પ્રસંગે હરિશ્ચંદ્ર, પ્રહ્‌લાદ, રામચંદ્ર, ઈમામ હસન હુસેન, ખ્રિસ્તી સંતો વગેરેનાં દૃષ્ટાંતો વિચારી જવા જોઈએ. આ રટણ બીજા અઠવાડિયા લગી સહુ, બાળકમોટાં, સ્ત્રીપુરુષ, ચાલતાં, બેસતાં, ખાતાં, પીતાં, રમતાં બધું કરતાં કર્યા જ કરે ને તે કરતાં કરતાં નિર્દોષ નિદ્રા લેતાં થઈ જાય તો કેવું સારું!

એ સત્યરૂપ પરમેશ્વર મારે સારુ રત્નચિંતામણિ નીવડેલ છે, આપણ બધાંને સારુ નીવડો.

**2. અહિંસા**

સત્યનો, અહિંસાનો માર્ગ જેટલો સીધો છે એટલો જ સાંકડો છે; ખાંડાની ધારે ચાલવા જેવો છે. બજાણિયા જે દોરી ઉપર એક નજર કરી ચાલી શકે છે તેના કરતાં પણ સત્ય, અહિંસાની દોરી પાતળી છે. જરા અસાવધાની આવી કે હેઠે પડીએ. પ્રતિક્ષણ સાધના કરવાથી જ તેનાં દર્શન થાય.

પણ સત્યનાં સંપૂર્ણ દર્શન તો આ દેહે અસંભવિત છે. તેની કલ્પના જ માત્ર કરી શકાય. ક્ષણિક દેહ વાટે શાશ્વત ધર્મનો સાક્ષાત્કાર સંભવતો નથી. તેથી છેવટે શ્રદ્ધાનો ઉપયોગ કરવાનો તો રહે જ છે.

તેથી જ અહિંસા જિજ્ઞાસુને જડી. મારા માર્ગમાં જે મુસીબતો આવે તેને હું સહન કરું, કે તેને અંગે જે નાશો કરવા પડે તે કરતો જાઉં ને મારો માર્ગ કાપું? આ પ્રશ્ન જિજ્ઞાસુ પાસે ખડો થયો. એ નાશ કરતો ચાલે તો તે માર્ગ કાપતો નથી પણ હતો ત્યાં જ રહે છે, એમ તેણે જોયું. જો સંકટો સહન કરે છે તો તે આગળ વધે છે. પહેલે જ નાશે તેણે જોયું કે જે સત્યને તે શોધે છે તે બહાર નથી પણ અંતરમાં છે. એટલે જેમજેમ નાશ કરતો જાય તેમતેમ તે પાછળ પડતો જાય, સત્ય વેગળું જાય.

આપણી ઉપર ચોર ઉપદ્રવ કરે છે તેમાંથી બચવા સારુ તેમને દંડ્યા. તે ક્ષણે તે ભાગ્યા તો ખરા, પણ બીજી જગ્યાએ જઈને ધાડ પાડી. પણ બીજી જગ્યા પણ આપણી જ છે, એટલે આપણે તો અંધારી ગલીમાં આથડ્યા. ચોરનો ઉપદ્રવ વધતો ગયો, કેમ કે તેમણે તો ચોરીને કર્તવ્ય માન્યું છે. આપણે જોયું કે આના કરતાં સારું એ છે કે ચોરનો ઉપદ્રવ સહન કરવો, તેમ કરતાં ચોરને સમજ આવશે. આટલું સહન કરવામાંથી આપણે જોયું કે ચોર કંઈ આપણાથી જુદા નથી. આપણને તો બધા સગા છે, મિત્ર છે. તેમને દંડવા હોય નહિ. પણ ઉપદ્રવ સહન કર્યે જઈએ તેથી બસ નથી. તેમાંથી તો કાયરતા પેદા થાય છે. એટલે આપણે બીજો વિશેષ ધર્મ જોયો. ચોર આપણા ભાઈભાંડુ હોય તો તેમનામાં તે ભાવના પેદા કરવી જોઈએ. એટલે આપણે તેઓને અપનાવવાને સારુ ઉપાયો શોધવા પૂરતી તસ્દી લેવી રહી. આ અહિંસાનો માર્ગ. આમાં ઉત્તરોત્તર દુઃખ વહોરવાની જ વાત આવે છે, અખૂટ ધીરજ શીખવાની વાત આવે

છે. અને જો તે હોય તો અંતે ચોર શાહુકાર બને છે, આપણને સત્યનું વધારે સ્પષ્ટ દર્શન થાય છે. આમ કરતાં આપણે જગતને મિત્ર બનાવતાં શીખીએ છીએ, ઈશ્વરનો, સત્યનો મહિમા વધારે જણાય છે, સંકટ વેઠતાં છતાં શાંતિસુખ વધે છે, આપણામાં સાહસ, હિંમત વધે છે, આપણે શાશ્વત અશાશ્વતનો ભેદ વધારે સમજીએ છીએ, કર્તવ્ય અકર્તવ્યનો વિવેક આવડે છે, અભિમાન ગળે છે, નમ્રતા વધે છે, પરિગ્રહ સહેજે ઓછો થાય છે, ને દેહની અંદર ભરેલો મેલ નિત્ય ઓછો થતો જાય છે.

આ અહિંસા આજે આપણે જે જાડી વસ્તુ જોઈએ છીએ તે જ નથી. કોઈને ન જ મારવું એ તો છે જ. કુવિચાર માત્ર હિંસા છે. ઉતાવળ હિંસા છે. મિથ્યા ભાષણ હિંસા છે. દ્વેષ હિંસા છે. કોઈનું બૂરું ઇચ્છવું હિંસા છે. જે જગતને જોઈએ તેનો કબજો રાખવો એ પણ હિંસા છે. પણ આપણે ખાઈએ છીએ તે જગતને જોઈએ છે. જ્યાં ઊભા છીએ ત્યાં સેંકડો સૂક્ષ્મ જીવો પડ્યાં છે તે કોચવાય છે; એ જગ્યા તેમની છે. ત્યારે શું આત્મહત્યા કરીએ? તોયે આરો નથી. વિચારમાં દેહનું વળગણમાત્ર છોડીએ તો છેવટે દેહ આપણને છોડશે. આ અમૂર્છિત સ્વરૂપ તે સત્યનારાયણ. એ દર્શન અધીરાઈથી ન જ થાય. દેહ આપણો નથી, તે આપણને મળેલું સંપેતરું છે, એમ સમજી તેનો ઉપયોગ હોય તે કરી આપણો માર્ગ કાપીએ.

મારે લખવું હતું સહેલું, લખાઈ ગયું કઠણ. છતાં જેણે અહિંસાનો જરાયે વિચાર કર્યો હશે તેને સમજવામાં મુશ્કેલી ન આવવી જોઈએ.

આટલું સહુ જાણી લેઃ અહિંસા વિના સત્યની શોધ અસંભવિત છે. અહિંસા અને સત્ય એવાં ઓતપ્રોત છે, જેમ સિક્કાની બે બાજુ અથવા લીસી ચકરડીની બાજુ. તેમાં ઊલટી કઈ ને સૂલટી કઈ? છતાં અહિંસાને સાધન ગણીએ, સત્યને સાધ્ય ગણીએ. સાધન આપણા હાથની વાત છે. તેથી અહિંસા પરમ ધર્મ થઈ. સત્ય પરમેશ્વર થયું. સાધનની ફિકર કર્યા કરીશું તો સાધ્યનાં દર્શન કોઈક દિવસ તો કરશું જ. આટલો નિશ્ચય કર્યો એટલે જગ જીત્યા. આપણા માર્ગમાં ગમે તે સંકટો આવે, બાહ્ય દૃષ્ટિએ જોતાં આપણી ગમે તેટલી હાર થતી જોવામાં આવે, છતાં આપણે વિશ્વાસ ન છોડતાં એક જ મંત્ર જપીએ - સત્ય છે, તે જ છે. તે જ એક પરમેશ્વર. તેનો સાક્ષાત્કાર કરવાનો એક જ માર્ગ, એક જ સાધન તે અહિંસા, તેને કદી નહીં છોડું. જે સત્યરૂપ પરમેશ્વરને નામે આ પ્રતિજ્ઞા કરી છે તેનું પાલન કરવાનું તે બળ આપો.

## 11.4 કૃતિનો સારાંશ

આ નિબંધમાં લેખકે 'સત્ય' શબ્દના વ્યુત્પત્તિગત અર્થ સુધી પહોંચી 'સત્ય એ જ પરમેશ્વર' શા માટે તે સ્થાપી આપ્યું છે. અભ્યાસ અને વૈરાગ્ય દ્વારા સત્યને કેવી રીતે ઓળખી શકાય તે સમજાવી, સત્યની આરાધના એ ભક્તિ કેવી રીતે બને છે તે દર્શાવ્યું છે. 'સત્ય'ના સ્થૂળ અર્થથી એના ભાગવત અર્થ સુધી વિસ્તાર કર્યો છે. આ પછી અહિંસાને વ્યાપક અર્થમાં સમજાવે છે. સત્યની વાત કરતાં અહિંસાની અને અહિંસાની વાત કરતાં સત્યની વાત અનાયાસે આવે છે. કેમ કે સત્ય અને અહિંસા એકબીજા સાથે છૂટાં ન પાડી શકાય એ રીતે જોડાયેલાં છે. સત્ય અને અહિંસાને રસ્તે ચાલવું કેવું કપરું છે તે નિરૂપી અહિંસાનું સ્વરૂપ સમજાવ્યું છે. કુવિચાર, ઉતાવળ, મિથ્યાભાષણ, દ્વેષ વગેરેને પણ તેઓ હિંસા જ ગણે છે. સત્ય સુધી પહોંચવા માટે અહિંસાની ફિકર કરવી જોઈએ એમ કહી, સત્ય એ જ પરમેશ્વર અને એના સાક્ષાત્કારનો એક જ માર્ગ તે અહિંસા - એમ સ્થાપી આપે છે.

## 11.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

'સત્ય અને અહિંસા' નિબંધનો આપણે વિગતે અભ્યાસ કરીએ. લેખકે આ નિબંધને ૧. સત્ય

અને ૨. અહિંસા એમ બે વિભાગમાં વહેંચેલો છે તેને યથાવત્ રાખીને ક્રમશઃ તેનો અભ્યાસ કરીએ.

**ખંડ : 1 સત્ય**

આરંભમાં લેખક 'સત્ય' શબ્દની વ્યુત્પત્તિ તપાસે છે. 'સત્ય' શબ્દ 'સત્'માંથી ઉદ્ભવ્યો છે. 'સત્' એટલે હોવું અને સત્ય તે હોવાપણું. લેખક કહે છે, સત્ય સિવાય બીજી કોઈ વસ્તુનું અસ્તિત્વ જ નથી. પરમેશ્વર છે માટે પરમેશ્વર સત્ય છે. પરંતુ આમ કહેવા કરતાં સત્ય એ જ પરમેશ્વર છે એમ કહેવું યોગ્ય છે કેમ કે એ જ પૂર્ણ રીતે અર્થવાહી છે. કેમ કે જે અસ્તિત્વમાં છે તે જ પરમેશ્વર છે, 'સત્ય' છે જ માટે સત્ય જ પરમેશ્વર. આ પછી તેઓ ઈશ્વરનું સચ્ચિદાનંદ સ્વરૂપ સમજાવે છે. જ્યાં સત્ય છે ત્યાં શુદ્ધ જ્ઞાન છે, અને શુદ્ધ જ્ઞાન હોય ત્યાં આનંદ હોય જ. સત્ એટલે સત્ય, ચિત્ એટલે જ્ઞાન અને આનંદ. આમ ઈશ્વર સચ્ચિદાનંદરૂપ છે. આવા સત્યની આરાધના માટે જ આપણું જીવન હોવું જોઈએ કેમ કે સત્ય વિના જીવનના કોઈ પણ નિયમનું પાલન ન કરી શકાય. લેખકના મતે સાચું બોલવું એ જ સત્ય નહીં, પણ વિચારમાં, વાણીમાં અને આચારમાં સત્ય તે જ સત્ય. સત્યને જાણ્યાથી જગતનું સર્વ જ્ઞાન જાણી શકાય છે. જેમાં સત્ય નથી તે જ્ઞાન નથી અને જ્ઞાન ન હોય ત્યાં આનંદ ક્યાંથી? આ કસોટીથી કયું કાર્ય યોગ્ય છે ને કયું અયોગ્ય છે તે સમજી શકાય છે એમ તેઓ જણાવે છે.

આ સત્યરૂપી પારસમણિ અભ્યાસ અને વૈરાગ્યથી જ હાથ લાગે છે. સત્યની જ તાલાવેલી તે અભ્યાસ અને અન્ય વસ્તુ તરફ ઉદાસીન ભાવ તે વૈરાગ્ય એમ સમજાવી લેખક દરેક વ્યક્તિનાં સત્ય જુદાંજુદાં કેવી રીતે હોઈ શકે તે સ્પષ્ટ કરવા માટે વૃક્ષનું દૃષ્ટાંત આપે છે. એક જ વૃક્ષનાં જુદાંજુદાં પાંદડાં હોય છે તેમ જુદાંજુદાં જણાતાં સત્ય એક જ સત્યનાં જુદાંજુદાં રૂપ છે એમ સમજવું. તેથી જેને જે સત્ય ભાસે તે પ્રમાણે તે વર્તે તો દોષ નથી એમ તેઓ જણાવે છે. સત્યની શોધ નિઃસ્વાર્થ હોઈ ભૂલ હોય તોપણ સુધરી જ જવાની છે. લેખકના મતે તો સત્યની આરાધના એ ભક્તિ જ છે. આ ભક્તિ કરતાં મસ્તક આપવું પડે તો પણ પાછા પડવાનું નથી. તેઓ કહે છે કે સત્યનો માર્ગ હરિનો માર્ગ હોઈ એમાં કાયરતાને સ્થાન જ નથી. એ તો મરીને જીવવાનો મંત્ર છે. આ માટે હરિશ્ચંદ્ર, પ્રહ્લાદ, રામચન્દ્ર, ઈમામ હસન વગેરે મરજીવા અંગેનાં જીવનદૃષ્ટાંતો વિશે વિચારવાનું લેખક કહે છે. લેખક માટે તો સત્યરૂપ ઈશ્વર રત્નચિંતામણિ નીવડેલ છે. સહુ સત્યના માર્ગે જ ચાલે એવું તેઓ ઇચ્છે છે. 'સત્ય' અંગેની વિચારણા લેખક અહીં પૂરી કરે છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ક):</u>**

1. સત્ય એ જ પરમેશ્વર છે એમ ગાંધીજી શા માટે કહે છે?
2. ઈશ્વરને આપણે સચ્ચિદાનંદ નામે શા માટે ઓળખીએ છીએ તે દર્શાવો.
3. વિશાળ અર્થમાં સત્ય એટલે શું તે સમજાવો.
4. સત્યને ક્યાં-ક્યાં સાધનોથી અને કેવી રીતે પામી શકાય?
5. સત્યને વરેલા સંતોનાં દૃષ્ટાંતો આપો.

**ખંડ : 2 અહિંસા**

પ્રથમ ખંડમાં સત્યનું સ્વરૂપ અને એના માર્ગની વાત વિસ્તારથી સમજાવીને લેખક સત્ય અને અહિંસાના માર્ગની કઠિનતા દર્શાવે છે. સત્ય અને અહિંસાનો માર્ગ ખાંડાની ધારે ચાલવા જેવો મુશ્કેલ છે. બજાણિયા જે દોરી ઉપર નજર કરીને ચાલી શકે છે તેના કરતાં પણ સત્ય અને અહિંસાની દોરી પાતળી છે એમ કહી, સત્ય અને અહિંસાના માર્ગે ચાલનારે પ્રતિપળ સાવધ

કે ચોકન્ના રહેવાનું છે એનું સૂચન લેખક કરે છે. કઠિન સાધના દ્વારા જ સત્ય અને અહિંસાનાં દર્શન થાય છે. આમ છતાં સત્યનાં સંપૂર્ણ દર્શન તો આ દેહે અસંભવિત છે. માટે શ્રદ્ધાનો ઉપ યોગ તો કરવો જ પડે છે. સત્યને પામવા જિજ્ઞાસુ અહિંસાને માર્ગે જ આગળ વધે છે એમ કહી લેખક અહિંસાને સત્યપ્રાપ્તિ માટે અનિવાર્ય ગણાવે છે. હિંસાને માર્ગે સત્યપ્રાપ્તિ થતી નથી, બલ્કે તે સત્યથી દૂર થતો જાય છે. આ માટે લેખક ચોરનું દૃષ્ટાંત આપે છે. ચોર તો ચોરીને જ પ ોતાનું કર્તવ્ય માને છે. ચોરને આપણે શિક્ષા કરીએ અથવા સહન કરી લઈએ તો પણ તેને ચોરી કરતાં અટકાવી શકાતો નથી. આમ કરતા આપણને સમજાય છે કે ચોર કંઈ આપણાથી જુદા નથી. પરંતુ તેમનો ઉપદ્રવ સહન કરવો એ તો નરી કાયરતા છે, અને દંડ આપવો એ હિંસા છે. તો કરવું શું? ચોરને અપનાવીને, અખૂટ ધીરજ રાખીને, તેનામાં ભાવના પેદા કરીને, અહિંસાને માર્ગે જ ચોરને શાહુકાર બનાવી શકાય. આમ અહિંસાને માર્ગે સહુને મિત્ર કેવી રીતે બનાવી શકાય તે સરળતાથી સમજાવ્યું છે અને અહિંસાના માર્ગે જ સત્યનું દર્શન થાય છે. સંકટો વેઠતાં જ આપણી શક્તિ વધે છે. આપણે શાશ્વત અને અશાશ્વતનો ભેદ સમજીએ છીએ. અભિમાન દૂર થાય છે અને નમ્રતા આવે છે. આપણા બધા જ દોષો ધીમેધીમે દૂર થતા જાય છે અને આપણે શુદ્ધ થઈએ છીએ.

આ પછી અહિંસાનો વ્યાપક અર્થ લેખક સમજાવે છે. 'અહિંસા એટલે કોઈને મારવું નહીં! એ તો અહિંસાનો સ્થૂળ અર્થ થયો. તેમની દૃષ્ટિએ કુવિચાર, ઉતાવળ, મિથ્યા ભાષણ, દ્વેષ, સત્તાની આકાંક્ષા, કોઈનું બૂરું ઇચ્છવું વગેરે ઘણુંઘણું હિંસાના ક્ષેત્રમાં આવે છે. તેઓ આગળ જણાવે છે કે, આપણા વિચારોમાં દેહનું વળગણ માત્ર છોડવાથી, દેહભાવ છોડવાથી છેવટે દેહ આપણને છોડશે, આ અમૂર્છિત સ્વરૂપ તે જ સત્યનારાયણ. આ માટે પળેપળ જાગ્રત રહેવાનું છે. આ દેહ આપણો નથી પણ કોઈએ આપેલી થાપણ છે એમ સમજી તેનો ઉપયોગ કરવો જોઈએ.

અંતે લેખક અહિંસા વિના સત્યની શોધ અસંભવિત છે એમ જણાવે છે. અહિંસા અને સત્ય એકબીજામાં કેવા ઓતપ્રોત છે તે સમજાવતાં તેઓ કહે છે, જેમ સિક્કાની બે બાજુમાં ઊલટી કઈ અને સૂલટી કઈ તે કહી શકાતું નથી તેમ સત્ય અને અહિંસાનું છે. આમ છતાં તેઓ અહિંસાને સાધન અને સત્યને સાધ્ય તરીકે ઓળખાવે છે. આમ અહિંસા પરમ ધર્મ છે અને સત્ય પરમેશ્વર છે તે સિદ્ધ કરે છે. સત્ય અને અહિંસાનાં સ્વરૂપ અને તેમનો પારસ્પરિક સંબંધ આ નિબંધમાં લેખકે તર્કબદ્ધ રીતે સમજાવ્યો છે. તેઓ કહે છે કે સાધનની ચિંતા કરીશું તો સાધ્ય ક્યારેક મળશે જ. સત્ય જ પરમેશ્વર છે અને તેનો સાક્ષાત્કાર અહિંસાને માર્ગે જ થાય એમ તેઓ દઢતાથી કહે છે. આ માટે અહિંસાને વળગી રહેવા જણાવે છે. પોતે પણ અહિંસાને ન છોડવાની પ્રતિજ્ઞા કરે છે અને આ પ્રતિજ્ઞા પાળવાની શક્તિ માટે ઈશ્વરને પ્રાર્થે છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ખ):</u>**

બીજા ખંડ પરથી વિવરણાત્મક નોંધ તમે વાંચી. એના આધારે નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :

1. લેખક અહિંસાનું સ્વરૂપ કયાં દૃષ્ટાંતો દ્વારા સમજાવે છે?
2. વિશાળ અર્થમાં અહિંસાનું સ્વરૂપ સમજાવો.
3. સત્ય અને અહિંસાનો સંબંધ સ્પષ્ટ કરો.

## 11.6 વસ્તુલક્ષી કસોટી

પાઠમાં રજૂ થયેલા વિચારો પ્રમાણે નીચેનાં વિધાનો સાચાં છે કે ખોટાં તે જણાવો. જે વિધાન સાચું હોય તેને માટે વિધાનને અંતે આપેલ ખાનામાં (✓)ની નિશાની કરો અને જે વિધાન ખોટું હોય તેને માટે (✗)ની નિશાની કરો :

1. પરમેશ્વરનું ખરું નામ જ 'સત્' એટલે 'સત્ય' છે. ☐
2. ઈશ્વરને આપણે સચ્ચિદાનંદ નામે પણ ઓળખીએ છીએ. ☐
3. સત્ય એટલે 'સત્ય બોલવું' એટલું જ. ☐
4. સત્યને સમજવાથી આ જગતને જાણી શકાય નહીં. ☐
5. વૈરાગ્ય એટલે સત્ય સિવાયની વસ્તુઓ માટેની ઉદાસીનતા. ☐
6. સત્યનાં સંપૂર્ણ દર્શન આ દેહે અસંભવિત છે. ☐
7. મુસીબતોનો નાશ કરતા જવાથી સત્યની નજીક જવાય છે. ☐
8. અહિંસામાર્ગે સંકટ વેઠવા છતાં શાંતિસુખ વધે છે. ☐
9. અહિંસા વિના સત્યની શોધ અસંભવિત છે. ☐
10. સત્યનો સાક્ષાત્કાર અહિંસાથી જ થાય એવું નથી. ☐

## 11.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

**(1) <u>નીચેના શબ્દો જુઓ:</u>**

સચ્ચિદાનંદ, શ્વાસોચ્છ્વાસ

ભાષાનો સંક્ષિપ્ત અને સઘન ઉપયોગ કરવા માટે શબ્દોના સમાસ યોજવામાં આવે છે. જેમાં બે કે બેથી વધારે પદને જોડીને એક શબ્દ બનાવાય છે તે સમાસ. જેમ કે 'સચ્ચિદાનંદ'માં સત્, ચિત્ અને આનંદ એમ ત્રણ પદ છે. તો 'શ્વાસોચ્છ્વાસ'માં 'શ્વાસ' અને 'ઉચ્છ્વાસ' એમ બે પદ રહેલાં છે. પહેલાં સમાસમાં ત્રણ બાબતોને અને બીજા સમાસમાં બે બાબતોને અલગ અલગ ગણાવવાને બદલે એક શબ્દમાં સાથે મૂકવામાં આવી છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ઘ):</u>**

ઉપરના સમાસ જેવા બે પદવાળા ત્રણ અને બેથી વધુ પદવાળા ત્રણ સમાસ નોંધો.

**(2) <u>નીચેનો શબ્દ જુઓ:</u>**

કર્તવ્યઅકર્તવ્ય

અહીં કર્તવ્ય શબ્દને 'અ' પૂર્વગ લાગવાથી વિરુદ્ધનો અર્થ આપતો અકર્તવ્ય શબ્દ નિષ્પન્ન થાય છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ચ):</u>**

આ પ્રકારના નીચે આપેલા શબ્દોને 'અ' પૂર્વગ લાગાડી વિરુદ્ધ અર્થ આપતા શબ્દો લખોઃ

શાંતિ, શાશ્વત, હિંસા, મૂર્છિત, સત્ય, શુદ્ધ, યોગ્ય, સંપૂર્ણ, સામાન્ય, સંભવિત, શક્ય, સમાન, સાવધાની, સાધ્ય, ત્યાજ્ય.

**(3)** કેટલાક શબ્દપ્રયોગો શબ્દોના મૂળ અર્થને છોડી વિશેષ અર્થમાં વારંવાર પ્રયોજાતાં ભાષામાં રૂઢ બને છે. આવા પ્રયોગોને રૂઢિપ્રયોગ કહેવાય.

**<u>તમારી પ્રગતિ ચકાસો (છ):</u>**

તમારા પાઠને આધારે નીચેના રૂઢિપ્રયોગોના અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરોઃ

1. હાથ આવવું
2. કાંઠે આવી પહોંચવું
3. ખાંડાની ધારે ચાલવું
4. જગ જીતવું
5. અભિમાન ગળવું

## 11.8 પુનરવલોકન

**<u>તમારી પ્રગતિ ચકાસો (જ):</u>**

સમગ્ર પાઠને આધારે આવરી લેતા નીચેના પ્રશ્નોના જવાબ આપોઃ

1. લેખકની દૃષ્ટિએ સત્યનું સ્વરૂપ સમજાવો.
2. સત્યને પામવા માટે શું શું કરવું જોઈએ?
3. લેખકની દૃષ્ટિએ અહિંસાનું સ્વરૂપ સમજાવો.
4. સત્ય અને અહિંસાનો સંબંધ સ્પષ્ટ કરો.

## 11.9 લેખન-પ્રવૃત્તિ

**<u>તમારી પ્રગતિ ચકાસો (ઝ):</u>**

સત્ય અને અહિંસાના માર્ગે ચાલવા માટે વિદ્યાર્થીએ શું શું કરવું જોઈએ, એના પર એક પરિચ્છેદ લખો.

## 11.10 વિશેષ અધ્યયન

### 11.10.1 કર્તા-પરિચય

આ નિબંધના લેખક મો. ક. ગાંધી (૧૮૬૯-૧૯૪૮) ભારતને સ્વાતંત્ર્ય અપાવનાર તથા લોકોના વૈચારિક વિકાસ માટે પ્રયત્નશીલ રહેનાર, અનેક ક્ષેત્રે મૌલિક વિચાર અર્પી દિશા ચીંધનાર યુગપુરુષ છે. તેઓ 'મહાત્મા ગાંધી' કે 'ગાંધીજી' તરીકે જાણીતા છે. તેઓ આત્મકથાકાર, નિબંધકાર, પત્રલેખક અને અનુવાદક તરીકે ધ્યાન ખેંચે છે. એમનું સાહિત્ય હેતુલક્ષિતા અને લોકહિતની ભાવનાથી પ્રેરિત છે. એમનાં લખાણો મુખ્યત્વે લોકશિક્ષણ અને લોકજાગૃતિ માટેનાં હતાં. સત્ય અને અહિંસા એમના જીવનનાં તેમ જ એમના સાહિત્યનાં ચાલકબળ હતાં. તેમણે 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા', 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ', 'હિંદ સ્વરાજ', 'મંગલ પ્રભાત', 'સત્યાગ્રહનો ઇતિહાસ', 'મારો જેલનો અનુભવ', 'સર્વોદય', 'નીતિ નાશના માર્ગે', 'આરોગ્યની ચાવી', 'ખરી કેળવણી', 'કેળવણીનો કોયડો' વગેરે પુસ્તકો લખ્યાં છે. તેઓ તેમની સરળ અને સાદગીભરી ભાષાને કારણે પ્રજાના હૃદય સુધી પહોંચ્યા છે.

### 11.10.2 સ્વરૂપ- પરિચય

આ નિબંધમાં સત્ય અને અહિંસાની તાત્ત્વિક વિચારણા થઈ છે. તેનું સ્વરૂપ ગંભીર નિબંધનું છે. ગંભીર નિબંધમાં જે તે વિષય કે વિચારની મૂળગામી, ક્રમિક, તાર્કિક, વ્યવસ્થિત રજૂઆત હોય છે. લેખકનું દર્શન-ચિંતન જેટલું સ્પષ્ટ હોય એટલી જ એની રજૂઆત પણ સરળ, વિશદ અને સચોટ. અહીં પણ લેખકે સત્ય અને અહિંસા જેવા ગંભીર વિષયની સરળ અને સ્પષ્ટ રજૂઆત કરી છે. રજૂઆતની તર્કબદ્ધતા પણ જોઈ શકાય છે. સત્ય અને અહિંસાના વ્યાપક સ્વરૂપને કોઈ પણ જાતની ક્લિષ્ટતા વિના સ્પષ્ટ કરી આપ્યું છે. વિચારની સ્પષ્ટતા અને રજૂઆતની શાસ્ત્રીયતા ધ્યાન ખેંચે છે.

### 11.10.3 વિશેષ વાચન

આ સંદર્ભમાં ગાંધીજીની 'આત્મકથા' અને 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ' વાંચવાં જોઈએ.

---

**● ટિપ્પણ**

---

**શાશ્વત** - (વિ.) હંમેશનું, નિયત; **ધાલાવેલી** - (સ્ત્રી.) તાલાવેલી, ઉત્કટ અધીરાઈ; **ઉદાસીનતા** - (સ્ત્રી.) નિરપેક્ષતા, તટસ્થતા, રસ ન ધરાવનારું; **બજાણિયા** - (પું.) નટ, દોરડા પર ચાલનાર; **ક્ષણિક** - (વિ.) ક્ષણ પૂરતું, ક્ષણનું, ક્ષણભંગુર; **ઉપદ્રવ** - (પું.) પજવણી, ઈજા, પીડા, ત્રાસ, ઉપાધિ, સંકટ; **પરિગ્રહ** - (ન.) સ્વીકાર, અંગીકાર, ધન, માલમત્તા વગેરેનો સંગ્રહ.

**એકમ ૧૨**

# પેટ

**- જ્યોતીન્દ્ર દવે**

**રૂપરેખા**

**12.1** ઉદ્દેશો

**12.2** પ્રસ્તાવના

**12.3** કૃતિ (નિબંધ)

**12.4** કૃતિનો સારાંશ

**12.5** કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

ખંડ : 1

ખંડ : 2

ખંડ : 3

**12.6** વસ્તુલક્ષી કસોટી

**12.7** ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

**12.8** પુનરવલોકન

**12.9** લેખન-પ્રવૃત્તિ

**12.10** વિશેષ અધ્યયન

**12.10.1** કર્તા-પરિચય

**12.10.2** સ્વરૂપ-પરિચય

**12.10.3** વિશેષ વાચન

• ટિપ્પણ

## 12.1 ઉદ્દેશો

આ નિબંધના અભ્યાસ દ્વારા તમે -

આ જગત 'પેટ' પર જ નિર્ભર છે, મનુષ્યની સર્વ પ્રવૃત્તિ પેટને માટે જ છે, એ વાસ્તવિકતાને હળવી, વિનોદી શૈલીએ જાણી શકશો.

- જઠરાગ્નિની ઝાળ આ જગતના કોઈ પણ અગ્નિને ઝાંખા પાડી દે એમ છે એટલે કે ભૂખનું દુ:ખ એ અસહ્ય હોય છે એ વાતની પ્રતીતિ આ નિબંધ વાંચતાં કરી શકશો.
- જેનું પેટ ભરેલું છે એનું વિશ્વ અને જેનું પેટ ખાલી છે એનું વિશ્વ - આ બન્નેનો પરિચય કરશો.
- આ નિબંધ દ્વારા હાસ્યરીતિએ લખાતા નિબંધનો પરિચય કરી શકશો. વ્યંગપ્રધાન, વક્રોક્તિયુક્ત વિનોદી ભાષાશૈલી તથા હાસ્ય નિપજાવવાની વિવિધ સામગ્રીનો અભ્યાસ કરી શકશો.
- વર્ણાત્મક ગદ્યનો પરિચય પણ થશે.

• હળવાશથી ગંભીર વિચારની અભિવ્યક્તિ કેવી રીતે થઈ શકે તે જોઈ શકશો.

## 12.2 પ્રસ્તાવના

તમે આગળના એકમમાં ગાંધીજીના 'સત્ય અને અહિંસા'ના નિબંધમાં ગંભીર ચિંતનની તાત્ત્વિક વિચારણાનો પરિચય તર્કબદ્ધ અને સુબદ્ધ રચનારીતિથી મેળવ્યો. હવે આ એકમમાં જ્યોતીન્દ્ર દવેના 'પેટ'. ગંભીર ચિંતનને હાસ્યરીતિએ નિરૂપાયેલું જોશો.

લેખક એક સાપ્તાહિકના તંત્રીને મળવા જાય છે ત્યારે તેમના વિશાળ પેટને જોઈને આશ્ચર્યચકિત થઈ જાય છે. અને એ સંદર્ભમાં મનુષ્યના પેટ વિશે તેમને જે વિચારો આવે છે તે અહીં રજૂ થયા છે. મનુષ્યની સર્વ પ્રવૃત્તિ પેટ માટે જ છે. તેથી પેટ સર્વ કોઈને આ બાબતમાં એક સ્તરે લાવી દે છે. માનવી માત્રમાં રહેલું આ સામ્ય સૂક્ષ્મ વ્યંગ દ્વારા સૂચિત થાય છે. પેટ ભરેલું હોય તો જ નૈતિક ગુણોનો ઉદય થાય છે અને ખાલી પેટવાળો પાપકૃત્યો કરવા જ પ્રેરાય છે. જીવનની આ વાસ્તવિકતાને લેખકે નર્મ-મર્મ-વ્યંગ દ્વારા આસ્વાદ્ય રીતે પ્રગટ કરી આપી છે.

## 12.3 કૃતિ (નિબંધ)

### પેટ

**- જ્યોતિન્દ્ર દવે**

એક સાપ્તાહિકના તંત્રીને હું એમને ઘેર મળવા ગયો હતો. ભોજનાદિકથી પરવારી એઓ આડા પડ્યા હતા - આડા નહીં, પણ ચત્તા. સ્થૂલતાને લીધે આડા પડવું એમને અશક્યવત્ હતું, સૂતાંસૂતાં જ એમણે આવકાર દઈ મને સામે, જમીન પર બેસવા કહ્યું. હું બેઠો ને આશ્ચર્યમુગ્ધ નયને પ્રચંડ વિસ્તારમાં પથરાયેલું એમનું શરીર જોઈ રહ્યો. પણ પેટની વિપુલતા આગળ, સૂર્યકિરણ આગળ દીપની જ્યોતિ પેઠે, એમના શરીરની વિપુલતા ઢંકાઈ જતી રહી. એમના પેટનો ઘેરાવો અને ઉઠાવ એવો અદ્ભુત હતો કે તેના આગળ એમનું મોઢું પણ મારાથી જોઈ શકાતું નહીં! એઓ બોલતા તે પણ જાણે એમનું પેટ બોલતું હોય એમ મને લાગતું. એક ખાડા વિનાનું ભરાવદાર, તસતસતું, ઊપસેલું ને ચારે બાજુએ ગોળાકૃતિમાં વિલસતું ને વિકસતું એવું એમનું પેટ એમના શરીરનું મુખ્ય આકર્ષક અંગ જ ન હતું પણ એકમાત્ર અંગ હતું. પેટ એમના શરીરનો ભાગ નહીં, પણ એમનું શરીર તે એમના પેટનો પેટા ભાગ હોય એમ મને લાગ્યું. શરીરને ખાતર પેટ નથી, પણ પેટને ખાતર શરીર છેઃ એ સૂત્રનો સદેહે અવતાર થયો હોય, એવા એ દેખાતા હતા. હું કંઈક કામસર એમની પાસે ગયો હતો પણ દમયંતી પાસે દૂતકાર્ય કરવા ગયેલો હંસ જેમ રૂપ જોઈ ચકિત થઈ દૂતત્વ ભૂલી ગયો, તેમ હું પણ એમનું પેટ જોઈ ચકિત બની મારું કાર્ય ભૂલી ગયો અને થોડી આડીઅવળી વાતો કરી પેટ અને માનવજીવનમાં તેનું સ્થાન એ વિશે વિચાર કરતો ઘેર આવ્યો.

એ તંત્રીના વિશાળ ઉદર સાથે સરખાવાય એવાં પેટ મેં બહુ જ ઓછાં જોયાં છે. એમના પેટને મુકાબલે મારું પેટ કંઈ વિસાતમાં નથી. ડોંગરેની બાલામૃતની જાહેરખબરમાં ત્રાજવાના એક પલ્લામાં છસાત નિર્બળ છોકરાં ને બીજા પલ્લામાં એક મજબૂત છોકરો બેસાડી, એક જ છોકરાવાળું પલ્લું નમતું દર્શાવ્યું હોય છે, તે રીતે કહું તો, એમનું એકલાનું પેટ એક પલ્લામાં મૂક્યું હોય અને સામેના પલ્લામાં મારા જેવાનાં વીસેક પેટ મૂક્યાં હોય, તોયે એમના એકલાના પેટવાળું પલ્લું વજનમાં ભારે થાય!

અને અનન્ય સાધારણ પેટની વાત બાજુએ રાખું તોયે મારું પેટ સામાન્ય પેટો કરતા પણ પ્રમાણમાં ઘણું નાનું છે. આમ છતાં જ્યારે જ્યારે હું મારા પેટ વિશે વિચાર કરું છું ત્યારે-ત્યારે એને ઉદ્દેશીને સગર્વ કહું છુંઃ

"મારા નાનકડા પેટ! તું બીજાં પેટો પેઠે આગળ ધસી આવી લોકોનું ધ્યાન ખેંચતું નથી. તારું અલ્પત્વ નિહાળી તું શરમાઈને સંકોચાઈ જાય છે. વિપુલ વિસ્તારમાં વૃદ્ધિ પામી મારા સર્વ અવયવોમાં મોખરે આવવાનું માન તેં નથી મેળવ્યું. ભોજન સમયે મને અચાનક આવી ચડેલો જોઈ તારી અલ્પતાને કારણે મારા મિત્રો મને જમવા બેસી જવાનો આગ્રહ કરતાં અચકાતા નથી. મારી અંદર રહેલા જઠરાગ્નિની ક્ષીણતા ભોજનશૂરાના ઉપહાસનું પાત્ર બની છે. પરંતુ આ સર્વ છતાં તારે નિરાશ થવાનું કારણ નથી. મારા જીવનમાં તારું સ્થાન અનન્ય છે. તારે ખાતર મેં જેટલું કર્યું છે, તેટલું બીજા કોઈને ખાતર કર્યું નથી ને કરીશ પણ નહીં. તારે ખાતર મેં ઉજાગરા કર્યા છે, તારે ખાતર મેં આદર્યાં અધૂરાં મૂકી શય્યાનું સેવન કર્યું છે, તારે ખાતર મેં મૂર્ખોની-મહામૂર્ખોની-ખુશામત કરી છે. તેં પ્રસન્ન થઈ મને સુખના ઉચ્ચતમ શિખરે પહોંચાડ્યો છે. તેં ક્રુદ્ધ થઈને મને દુઃખની ગહનતમ ગર્તામાં ધકેલ્યો છે. મહાભારત માટે કહેવાય છે તેમ તારે માટે હું કહી શકું કે 'જે દુનિયામાં છે તે સર્વ આમાં છે, જે આનામાં નથી તે ક્યાંય નથી.' કોઈ સહૃદય વાચકે નહીં જાણ્યો હોય એટલો રસાસ્વાદ તેં માણ્યો છે. કોઈ કબાટમાં નહિ સમાઈ હોય એટલી દવાઓને તેં તારામાં સમાવી છે. 'ફેંકી દેવી પડશે' કરી કેટલીયે ગટરમાં પધરાવવાની ખાદ્ય વસ્તુઓને તારામાં પધરાવવાનો આગ્રહ થતાં તે ગટરોની ગહનતા ને ઊંડાણને ભુલાવી દીધાં છે. આકાશના અગાધ ઊંડાણમાં કેટલાયે પદાર્થો સમાઈ જાય છે તેમ તારા પોલાણમાં પણ શું શું સમાઈ ગયું છે, તેની કલ્પના પણ કરી શકાય એમ નથી.

અગ્નિ, વાયુ, પૃથ્વી, આકાશ ને સલિલ એ પાંચે મહાભૂતોને તેં એકસાથે આશ્રય આપ્યો છે. તારા જઠરાગ્નિની ઝાળ આગળ દાવાનળની પ્રબળતા ઝંખવાઈ જાય છે. તારા વાયુના ગડગડાટ ને ઉત્પાત આગળ વંટોળિયાનાં તોફાન બાળકની રમત જેવાં લાગે છે. પાર્થિવ પદાર્થના તારા મોહને તેના વપરાશથી થયેલા તારા વિકાસને લક્ષમાં લેતાં તારા ગોળા આગળ પૃથ્વીનો ગોળો, ભૂરા કોળા આગળ નારંગીની પેઠે તુચ્છ ભાસે છે. કદીયે ન પૂરી શકાય એવું તારું આકાશ - પોલાણ - જોતાં સૂર્યચન્દ્ર તારકાદિથી ભરાઈ ગયેલું આકાશ, ખુલ્લા મેદાન આગળ ખીચોખીચ ભરાઈ ગયેલી મુંબઈની ચાલી પેઠે દયાપાત્ર દીસે છે. પાણી, દૂધ, કૉફી ને ખાસ કરીને ચાની તેં તારામાં સમાવેલી નદીઓ આગળ ભૂતલ પરની સમસ્ત નદીઓ વિસાત વગરની લાગે છે. તું તો એક ને અદ્વિતિય છે, અજોડ ને અવિભાજ્ય છે.-"

'જેવું પિંડે તેવું બ્રહ્માંડે અથવા વ્યષ્ટિમાં તે જ સમષ્ટિમાં' એ ન્યાયે મારી માફક સકલ માનવકુલમાં - અરે! પ્રાણીજાતમાં - પેટ જ પ્રાધાન્ય ભોગવે છે. પ્રાણીની પ્રત્યેક પ્રવૃત્તિ પોતાના પેટના પરિતોષને અર્થે જ હોય છે.

જમેલાનું જગત ભૂખ્યા આદમીના જગત કરતાં જુદું જ હોય છે. જેનું પેટ પૂર્ણ સંતોષ પામ્યું હોય, તે મનુષ્યમાં દયા, માયા, ન્યાય, પરમાર્થવૃત્તિ, આત્મબલિદાનની ભાવના વગેરે ઊંચા નૈતિક ગુણોનો વિકાસ થાય છે. પહેલું માણસનું પેટ વિશાળ થાય છે, પછી જ એની દૃષ્ટિ વિશાળ થાય છે, પ્રથમ પેટ સંતોષાય છે, પછી જ આત્મા ને હૃદયને સંતોષ થાય છે. પહેલાં પેટનો પોકાર શાંત પડે છે, પછી જ બીજા શિકાર કરવા સૂઝે છે. દુનિયામાં જેટલું પાપ થાય છે તેમાંના મોટા ભાગનું કારણ અતૃપ્ત પેટ જ હોય છે. बुभुक्षित किं न करोति पापम् (ભૂખ્યો માણસ કયું પાપ નથી કરતો?) એમ કહ્યું છે તે યથાર્થ જ છે.

મહાત્મા ગાંધી અને લૉર્ડ અરવિન વચ્ચે સુલેહના કરાર કેમ થયા તેનું કારણ ઘણાને સમજાતું નથી. ઇંગ્લૅન્ડનો કોન્ઝર્વેટિવ પક્ષ અરવિને ઢીલું મૂક્યું એમ માને છે. અહીંના ઉદ્દામમતવાદી મ.ગાંધીજીએ કાચું કાપ્યું એમ ધારે છે. અને આમ શાથી થયું તે કોઈને સમજાતું નથી. પરંતુ આ સુલેહનું સાચું કારણ બહુ જ સાદું છે, એટલું બધું સાદું, કે તે તરત સમજી શકાતું પણ નથી.

મ.ગાંધીજીએ વાઈસરૉયના મહેલમાં પહેલાં મીરાંબહેન પાસે ખાણું મંગાવીને ખાધું એ જ સુલેહનું મુખ્ય કારણ છે. વાઈસરૉય તો ભૂખ્યા નહીં જ હોય. બંને જમ્યા પછી એકબીજાનાં એકબીજા પ્રત્યે કેવળ ઉદારતાવાળા થયા હોય એ સ્વાભાવિક છે અને બન્ને એકબીજાનાં દૃષ્ટિબિંદુ સહેલાઈથી સમજાયા હશે. પહેલી મુલાકાત વખતે જ્યારે મ. ગાંધીજીને મોડું થઈ ગયું હતું  અને એમને જમવાનો સમય વીતી ગયો હતો, ત્યારે સુલેહના સંદેશા પડી ભાંગશે, એમ લગભગ ચોક્કસ લાગતું હતું. છેવટની મુલાકાત વખતે મ. ગાંધીજીએ ડહાપણ વાપરી ત્યાં જ પોતાનું ખાણું મંગાવ્યું અને બધી જ અડચણો ઓગળી ગઈ. આ ઉપરથી પેટનો પ્રભાવ કેવો છે તેનો ખ્યાલ આવશે.

'પેટની વેઠ', 'પેટમાં વાત રાખવી', 'પેટનું પાણી હાલતું નથી', 'મોટો પેટવાળો', 'પેટે પાટા બાંધવા', 'પાપી પેટ' ઇત્યાદિ ભિન્નભિન્ન અર્થમાં વપરાતા શબ્દપ્રયોગો પણ પેટના મહત્ત્વના જ સૂચક છે.

પેટ એ સર્વ મનુષ્યનો લઘુતમ સાધારણ ભાજક છે. એ મોટામાં મોટાને અને નાનામાં નાનાને એક પદવીએ આણે છે. ચોર જ્યારે કોર્ટમાં બચાવ કરતાં કહે છેઃ 'સાહેબ પેટ ખાતર આવું કરવું પડ્યું!' ત્યારે ન્યાયાધીશ ભલે એ કહેતો ન હોય, પણ સમજતો તો હશે જ કે એને પણ પેટ ખાતર જ સજા - ક્વચિત્ પોતાના કરતાં અનેકધા ઉત્તમ એવા મનુષ્યને પણ સજા- કરવી પડે છે. આમ ચોર અને ન્યાયાધીશ, શેઠ અને નોકર, સ્ત્રી અને પુરુષ બધાં વચ્ચે પેટ સામાન્ય છે, અને એ સામાન્ય વસ્તુથી પ્રેરાઈ મનુષ્યો અને પ્રાણીઓ અસામાન્ય કાર્ય કરી રહ્યાં છે.

સંકલ્પ, વિકલ્પ, વિચાર, અનુમાન, તુલના ઇત્યાદિ માનસિક ગુણો, પ્રેમ, ધિક્કાર, સ્નેહ, હર્ષ, શોક ઇત્યાદિ હૃદયના ભાવો અને ખુદ અંતરાત્મા એ સર્વ પેટને આધીન છે. મગજ ન હોય તો ચાલે, હૃદય શુષ્ક થઈ ગયું હોય તો વાંધો નહીં, આત્મા ઊંઘતો જ રહે તોયે કંઈ હરકત નહીં, પણ પેટની સ્વસ્થતા વિના કોઈથી કંઈ પણ થઈ શકે નહીં. આમ આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક પ્રશ્નો તે પેટના જ પ્રશ્નો છે. પેટના પ્રશ્નોનો નિકાલ થઈ જાય તો જગતમાં મનુષ્ય કૃતકૃત્ય થઈ જાય ને બ્રહ્મત્વ પ્રાપ્ત કરી લે. પછી જગતમાં એને કંઈ પણ કરવાનું બાકી ન રહે.

પરંતુ પેટના પ્રશ્નોનો ઉકેલ લાવવો ઘણો જ કઠિન છે. એ પ્રશ્નો તો બે જ છે. સ્થૂલ દૃષ્ટિએ, વૈદ્યકીય પરિભાષામાં, લોકો કાં તો કબજિયાતથી પીડાય છે, કાં તો સંગ્રહણીથી, અને એ બે રોગોમાંથી જ અનેક રોગોનું ઝુંડ જન્મે છે. આર્થિક દૃષ્ટિએ જગતમાં બે જ મુખ્ય પ્રશ્નો છે પેટ સંતોષાય તે ઉપરાંત ખાનારાઓનો, ને પેટને સંતોષવાનો જન્મસિદ્ધ હક્ક અને ઇચ્છા છતાં પેટ સંતોષવા પૂરતું ન મેળવી શકનારાઓનો. ઉપલા વર્ગના મનુષ્યો અપચાના ને દ્રવ્યાતિશયના રોગથી પીડાય છે; નીચલા વર્ગના ભૂખમરાથી અને નિર્ધનતાથી પીડાઇ રહ્યા છે. આ બેમાંથી જ અનિષ્ટોની પરંપરા ઉદ્ભવે છે. એના ઉપાયો વૈદ્ય ને ચિન્તકો ખોળી રહ્યા છે, પણ એ રોગ અસાધ્ય છે. બૅંકબે પૂરવાની યોજના સરકારે ઘડી પણ બધાંનાં પેટ પૂરવાની યોજના ઘડી શકાતી નથી. દરિયો પૂરવો સહેલો છે, પેટ પૂરવાં મુશ્કેલ છે. જગતમાં ઊંડામાં ઊંડો ખાડો એ પેટનો ખાડો છે એમ કોઈ વિચારકે કહ્યું છે તે સત્ય છે. મને તો એક જ ઉપાય સૂઝે છે - દરેકે પોતપોતાના પેટની વ્યવસ્થા કરી લેવી. કવિ વિજયાશંકરે કહ્યું છે કે, 'પેટ પોષી પરમાર્થ ન જાણ્યો તો શિર પર પડશે સોટા' પરંતુ જે પેટને પોષે છે તે પરમાર્થ નથી જાણતો એમ કદી બનતું નથી, કારણ કે પેટને પોષવું એ જ પરમ અર્થ છે.

## 12.4 કૃતિનો સારાંશ

આ હાસ્યનિબંધમાં લેખકે સ્થૂળ અને સૂક્ષ્મ અર્થમાં પેટમહિમા સમજાવ્યો છે. એક સાપ્તાહિકના તંત્રીને લેખક મળવા જાય છે અને તેમના વિશાળ ઉદરને જોઈ જે કંઇ વિચારો આવે છે તેમાંથી આ નિબંધ સર્જાવ્યો છે. આરંભમાં તંત્રીશ્રીનું પેટ લેખકમાં રમૂજ જ પ્રેરે છે. એથી સહુ પ્રથમ તેમના પેટનું હાસ્યરસિક વર્ણન કરે છે. આ સાથે જ લેખકને પોતાનું નાનકડું, અલ્પ પેટ દેખાય છે અને એ નિમિત્તે લેખક પોતાના પેટને પણ હાસ્યનો વિભાવ બનાવે છે. આ પછી લેખક હાસ્યરીતિએ પેટમાહાત્મ્ય આલેખે છે અને જરૂરિયાત કરતાં વધુ ખાનારા લોકો અને ભૂખ્યા રહેતા લોકો વચ્ચેની વિષમતા પ્રતિ આંગળી ચીંધે છે.

## 12.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

**ભૂમિકા:** ‘પેટ’ નિબંધનો હવે આપણે વિગતે અભ્યાસ કરીએ. સરળતા ખાતર નિબંધને ત્રણ ભાગમાં વહેંચીને આપણે તપાસીએ. પહેલો, શરૂઆતથી તે ‘તોયે એમના એકલાના પેટવાળું પલ્લું વજનમાં ભારે થાય.’ ત્યાં સુધીનો ભાગ, જેમાં તંત્રીના વિશાળ પેટનું વર્ણન કરે છે. બીજો, ‘અને અનન્ય સાધારણ પેટની વાત...’ એ ફકરાથી શરૂ કરી ‘તું તો એક ને અદ્વિતિય છે, અજોડને અવિભાજ્ય છે.’ ત્યાં સુધીનો ભાગ, જેમાં લેખકે પોતાના અલ્પ પેટનું વર્ણન કર્યું છે. અને ત્રીજો એ પછીનો બાકીનો ભાગ જેમાં ભરેલા પેટનો મહિમા અને ખાલી પેટે ઉદ્ભવતાં પાપનું વર્ણન કરે છે.

### ખંડ : 1

લેખક એક સાપ્તાહિકના તંત્રીને મળવા જાય છે ત્યારે તેમને સૂતેલા જુએ છે. એમના શરીર અને પેટની વિશાળતા જોઈને તેઓ કહે છે, ‘ભોજનાદિકથી પરવારી એઓ આડા પડ્યા હતા - આડા નહીં પણ ચત્તા.’ અહીં ‘આડા પડવું’ એ રૂઢિપ્રયોગનો ‘સૂવું’ એવો અર્થ ન લેતાં ‘આડા’ શબ્દનો મૂળ અભિધાપ્રાપ્ત અર્થમાં પ્રયોગ કરે છે એમાં જ મર્માળુ હાસ્ય ઉદ્ભવે છે. તંત્રીનું શરીર અતિ સ્થૂળતાને કારણે આડું પડી શકે એમ જ ન હતું. વધુ પડતા જાડા હોવાને કારણે તેઓ ચત્તા સૂતા હતા. લેખક એમની આ મહાકાયાને આશ્ચર્યમુગ્ધ નયને જોઈ રહે છે. આ પછી તો લેખક ઉપમા, અતિશયોક્તિ, દૃષ્ટાંત, વક્રોક્તિ જેવા અલંકારોનો ઉપયોગ કરી તેમના પેટનું આબેહૂબ ચિત્ર ખડું કરે છે. સૂર્યકિરણ આગળ જેમ દીપની જ્યોતિ ઢંકાઈ જાય તેમ એમના પેટ આગળ શરીરની વિપુલતા ઢંકાઈ જતી હતી. અહીં ઉપમા હાસ્ય પ્રેરે છે. તંત્રીના પેટની વિપુલતાને કારણે લેખક તેમનું મોઢું પણ જોઈ શકતા ન હતા. આખા શરીરમાં પેટ જ જાણે એકમાત્ર આકર્ષક અંગ હતું એમ કહી લેખક અતિશયોક્તિ દ્વારા હાસ્ય જન્માવે છે. આ પછી તેઓ કહે છેઃ ‘એકે ખાડા વિનાનું ભરાવદાર, તસતસતું, ઊપસેલું ને ચારે બાજુએ ગોળાકૃતિમાં વિલસતું ને વિકસતું એવું એમનું પેટ...’ અહીં ‘વિલસતું’, ‘વિકસતું’ ક્રિયાવિશેષણો તેમ જ વિશેષણો હાસ્ય નિરૂપે છે. તંત્રીનું પેટ એટલું મોટું હતું કે પેટ એમના શરીરનો ભાગ નહીં પણ શરીર પેટનો ભાગ હોય એમ લાગતું હતું. લેખક કહે છેઃ ‘શરીરને ખાતર પેટ નથી, પણ પેટને ખાતર શરીર છે - એ સૂત્રનો સદેહે અવતાર થયો હોય, એવા એ દેખાતા હતા.’ અહીં અવળવાણીનો વ્યંગ છે. પ્રેમાનંદના ‘નળાખ્યાન’માં આવતા હંસના દૂતત્વના પ્રસંગને યાદ કરી લેખક તંત્રીના પેટને જોઈને એવા ચકિત થયા કે પોતાનું કાર્ય પણ ઘડીભર ભૂલી ગયાં. અહીં હંસના દૂતત્વનું દૃષ્ટાંત વિપરીત રીતે, વક્ર રીતે આવ્યું છે. હંસ તો દમયંતીના સૌંદર્યને જોઈને ચકિત થાય છે જ્યારે લેખક તંત્રીના પેટની વિપુલતા, વિરૂપતાથી ચકિત થાય છે. અલંકારોના આવા પ્રયોગો હાસ્ય ઊપજાવે છે. એમના પેટની અસાધારણ વિપુલતા માટે બીજું દૃષ્ટાંત આપે છે કે, બાલમૃતની જાહેર ખબરમાં ત્રાજવાના એક પલ્લામાં છસાત નિર્બળ છોકરાં

ને બીજા પલ્લામાં એક મજબૂત છોકરો બેસાડી, એક જ છોકરાવાળું પલ્લું નમતું દર્શાવ્યું છે તે રીતે એમનું એકલાનું પેટ એક પલ્લામાં મૂક્યું હોય અને સામેના પલ્લામાં લેખક જેવાનાં વીસેક પેટ મૂક્યાં હોય, તોયે એમના એકલાના પેટવાળું પલ્લું વજનમાં ભારે થાય. આમ, આ ખંડમાં લેખકે તંત્રીના વિશાળ પેટનું આલંકારિક, રમૂજપ્રેરક વર્ણન કરી નર્મ-મર્મયુક્ત વર્ણનકલા અને હાસ્યકલાનો પરિચય કરાવ્યો છે. તેમના અલંકારોનો તથા વિશેષણોનો વક્રપ્રયોગ હાસ્ય જન્માવે છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ક):</u>**

1. સ્થૂળકાય તંત્રીના પેટને જોઈને લેખકનો પ્રથમ પ્રતિભાવ શો હતો?
2. લેખકે તંત્રીના પેટનું કરેલું હાસ્યરસિક વર્ણન આલેખી, ક્યાં ક્યાં કેવી રીતે હાસ્ય ઉદ્ભવે છે તે દર્શાવો.
3. તંત્રીનું પેટ જોઈ લેખક ચકિત થઈને પોતાનું કાર્ય ભૂલી ગયા તે માટે કયું દૃષ્ટાંત આપે છે? આ દૃષ્ટાંતનું હાસ્યમૂલ્ય શું?
4. લેખકે તેમના નાના પેટ અને તંત્રીના પેટની સરખામણી કયા દૃષ્ટાંતથી કરી?

**ખંડ : 2**

તંત્રીશ્રીના વિશાળ પેટનું હાસ્યરસિક વર્ણન કરીને પેટ અને માનવજીવનમાં તેનું સ્થાન એ વિશે વિચાર કરે છે. પોતાના નાનકડાં પેટ ઉપર મજાક કરી લઈ તેઓ કહે છે કે તેમણે આ જીવનમાં જે કાંઈ કર્યું છે તે પેટ ખાતર જ કર્યુ છે. આખુંય વર્ણન રમૂજભર્યુ છે પણ માર્મિક છે. પેટ ખાતર જ તેમણે ઉજાગરા કર્યા અને આદર્યા અધૂરાં મૂકીને શય્યાસેવન કર્યું છે. અહીં તેમણે પોતાની નાજુક પાચનશક્તિની વિડંબના કરી છે. મૂર્ખોને ખુશામત પણ પેટ માટે જ કરી છે એમ કહી તેઓ મહાભારત માટે કહેવાયેલું વિધાન પોતાના પેટ માટે ટાંકે છેઃ ‘જે દુનિયામાં છે તે સર્વ આમાં છે, જે આનામાં નથી તે ક્યાંય નથી.’ આ પેટમાં કેટલાંય ખાદ્ય પદાર્થો, દવાઓ પધરાવ્યાં છે. તેમના પેટે કેટલોય રસાસ્વાદ માણ્યો છે. ગટરમાં પધરાવવાની વસ્તુઓ પણ તેમણે પેટમાં પધરાવી છે. આ પછી તેમનું પેટપુરાણ હળવી શૈલીએ આગળ વધે છે. અગ્નિ, વાયુ, પૃથ્વી, આકાશ અને પાણી - આ પાંચે મહાભૂતોને તેમના પેટમાં આશ્રય મળ્યો છે. આ આખીયે રજૂઆત ડોળઘાલુ ગંભીરતાથી કહેવાઈ છે તેથી હાસ્ય પ્રેરે છે. જઠરાગ્નિની ઝાળ દાવાનળની પ્રબળતાને પણ ભુલાવે છે. તો પેટના વાયુના ગડગડાટ અને ઉત્પાત આગળ વંટોળિયાનું તોફાન તો કંઈ વિસાતમાં નથી. વધુ પડતું આરોગવાથી પેટમાં ગોળો ચડે છે તેની આગળ પૃથ્વીના ગોળાનું તો કોઈ જ મૂલ્ય નથી. તેમના પેટના પોલાણ આગળ સૂર્યચન્દ્રતારા આદિથી ભરાઈ ગયેલું આકાશ દયા પાત્ર લાગે છે. અત્યાર સુધી તેમણે એટલી ચા પીધી છે કે ભૂતળ પરની સમસ્ત નદીઓ કરતાં પણ એ ચાની નદીઓ વિશાળ લાગે. આમ અહીં લેખક પોતાની નાદુરસ્ત પાચનશક્તિ પર મજાક કરી લે છે અને વિડંબનાપૂર્વક પોતાના પેટને એક ને અજોડ-અદ્વિતીય તરીકે ઓળખાવે છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ખ):</u>**

1. લેખક પોતાના પેટ માટે ગર્વ શા માટે અનુભવે છે?
2. લેખકે પોતે પેટ ખાતર શું શું કર્યું તે વર્ણવો.
3. લેખકને પોતાનું પેટ અજોડ-અદ્વિતીય શાથી લાગે છે?

4. પોતાના પેટની કઈ લાક્ષણિકતાઓમાંથી લેખકે હાસ્ય નિપજાવ્યું છે?

**ખંડ ૩**

પિંડે તે બ્રહ્માંડે એ ન્યાયે લેખક પોતાના પેટની મજાક કરી લઈ મનુષ્ય માત્રના પેટ વિશે ચિંતન કરે છે. પ્રાણી માત્રની પ્રત્યેક પ્રવૃત્તિ પેટને સંતોષવા માટે જ હોય છે એમ સિદ્ધ કરીને તેઓ ભરેલા પેટવાળાઓનું જગત અને ભૂખ્યાઓના જગતનો ભેદ દર્શાવે છે. જેનું પેટ ભરેલું હોય તે મનુષ્યમાં જ દયા, માયા, ન્યાય, પરમાર્થવૃત્તિ, આત્મબલિદાનની ભાવના જેવા ઊંચા નૈતિક ગુણોનો વિકાસ થાય છે. ભોજનથી પ્રથમ મનુષ્યનું પેટ વિશાળ થાય છે પછી એની દૃષ્ટિ વિશાળ થાય છે. પ્રથમ પેટ સંતોષાય છે પછી આત્મા અને હૃદય સંતોષાય છે. જ્યારે ભૂખ્યો માણસ અનેકવિધ પાપકૃત્યો કરે છે. લૉર્ડ અરવિન અને મહાત્મા ગાંધી વચ્ચે સુલેહના કરાર થવાનું કારણ તેઓ ભોજન કર્યા બાદ મળ્યા હતા એમ લેખક રમૂજ કરી લે છે. આ પછી પેટનું મહત્ત્વ દર્શાવતા 'પેટની વેઠ', 'પેટમાં વાત રાખવી' વગેરે રૂઢિપ્રયોગોનાં દષ્ટાંતો આપે છે. પેટ નાના અને મોટાને, ચોર અને ન્યાયાધીશને, બાળક, સ્ત્રી અને પુરુષને સહુને એક જ કક્ષાએ લાવી દે છે તેથી પેટ એ સર્વ મનુષ્યોનો લઘુતમ સાધારણ ભાજક છે એમ તેઓ સ્થાપે છે. સંકલ્પ, વિકલ્પ, વિચાર, અનુમાન વગેરે માનસિક ગુણો તેમ જ પ્રેમ, ધિક્કાર, શોક, હર્ષ જેવા હૃદયના ભાવો પેટને જ આધીન છે. પેટની સ્વસ્થતા વિના કે પેટના સંતોષ વિના મનુષ્યનાં મગજ, હૃદય, આત્મા કામ કરતાં નથી. આમ કહી લેખક તારણ કાઢે છે કે આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક પ્રશ્નો તે અંતે તો પેટના જ પ્રશ્નો છે. માટે પેટનાં પ્રશ્નો હલ થાય તો મનુષ્યને બ્રહ્મત્વ પ્રાપ્ત થાય. અને પછી જગતમાં કંઈ પણ કરવાનું ન રહે. આપણે ત્યાં બે જ પ્રકારના લોકો છેઃ એક તો વધુ પડતું ખાઈને પેટ બગાડનારા અને બીજા ભૂખને કારણે પેટની પીડા ભોગવનારા. સ્થૂળ દૃષ્ટિએ વૈદની ભાષામાં લોકો કાં તો કબજિયાતથી પીડાય છે, કાં તો સંગ્રહણીથી. અને આ બે રોગોમાંથી પેટના અનેક રોગો જન્મે છે. આમ લેખક આર્થિક દૃષ્ટિએ અને વૈદકીય દૃષ્ટિએ પેટના કયાં પ્રશ્નો ઉદ્‌ભવે છે તે જણાવે છે. આ બંને પ્રશ્નોના ઉકેલ વૈદ્યો અને ચિંતકો શોધી રહ્યા છે પણ એ રોગ અસાધ્ય છે એમ કહી સરકારની નિષ્ફળતા તરફ તેઓ આંગળી ચીંધે છે. ધનિક અને નિર્ધન લોકોની વિષમતા તરફ લેખક ધીમેધીમે વાચકને દોરી જાય છે. આ કટુ વાસ્તવિકતા દર્શાવ્યા પછી તેઓ જણાવે છે કે દરેકે પોતાના પેટની વ્યવસ્થા કરવી જોઈએ. જે પેટ પોષે છે તે જ પરમાર્થ જાણે છે. કારણ પેટને પોષવું એ જ પરમ અર્થ છે. પરમ અર્થ ઉપર શ્લેષ કરી હસતાં-હસતાં ગંભીર વાત કહે છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ગ):</u>**

1. ભરેલા પેટવાળાં મનુષ્યોનું તેમ જ ભૂખ્યાં મનુષ્યોનું જગત કઈ રીતે જુદું પડે છે?
2. પેટએ સર્વ મનુષ્યનો લઘુતમ સાધારણ ભાજક કઈ રીતે તે સમજાવો.
3. પેટના મહત્ત્વના પ્રશ્નો કયા કયા?
4. પેટ શબ્દને આધારે ઉદ્‌ભવેલા રૂઢિપ્રયોગોની યાદી કરો.
5. આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક પ્રશ્નો પેટના જ છે એમ શાથી કહે છે?

## 12.6 વસ્તુલક્ષી કસોટી

**<u>તમારી પ્રગતિ ચકાસો (ઘ):</u>**

નિબંધમાં રજૂ થયેલાં વિચારો પ્રમાણે નીચેનાં વિધાનો સાચાં છે કે ખોટાં તે જણાવો. જે વિધાન સાચું હોય તેને માટે વિધાનને અંતે આપેલ ખાનામાં (✓)ની નિશાની કરો અને જે વિધાન ખોટું

હોય તેને માટે (✗)ની નિશાની કરોઃ

1. પેટ ખાતર મનુષ્ય મૂર્ખની પણ ખુશામત કરે છે. ☐
2. 'જે દુનિયામાં છે તે સર્વ આમાં છે, જે આનામાં નથી તે ક્યાંય નથી.' મહાભારતનું આ વિધાન પેટ માટે સાચું નથી. ☐
3. જઠરાગ્નિની ઝાળ આગળ દાવાનળની પ્રબળતા ઝંખવાઈ જાય છે. ☐
4. પ્રાણીની પ્રત્યેક પ્રવૃત્તિ કંઈ પેટ માટે જ નથી હોતી. ☐
5. 'ભૂખ્યો માણસ કયું પાપ નથી કરતો?' એમ જે કહ્યું છે તે યથાર્થ જ છે. ☐
6. ન્યાયાધીશ પેટ ખાતર જ સજા કરતો હોય છે. ☐
7. પેટના પ્રશ્નોનો નિકાલ થઈ જાય તો બ્રહ્મત્વ પ્રાપ્ત થાય છે. ☐
8. જગતમાં ઊંડામાં ઊંડો ખાડો તે પેટનો ખાડો છે એમ કહેવું સત્યથી વેગળું છે. ☐
9. પેટને પોષવું એ જ પરમાર્થ છે. ☐

## 12.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

આ નિબંધમાં લેખકે હાસ્ય નિપજાવવા માટે વિવિધ ભાષાકીય સામગ્રીનો ઉપયોગ કર્યો છે. તેમણે કરેલો અલંકારોનો વિપરીત પ્રયોગ હાસ્ય જન્માવે છે. તેમણે દૃષ્ટાંતો, ઉત્પ્રેક્ષા, ઉપમા, વ્યતિરેક, વક્રોક્તિ જેવાં અલંકારો તથા વિશેષણો, વ્યંજનો જેવાં ઉપકરણોના વક્રપ્રયોગો વ્યંગ માટે પ્રયોજ્યા છે.

**(ક) <u>નીચેનું વાક્ય જુઓઃ</u>**

'પેટની વિપુલતા આગળ, સૂર્યકિરણ આગળ દીપની જ્યોતિ પેઠે, એમના શરીરની વિપુલતા ઢંકાઈ જતી હતી.'

આ વાક્યમાં પેટને સૂર્યકિરણ અને શરીરને દીપજ્યોતિ સાથે સરખાવીને ઉપમા અલંકાર યોજ્યો છે. આ સરખામણી વ્યંગ માટે છે.

**(ખ) <u>નીચેનું વાક્ય જુઓઃ</u>**

'એક ખાડા વિનાનું ભરાવદાર, તસતસતું, ઊપસેલું ને ચારે બાજુએ ગોળાકૃતિમાં વિલસતું ને વિકસતું એવું એમનું પેટ એમના શરીરનું મુખ્ય આકર્ષક અંગ જ ન હતું પણ એકમાત્ર અંગ હતું.'

આ વાક્યમાં 'ખાડા વિનાનું', 'ભરાવદાર', 'તસતસતું', 'ઊપસેલું' અને 'આકર્ષક' એ પેટનાં વિશેષણો છે.

**(ગ) <u>પેટને સંબોધીને કરેલાં નીચેનાં વિધાન જુઓઃ</u>**

- તારે ખાતર મેં ઉજાગરા કર્યા છે.
- તારે ખાતર મેં આદર્યા અધૂરાં મૂકીને શય્યાનું સેવન કર્યું છે.

આ વાક્યોમાં રહેલી વ્યંજના હાસ્ય પ્રેરે છે. પેટને માટે જ લેખકે ઉજાગરા કર્યા છે એટલે કે આજીવિકા માટે ઉજાગરા કરીને લેખનકાર્ય કર્યુ છે એ પ્રથમ વાક્યનો વ્યંગ્યાર્થ છે.

'પેટમાં અપચાને લીધે ગરબડ થાય ત્યારે તેમણે જે કામ શરૂ કર્યું હોય તે મૂકી દઈ સૂઈ જવું

પડ્યું છે.' એ બીજા વાક્યનો વ્યંગ્યાર્થ છે.

**(ઘ) <u>નીચેનું વિધાન તપાસો:</u>**

તેઓ પેટને સંબોધીને કહે છેઃ 'તારા વાયુના ગડગડાટ ને ઉત્પાત આગળ વંટોળિયાનાં તોફાન બાળકની જેમ રમતાં જેવાં લાગે છે.'

અહીં પેટના વાયુના તોફાનને એટલે કે ઉપમેયને, વંટોળિયાના તોફાન કરતાં એટલે કે ઉપમાન કરતાં ચડિયાતું દર્શાવી, વ્યતિરેકનો વક્રપ્રયોગ હાસ્ય ઉત્પન્ન કરે છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ચ):</u>**

1. લેખકે દૃષ્ટાંતોનો હાસ્ય માટે કેવી રીતે પ્રયોગ કર્યો છે તે નિબંધમાંનાં અન્ય દૃષ્ટાંતો આપી સમજાવો.
2. વિશેષણોના વ્યંગ માટે કરેલા વિનિયોગનાં બીજાં ઉદાહરણો આપો.
3. વ્યંજનાના વક્રપ્રયોગનાં વધુ ઉદાહરણો આપી સમજાવો.
4. વ્યતિરેક અને ઉપમાને હાસ્યસામગ્રી તરીકે લેખકે કેવો ઉપયોગ કર્યો છે તે દર્શાવો.

## 12.8 પુનરવલોકન

**<u>તમારી પ્રગતિ ચકાસો (છ):</u>**

સમગ્ર પાઠને આવરી લેતાં નીચેના પ્રશ્નોના જવાબ આપોઃ

1. લેખકે તંત્રીના વિશાળ પેટના વર્ણનમાં હાસ્ય કેવી રીતે ઉત્પન્ન કર્યું છે તે જણાવો.
2. લેખકે પોતાના નાના પેટની વર્ણવેલી મહત્તા આલેખો.
3. આ નિબંધને આધારે મનુષ્યના પેટ અંગેનું લેખકે નિરૂપેલું તત્ત્વચિંતન દર્શાવો.
4. આ નિબંધમાં લેખકે હાસ્ય નિપજાવવા કઈ કઈ સામગ્રીનો કેવી રીતે પ્રયોગ કર્યો છે તે દર્શાવો.

## 12.9 લેખન-પ્રવૃત્તિ

**<u>તમારી પ્રગતિ ચકાસો (જ):</u>**

તમને ગમતા વિષય ઉપર નિબંધ લખો.

## 12.10 વિશેષ અધ્યયન

### 12.10.1 કર્તા-પરિચય

આ નિબંધના લેખક જ્યોતીન્દ્ર હ. દવે (૧૯૦૧થી ૧૯૮૦) હાસ્યનિબંધકાર તરીકે જાણીતા છે. ગાંધીયુગમાં બુદ્ધિલક્ષી નર્મમર્મયુક્ત હળવા નિબંધોના સર્જકો રા. વિ. પાઠક, ધનસુખલાલ મહેતા, વિજયરાય વૈદ્ય, જયેન્દ્ર દૂરકાળ આદિ લેખકોમાં જ્યોતીન્દ્ર દવે સૌથી વિશેષ લોકપ્રિય અને અગ્રણી નિબંધકાર હતા. 'રંગતરંગ' ભાગ ૧થી ૬, 'હાસ્યતરંગ', 'પાનનાં બીડાં', 'અલ્પાત્માનું આત્મપુરાણ', 'રેતીની રોટલી' જેવાં તેમનાં પુસ્તકો વાંચવા જેવાં છે. રોજબરોજની જીવનની ઘટનાઓમાંથી કોઈ પણ બાબત તેમને હાસ્યનિબંધ લખવા પ્રેરે છે. તેઓ જાત પર હસી શકે છે. તેમનું હાસ્ય ડંખ વિનાનું છે. સંવાદચાતુર્ય, આડંબરી ભાષા, ટુચકાઓ વગેરેનો આશ્રય લઈ તેઓ હાસ્ય સર્જે છે. તેઓ આપણા ઉત્તમ હાસ્યકાર છે.

### 12.10.2 સ્વરૂપ-પરિચય

મનુષ્યજીવનનાં નિરીક્ષણ, ચિંતન, અભ્યાસ, અનુભવને આધારે નિબંધો લખાય છે. નિબંધો અલગ-અલગ પ્રકારના હોય છે. ગંભીર ચિંતનપ્રધાન નિબંધમાં કોઈ પણ વિષયની સમાજોપયોગી, તાત્ત્વિક વિચારણા ક્રમબદ્ધ રીતે, તાર્કિક રીતે કરવામાં આવે છે. અહીં વિષયવિચાર જ કેન્દ્રમાં હોય છે. લલિત નિબંધમાં વિષય નહીં પણ લેખકનું વ્યક્તિત્વ જ મહત્ત્વનું હોય છે, એટલે કે તેમાં અભિવ્યક્તિનું મહત્ત્વ છે. તો હાસ્યનિબંધમાં હાસ્ય કેન્દ્રમાં રહે છે. એમાં લેખકનાં વિચાર, ચિંતન, નિરીક્ષણ હાસ્યરીતિ એ વ્યક્ત થાય છે. પ્રસ્તુત નિબંધમાં તંત્રીનું વિશાળ પેટ જોઈને ગંભીર ચિંતન તથા હાસ્યપ્રેરક વિચારો સ્ફુરે છે તેની રજૂઆત છે.

### 12.10.3 વિશેષ વાચન

આ સંદર્ભમાં જ્યોતીન્દ્ર દવેના ‘રંગતરંગ’ અને ‘હાસ્યતરંગ’ના નિબંધો વાંચવા જોઈએ. બકુલ ત્રિપાઠી, વિનોદ ભટ્ટ આદિ સાંપ્રત લેખકોના નિબંધો પણ વાંચવા જોઈએ.

● **ટિપ્પણ**

**અલ્પ** - (વિ.) નાનું, થોડું, નજીવું; **જઠરાગ્નિ** - (પું.) જઠરનો અગ્નિ; જઠરની શક્તિ; **ક્ષીણ** - (વિ.) ઘસાઈ ગયેલું, સુકાયેલું; **ઉપહાસ** - (પું.) મશ્કરી, ઠેકડી; **પાર્થિવ** - (વિ.) પૃથ્વીને લગતું; **સમષ્ટિ** - (સ્ત્રી.) સમગ્રતા, સમુદાય; **વ્યષ્ટિ** - (સ્ત્રી.) વ્યક્તિ કે સમષ્ટિનો પ્રત્યેક અંશ; **આધિભૌતિક** - (વિ.) પ્રાણીઓને લગતું, શારીરિક; **આધિદૈવિક** - (વિ.) ઇન્દ્રિયોના અધિદેવોને લગતું, ઇન્દ્રિયો થકી થયેલું, દૈવકૃત (સુખદુઃખ); **આધ્યાત્મિક** - (વિ.) આત્મા સંબંધી, આત્મતત્ત્વવિષયક; **કૃતકૃત્ય થવું** - ધન્ય થઈ જવું; **દ્રવ્યાતિશય** - અતિશય દ્રવ્ય.

એકમ ૧૩

# શહેરની શેરી

- જયંતિ દલાલ

રૂપરેખા


13.1 ઉદ્દેશો

13.2 પ્રસ્તાવના

13.3 કૃતિ (નિબંધ)

13.4 કૃતિનો સારાંશ

13.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

ખંડ : 1

ખંડ : 2

ખંડ : 3

13.6 વસ્તુલક્ષી કસોટી

13.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

13.8 પુનરવલોકન

13.9 લેખન-પ્રવૃત્તિ

13.10 વિશેષ અધ્યયન

13.10.1 કર્તા-પરિચય

13.10.2 સ્વરૂપ-પરિચય

13.10.3 વિશેષ વાચન

• ટિપ્પણ


## 13.1 ઉદ્દેશો

આ નિબંધના અભ્યાસ દ્વારા તમે -

- શહેરની શેરીનો ઇતિહાસ જાણી શકશો.
- શેરીમાં લોકોનું સામૂહિક યોગક્ષેમ કેવી રીતે જળવાઈ રહેતું તેની જાણકારી મેળવી શકશો.
- શેરીના સામાજિક તંત્રનો પરિચય મેળવશો.
- શેરીના આંતરિક સ્વરૂપ વિશે જાણી શકશો.
- યંત્રવાદને કારણે શેરીના સમૂહજીવનમાં આવેલું પરિવર્તન સમજી શકશો.
- આજના શેરીના રહેનારની મનોગ્રંથિ વિશે માહિતગાર થશો.
- ઐતિહાસિક અને સામાજિક અભિગમવાળા લેખ કેવા હોઈ શકે તેનો પરિચય થશે.

## 13.2 પ્રસ્તાવના

આગળના નિબંધમાં તમે હાસ્યપ્રધાન રચનાનો પરિચય મેળવ્યો. ચિંતન પણ હળવી શૈલીએ કેવું

આસ્વાદ્ય બને છે તે જોયું. હવે આ નિબંધમાં સમાજવાદી વિચારક એવા જયંતિ દલાલ શહેરની શેરીનું ગદ્યચિત્ર આલેખે છે. આ નિબંધનું દસ્તાવેજી મૂલ્ય અને સામાજિક મૂલ્ય ઘણું છે. શહેરની શેરીનો ઉદ્ભવ, વિકાસ અને પરિવર્તન આદિના નિરૂપણમાં લેખકની સમાજજીવન અંગેની નિસબત વ્યક્ત થઈ છે.

## 13.3 કૃતિ (નિબંધ)

### શહેરની શેરી

**- જયંતિ દલાલ**

આવી શેરી કોણે વસાવી હશે?

દોરીબાંધી માનવતાનું આવું સાદ્યંત, નખશિખ સંપૂર્ણ દર્શન, એક જ કાળે, એક જ સ્થળે કરાવી દેવાની ધન્ય ભાવના કોના દિલમાં ઊગી હશે?

પોળ, પાડા, વાડા, ફળી, શેરી, મહોલ્લો અને હવે કોક ઠેકાણે દેખાતી 'સ્ટ્રીટ': આજનાં એનાં રૂપને પામવા માટે કયા કયા તબક્કાઓમાંથી પસાર થઈ હશે?

માનવી જંગમ મટીને સ્થાવર થયો, શિકારી મટી માલધણી થયો, રઝળપાટ મૂકી એણે કોક જલસ્રોત પાસે સ્થિર થવાનું સ્વીકાર્યું, તેમાં જ આજની શેરીનું પ્રથમ મંડાણ થયું. શેરીના વિકાસનો એ ઇતિહાસ રસિક જરૂર છે, પણ આજે તો એ અપ્રસ્તુત લાગે છે. આજની શેરીનું સાચું મૂળ તો માનવના મનમાં રહેલી સલામતીની શોધમાં રહ્યું છે. સમૂહજીવન એવા વિશિષ્ટ અને લાક્ષણિક આકાર લેતું હતું કે એને સંરક્ષણની આવશ્યકતા જણાઈ. વિકસતા જતા સમાજજીવનમાં જીવન-સંઘર્ષમાં ટકી રહેવાની પ્રવૃત્તિ પણ સમૂહે સમૂહે વૈયક્તિક રૂપ ધારણ કરતી હતી. આમ શેરીની જડ, પ્રવૃત્તિ અને એની આનુષંગિક પરિસ્થિતિ જ્ઞાતિ પર મંડાઈ. સામૂહિક જીવનનો એ એક અનોખો આવિષ્કાર હતો. સહજીવનની એ એક અનેરી અભિવ્યક્તિ હતી.

મધ્યકાલીન રાજકીય પરિસ્થિતિએ આ વસ્તુને વધુ જડ બનાવી. સલામતી એ જ જાણે કે આધારમંત્ર બન્યો. કુલદેવતા કે આરાધ્યદેવની આસપાસ કોઈ વૈશિષ્ટ્યભર્યા સંબંધે સંકળાયેલા સમૂહે એકબીજાની સાથે જીવવાનું, જરૂર પડે તો સહકાર્ય સલામતી શોધવાનું યોગ્ય માન્યું. નાનકડાં જનપદમાં આ ફળિયું હતું. જનપદમાં ચૌટાનું ઉમેરણ થતાં એ કસબો બનતો. અને ફળિયું પણ આ ઉમેરણને અંગે થોડું વધુ ગજું કાઢી લેતું. શહેર રાજસત્તાનું કેન્દ્ર બનતાં અને હુન્નર-ઉદ્યોગોનાં બજારો અને ચૌટાં તેમાં ભળતાં શહેરની શેરીએ નવો આકાર ધારણ કર્યો. રાજસત્તા જેમ શહેરની આસપાસ કોટકાંગરા રચી સંરક્ષણનો પ્રબંધ કરતી તેનું જ અનુકરણ કરતાં શેરીએ પણ આસમાની-સુલતાની સામે ટકી રહેવાનો પ્રયત્ન કર્યો. શેરીનું બંધારણ જ એવું હતું કે એમાં જૂની પંચાયત પદ્ધતિને સારો એવો અવકાશ હતો. આ સંરક્ષણ-યોજના માત્ર શારીરિક કે જાનમાલના સંરક્ષણની જ ખેવના કરનારી ન હતી. એનો કાર્યપ્રદેશ એ સમૂહમાં જીવતા માનવીઓનાં યોગક્ષેમ લગી પહોંચતો. શેરીની ચાર દીવાલો વચ્ચે રહેનાર, ક્યારેક એક જ કુટુંબનાં હતાં, તો લગભગ બધા જ કિસ્સામાં એ એક જ જ્ઞાતિનાં, એક જ ગોળનાં અને જૂજજાજ અપવાદ સિવાય એક જ જાતની કામગીરીમાંથી રોજી રળનારનો સમૂહ હતો. આથી એમના પરસ્પરના સામાજિક સંબંધોમાં પણ ઘનિષ્ઠતા આવતી તો સાથે સામૂહિક યોગક્ષેમનો ભાર પણ સમસ્ત શેરી પર પડતો.

શહેરની શેરીનો આ કીર્તિ-મધ્યાહ્ન હતો. શેરીનું સામાજિક તંત્ર એની ઉત્કૃષ્ટતાએ પહોંચ્યું

હતું. મહાજનોમાં આ તંત્ર માગ મુકાવતું. રાજદરબારમાં પણ યથાશક્તિ એનો અવાજ પહોંચતો. શેરીના વડેરા લોકશાહીના અવનવા પ્રયોગને આગળ ધપાવતા જતા હતા. અને એક જાતની ડંખીલી સમાનતાનો અભિનવ પ્રયોગ પણ થઈ જતો હતો. શેરીનો સમાનતાવાદ અનેક રીતે રાંકનો સમાનતાવાદ બની જતો. સારામાઠા પ્રસંગોએ માથાભારેની સાન ઠેકાણે આણવાની તક અનાયાસે મળી જતી. વ્યક્તિવિશેષને માટે જેમ આદર રહેતો તેમ, અસામાજિક વ્યક્તિત્વ ખીલવનારાઓની સાન ઠેકાણે લાવવાને માટે પણ નિશદિન ચિંતા સેવાતી. શેરીના લોકશાસને પોતાના નિર્ણયોને અમલી બનાવવા માટે જે દબાણની ઢબ યોજી, તેની તોલે બીજી કોઈ દબાણની પદ્ધતિ આવી શકે એમ નથી.

શેરીનું આ સામાજિક લોકશાસન, એક બાજુથી વિકસતું હતું તેમ એનું આંતરિક સ્વરૂપ પણ પલટાતું હતું. શેરી એ ઉદ્યોગશાળા પણ બની હતી. તો સાથે સાથે ક્યાંક ક્યાંક એ માલગોદામ પણ બની હતી. મંદિર કે દેવસ્થાનનો ઓટલો એ શેરીની આમની સભા બની હતી. કરકરિયાવરની વાટાઘાટો, દેવદ્રવ્યનો વહીવટ, પંચપાડાના ઝઘડા, અહીં પતાવાતા તો ચાડિયાના આક્રમણ કે પરધર્મી રાજ્યકર્તાની જોરતલબી સામેનાં સંરક્ષણની યોજનાઓ પણ અહીં જ રચાતી. વસતી વધતી હતી. સંયુક્ત કુટુંબમાં અનિવાર્ય થઈ પડે એવા ભાગલાગને લીધે પણ વસવાટની જગા સાંકડી થતી ગઈ હતી. જાણે આ જ સ્થિતિનો બીજી રીતે પડઘો પાડવાનો ન હોય એમ શેરીના અચાનક ધનવાન બનેલાને કે રાજ્યકર્તાની મીઠી પામેલાને પેલી સમાનતા કઠતી. અમી ચાલી ગઈ હતી. સહજીવનની મીઠાશ ક્યારનીય વિદાય થઈ ગઈ હતી, સામાજિક લોકશાહી એનાં ઉત્કૃષ્ટ શિખરે પહોંચી હવે નિરુપયોગી અને જડ બનતી જતી હતી. સંજોગોને સમજીને દૂરઅંદેશ માનવીઓ એને બચાવવા પ્રયત્ન કરતા.

આવી સ્થિતિમાં શહેરમાં યંત્રવાદ આવ્યો.

આ યંત્રવાદે આપણા જીવનને કેટલું પલટી નાખ્યું છે એનો પૂરેપૂરો ખ્યાલ તો હજુ આપણને આવ્યો જ નથી. માત્ર એક આપણી આ શેરીને લઈએ તો? સામાજિક તંત્રની નજરે, એની લાક્ષણિક લોકશાહી આજ સાવ નષ્ટ પામી નથી, તો માત્ર એક આચરણનો વહેવાર બની ગઈ છે. 'વહેવાર' એ શબ્દ જ એમાં રહેલાં ઊર્મિ અને ઉમળકાના સર્વ અભાવનો દ્યોતક બની ગયો છે. સામૂહિક જીવનની સર્વ મીઠાશ તો જતી જ રહી છે. દુઃખના સમભાગી બનવાનો વહેવાર પણ નાશ પામતો જાય છે અને સુખ તો અસૂયા જન્માવે છે.

યંત્રવાદના જોરે શેરીની વસતીમાં પણ ખૂબ મોટો પલટો થતો ગયો છે. લગભગ એક લોહીનું જૂથ કાં તો નાશ પામ્યું છે કાં તો ભિન્ન ભિન્ન કારણસર પૃથ્વીના પટ પર વહેંચાઈ ગયું છે. અને શેરી ભિન્ન વ્યવસાયવાળાના વસવાટની શેરી બની છે. શેરીમાં હવે ભાગ્યે જ ઉદ્યોગશાળા છે. હવે તો એ કારખાનું બન્યું હોઈ, શેરીથી દૂર જતું ગયું છે. જૂનો એકરાગ નાબૂદ થયો છે, નવા આવ્યા છે એની વિસંવાદિતા હજુ એમ ને એમ જ ઊભી છે.

આની સીધી અસર શેરીની બાંધણી પર થઈ છે, તો ઘરના સ્થાપત્ય પર પણ એની ખૂબ ઘેરી અસર છે. આપણા ઘરના ચોકની વિકાસકથા કોક લખશે ત્યારે જ આપણને આ મૂગી ક્રાંતિની ખરેખરી જાણ થશે.

યંત્રવાદની સંસ્કૃતિએ શેરીના બે લાક્ષણિક ગુણોનો બહુધા નાશ કર્યો. એક તો શેરીની સાંપ્રદાયિકતા તૂટી, બીજું જૂનો સલામતીનો ખ્યાલ એને છોડી દેવો પડ્યો. આની ઘણી ઘેરી અસર શેરીના રહેનાર પર પડી છે. આ ક્રિયાનો હજુ અંત નથી આવ્યો. આજનો શેરીનો રહેનારો, શેરીને લગભગ વખોડતો, શેરીમાંથી બહાર જવા, મુક્ત થવા ઇચ્છતો હોય છે.

એને શેરીના સમૂહજીવનમાં ઇષ્ટ ફળ ચાખવાની તક જ જાણે મળી નથી. અને સાથે સાથે એનાં મનમાં ઘર કરી ગયેલી લાઘવગ્રંથિ એને પારકી પતરાવળીના લાડવાને બહુ મોટા કરીને બતાવી રહી છે. આ કચવાટનું મુખ્ય કારણ એ છે કે આ નવી શેરીએ પરસ્પરના વહેવારની એક નવી જ દિશા ખોલી છે. એ માત્ર વહેવાર છે, ઊર્મિતંત્ર ત્યાં ચાલતું જ નથી. હા દેખાવમાંથી એ પાછી નથી પડતી. પણ માનવતાનો થડકાર તો ત્યાંથી ગેરહાજર જ છે.

## 13.4 કૃતિનો સારાંશ

આ નિબંધમાં લેખકે શહેરની શેરીનો ઉદ્‌ભવ, વિકાસ, સ્વરૂપ આદિનો પરિચય કરાવ્યો છે. માનવી જંગમ મટીને સ્થાવર થયો તેમાં જ આજની શેરીનું મંડાણ થયું એમ જણાવી, શેરીના ઉદ્‌ભવનું સાચું મૂળ તો મનુષ્યમનમાં રહેલી સલામતીની ભાવનામાં રહ્યું છે એમ લેખક કહે છે. શેરી એ સામૂહિક જીવનનો એક અનોખો આવિષ્કાર કેવી રીતે છે તે તેઓ નિરૂપે છે. આ પછી મધ્યકાલીન રાજકીય પરિસ્થિતિએ શહેરની શેરીના ઘડતરમાં કેવો ફાળો આપ્યો તેની વાત કહીં શેરીની આસમાની-સુલતાનીનો પરિચય કરાવ્યો છે.

## 13.5 કૃતિનો ક્રિયાત્મક સઘન અભ્યાસ

**ભૂમિકા:** 'શહેરની શેરી' નિબંધનો હવે આપણે વિગતે અભ્યાસ કરીએ. સરળતા ખાતર આપણે નિબંધને ત્રણ વિભાગમાં વહેંચીને તપાસીએ. પહેલો, શરૂઆતથી તે 'સામૂહિક યોગક્ષેમનો ભાર પણ સમસ્ત શેરી પર પડતો.' ત્યાં સુધીનો ભાગ, જેમાં શેરીના ઉદ્‌ભવનું કારણ, શેરીનું બંધારણ તથા તેનો સામૂહિક યોગક્ષેમ સુધીનો વિકાસ દર્શાવ્યો છે. બીજો તે, 'શહેરની શેરીનો આ કીર્તિ-મધ્યાહ્ન હતો.' ત્યાંથી તે 'માનવીઓ એને બચાવવા પ્રયત્ન કરતા' ત્યાં સુધીનો ભાગ, જેમાં શેરીનું સામાજિક લોકશાસન, એનું આંતરિક સ્વરૂપ આદિનો પરિચય કરાવ્યો છે, અને ત્રીજો એ પછીનો બાકીનો ભાગ, જેમાં યંત્રવાદે શેરીમાં આણેલું પરિવર્તન દર્શાવ્યું છે.

### ખંડ : 1

પ્રારંભમાં લેખક પોળ, વાડા, ફળી, શેરી એના એ રૂપને પામવા કયા કયા તબક્કામાંથી પસાર થઈ હશે એનાં નક્કર અનુમાનો આપે છે. શિકાર કરીને રખડુ જીવન ગાળતો માનવી એક જ જગ્યાએ સ્થિર થઈને રહેવા માંડ્યો હશે અને એમાં સલામતીની ભાવના ભળતાં આજની શેરી ઉદ્‌ભવી હશે. આ પછી તેઓ શેરીના ઉદ્‌ભવનું માનસશાસ્ત્રીય અને સામાજિક કારણ રજૂ કરતાં કહે છે કે આજની શેરીનું સાચું મૂળ તો માનવના મનમાં રહેલી સલામતીની શોધમાં જ રહ્યું છે. સંરક્ષણ માટે જુદાજુદા સમૂહજીવનનું અસ્તિત્વ આકાર લેવા માંડ્યું. આમ ગતિ આધારિત સમૂહજીવન શરૂ થયું. શેરી એ સહજીવનની અનોખી અભિવ્યક્તિ હતી. આ પછી સમય જતાં મધ્યકાળમાં પરિસ્થિતિ એવી સર્જાઈ કે સલામતી જ આધારમંત્ર બન્યો. એમાંથી ફળિયું થયું અને શહેર રાજસત્તાનું કેન્દ્ર થતાં એમાં બજારો અને ચૌટાં ભળ્યાં તેમતેમ શહેરની શેરીએ નવો આકાર ધારણ કર્યો. આ શેરીની બાંધણી જ એવી હતી કે એમાં જૂની પંચાયત પદ્ધતિને સારો અવકાશ હતો. તેથી તેમના પરસ્પરના સંબંધો ઘનિષ્ઠ રહેતા અને શેરીમાં રહેતા સહુના યોગક્ષેમનું વહન પણ થતું. આમ કરીને લેખકે શેરીમાં રહેનારા સમૂહના લોકતંત્ર તરફ આંગળી ચીંધી છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ક):</u>**

1. શેરીમાં રહેવાની ભાવના પાછળનાં લેખકે દર્શાવેલાં કારણો આપો.
2. મધ્યકાળમાં શેરીનું બંધારણ કેવું થયું? શા માટે?
3. શેરીના બંધારણમાં કેવા પ્રકારના વહીવટીતંત્રનો અવકાશ હતો તે કારણો આપી સમજાવો.
4. શેરીમાં રહેનારાઓ વચ્ચે સામાજિક ઘનિષ્ઠતા શાથી જળવાતી હતી?

**ખંડ : 2**

પ્રથમ ખંડમાં શેરીમાં રહેતા લોકોના પરસ્પર યોગક્ષેમનો ભાર શેરી પર પડતો એમ જણાવીને લેખક શેરીનું સામાજિક તંત્ર કઈ રીતે ઉત્કૃષ્ટતાએ પહોંચ્યું હતું તે નિરૂપે છે. શેરીના વડેરાઓ લોકશાહી ઢબે લોકોના પ્રશ્ન ઉકેલતા. તેથી મહાજનોમાં કે રાજદરબારામાં પણ એનો અવાજ પહોંચતો. શેરીમાં એક પ્રકારનો સમાનતાવાદ ચાલતો. સારામાઠા પ્રસંગોએ માથાભારે માણસોની સાન ઠેકાણે આણવામાં આવતી. એમાં અમીર-ગરીબના ભેદ ન જોવાતા. તેથી આ રાંકનો સમાનતાવાદ બની જતો. કોઈ વ્યક્તિવિશેષ માટે લોકો આદરભાવ સેવતા તો અસામાજિક વ્યક્તિઓની સાન ઠેકાણે લાવવામાં આવતી. આ માટે શેરીના લોકશાસને પોતાના નિર્ણયોને અમલમાં લાવવા દબાણની ઢબ યોજી હતી. શેરીનું આ સામાજિક લોકશાસન એક બાજુથી વિકસતું હતું તેમ તેનું આંતરિક સ્વરૂપ પણ બદલાતું હતું તેની લેખક વિગતે વાત કરે છે. શેરીએ ઉદ્યોગશાળા પણ બની હતી, તો સાથેસાથે ક્યાંક એ માલગોદામ પણ બની હતી. કરકરિયાવરની વાટાઘાટો, દેવમંદિરના દ્રવ્યનો વહીવટ, ઝઘડા વગેરેના નિર્ણયો શેરીમાં થતા. પરધર્મી રાજ્યકર્તાઓના જોરજુલમ સામે સંરક્ષણના ઉપાયો પણ વિચારાતા. આમ સામાજિક લોકશાહી એની ચરમ સીમાએ પહોંચી હતી. પણ આ વિકાસની સ્થિતિ જ એના પતનનું કારણ બને છે. વસ્તી વધી તેમ સંયુક્ત કુટુંબ વિભક્ત થવા માંડ્યા તથા પેલી સમાનતા માટેનો આદરભાવ ઓછો થયો. શેરીના ધનવાન બનેલા લોકો તરફ રાજ્યકર્તાની મીઠી નજર હતી. પરિણામે સહજીવનની મીઠાશ દૂર થઈ હતી અને સામાજિક લોકશાહી જડ બનતી હતી. જોકે દૂરદંશી માનવીઓ એને બચાવવાનો પ્રયત્ન કરતા હતા.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ખ):</u>**

1. શહેરની શેરીનું સામાજિક લોકશાસન કયા પ્રકારનું હતું?
2. શહેરની શેરીનું પલટાયેલું આંતરિક સ્વરૂપ વર્ણવો.
3. શેરીનું લોકશાહી સ્વરૂપ શાથી બદલાયું?

**ખંડ : 3**

શહેરની શેરીની લોકશાહી ધીમેધીમે કેવી રીતે નાશ પામતી જતી હતી તેની તરફ બીજા ખંડમાં ધ્યાન દોર્યા પછી લેખક આ ખંડમાં યંત્રવાદની શેરી ઉપર થયેલી અસર વર્ણવે છે. યંત્રવાદ આવતાં શેરીની લોકશાહી એક જડ વ્યવહારરૂપ જ બની ગઈ અને એમાંથી ઉમળકો ને ઊર્મિ તો ચાલ્યાં જ ગયાં. એકબીજાનાં દુઃખમાં સહભાગી થવાનું વલણ નાશ પામવા માંડ્યું. અન્યનું સુખ જોઈ આનંદ પામવાને બદલે ઈર્ષાનો ભાવ જાગવા માંડ્યો. આમ એકબીજા સાથેના પ્રેમભર્યા સંબંધો કેવા શુષ્ક થતા ગયા તેનું ચિત્ર લેખક આપે છે. પહેલાં શેરીમાં જે એક વ્યવસાયવાળા કે એક જ્ઞાતિના લોકો સાથે રહેતા તેમાં પરિવર્તન આવ્યું અને ભિન્નભિન્ન વ્યવસાયવાળાના વસવાટનું સ્થાન બન્યું. આથી જૂનો એકરાગ નાશ પામ્યો અને શેરીમાં રહેનારા લોકો વચ્ચે

વિસંવાદિતા ઊભી થઈ. આ બધાની અસર શેરીની બાંધણી ઉપર થઈ. આ પછી લેખક યંત્રવાદની સંસ્કૃતિએ શેરીના બે લાક્ષણિક ગુણોનો નાશ થયો તેની વાત કહે છે. તેમાં, એક તો શેરીની સાંપ્રદાયિકતા તૂટી અને બીજું જૂનો સલામતીનો ખ્યાલ છોડી દેવો પડ્યો. શેરીમાં રહેનારા ઉપર આની ઘેરી અસર પડી. આજે તો પરિસ્થિતિ એટલી હદે આવી છે કે શેરીમાં રહેનાર શેરીને વખોડે છે અને એમાંથી બહાર નીકળી જવા ઇચ્છે છે. લેખક કારણ આપતાં જણાવે છે કે એને સમૂહમાં રહેવાનાં સારાં ફળ ચાખવાની તક મળી નથી તેથી તે આમ ઇચ્છે છે. આ સાથે આજના શેરીમાં રહેનારના મનમાં એક પ્રકારની લઘુતાગ્રંથિ જન્મી છે. તેથી તે કચવાટ અનુભવે છે. આમ, નવી શેરી ઊર્મિ વિનાની, પ્રાણ વિનાની, માનવતાની લાગણી વિનાની બની ગઈ છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ગ)</u>:**

1. યંત્રવાદે શેરીના જીવન પર કેવી અસર કરી?
2. યંત્રવાદને કારણે શેરીની વસતીમાં કેવો પલટો આવ્યો?
3. યંત્રવાદની શેરીની બાંધણી પર શી અસર થઈ?
4. યંત્રવાદથી શેરીમાં રહેનારના કયા બે લાક્ષણિક ગુણોનો નાશ થયો તે દર્શાવી, તેનું માનસિક વલણ કેવું છે તે જણાવો.

## 13.6 વસ્તુલક્ષી કસોટી

**<u>તમારી પ્રગતિ ચકાસો (ઘ)</u>:**

નિબંધમાં રજૂ થયેલા વિચારો પ્રમાણે નીચેનાં વિધાનો સાચાં છે કે ખોટાં તે દર્શાવો. જે વિધાન સાચું હોય તેને માટે વિધાનને અંતે આપેલ ખાનામાં (✓)ની નિશાની કરો અને જે વિધાન ખોટું હોય તેને માટે (✗)ની નિશાની કરો.

1. શહેરની શેરીનું મૂળ માનવમનમાં રહેલી સલામતીની શોધમાં રહ્યું છે. ☐
2. શેરીનું બંધારણ જ એવું હતું કે એમાં જૂની પંચાયત-પદ્ધતિને અવકાશ જ ન હતો. ☐
3. શહેરની શેરીમાં રહેનારાઓ મોટે ભાગે એક જ કામગીરીમાંથી રોજી રળનાર સમૂહ હતો. ☐
4. શેરીનો સમાનતાવાદ અસામાજિક વ્યક્તિત્વ ખીલવનારાઓની સાન ઠેકાણે લાવી શકતો નહીં. ☐
5. શેરી ધીમેધીમે ઉદ્યોગશાળા પણ બની હતી. ☐
6. શેરીની સામાજિક લોકશાહી યંત્રવાદને કારણે નિરુપયોગી અને જડ બની. ☐
7. યંત્રવાદથી શેરીના સામૂહિક જીવનની મીઠાશ જતી રહી. ☐
8. યંત્રવાદને કારણે શેરીની સાંપ્રદાયિકતા તૂટી નહીં. ☐
9. નવી શેરીમાં ઉમળકા કે ઊર્મિ વિનાનો વ્યવહાર જોવા મળે છે. ☐

## 13.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

**(1) <u>નીચેનું વાક્ય તપાસો</u>:**

તેણે વ્યાપારક્ષેત્રે સારું ગજું કાઢ્યું છે.

અહીં 'ગજું કાઢવું' એ 'વિકાસ થવો'ના અર્થમાં લાક્ષણિક રૂઢિપ્રયોગ છે. કેટલાક શબ્દપ્રયોગો એના મૂળ અર્થને બદલે અન્ય કોઈ વિશિષ્ટ અર્થમાં રૂઢ થાય છે ત્યારે તે રૂઢિપ્રયોગ કહેવાય.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ચ):</u>**

નીચેના રૂઢિપ્રયોગોના અર્થ આપી વાક્યમાં પ્રયોજો:

1. આસમાની સુલતાની જોવી
2. સાન ઠેકાણે લાવવી
3. મીઠી નજર પામવી
4. ઘર કરી જવું
5. પારકે ભાણે લાડુ મોટા દેખાવા

(૨) **<u>નીચેના શબ્દો જુઓ:</u>**

વૈયક્તિક, સામૂહિક

શબ્દને જ્યારે 'ઇક' પ્રત્યય લાગે છે ત્યારે વિશેષણ બને છે. 'વ્યક્તિ' શબ્દને 'ઇક' પ્રત્યય લાગતાં વૈયક્તિક શબ્દ બન્યો. આમ થતાં શબ્દનો પ્રથમ વર્ણ દીર્ઘ બને છે અને 'ઇક'નો 'ઇ' હ્રસ્વ લખાય છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (છ):</u>**

નીચેનાં વિશેષણો કયાં નામ પરથી બન્યાં છે તે જણાવો:

સામાજિક, લાક્ષણિક, કૌટુંબિક, પારસ્પરિક, આનુષંગિક, સાંસ્કૃતિક, નૈતિક.

(૩) **<u>નીચેના શબ્દો જુઓ:</u>**

જલસ્રોત, રાજસત્તા

આ શબ્દો બે પદના બનેલા છે અને બન્ને પદો વિભક્તિના પ્રત્યયથી જોડાયેલાં છે. જેમ કે જલનો સ્રોત તે 'જલસ્રોત' અને રાજ્ય માટેની સત્તા તે 'રાજસત્તા'. આવી રીતે વિભક્તિના સંબંધથી જોડાયેલાં પદો પણ સમાસનો એક પ્રકાર છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (જ):</u>**

નીચેના સમાસોનાં પદોને વિભક્તિનો પ્રત્યય વાપરી જુદા પાડો:

લોકશાસન, માલગોદામ, દેવસ્થાન, વ્યવસાયશાળા.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ઝ):</u>**

નીચે વિભક્તિના પ્રત્યય સાથે અલગ-અલગ પદો આપ્યાં છે તે પદો જોડી સમાસ રચો:

1. ઊર્મિનું તંત્ર
2. પૃથ્વીનો પટ
3. કાર્યમાં કુશળ
4. વહુ માટે ઘેલો

## 13.8 પુનરવલોકન

**તમારી પ્રગતિ ચકાસો (ટ):**

સમગ્ર પાઠને આવરી લેતા નીચેના પ્રશ્નોના જવાબ આપો:

1. લેખકની દૃષ્ટિએ શેરીના ઉદ્ભવનાં મંડાણ શામાં રહેલાં છે?
2. શેરી એ સામૂહિક જીવનનો અનોખો આવિષ્કાર હતો એમ શાથી કહી શકાય?
3. શેરીનું બંધારણ દર્શાવો.
4. શેરીના સામાજિક તંત્રનું સ્વરૂપ આલેખો.
5. શેરીનું આંતરિક સ્વરૂપ વર્ણવો.
6. યંત્રવાદે શેરીના સામૂહિક જીવન પર શી અસર કરી?
7. આજના શેરીના રહેનારની મનોગ્રંથિનો પરિચય કરાવો.

## 13.9 લેખન-પ્રવૃત્તિ

તમે જોયેલી આજની શેરી વિશે એક લેખ તૈયાર કરો.

## 13.10 વિશેષ અધ્યયન

### 13.10.1 કર્તા-પરિચય

આ નિબંધના લેખક જયંતિ દલાલ (૧૯૦૯થી ૧૯૭૦) નાટ્યકાર, વાર્તાકાર અને અનુવાદક તરીકે વિશેષ જાણીતા છે. તેઓ રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં સક્રિય રહ્યા હતા. મહાગુજરાતની લડતમાં પણ તેમણે ભાગ લીધો હતો. સમાજવાદી વિચારક તરીકેનું આગવું વ્યક્તિત્વ તેમના લેખનમાં પ્રતિબિંબિત થાય છે. અમદાવાદના મધ્યમવર્ગીય જીવનની વિષમતાને 'શહેરની શેરી'માં વાર્તાત્મક તેમ જ નિબંધાત્મક રેખાચિત્રથી નિરૂપી આપ્યાં છે. ગદ્યચિત્રો લેખે તેનું દસ્તાવેજી મૂલ્ય છે.

### 13.10.2 સ્વરૂપ-પરિચય

પ્રસ્તુત નિબંધનું સ્વરૂપ ગંભીર નિબંધનું છે. આ પ્રકારના નિબંધમાં વિષય કે વિચાર કેન્દ્રમાં હોય છે. વિષયવસ્તુની ક્રમિક, સ્પષ્ટ અને વ્યવસ્થિત રજૂઆત એમાં અપેક્ષિત હોય છે. આ દૃષ્ટિએ 'શહેરની શેરી' નિબંધમાં શેરીનો ઉદ્ભવ, એનું સામૂહિક જીવન, એનું આગવું લોકશાહી તંત્ર વગેરે નિરૂપણ સામાજિક અને ઐતિહાસિક દૃષ્ટિએ મૂલ્યવાન બને છે. અહીં વિષયની શાસ્ત્રીય અને શિસ્તબદ્ધ રજૂઆત જોઈ શકાશે.

### 13.10.3 વિશેષ વાચન

આ સંદર્ભમાં કિશોરલાલ મશરૂવાળાનાં 'સમૂળી ક્રાન્તિ', 'જીવનશોધન', મહાત્મા ગાંધીજીનાં 'સર્વોદય', 'વર્ણવ્યવસ્થા', 'ધર્મમંથન', ઉમાશંકર જોશીનાં 'ઉઘાડી બારી' જેવાં પુસ્તકો વાંચવાં જોઈએ.

## ● ટિપ્પણ

**જલસ્રોત** - (પું.) પાણીનો પ્રવાહ; **આનુષંગિક** - (વિ.) પરોક્ષ; આડકતરું; **જનપદ** - (પું.) નગર પુર વગેરે સિવાયનો સમગ્ર ગ્રામપ્રદેશ, દેશ; **યોગક્ષેમ** - (પું.) જે વસ્તુ ન હોય તે મેળવવી અને હોય તેનું રક્ષણ કરવું; **ઉત્કૃષ્ટ** - (વિ.) શ્રેષ્ઠ, ઉત્તમ; **ઘનિષ્ઠ** - (વિ.) સૌથી ગાઢ; **દ્યોતક** - સૂચક, પ્રકાશિત કરનાર; **અસૂયા** - (સ્ત્રી.) ઈર્ષા; **વિસંવાદિતા** - (સ્ત્રી.) મેળ વિનાનું, સંવાદ વિનાનું.

# વિભાગ-6 ચરિત્ર

## એકમ ૧૪ મોનજી રૂદર

**- સ્વામી આનંદ**

રૂપરેખા

14.1 ઉદ્દેશો

14.2 પ્રસ્તાવના

14.3 કૃતિ (રેખાચિત્ર)

14.4 કૃતિનો સારાંશ

14.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

ખંડ : 11

ખંડ : 12

ખંડ : 13

ખંડ : 14

ખંડ : 15

ખંડ : 16

14.6 વસ્તુલક્ષી કસોટી

14.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

14.8 પુનરવલોકન

14.9 લેખન-પ્રવૃત્તિ

14.10 વિશેષ અધ્યયન

14.10.1 કર્તા-પરિચય

14.10.2 સ્વરૂપ-પરિચય

14.10.3 વિશેષ વાચન

- ટિપ્પણ

### 14.1 ઉદ્દેશો

આ રેખાચિત્રના અભ્યાસ દ્વારા તમે -

- એક નેકદિલ વ્યક્તિ વિશે જાણશો.
- ઉદ્યમી વ્યક્તિનાં સ્વભાવલક્ષણો જેવાં કે, શાંત સ્વભાવ, નિષ્કપટતા, દયા વગેરેનો ખ્યાલ મેળવશો.
- દાનો દુશ્મન કેવો હોય તે વિશે જાણશો.
- વ્યક્તિની ચાહના પાછળનું રહસ્ય સમજી શકશો.
- વ્યવસાય પ્રત્યેની નિષ્ઠાનાં ફળ વિશે જાણશો.

- શ્રમના મહત્ત્વને સમજશો.
- સમાજસુધારક અને નેકદિલ વ્યક્તિના દૃઢ મનોબળને સમજી શકશો.
- વહેમ, બડાઈ અને પરંપરાગત રિવાજોનો અડગ રહીને સામનો કરનારના વ્યક્તિત્વને પારખશો.
- ધાર્મિક વૃત્તિની વ્યક્તિનો પરિચય મેળવશો.
- લોકચાહના પામેલ વ્યક્તિની માણસાઈનો આછો ખ્યાલ મેળવી શકશો.
- આ રેખાચિત્રમાંની ભાષાસામગ્રીની વિશેષતાઓ નોંધશો.

## 14.2 પ્રસ્તાવના

તમે અગાઉ કેટલાક નેકદિલ, દૃઢ મનોબળ ધરાવતાં પાત્રોનો પરિચય મેળવ્યો. તમે જીવનમાં પ્રામાણિકતા અને વ્યવસાય પ્રત્યેની નિષ્ઠાને પરિણામે મળતી પ્રતિષ્ઠા વિશે પણ જાણ્યું. આ એકમમાં તમે શ્રમના મહત્ત્વ વિશે જાણશો. દુશ્મનો પ્રત્યે પણ ઉદારતાનું ભારતીય સંસ્કૃતિમાં શું સ્થાન છે તે સમજશો.

દયા, ઔદાર્ય, નિષ્કપટીપણું અને અથાગ પરિશ્રમ એ ભારતીય ખેત-સંસ્કૃતિની શ્રેષ્ઠ ભાવનાઓ ગણાયેલી છે. આ ચારેય ભાવનાઓથી રસાયેલ વ્યક્તિના ચરિત્રની રેખાઓ ઉપસાવવાનો લેખકે આ કૃતિમાં પ્રયાસ કર્યો છે. નોકરીની શોધમાં શહેરો તરફ દોટ મૂકનારાઓ કરતાં ખેતીવાડી પાછળ પરિશ્રમ કરનારને બરકત સામે ચાલીને મળે છે એવો સંદેશ લેખક અહીં ભારપૂર્વક આપે છે. તત્કાલીન રૂઢિચુસ્ત સમાજના રીતરિવાજો ફગાવીને સમાજસુધારા માટે ઝઝૂમનારનું પ્રેરણાદાયી શબ્દચિત્ર લેખકે અહીં આલેખ્યું છે.

## 14.3 કૃતિ (રેખાચિત્ર)

### મૉનજી રૂદર

**-સ્વામી આનંદ**

**(11)**

મૉનજી સ્વભાવે શાંત, કુડકપટ વગરના, સતત ઉદ્યમી, દયાળુ અને નેકદિલ પુરુષ હતા. એક માત્ર જુઠ-અસત્ય સામે જ ઊકળતા. પાટલા નિશાળે* બે ચોપડી ભણેલા, પણ સમજણ અગાધ. ઘરની ખેતીવાડીમાં જીવેપ્રાણે પરોવાયેલ રહેતા. કથાકીર્તન-ગરબાનો શોખ તેવો જ. અપત્યપ્રેમ લગભગ નબળાઈ લેખાય એટલો. દીકરા-દીકરી કોઈને આંખથી ઓઝલ થવા ન દે. છોકરાંને દૂધ-ઘી કે મોસમે કેરી-શેરડી મળવામાં અંતરાય પડે તો બેચેન થઈ જાય, ને રડે.

શત્રુવટ કરનારની જમીન વેચાણ લેવા પ્રસંગે આવે તો તેનીય નુકસાનીની શક્યતાઓ પહેલી વિચારે, અને તેની જોગવાઈ સાથે પેલાના ધારવા કરતાંય અધિક કિંમત ચૂકવે! દૃઢતા એટલી કે સૂઝ્યું સમજાયું, મનમાં ઘડ બેઠી, તેવો જ અમલ.

ક્ષમાવૃત્તિ પણ તેવી જ. બહિષ્કારની કારમી ભીંસ વેળાયે પણ જાલિમ નાતીલાઓ સામે રક્ષણ શોધવા ઈન્કાર કરેલો. ઉદવાડાના જુલાહા વણકરો, નાત-પરનાતના સુધારકો, કે પ્રગતિશીલ માનસવાળા સરકારી અમલદારો, ઘણાઓએ મૉનજીને એકથી વધુ પ્રસંગે સૂચવેલું:

'ફરિયાદ કરો. ઘડીમાં પાંશરા કરી દઈએ, બધાને.'

'ના. ન્યાતનો ખોફ દૂધનો ઊભરો કહેવાય. ઘડીમાં બેસી જવાનો.'

*ધૂડી નિશાળે, ભીની ખડીથી અક્ષર લખાવા લાગ્યા તે અગાઉ ગામડાંની ધૂડી નિશાળોમાં ઘરેથી આણેલા પાટલા ઉપર વાટેલા ઈંટોડાનો પતલો થર કરીને તે પર કરાંઠીના ડીંગલાથી અક્ષર કોરતાં શીખવતા. તેથી આ ગામઠી પ્રાથમિક નિશાળો 'પાટલા નિશાળો' કહેવાતી.

ખેતરની વાડ કાપી નાંખનાર પાડોશી પર કેસ કરવાની એમ જ ના પાડેલી.

સૌથી મોટો સધ્યારો આ બહિષ્કૃત કુટુંબને ઉદવાડાનો રહ્યો. ત્યાંના ધર્મપરાયણ, નેકદિલ પારસીઓમાં ને વસ્તી બધીમાં, શરૂમાં કહ્યું તેમ, મૉનજીના ચરિત્ર તેમ જ નેક વહેવારને કારણે બડી ચાહના.

એના પર તથા એના આખા કુટુંબ પર ઊતરેલી આફતની ખબર પડતી ગઈ તેમ તેમ એ ચાહના ઊંડી સહાનુભૂતિમાં ફેરવાતી ગઈ. પારસી, વેપારી, દૂબળા, મજૂર, શેતરંજીઓ વણનારા જુલાહા વણકર, સૌ કોઈએ મૉનજીનાં વીતકોના કાળ દરમિયાન એના આખા કુટુંબને છેવટ લગી પેરેપેરે મદદ કરેલી.

સૌથી ધરખમ હૂંફ અહીંના ભરડા કુટુંબની. લુહાણા વેપારી અમૃતલાલની પણ એકેએક મુસીબતમાં હરહંમેશ મદદ. દાક્તર ચિત્રેનું કુટુંબ તો મૉનજીનું એવું પ્રશંસક કે એમના દીકરા ગણપતરાવ વહેલી વયેથી જ મૉનજીના પરમમિત્ર, બલ્કે ભક્ત પૂજારી જેવા બની ગયા હતા. એ સ્નેહ આખર દિન લગણ તેવો જ કાયમ રહ્યો.

ન્યાતના વર્તુળ બહારનું, ગામ-બહારગામ બધેનું લોક પણ મૉનજી પ્રત્યે આદરમાન અને એમના કુટુંબનાં વીતકો પર ઊંડી સહાનુભૂતિ ધરાવતું. ગામલોક મૉનજીનાં 'પોયરાં' માટે શેરડી, કેરી-ગાળે કેરી, એવું એવું રાતને અંધારે આવીને મૉનજીને આંગણે નાંખી જાય! ખુદ નાતીલાઓમાંથી પણ રડ્યોખડ્યો કોઈ નીકળતો, જે મૉનજી જોડેની હેતપ્રીતમાયાનો માર્યો અવરનવર પાનસોપારી, છોકરાંઓ માટે દૂધની લોટી, એવું કંઈ ને કંઈ, વહેલો અસૂરો આવીને ઘર પાછળની વાડમાં મૂકી જતો!

**(12)**

બહિષ્કાર તેની કારમી વ્યથાવેદનાઓ છતાં મૉનજી દંપતીને સાચે આડકરતા આશીર્વાદ સમો નીવડ્યો. મૉનજી સદાય પોતાના ખેતી-વ્યવસાયમાં મસ્ત રહ્યા. બહિષ્કારને એમણે ઈશ્વરના ઘરની દેણ ગણી, જેને પરતાપે પોતાને નીચું ઘાલીને અખંડ પુરશારથ કરવા મળ્યો. ઉમ્મરસાડીમાં આંબાની કલમો ઉછેરવાનો ઉદ્યમ એમણે જ પહેલવહેલો શરૂ કર્યો. પોતે ધમડાછાવાળા ગુલાબભાઈ ડાહ્યાભાઈ પાસેથી આ ઇલમ શીખેલા.

આ ગુલાબભાઈ પારડી પરગણા આખામાં આંબાકલમ ઉછેરના પાયોનીઅર. મૉનજીની નિષ્ઠા ને પરાયણતા ઉપર એવા આફરીન કે ચાહે ત્યારે વગર ખબર કર્યે આવે, અને કીમતી ડગલોપાઘડી કોરે મેલી બાંયો ચડાવીને મૉનજીના આંબાવાડિયામાં કલમોની માવજત કરતા જોવા મળે! મૉનજીએ મૂળે ખાઈને ફેંકેલા બે કેરીના ગોટલાથી શરૂઆત કરીને જે કલમો ઉછેરી, ત્યાં આજે ૧,૩૦૦ કલમો ઊભી છે! ગામ આખાની કલમી આંબાની વાર્ષિક આવક આજે ચાર-પાંચ લાખ જેટલી હશે!

ઉદ્યમ ભાગ્યનો તેડાગર.

બરકત થયે ગઈ તેમતેમ જમીન વધારતા ગયા. પણ તેમ કરવામાં કોઈની ભીડમુશ્કેલીનો લાભ કદી ન લીધો. કિંમત પણ ઘણી વાર વાજબીથી અદકી ચૂકવે. કોઈને નીચોવી લેવાની કે કશું અણહકનું તાણી લેવાની વૃત્તિને મનમાં કદી ઊગવા ન દે.

ખેતી ઉપર બેહદ પ્યાર. દીકરા, સગુંવહાલું કોઈ મુંબઈ રળવા જવાનું નામ દે તો કપાળે આંટીઓ પડે. કહેશેઃ

"જ્યાં હલ બલ ને કછોટિયું ધણ[1] લઈને ધરતીનો જાયો રળે, ત્યાં બરકત એના ઘરની બાંદી થઈને તહેનાત ભરે. કાળજીવાળો ખેડૂત હળ હાંકે, પાળા બાંધે, ક્યાંરડાં ગોડે, દિવસ બધો કેડ્યે કાથી બાંધીને રળે, જે ભારો બાંધવા, તૂટ્યું સાંધવા, બળદનાં રાશજોતર કરવા, હજાર કામમાં ખપ લાગે. ઍન ઘડીએ સોધવા ન જવું પડે."

"કરેલું કામ જોવું: 'અહાહા! આટલું બધું વાઢી નાંખ્યું!' 'કેટલું બાકી રિયું તે ન જોયું". વળી કહેશેઃ

'ધણી ધોરી ને દીકરા, ત્રણે સરખા હકના ભાગીદાર. દીકરા કછોટિયું ધણ કે'વાય. કચ્છા ભીડીને દિવસ-રાત રળે. કણ નાંખે ને મણ કાઢે. એક નાંખે ને હજાર લે. કંઠીકણસલાના દાણા ગણી જુઓ. શાહુકાર નાંખે તેના સવાયા કરે, દોઢા-બમણા કરે. પણ એકના હજાર કરીને દેનારી ધરતી જેવો શાહુકાર બીજો જોયો? આવી માની ચાકરી કરવી છોડીને અભાગિયો હોય તે જ મુંબઈ જાય. કાં વરણાગિયો જાય. એવો મુંબઈની હવા ખાઈ આવેલો એક હોય તોય ખાંડી વસ્તારમાં ખાટલા વચ્ચેના ખીમ પઠેમ ખૂંચે!"

આંબાને કલ્પવૃક્ષ, અને અકેક કલમ ને 'માસિક ૮૦ રૂ. રળી દેનારો ગ્રેજ્યુએટ દીકરો' કહેતા. છોકરાં બહુ વહાલાં. ઘોડિયે સૂતેલાંની દોરી તાણે. હાલરડાં ગાય. રોતાંને થાબડે. તાંબડું તપેલું જે હોય તે ઠોકી વગાડીને તત્કાળ છાનાં રાખે.

**(13)**

શરૂમાં ત્યારની પ્રથા મુજબ દીકરાદીકરીનાં બાળલગ્નો કરેલાં. પણ આર્યસમાજના સંપર્ક પછી સમાજસુધાર અને સ્ત્રીશિક્ષણના આગ્રહી બન્યા. પછીની દીકરીઓ બધીને સીનીઅર ટ્રેન્ડ શિક્ષિકાઓ સુધીનું શિક્ષણ આપી મહેતીઓ કરીને જ મોટી ઉંમરે પરણાવી. એટલે સુધી કે એક કાળે આખા પંથકમાં જ્યાં જાઓ ત્યાં મૉનજી કુટુંબની બહેન દીકરીઓ જ શિક્ષિકાઓ જોવા મળતી!

દીકરાઓ માટે પણ વાડાબંધી તોડીને મળી ત્યાંથી કન્યાઓ લીધી. લક્ષ્મીબહેનના લગનમાં નાતીલા આવે નહિ, એટલે કોળી-કણબી સૌને નોતર્યાં. પ્રેમીબહેનના લગન અવસરે નાતજાતના આંતરા વગર અનાવલા, ઉજળિયાત, પારસી, દખણી, ધોડિયા, દૂબળા, વારણિયા (ઢોલી) તમામ ઇસ્ટમિત્રોને એકપંગતે બેસાડીને જમાડેલા!

દીકરી દેવામાં કહેવાતા કુળવાનોને પોતે થઈને જ ટાળે. કહેશે, "કટાયેલા વાસણમાં મારે છોકરીને નથી  નાંખવી."

વત્સલતા એવી ગાઢ કે ઘરમાં સાત દીકરીનો ઘાઘરીયો વસ્તાર, તોય ટાંડામાંની એક જમના મૂઈ તેનોય વરસ દિવસ સોગ પાળ્યો! લોક ટીકા કરે, "આવડી સેના ઘરમાં બેઠી છે તોય એક મૂઈ તેનો સોગ? તેમાં વળી એક પોરીનું પુનર્લગ્ન કીધું. આટલી આ બધીને કોણ પરણશે?"

તો કહેશેઃ "દીકરીનો બાપ હું. તમને કાંયનો ભાર લાગે? રાંડીને લેનારો નીકળ્યો, તો કુંવારીને લેનારો નહિ નીકળે? ઘાસિયાં ઘોડાને પેટિયાં ચાકર[2]નો ભાર વળી કેવો? પરણવા તો જે કાચું ખાતો ઑહે (રાંધનારી નહિ હોય ) તે આપમેળે આવહે ને લઈ જહે. કોઈ ને કોઈ માયનો જણ્યો તિને સારુ રોજ મા'ધેવને લોટો પાણી રેડતો જ ઑહે."

ભૂતપ્રેત વહેમના કટ્ટર વિરોધી. છોકરાંથી બીક લાગે છે એમ એમની પાસે કહેવાય જ નહિ. કહેશે, 'શેનાથી બિહાય છે? દેખડાવ.' એટલી એક જ બાબતમાં ઉગ્ર બની જતા. ફટકારવાની હદ લગી જતા.

૧.હળ, બળદ અને દીકરા.



૨.ચંદીચણા રાતબ વગર નરું ઘાસ ચરીને રહનારાં ઘોડાં, અને વગર પગારે નરા પેટવરાણે કામ કરનારા ચાકર

અનાવલાઓની શેખી અને નનામું લખવાની ટેવ, એ બે ટેવોને કોમની મોટી ઍબ અને ચરિત્રદોશ તરીકે ઓળખાવતા. લગનમરણના વરા વાંકડાના રિવાજો પર બહુ કશ્ટાતા. એ જ અનાવલાઓની પાયમાલીનો ઈતિહાસ છે એમ કહેતા. તમામ ભ્રામણ કોમની પડતી ઉપર તેવા જ અકળાતા,

છ[૧] છાંડ્યા, ચાર[૨] રાંડ્યા, ત્રણનું[૩] ન જાણ્યું નામ,

ટીલું તાણ્યું, ટપણું ખોસ્યું, ભ્રામણ મારું નામ.

આવા ભ્રામણને કોણ માને?

**(14)**

કથા-કીર્તન-ગરબા ગાવાનો શૉખ એવો જ જબ્બર. વડોદરા બાજુના ગાગરભટ કથા કરવા પારડી આવતા, તેની પાસેથી સાગ્રસંગીત કથા કરતાં વહેલી વયે જ શીખેલા. ઘોઘાર કંઠ અને આકર્ષક શૈલી. હજાર માણસ સહેજે સાંભળવા એકઠું થઈ જાય. ગાય તે તળાવ પાર સંભળાય. કથા પણ એવા જોમઉમંગથી અને તન્મયતાથી કરે કે શ્રોતૃવૃંદને ડોલાવે. જાતે રડે ને મેદની આખીને રડાવે.

હોળી ટાણે ગામનાં બૈરાં મોસમના ગરબા ગાતાં હોય તેમાં ભળી જાય. ઢેડું દૂબળું કશું ન જુવે. ને એવી હલકથી ગવડાવે કે લોક નાચી ઊઠે.

પોથીપુરાણમાંથી પુરશારથની વાતો તેટલી પકડે. કથાકીર્તનમાં આખા પરગણામાં મૉનજીની જોડ નહોતી. એકવાર સોનવાડાના કોઈ તાલેવંતે વરો કર્યો. ગામ આખાને ધુમાડબંધે નોતર્યું. પરગામનાંય તેટલાં. માણસ વીસ હજાર જેટલું. ગામમાં ઊભવાની જગા ન રહી. તેમાં પડ્યો વરસાદ! રાત પડી ક્યાં રાખવાં? કોઈને સૂઝ્યુંઃ

'મૉનજીની કથા કરાવો.'

વરસતા વરસાદ હેઠળ ટોળું રાત બધી ખુશીખુશી બેસી રહ્યું ને ડોલ્યું!

ગામડાંની તળપદી ભાષા પર અસાધારણ કાબૂ. કશું કહેતા સમજાવતા ઠસાવતા હોય ત્યારે ઈડિયમ ઉખાણાં ને કહેવતોની ઝડીઓ વરસે. બનાવે પણ ખરા, જેમકે,

'પુત્રનો મિત્ર તે પ્રાણવલ્લભ.'

'રાંડીને રવિવાર શા, ને મંગળવાર શા?'

'પરિણામનો ધણી પરમેહર' (નિશ્કામભાવે કર્મ કરો).

તેવી જ પ્રચલિત કહેવતોઃ

'ચોરની માનું ઘડામાં મોઢું.'

'હાથીના દાંત ને મરદનો બોલ, નીકળ્યા તે નીકળ્યા.'

'બૈરાંની (કર) કસર ને વહાણની સફર.'

'જસની હાણે જીવવું નકામું.'

નાટક સિનેમા કદી ન જોતા. ફોટા પડાવવાનો બહુ અણગમો. ખાદી પહેરતા, ને ગાંધીજીને બહુ માનતા. એકવાર ગાંધીજી નવસારી કે એવે ક્યાંક પડોશમાં આવેલા, ત્યારે કુટુંબ આખાને લઈને ગાંધીજીનાં દર્શન કરવા ગયેલા.

---

૧. ખટદર્શન, ૨. ચારવેદ, ૩. ગૃહસ્થાશ્રમ, સિવાયના ત્રણ આશ્રમ.

**(15)**

૧૯૩૭માં ૭૩ ઉમ્મરે કમળાના વ્યાધિમાં બે માસની માંદગી વેઠીને ગુજર્યા. મરણ દિન અગાઉ ઘર બહાર પોતાના જિગરજાન આંબાવાડિયામાં પહેલપ્રથમ વાવેલા આંબા તળે ખાટલો નંખાવેલો. આંબાને સંબોધીને કહેતાઃ

'ઉંમર આખી કલ્પવૃક્ષ ગણીને તમને ઉધેર્યાં છે. મારા વંશવેલાને પાલવજો.'

ઉદવાડાવાળા ગણપતરાવ દાક્તર આવે. તેમને પૂછેઃ

'નક્કી કહો, હવે કેટલા દિવસ રિયા'

'આઠ દસ.'

બરાબર એ જ પ્રમાણે સિધાવ્યા. મરવા આગમચ* નાગરજી વગેરે ઘરનાં મોટેરાં ફરજંદને બોલાવ્યાં. કહેઃ 'આપણો વસ્તાર ખાંડીએ ગણાય એવડો. બધાં પહોંચે તાં લગણ રાખી નૉ મેલતા. તરત ફેંસલ કરજો.' મરણને દિવસે ગામમાં જ બીજા બે નાતીલાનાં મરણ થયાં. ત્રણેની સ્મશાનયાત્રાઓ નીકળી. પણ મૉનજી નાયકને આંગણે નાતપરનાત ગામ બધું ઊમટ્યું. વસનજી ભગવાનજી ન્યાત પટેલ. જિંદગી આખી મૉનજીના શત્રુદળનો અગ્રણી. પણ આજે સૌ પહેલો પહોંચ્યો! કહે, 'સિંહ ગયો. નર ગયો. ગામમાં એકલો એ જ એક ખરો ભડવીર હતો. ધન એની ટેકને ને એના બિરુદને, ધન એની જણનારીને!'

જાતેપોતે નનામી બાંધી, અને ખાંધ પણ આપી!

મસાણે મનખો માય નહિ.

**(16)**

આ મહાપુરુષનાં દર્શન સમાગમનું ભાગ્ય તો મને ન લાધ્યું, પણ ૧૯૪૫માં મારા પરમસ્નેહી સ્વ. છોટુભાઈ દેસાઈએ એમની દીકરી આ જૂના બહિષ્કૃત કુટુંબમાં ભારે ખુશીપૂર્વક ચાહીચલવીને દીધી, ત્યારે હું આ કુટુંબના સમાગમમાં આવ્યો; અને ત્યારે જ પોતાની આખાઈ માટે નામચીન એવી અનાવલા કૉમમાં આવડું સૌજન્ય અને સંસ્કારિતા હોઈ શકે, એ મને જોવા મળ્યું. મૉનજી નાયક તો ત્યારે દેવ થઈ ગયેલા. પણ જી હયાત. અને હું પારડી ઉદવાડા નજીક વાપી ગામે રહેતો. તેથી એકથી વધુ વેળા તેમનાં દર્શન કરવા ભાગ્યશાળી થએલો. મોટું હાડ, ભારે શરીર, ઊઠતાં મુશ્કેલી પડતી. એમની ઉધેરેલી આંબાવાડીમાં દીકરાઓએ મકાનો કરેલાં ત્યાં રહેતાં.

આ અરસામાં એમના જ્યેષ્ઠ પુત્ર શ્રી નાગરજી વેવાઈએ જીનાં છેલ્લાં દર્શન-સમાગમ અર્થે કુટુંબમેળો ગોઠવ્યો, અને બહુ પ્રેમપૂર્વક મને પણ સૌ સાથે અઠવાડિયું રહેવા નોતર્યો. હું ખુશીખુશી ગયો, અને ચારપાંચ દિવસ રોકાયો.

પૃથ્વીના પેટાળમાં હીરા પાકે ને દરિયાની છીપે સાચાં મોતી પાકે, તેમ દુઃખ ઉદ્વેગ અને વિપદોની ઝડી હેઠળ જ સાચી માણસાઈ અને સજ્જનતાની કુમાશ કઈ રીતે પાકે છે, એનું સચોટ દર્શન આ કુટુંબમેળા દરમ્યાન મને થયું. એ પુણ્યપર્વની સ્મૃતિ રૂપે, તે વખતે કરેલી નોંધોને આધારે એ મહાનુભાવ દંપતીની વિભૂતિને ભક્તિભાવે આ અલ્પ અર્ઘ્ય અર્પીને કૃતાર્થ થાઉં છું.

*પહેલેથી, આગળથી.

## 14.4 કૃતિનો સારાંશ

પ્રસ્તુત પાઠમાં તત્કાલીન પરિસ્થિતિનો અડગતાપૂર્વક સામનો કરનાર વ્યક્તિના વ્યક્તિત્વની રેખાઓ ઉપસાવવામાં આવી છે. ગમે તેવી કપરી પરિસ્થિતિમાં દઢ મનોબળ ધરાવતી વ્યક્તિ આવી પડેલા પડકારોનો કેવી રીતે સામનો કરે છે તેનું સુંદર દર્શન અહીં રજૂ થયું છે. સામાન્ય રીતે પોતાના વિરોધીઓ ઉપર વેર લેવાની ભાવના મનુષ્યમાં પડેલી હોય છે. પરંતુ અહીં આલેખાયેલ પાત્રમાં તો ભારોભાર ક્ષમાવૃત્તિ જોવા મળે છે.

ઓછું ભણેલ પણ વધુ સમજ કેળવાયેલ એવા મૉનજી રૂદરનો સ્વભાવ શાંત, કૂડકપટ વગરનો, સતત ઉદ્યમી અને પ્રામાણિક. શત્રુવટ કરનારને પણ નુકસાનમાં ઉતારવાથી દૂર રહેનાર. સામાજિક બહિષ્કારથી ડર્યા વિના પોતાને જે સૂઝે તે પ્રમાણે સુધારવામાં આગળ વધનાર- મૉનજી રૂદરે દીકરાઓનાં લગ્ન વાડાબંધી તોડી, મળી ત્યાંથી કન્યાઓ લઈ કર્યા. પ્રસંગોમાં નાતીલાઓ ન આવે તો અન્ય જ્ઞાતિના લોકોને નિમંત્રે. નાતજાતના આંતર વગર સૌને સાથે બેસાડીને જમાડે. મૉનજી રૂદરના ચરિત્રની રેખાઓ એવી તો આબેહૂબ ઉપસાવી છે કે વાચકની સમક્ષ તે જીવંત થઈ જાય છે. જ્ઞાતિના લગ્નમરણના વરા અને વાંકડાના રિવાજો સામે આક્રોશ વ્યક્ત કરતાં મૉનજી રૂદર કહેતા કે એ અનાવલાઓની પાયમાલીનો ઇતિહાસ છે. કથાકીર્તન કરવાના મૉનજી રૂદરના શોખનું અને તેની આકર્ષક શૈલીનું લેખકે આબેહૂબ વર્ણન કર્યું. પોતે ઉછેરેલા આંબાઓ પ્રત્યે મૉનજીને અદ્ભુત પ્રેમ. અવસાન પહેલાં પોતાના જિગરજાન આંબાવાડિયામાં સૌ પ્રથમ રોપેલા આંબાં તળે ખાટલો નંખાવેલો.

લેખકને દુઃખ, ઉદ્વેગ અને વિષાદોની વચ્ચે પાંગરતી માણસાઈ અને સજ્જનતાનાં દર્શન મૉનજી રૂદરના કુટુંબમેળામાં થયેલાં.

## 14.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

**ભૂમિકાઃ** મૉનજી રૂદરના સ્વામી આનંદે આલેખેલા ચરિત્રચિત્રણમાંથી ખંડ ૧૧થી ૧૬ અત્રે અભ્યાસ માટે પસંદ કરાયા છે. તેનો ખંડવાર ઝીણવટથી અભ્યાસ કરીએ.

**ખંડ : 11**

પ્રસ્તુત રેખાચિત્રનો આરંભ મૉનજીના સ્વભાવની લાક્ષણિકતાઓના આલેખનથી લેખકે કર્યો છે. ચરિત્રનાયકનો અપત્યપ્રેમ- સંતાનો પ્રત્યેનો પ્રેમ એવો અખૂટ હતો કે લેખક તેને લગભગ નબળાઈ લેખાય તેવો ગણાવે છે.

મૉનજી રૂદર શત્રુનેય નુકસાનમાં ઉતારવા જરાય રાજી નહીં. જમીન વેચાણ જેવા પ્રસંગે સામા માણસની ધારણા કરતાંય અધિક કિંમત ચૂકવે! મૉનજીમાં ક્ષમાવૃત્તિ પણ અપાર. નાતીલાઓએ કરેલા સામાજિક બહિષ્કાર વખતે તેમના ખોફને દૂધનો ઊભરો ગણાવનાર મૉનજીનું ઔદાર્ય પણ ઉલ્લેખનીય છે.

મૉનજીના નેક વ્યવહારને કારણે પારસી, વેપારી, દૂબળા, વણકર વગેરેએ હંમેશાં મુશ્કેલી વેળાએ તેમની પડખે રહીને મદદ કરેલી. ગામલોકોમાંથી કેટલાક તો શેરડી, કેરી વગેરે ચીજવસ્તુઓ છાનામાના આવીને મૉનજીને આંગણે નાંખી જતા.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ક):</u>**

1. લેખકે આલેખેલ મૉનજીના સ્વભાવનું શબ્દચિત્ર તમારા શબ્દોમાં રજૂ કરો.
2. મૉનજીની ઉદારતાનાં દર્શન કયા પ્રસંગોએ થાય છે?

3. સામાજિક બહિષ્કાર વખતે મૉનજીને કોનો સધિયારો મળેલો?

4. મૉનજી પ્રત્યે કૂણી લાગણી ધરાવતા નાતીલાઓ તેમને કઈ રીતે મદદરૂપ થતા?

**ખંડ : 12**

નાતમાંથી બહિષ્કૃત થયેલા મૉનજીએ તેને ઈશ્વરના આશીર્વાદ ગણી પુરુષાર્થ આદર્યો અને ઉમરસાડીમાં આંબા ઉછેરવા માંડ્યા. તેમાં તેમને ગુલાબભાઈ ડાહ્યાભાઈની મદદ મળી. કલમી આંબાની જંગી આવક આજે ગામ મેળવે છે. મૉનજી બે પાંદડે થતાં તેમણે જમીન વધારવા માંડી. જેમની જમીન લીધી તેમને વાજબી કિંમત કરતાં પણ વધુ ચૂકવી. અણહકનું લેવાની વૃત્તિ કદી ન રાખી.

ખેતી ઉપર અનહદ પ્યાર. શહેરમાં રળવા જનારને અભાગિયો કે વરણાગિયો કહે. મૉનજીને એવા માણસો ખીલાની જેમ ખૂંચતા. માસિક રૂ. ૮૦ રળી આપનાર આંબાને તે 'ગ્રેજ્યુએટ દીકરો' કહેતા.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ખ):</u>**

1. બહિષ્કારને મૉનજીએ ઈશ્વરનો આશીર્વાદ શાથી ગણાવ્યો?
2. મૉનજીને કયો ઇલમ હાથ લાગ્યો? તે કોણે શીખવ્યો?
3. મૉનજીની ઉદાર વૃત્તિનાં દર્શન શામાં થાય છે?
4. ખેતી અને ખેડૂત વિશે મૉનજી શું માનતા?
5. ખેતી છોડી શહેરમાં રળવા જનારને તે શું કહેતા?

**ખંડ : 13**

શરૂમાં મૉનજીએ જ્ઞાતિના રિવાજ મુજબ સંતાનોનાં બાળલગ્નો કરેલાં. પરંતુ આર્યસમાજના સંપર્કમાં આવ્યા પછી વિચારોમાં પરિવર્તન આવ્યું અને સમાજસુધારા અને સ્ત્રીશિક્ષણ તરફનું વલણ કેળવાયું. તે પછી બાકીની દીકરીઓને સિનિયર ટ્રેન્ડ કરી શિક્ષિકાઓ બનાવી મોટી ઉંમરે પરણાવી.

દીકરાઓને પણ ગોળ બહારની કન્યાઓ સાથે પરણાવ્યા. દીકરીઓના લગ્નપ્રસંગે નાતીલાઓ આવ્યા નહીં, એટલે કોઈ પણ જાતના આંતરા વગર કોળી, કણબી, પારસી, દખણી, ધોડિયા, દૂબળા તમામને એકપંગતે બેસાડીને જમાડ્યા. તેમાં એક નીડર સમાજસુધારક મૉનજીનાં દર્શન થાય છે.

મૉનજી કહેવાતા કુળવાનોની ટીકા કરે. પોતાને જે સાચું લાગે તે જ કરે. જ્ઞાતિના રિવાજ અનુસાર સ્ત્રીનું પુનર્લગ્ન ન કરી શકાય, એ જમાનામાં મૉનજીએ એક દીકરીનું પુનર્લગ્ન કર્યું. જ્ઞાતિજનો ટીકા કરવા લાગ્યા. તેમને તે સણસણતો જવાબ આપતા, 'દીકરીનો બાપ હું, તમને કાંયનો ભાર લાગે? રાંડેલીને લેનારો નીકળ્યો, તો કુંવારીને લેનારો નહિ નીકળે ?'

ભૂતપ્રેતવહેમના તે કટ્ટર વિરોધી હતા. અનાવિલ જ્ઞાતિની કેટલીક નબળાઈઓને તેની પડતીનું કારણ લેખતા.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ગ):</u>**

1. સમાજસુધારાની બાબતમાં મૉનજીનું વલણ ક્યારે બદલાયું?
2. સ્ત્રીશિક્ષણ પ્રત્યેનો મૉનજીનો અભિગમ કેવો હતો? તે માટે તેમણે ક્યાંથી શરૂઆત કરી?

3. મૉનજીની નીડરતાનાં દર્શન કયા પ્રસંગે થાય છે?

4. સમાજસુધારક મૉનજીની ટીકા લોકો કઈ રીતે કરતા?

5. પોતાની જ્ઞાતિની ખાસિયતો સામે મૉનજી કેવી રીતે રોષ ઠાલવતા?

**ખંડ : 14**

મૉનજી રૂદરને કથાકીર્તન અને ગરબાનો ભારે શોખ હતો. કંઠનું માધુર્ય અને કથનરીતિ ચિતાકર્ષક. કથા તન્મય થઈને કરે. કથાના પ્રસંગો સાથે એવા તો ઓતપ્રોત થઈ જાય કે શ્રોતાવૃંદને ડોલાવે, કરુણરસના વર્ણનમાં મેદનીને રડાવે.

હોળી ટાણે સ્ત્રીઓ ગરબા ગાતી હોય તેમાં કોઈ પણ જાતના ક્ષોભ વગર ભળી જાય. હલકથી ગરબા ગાય અને ગવડાવે.

કહેણી એટલી અસરકારક કે શ્રોતાઓને કલાકો સુધી ટાઢ, તાપ કે વરસાદની ઝડી વચ્ચેય જકડી રાખે. સોનવાડામાં એક ધનવાનને ત્યાં જમવા એકત્ર થયેલ વીસ હજાર માણસને, ભારે વરસાદ પડતાં રાત રોકવાનો પ્રસંગ ઊભો થયો. ક્યાંય ઊભા રહેવાનીય જગ્યા નહોતી. કોઈએ મૉનજીની કથા કરાવવાનું સૂચન કર્યું ને વરસતા વરસાદ હેઠળ ટોળું આખી રાત ખુશીથી કથા સાંભળતું બેસી રહ્યું.

તળપદી બાની (diction) ઉપર મૉનજીનો અદ્ભુત કાબૂ. કથનમાં ઉખાણાં અને કહેવતોનો છૂટથી ઉપયોગ કરે.

નાટક-સિનેમા કદી ન જુએ. ફોટા પડાવવાથી તે દૂર રહેતા. ખાદી પહેરતા. ગાંધીજી ઉપર અખૂટ શ્રદ્ધા.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ઘ):</u>**

1. મૉનજીને શાનો શોખ હતો?

2. મૉનજી શ્રોતાઓને કઈ રીતે જકડી રાખતા?

3. મૉનજીની કથનશૈલીની કઈ વિશિષ્ટતા હતી?

4. મૉનજી ઉપર કોનો પ્રભાવ હતો?

**ખંડ : 15**

મૉનજી રૂદરનું અવસાન ૭૩ વર્ષની ઉંમરે ૧૯૩૭માં કમળાના વ્યાધિથી થયું. અવસાન અગાઉ પોતાના હાથે ઉછેરેલ આંબાવાડિયામાંના આંબા હેઠળ ખાટલો નાંખેલો. પોતાના પ્રાણપ્યારા આંબાઓને કલ્પવૃક્ષ કહીને સંબોધતા.

અવસાન પહેલાં દાક્તરને મૃત્યુ અંગે પૂછેલું ત્યારે દાક્તરે આઠદસ દિવસની અવધી આપેલી. તે પ્રમાણે જ થયું. પોતાના પુત્રોને બોલાવીને કહેલું કે કુટુંબનાં બધાં આવી પહોંચે ત્યાં સુધી મારા મૃતદેહને રાખી ન મૂકશો. તરત ફેંસલો કરજો.

મૉનજીની સ્મશાનયાત્રામાં ગામલોકો મોટી સંખ્યામાં ઊમટ્યા. મૉનજી સાથે જેણે જીવનભર શત્રુતા રાખી હતી તે ન્યાતપટેલ વસનજી ભગવાનજીએ મૉનજીને અવસાન બાદ આપેલી અંજલિમાં કહ્યું કે,'સિંહ ગયો. ગામમાં એકલો એ જ એક ખરો ભડવીર હતો.'

**<u>તમારી પ્રગતિ ચકાસો (ચ):</u>**

1. મૉનજીને કઈ બીમારી લાગુ પડી? તેનું શું પરિણામ આવ્યું?

2. અવસાન પહેલાં મૉનજીએ આંબાને શી વિનંતી કરી?

3. મરતાં પહેલાં પોતાનાં સંતાનોને શું કહ્યું?

4. ન્યાતપટેલે મૉનજીને કઈ રીતે અંજલિ આપી?

5. મૉનજીની લોકપ્રિયતાનું પ્રતિબિંબ શામાં જોવા મળે છે?

**ખંડ : 16**

સ્વામી આનંદને મનમાં એક વસવસો રહી ગયો કે પોતે મૉનજી રૂદરને મળી ન શક્યાં. લેખક તો છેક ૧૯૪૫માં સ્વ. છોટુભાઈ દેસાઈએ પોતાની પુત્રી મૉનજી રૂદરના બહિષ્કૃત કુટુંબમાં સામે ચાલીને પરણાવી ત્યારે તે કુટુંબના સંપર્કમાં આવ્યા. મૉનજીના કુટુંબનું સૌજન્ય અને તેની સંસ્કારિતા લેખકને મોડી જાણવા મળી.

લેખક મૉનજી નાયકને તો મળી શકેલા નહીં, પરંતુ તેમના પત્નીને એકથી વધુ વાર મળવા ભાગ્યશાળી થયેલા. આંબાવાડીમાં દીકરાઓએ બાંધેલા મકાનમાં તે (જી) રહેતાં.

મૉનજીના જ્યેષ્ઠ પુત્રે ગોઠવેલા કુટુંબમેળામાં લેખક ચારપાંચ દિવસ રોકાયેલા તેનું મધુર સ્મરણ કરતાં તેઓ લખે છે, 'પૃથ્વીના પેટાળમાં હીરા પાકે ને દરિયાની છીપે સાચાં મોતી પાકે. તેમ દુ:ખ અને ઉદ્વેગ અને વિપદોની ઝડી હેઠળ જ સાચી માણસાઈ અને સજ્જનતાની કુમાશ કઈ રીતે પાકે છે, એનું સચોટ દર્શન આ કુટુંબમેળા દરમિયાન મને થયું.'

**<u>તમારી પ્રગતિ ચકાસો (છ):</u>**

1. લેખકને શાનો વસવસો રહી ગયેલો?

2. મૉનજીના કુટુંબની સંસ્કારિતાનો પરિચય લેખકને ક્યારે થયો?

3. લેખક મૉનજીના કુટુંબ સાથેનાં સંસ્મરણોને કઈ રીતે વાગોળે છે?

## 14.6 વસ્તુલક્ષી કસોટી

**<u>તમારી પ્રગતિ ચકાસો (જ):</u>**

નીચે આપેલ દરેક વિધાનની પૂર્તિ તેની નીચે આપેલ વિકલ્પો પૈકી તમે યોગ્ય વિકલ્પ પસંદ કરીને કરો:

1. દીકરાદીકરી કોઈને મૉનજી આંખની ઓઝલ ન થવા દેતા, કારણ કે…

   (1) રૂઢિચુસ્તોના હુમલાનો તેમને સતત ડર રહેતો.

   (2) તેમને ડર હતો કે સંતાનો કહ્યામાં નહીં રહે.

   (3) સંતાનોને તેઓ ખૂબ ચાહતા હતા.

2. મૉનજીએ એમનો બહિષ્કાર કરનાર સામે કદીએ ફરિયાદ નહોતી કરી, કારણ કે…

   (1) જાલિમ નાતીલાઓ તેમને વધુ સતાવશે એવી સતત ભીતી રહેતી.

   (2) મૉનજીના સ્વભાવમાં ક્ષમાવૃત્તિ હતી.

   (3) ફરિયાદી મૉનજીના સાક્ષી થવા કોઈ તૈયાર નહોતું.

3. મૉનજીને ઉદવાડાના પારસીઓ ખૂબ ચાહતા હતા, કારણ કે…

(1) મૉનજીનું ચારિત્ર્ય શુદ્ધ અને વ્યવહાર નેક હતાં.

(2) તે પારસીઓના ધર્મગુરુ હતા.

(3) તે પારસીઓને ધીરધાર કરતા હતા.

4. સામાજિક બહિષ્કાર મૉનજીને માટે આશીર્વાદરૂપ નીવડ્યો, કારણ કે...

(1) તેનાથી તેમને કમાણી કરવા મુંબઈ શહેરમાં જવાની તક મળી.

(2) એકાંતવાસમાં રહી ભક્તિ કરી શક્યા.

(3) ખેતીના વ્યવસાયમાં પ્રવેશી અખંડ પુરુષાર્થ કરવા મળ્યો.

5. મૉનજી જમીનની કિંમત ઘણી વાર વાજબી કરતાં વધારે ચૂકવે, કારણ કે...

(1) તેમને જમીનની કિંમત કરતાં આવડતું નહોતું.

(2) કોઈને નિચોવી લેવાની કે અણહકનું તાણી લેવાની વૃત્તિ તેમનામાં નહોતી.

(3) તે ખૂબ ઉડાઉ હતા.

## 14.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

**(1) નીચેનાં વાક્યો વાંચોઃ**

- **ધણી ધોરી ને દીકરા**, ત્રણે સરખા હકના ભાગીદાર.
- મુંબઈની હવા ખાઈ આવેલો એક હોય તોય ખાંડી વસ્તારમાં **ખાટલા વચ્ચેના ખીલ પઠેમ ખૂંચે!**
- **ઘાસિયાં ઘોડાં ને પેટિયા ચાકર**નો ભાર વળી કેવો?

પહેલાં વાક્યમાં 'ધણી ધોરી ને દીકરા' એટલે ભગવાન, બળદ અને દીકરાઓ; બીજા વાક્યમાં 'ખાટલા વચ્ચેના ખીલ પઠેમ ખૂંચે' એટલે 'સૂવાની પથારીની વચ્ચે ખીલો હોય અને તે ખૂંચે' ત્રીજા વાક્યમાં 'ઘાસિયાં ઘોડાં અને પેટિયા ચાકર' એટલે 'ઘાસ ચરીને રહેનારા ઘોડાં અને વગર પગારે માત્ર બે ટંક રોટલા મળે તો પણ કામ કરનાર ચાકર.'

આવા રૂઢિપ્રયોગથી તમે પરિચિત નહીં હો. આવા રૂઢિપ્રયોગો સ્થાનિક કક્ષાએ પ્રયોજાતા હોય છે. જે તે પ્રદેશના લોકો પ્રયોજતા હોય તેના સિવાયના લોકોને માટે આ પ્રયોગો નવા-અજાણ્યા લાગે.

સામાન્ય રીતે કોઈ એક ભાષા-ભાષી સમાજમાં બોલીઓ અનેક હોય છે. આપણી ગુજરાતી ભાષાની એક કહેવત 'બાર ગાઉએ બોલી બદલાય' એ તો તમે સાંભળી હશે. ગુજરાતના જુદાજુદા વિસ્તારમાં જાઓ તો ગુજરાતી ભાષા જુદીજુદી રીતે બોલાતી સાંભળવા મળશે. પણ લખાતી ભાષા બોલી કરતાં કેટલીક રીતે જુદી પડે છે. એ લખાતી ભાષાને આપણે 'શિષ્ટ' અને 'શુદ્ધ' માન્ય ભાષા (Standard Language) ગણીએ છીએ. ભણેલાગણેલા લોકો આ શિષ્ટ ભાષા બોલવા પ્રયત્ન કરે છે. પરંતુ આ લખાતી ભાષા જ 'શિષ્ટ' અને બોલી તે 'અશિષ્ટ' તે ખ્યાલ ખોટો છે તે ધ્યાનમાં રાખો.

માન્ય ભાષાનું સ્વરૂપ એક ભાષા બોલતી પ્રજાની જુદીજુદી બોલીઓ પરથી ઘડાય છે. વિવિધ બોલીઓ પરથી વિકસેલી માન્ય ભાષાને પોતાનું વ્યાકરણ હોય છે તેમ જ લિપિ પણ હોય છે.

ઔપચારિક શિક્ષણ પણ માન્ય ભાષા દ્વારા જ અપાય છે. લેખકો સાહિત્યસર્જન પણ માન્ય ભાષામાં કરે છે.

બોલીને પણ પોતાનું આગવું વ્યાકરણ હોય છે જે કેટલેક અંશે માન્ય ભાષાના વ્યાકરણને મળતું આવતું હોય છે. બોલીને સામાન્ય રીતે પોતાની લિપિ નથી હોતી. બોલીના ઘણા ધ્વનિઓનું ઉચ્ચારણ કરવા માટે માન્ય ભાષાની લિપિ ઉપયોગમાં લેવાતી હોય છે.

બોલીમાં એક પ્રકારની તળપદી તાકાત હોય છે. સમર્થ સર્જક પોતાના સર્જનમાં બોલીની વિવિધ છટાઓ પ્રગટ કરે છે. તેના દ્વારા લેખક જે તે પ્રદેશને આપણી સમક્ષ ખડો કરી દેતો હોય છે.

અહીં આલેખાયેલ મૉનજી રૂદરના રેખાચિત્રમાં લેખક દક્ષિણ ગુજરાતની બોલીનો છૂટથી પ્રયોગ કરીને અસરકારકતા ઊભી કરે છે. બે પાત્ર વચ્ચેના સંવાદમાં કે ચરિત્રનાયકની ઉક્તિઓમાં બોલીની તળપદી તાકાતનાં દર્શન થાય છે.

સ્વામી આનંદ તળપદી બોલીના પ્રયોગો કરવામાં અનન્ય રહ્યા છે.

<u>તમારી પ્રગતિ ચકાસો (ઝ):</u>

'મૉનજી રૂદર' ચરિત્રનિબંધમાં ગ્રામબોલીના શબ્દો અને તેની છટાઓવાળાં વાક્યો તારવી આપો.

**(2) <u>નીચેનાં વાક્યો જુઓ:</u>**

- ન્યાતનો ખોફ દૂધનો ઊભરો કહેવાય. ઘડીમાં બેસી જવાનો
- દીકરા, સગુંવહાલું કોઈ મુંબઈ રળવા જવાનું નામ દે તો કપાળે આંટીઓ પડે.
- પરણવા તો જે કાચું ખાતો ઑહે તે આપમેળે આવહે ને લઈ જહે.
- આપણો વસ્તાર ખાંડીયે ગણાય એવડો.

ઉપરનાં વાક્યોમાં ગ્રામબોલીના શબ્દો પ્રયોજી લેખકે પોતાની શૈલીની આગવી છટાઓ પ્રગટાવી છે. ન્યાતના ખોફને દૂધના ઊભરા સાથે સરખાવી જેમ ઊભરો ક્ષણમાં શમી જાય છે તેમ ન્યાતનો ખોફ-ગુસ્સો પણ થોડા વખતમાં જ શમી જતો જોવા મળે છે એમ દર્શાવ્યું છે. બહુ જ થોડા શબ્દોમાં ઘણુંબધું કહેવાની શક્તિ ભાષાના રૂઢિપ્રયોગોમાં જોવા મળે છે. બીજા વાક્યમાં 'કપાળે આંટીઓ પડે' એવો સ્થાનિક રૂઢિપ્રયોગ કરીને ચરિત્રનાયકના વ્યક્તિત્વની લાક્ષણિકતા દર્શાવી છે. ગુસ્સાને વર્ણવવા 'કપાળે આંટીઓ પડવી' પ્રયોગ અસરકારક નીવડે છે. આવા જ બીજા પ્રયોગો ઉપરનાં વાક્યોમાં જોવા મળે છે જેમ કે, 'કાચું ખાતો ઑહે'માં 'કાચું ખાધું' એટલે 'રાંધનારી નહિ હોય' એ રૂઢિપ્રયોગની સાથે 'ઑહે' ગ્રામબોલીનો શબ્દપ્રયોગ થયો છે. 'વસ્તાર ખાંડીયે ગણાય' દ્વારા બહોળું કુટુંબ હોવાનો નિર્દેશ થયો છે.

આમ, સ્વામી આનંદની રચનાઓમાં રૂઢિપ્રયોગો અને કહેવતોની બહુલતા જોવા મળે છે.

**(3) <u>નીચેનું વાક્ય જુઓ:</u>**

- ખેડૂત દિવસ બધો કેડ્યે કાથી બાંધીને રળે.

કેડ્યે કાથી બાંધી રળવું એટલે ભારે પરિશ્રમ કરવો. શરીરના અંગોને લગતા ઘણા રૂઢિપ્રયોગો છે. એને લગતા નીચેના સ્વાધ્યાય કરોઃ

**<u>તમારી પ્રગતિ ચકાસો (ટ):</u>**

નીચે 'કેડ' શબ્દ જેમાં આવતો હોય એવા રૂઢિપ્રયોગો અને તેની સામે તેના અર્થો આડાઅવળા ક્રમમાં આપ્યા છે, જે-તે રૂઢિપ્રયોગોનો અર્થ તેની સામે લખો.

| | |
|---|---|
| 1. કેડ નમાવવી | 1. પૂરી તૈયારી કરવી. |
| 2. કેડ બાંધવી | 2. ખંત, ઉત્સાહ, મહેનતથી કામ કરવું. |
| 3. કેડ ભાંગી જવી | 3. ઉછેરેલ હોવું. |
| 4. કેડનો રમાડેલ | 4. નબળા થઈ જવું, નાસીપાસ થઈ જવું. |

**<u>તમારી પ્રગતિ ચકાસો (ઠ):</u>**

'કાન' અને 'હાથ' ઉપરથી બનેલાં પાંચ-પાંચ રૂઢિપ્રયોગો તેમના અર્થ સાથે આપો. એ રૂઢિપ્રયોગો વાક્યમાં પણ વાપરી બતાવો.

**(4) <u>નીચેનું વાક્ય વાંચો:</u>**

- મુંબઈની હવા ખાઈ આવેલો એક હોય તોય ખાંડી વસ્તારમાં ખાટલા વચ્ચેના **ખીલ પઠેમ** ખૂંચે!

લેખક પોતાની વાત અસરકારક રીતે કહેવા માટે જેમ રૂઢિપ્રયોગો-કહેવતોનો ઉપયોગ કરે છે તેમ અલંકારો પણ વાપરે છે. ઉપરના વાક્યમાં લેખકે 'મુંબઈની હવા ખાઈ આવેલો એક હોય તોય ખાંડી વસ્તારમાં ગોઠવાઈ ન શકે' એમ કહ્યું હોત તો? તો તે અસરકારક કદાચ ન બન્યું હોત. ખીલ એટલે ખીલો - અણીદાર વસ્તુ ટાંકણી, ખીલો વગેરે હોય તો તે ઊંઘ આવવા દેતો નથી અથવા ખટકાયા કરે છે. 'ખાટલા વચ્ચેનો ખીલ' - એમ કહેવાથી આપણી નજર સમક્ષ રૂની તળાઈની વચ્ચે ખીલો ખોસ્યો હોય એવું ચિત્ર ખડું થાય છે. ખટકતી વ્યક્તિને ખીલા સાથે સરખાવી છે. આમ, અહીં ઉપમા અલંકાર વપરાયો છે. જેને ઉપમા આપી હોય તેને ઉપમેય, જેને ઉપમા આપવામાં આવી હોય તે ઉપમાન અને જે બાબતનું સરખાપણું હોય તેને સાધારણ ધર્મ કે સાધર્મ્ય કહેવામાં આવે છે તે તમને યાદ હશે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ડ):</u>**

નીચેનાં ઉપમા અલંકારનાં ઉદાહરણોમાંથી, ઉપમેય અને ઉપમાન તારવી બતાવો. જો સાધારણધર્મનો ઉલ્લેખ હોય તો તે નોંધો; ન હોય તો ન હોવાની નોંધ કરો:

1. અમારા એ દાદા વિપુલ વડના ઝુંડ સરખા.
2. કાળસમોવડ તરંગ ઉપર ઊછળે આતમનાવ.
3. તેની આંખો લીંબુની ફાડ જેવી મોટી હતી.
4. સ્વામી વિવેકાનંદ શક્તિના ધોધ જેવા હતા.
5. હીરાની કણિકા સમાન ઝળકે તારા.

## 14.8 પુનરવલોકન

**તમારી પ્રગતિ ચકાસો (ઢ):**

સમગ્ર પાઠ પર આધારિત નીચેના પ્રશ્નોના જવાબ આપો:

1. મૉનજી સંતાનોને આંખથી અળગાં કેમ નહોતા કરતા?
2. મૉનજીને સૌથી ધરખમ હૂંફ કોની હતી?
3. મૉનજીએ ગામમાં કેટલા આંબા ઉછેર્યા? તેની કેટલી વાર્ષિક આવક થતી?
4. મૉનજી કામને કઈ રીતે જોતા?
5. આંબાને મૉનજી શાની ઉપમા આપતા?
6. કહેવાતા કુળવાનો પ્રત્યે મૉનજીનું વલણ કેવું હતું?
7. સમાજની ટીકાઓનો મૉનજી કઈ રીતે જવાબ આપતા?
8. મૉનજી શાના કટ્ટર વિરોધી હતા?
9. 'ધન એની ટેકને ને એના બિરૂદને, ધન એની જણનારીને!' - મૉનજી માટે ન્યાતપટેલે આમ શાથી કહ્યું હશે?
10. લેખક પોતાની જાતને ક્યારે કૃતાર્થ માને છે?

**તમારી પ્રગતિ ચકાસો (ણ):**

(ક) નીચેના રૂઢિપ્રયોગોના અર્થ આપી તેનો વાક્યમાં પ્રયોગ કરો:

પરિણામનો ધણી પરમેહર; ખાંડીયે ગણાવું; આંખથી ઓઝલ ન થવું; મનમાં ધડ બેસવી; કછોટિયું ધણ હોવું; હવા ખાવી; કટાયેલું વાસણ હોવું; જોડ ન હોવી.

(ખ) નીચેની કહેવતો સમજાવો:

ચોરની માનું ઘડામાં મોઢું; હાથીના દાંતને મરદનો બોલ, નીકળ્યા તે નીકળ્યા; બૈરાંની કરકસરને વહાણની સફર; જસની હાણે જીવવું નકામું.

## 14.9 લેખન-પ્રવૃત્તિ

**તમારી પ્રગતિ ચકાસો (ત):**

સમાજસુધારાની ભાવના જેનામાં ચરિતાર્થ થઈ હોય એવા કોઈ મહાપુરુષનો સંક્ષેપમાં પરિચય આપો.

## 14.10 વિશેષ અધ્યયન

### 14.10.1 કર્તા-પરિચય

ઈ.સ. ૧૮૮૭ના સપ્ટેમ્બરની ૧૯મી તારીખે શિયાણી (સૌરાષ્ટ્ર) મુકામે સ્વામી આનંદ(મૂળ નામ હિંમતલાલ રામચંદ્ર દવે)નો જન્મ. ઔપચારિક શિક્ષણથી વંચિત સ્વામી આનંદના ગદ્યમાં ગુજરાતી ગદ્યની આગવી વિશેષતા પ્રગટ થતી જોવા મળે છે.

'કુળકથાઓ' અને 'બચપણનાં બાર વરસ' એ બે સ્વામી આનંદની વિશિષ્ટ કૃતિઓ છે. 'કુળકથાઓ'માં મુંબઈ આવી વસેલાં ભાટિયા કુટુંબોનાં અગ્રણીઓનાં ચરિત્રો આલેખ્યાં છે.

'બચપણનાં બાર વરસ' પુસ્તકમાં લેખકે પોતાના બાળપણ વિશે લખ્યું છે. 'ધરતીની આરતી'માં ચરિત્રનિબંધો સંગૃહીત થયા છે.

'હિમાલયનાં તીર્થસ્થાનો' અને 'ઉત્તરાપથની યાત્રા' સ્વામી આનંદના નોંધપાત્ર પ્રવાસગ્રંથો છે જેમાં તેમણે જે તે પ્રદેશના જનજીવનનું આબેહૂબ દર્શન કરાવ્યું છે. સ્વામી આનંદે રચેલાં ભજનોમાં સદ્ગુરુનું મહત્ત્વ અને કૃષ્ણભક્તિ જેવા વિષયો મુખ્ય છે.

તેમનાં ભજનો અદ્યપિ અપ્રગટ છે.

'ધનારીનો આંગળિયાત', 'કિરતારનો ક્લેશ' જેવી વાર્તાઓમાં સ્વામી આનંદની કલમનો સ્પર્શ જોવા મળે છે. સ્વામી આનંદ ચરિત્રકાર, પ્રવાસલેખક, વાર્તાકાર હોવા ઉપરાંત અનુવાદક, કોશકાર અને પત્રકાર પણ હતા. 'ઈશુનું બલિદાન' અને 'ઈશુ ભાગવત' સ્વામી આનંદની મહત્ત્વની કૃતિઓ છે. 'જૂની મૂડી'માં એમણે હાલ ન પ્રયોજાતાં હોય એવાં શબ્દો, કહેવતો અને રૂઢિપ્રયોગોના અર્થ આપ્યા છે. 'નવજીવન'માં એમણે લખેલા લેખોમાં પત્રકાર તરીકેનું તેમનું એક વિશેષ પાસું ઊપસે છે.

૧૯૬૯માં કેન્દ્રની સાહિત્ય અકાદમીએ 'કુળકથાઓ' માટે રૂપિયા પાંચ હજારનું પારિતોષિક અર્પણ કરવાનું ઠરાવેલું પરંતુ તેમણે પોતે સાધુ હોઈને પારિતોષિકની રકમનો અસ્વીકાર કરેલો.

### 14.10.2 સ્વરૂપ-પરિચય

પ્રસ્તુત કૃતિ ચરિત્રનિબંધ છે.ચરિત્રનિબંધમાં લેખક જેના પરિચયમાં આવ્યા હોય કે ચરિત્રનાયક ખ્યાતનામ વ્યક્તિ હોય તેનું રેખાચિત્ર ઉપસાવે છે. સ્વામી આનંદનું મહત્ત્વનું પ્રદાન ચરિત્રનિબંધના ક્ષેત્રે છે. ચરિત્રનાયકોનાં જીવનની અનેક વિટંબણાઓને યથાતથ આલેખવામાં લેખકની કલમ અસરકારક રહી છે. ગાંધીયુગમાં પાકેલા નાનામોટા ગૌરવવંતા માનવીઓનાં ચરિત્રચિત્રણમાં સ્વામી આનંદે પોતાના બળૂકા ગદ્યથી પ્રાણ પૂર્યા છે. ચરિત્રનાયકના જીવનની વિશિષ્ટ ઘટનાઓને પસંદ કરીને ચરિત્રાલેખનને આબેહૂબ ઉઠાવ આપ્યો છે. ચરિત્રલેખક હકીકતોને, સત્ય ઘટનાઓને અનુલક્ષીને લખે ત્યારે જ તેની રજૂઆતમાં સત્ત્વ જોવા મળે છે. પ્રસ્તુત ચરિત્રનિબંધમાં ગુજરાતી ભાષાની આંતરસમૃદ્ધિનું સુભગ દર્શન થાય છે. નિબંધનું ગદ્ય સામાન્ય વાચક પણ માણી શકે એવું સરળ છે. લેખકની રજૂઆતમાં ગાંભીર્ય છતાં ભારેખમપણું નથી તે જોઈ શકાય છે.

### 14.10.3 વિશેષ વાચન

તમે ગુજરાતી સાહિત્યમાં ચરિત્રનિબંધોના વિકાસનો ઇતિહાસ જાણો. સ્વામી આનંદે લખેલાં અને મૂળશંકર મો. ભટ્ટે 'ધરતીની આરતી'માં સંપાદિત કરેલાં રેખાચિત્રો અવશ્ય વાચો. 'કુળ કથાઓ'માં પણ નિબંધો સંગ્રહાયા છે.

તાજેતરના વર્ષોમાં ડૉ. ઉષાબહેન જોશીએ કેટલાક મહાન વૈજ્ઞાનિકોનાં જીવનચરિત્રો આલેખ્યાં છે જેમાં લૂઈ પાશ્ચર, સર સી. વી. રામન, આર્યભટ્ટ, ડૉ. હોમી ભાભા અને ડૉ. વિક્રમ સારાભાઈ જેવાનો સમાવેશ થાય છે. ફાધર વાલેસે 'ગાંધીજી અને નવી પેઢી' નામે ગાંધીજીનું રેખાચિત્ર આલેખ્યું છે તે વાંચો.

**● ટિપ્પણ**

**નેકદિલ**- (વિ.) નેક દિલવાળું, પ્રામાણિક; **અપત્ય** - (ન.) સંતાન; **આંખથી ઓઝલ ન થવા દેવું** - નજરથી દૂર ન થવા દેવું; **ખોફ** - (પુ.) ગુસ્સો, રોષ, ડર; **વીતક** - (ન.) વીતેલું તે, સંકટ; **પોયરાં** - (ન.) છોકરું (મૂળ પોરિયું - (સં.) પોત કે પુત્ર ઉપરથી, સૂરતી બોલીમાં વર્ણવ્યત્યય થઈ જતાં પોયરું); **બરકત** - (સ્ત્રી.) ફાયદો, લાભ, ફતેહ, સિદ્ધિ, ભરપૂરતા, સમૃદ્ધિ; **અદકી** - (વિ.) વધારે; **જાયો** - (પુ.) પુત્ર, સંતાન; **બલ** - (પુ.) બળદ; **કછોટિયું ધણ** - દીકરા; **તહેનાત** - (સ્ત્રી.) સેવા; **બાંદી** - (સ્ત્રી.) ગુલામડી; **વરણાગિયો**- (વિ.) વરણાગી કરનારો, છેલબટાઉ, ભપકાવાળો; **ટાંડું** - (ન.) વણજાર, ટોળું, ધાડું; **તાલેવંત** - (વિ.) નસીબદાર, ભાગ્યશાળી; **જસ** - (પું.) જશ, યશ; **ફરજંદ** - (ન.) સંતાન.

એકમ ૧૫

# નર્મદજીવન - એક દૃશ્ય

- વિશ્વનાથ ભટ્ટ

રૂપરેખા

**15.1** ઉદ્દેશો

**15.2** પ્રસ્તાવના

**15.3** કૃતિ (ચરિત્ર)

**15.4** કૃતિનો સારાંશ

**15.5** કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

ખંડ : 1

ખંડ : 2

**15.6** વસ્તુલક્ષી કસોટી

**15.7** ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

**15.8** પુનરવલોકન

**15.9** લેખન-પ્રવૃત્તિ

**15.10** વિશેષ અધ્યયન

**15.10.1** કર્તા-પરિચય

**15.10.2** સ્વરૂપ-પરિચય

**15.10.3** વિશેષ વાચન

- ટિપ્પણ

## 15.1 ઉદ્દેશો

આ ચરિત્રનિબંધના અભ્યાસ દ્વારા તમે -

- એક સાહિત્યકારના જીવનની ભરચકતા તથા સંકુલતા અને રોમાંચકતા વિશે જાણશો.
- વહેમ, રૂઢિચુસ્તના વગેરે સામે શૌર્ય, ધૈર્ય અને સામર્થ્ય દાખવનાર એક ખડતલ વ્યક્તિત્વનો પરિચય મેળવી શકશો.
- એક સમાજસુધારકના જીવનમાં આવેલ ચઢાવ-ઉતાર વિશે જાણી શકશો.
- સાહિત્યકારનાં સહેલાણીપણું, ધૂન, લાલાઈ, ઇશ્કતોફાનો વગેરેનો ખ્યાલ મેળવશો. અનેકરંગી જીવન ગુજારનાર સાહિત્યકાર, સમાજસુધારકના જીવનની આછી પાતળી રૂપ રેખાનો પરિચય મેળવશો.

## 15.2 પ્રસ્તાવના

આ અગાઉ તમે એક ઉદ્યમી, ઉદારચરિત વ્યક્તિનો પરિચય મેળવ્યો. જીવનમાં નીડરતા અને રંગીન મિજાજ દાખવનાર સામાન્ય માનવીનું રેખાચિત્ર વાંચ્યું. સમાજસુધારકે શું સહન કરવું પડે છે તેનો પણ તમને પરિચય થયો. આ એકમમાં તમે જીવનમાં અનેક લીલીસૂકી જોનાર,

અર્વાચીન ગુજરાતી સાહિત્યના અરુણસમા સાહિત્યકાર તેમજ સમાજસુધારક વિશે જાણી શકશો. વહેમ, રૂઢિચુસ્તતા, સામાજિક રીતરિવાજો વગેરેની સામે અડગતાથી ઝઝૂમનારને માથે શું વીતે છે તે સમજશો. પોતાના વિચારોમાં પ્રસંગોપાત્ત નમતું જોખવા તૈયાર રહેનાર વ્યક્તિ કઈ પરિસ્થિતિમાં તેમ કરવા તૈયાર થતી હશે તેનો ખ્યાલ પણ પ્રસ્તુત રેખાચિત્ર આપી જાય છે. મહાકાવ્ય રચવાની શક્તિ ધરાવનાર સાહિત્યકાર ભલે મહાકાવ્ય રચી ન ગયો હોય, પણ મહાકાવ્ય જીવી ગયો હોવાનું કહીને લેખક તેનું ગૌરવ કરે છે. આવા અદ્ભુત સાહિત્યકારના સમગ્ર જીવનને કોઈ સાહિત્યકારે સાંગોપાંગ ન આલેખીને ઘણુંબધું ગુમાવ્યું હોવાનો રંજ પણ લેખક અહીં વ્યક્ત કરે છે.

## 15.3 કૃતિ (ચરિત્ર)

### નર્મદજીવન - એક દૃશ્ય

**- વિશ્વનાથ ભટ્ટ**

આ જીવનનું જરાક સમગ્રદર્શન કરી જુઓ. અહીં તો એનો અંશમાત્ર જ આલેખી શકાયો છે, છતાં ખરેખર અદ્ભુત લાગતું તે? સાધારણ રીતે સાહિત્યકારનું જીવન પાંખું, સાદું કે લૂખું જ હોય. જન્મ્યો, ભણ્યો, કમાયો, મર્યો એથી વિશેષ તેમાં ભાગ્યે જ કંઈયે કહેવાનું જડે. ત્યારે આ સાહિત્યકારશિરોમણિનું જીવન કેટલું ઘટ્ટ-ભરચક કેટલું સંકુલ, ને કેટલું રોમાંચક? કોઈ જૂના જમાનાના બહારવટિયાની કથા જેટલી રોમાંચક હોય તેટલી જ આ નવા જમાનાના નવીન જ પ્રકારના બહારવટિયાની કથા પણ રોમાંચક નથી લાગતી? વહેમજવન, રૂઢિ, સમાજ આદિની સામે જીવનભર ઝૂઝવામાં એણે એટલું જ શૌર્ય, ધૈર્ય ને સામર્થ્ય નથી દાખવ્યું? સુખદુઃખ, ચડતીપડતી, રાગવિરાગના અજબ પલટા પણ એના જીવને કેટલા બધા અનુભવ્યા છે? આજે એ દ્રવ્યની છોળોમાં રમતો હોય, કાલે ‘ડાંડિયા’માં એની કલમ કોઈક જ્ઞાતિ કે વર્ગને ઘાયલ કરે, એટલે થોડા જ દિવસમાં એનાં પુસ્તકોની ઘરાકી જ ઘટી જાય, એણે માથે લીધેલા કોઈ કામને મળતો આશ્રય જ બંધ થઈ જાય, ને ઘરખટલાના જબરા ખર્ચને લીધે થોડા જ વખતમાં પૈસાની તંગી પડવા લાગે એટલે દહાડામાં દસ વાર ‘દોઢિયાં!’ એમ ઊંડો નિઃશ્વાસ નાખતો પણ તમે એને જુઓ. એક કાળે તમે એને ચાંદનીમાં બેસી શરાબના જામ ઠાલવતો દેખો, તો થોડા જ સમય બાદ તમે એને શુદ્ધ બ્રાહ્મણ બની ‘નમઃ શિવાય’નો મંત્ર પૂરી આસ્થાથી જપતો પણ દેખો પાછા. એકવાર ‘યાહોમ કરીને પડો’નું બ્યૂગલ બજાવી સૌને સુધારાના કાર્યમાં જોમભેર પ્રેરતો હોય, તો એનો એ જ નર્મદ પાછો ‘ભૂલ્યા રે ભાઈ ભૂલ્યા! પાછા હઠો. જૂનું સંભાળો’ એમ પડકાર પણ કરતો હોય. પોતાના કાવ્યસમૂહને ‘સુધારાનું બાઈબલ’ કહીને એક દિવસ એ અભિમાનમાં મહાલતો હોય તો કાળાંતરે વળી એ જ કાવ્યસમૂહ દીઠો પણ ન ગમતો હોય ને ‘ખાપર્ડે, બાળી નાખો, બાળી નાખો એ થોથું. મારી પાસે એનું નામ લેશો મા.’ એમ ઊંડા આત્મતિરસ્કારથી એને ફેંકી પણ દેતો હોય. આટલી નાનકડી જિંદગીમાં એણે કેટલાં તીવ્ર મંથનો અનુભવ્યાં છે? કેટલાં બધાં વમળોમાં અટવાતો ને વળી પાર ઊતરતો એ દેખાય છે આપણને? એનું સહેલાણીપણું, એની ધૂન, એની લાલાઈ, એનાં ઇશ્ક-તોફાનો, એની છોકરવાદીઓ એ બધું પણ કોઈ વિલક્ષણ પ્રકારનો રસ નથી આપતું? આદિથી અંત સુધી જોઈએ તો કાવ્યશાસ્ત્રના મુખ્યમુખ્ય સઘળા રસોનું કોઈ રમણીય સંયોજન નથી થયું લાગતું એના જીવનમાં? શૃંગાર, વીર, કરુણ ને શાંત એ પ્રધાન રસોની તો છોળો જ નથી ઊછળતી એમાં? નર્મદ મહાકાવ્ય રચી નથી ગયો, પણ મહાકાવ્ય જીવી ગયો છે ખરો. નાના રસથી નિગળતું, भिन्नरुचेर्जनस्य एकमपि समाराधकम् એવું - આબાલવૃદ્ધ સર્વ પ્રકારનાં મનુષ્યોને આકર્ષક થઈ પડે એવું - ચરિત્ર જેના ઉપરથી લખી શકાય એવું અનેકરંગી જીવન ગુજરાતના

વિદહ સાક્ષરોમાં કોઈ ગાળી ગયો હોય તો તે નર્મદ જ છે. આવા - અદ્‌ભુત જીવનનું ગુજરાતમાં કોઈ વિદ્વાને રંગભર સાંગોપાંગ આલેખન ન કર્યું એથી આપણા સાહિત્યે એક અમૂલ્ય ગ્રંથ નથી ગુમાવ્યો? આપણી પ્રજાએ પ્રેરણાની મોંઘી ખાણ નથી જતી કરી? આપણા લેખકોએ સદ્‌બોધનો મોટો અવસર નથી એળે જવા દીધો?

## 15.4 કૃતિનો સારાંશ

પ્રસ્તુત નિબંધમાં વહેમરૂપી યવન સામે બહારવટે ચડનાર વ્યક્તિના વિવિધરંગી વ્યક્તિત્વની સાવ આછીપાતળી રેખાઓ ઉપસાવી તેનો પરિચય કરાવ્યો છે. લેખક પોતે જ કહે છે તેમ સાહિત્યશિરોમણીના જીવનનો અંશમાત્ર અહીં આલેખાયો છે. સાહિત્યકારનું જીવન સાદું-સરળ હોય છે. તેના ચરિત્રમાં જન્મ, અભ્યાસ, સર્જન અને મૃત્યુ સિવાય ભાગ્યે જ કશું કહેવાનું હોય છે. જ્યારે અર્વાચીન ગુજરાતી સાહિત્યના પ્રસ્થાનકાર નર્મદની જીવનકથા રોમાંચકતાથી ભરેલી છે. જૂના જમાનાના બહારવટિયાની કથા જેટલી જ રોમાંચક છે આ નવા જમાનાના બહારવટિયાની કથા.

સુખદુઃખ, ચડતીપડતી, રાગવિરાગના અનેક પલટાઓ તેણે પોતાના જીવનકાળ દરમિયાન અનુભવ્યા હતા. એને જેમજેમ વિઘ્નો નડતાં ગયાં તેમતેમ દૃઢ અને તીવ્ર બનેલી એક તપસ્વીના જેવી તેની સહનશીલતાએ તેને મહાન બનાવ્યો.

જુવાનવયના નર્મદના વિચારોમાં ઉત્તરવયે ભારે પરિવર્તન આવ્યું. વિદ્યાનંદમાં રચ્યોપચ્યો રહેતો. તેણે સંસારસુધારક તથા સ્વાતંત્ર્યવીર તરીકે જે કેટલુંક વિધાનાત્મક કાર્ય કર્યું છે તેની પણ નોંધ લેવી જોઈએ. કાવ્યશાસ્ત્રના મુખ્યમુખ્ય સઘળા રસો તેના જીવનમાં સંયોજિત થયેલા જોવા મળે છે. એનું જીવનચરિત્ર તે સમયના સાક્ષરોના જીવનથી જુદી જ ભાત પાડે એવું હોવા છતાં તેના જીવનચરિત્રને કોઈ સાહિત્યકારે સંપૂર્ણપણે આલેખ્યું નથી. લેખકને પ્રશ્ન થાય છે કે આવી વિરલ પ્રતિભાના ચરિત્ર પ્રત્યે ઉપેક્ષા દાખવીને આપણે એક અમૂલ્ય ગ્રંથ ગુમાવ્યો નથી?

## 15.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

**ભૂમિકા:** વિશ્વનાથ ભટ્ટકૃત 'નર્મદજીવન - એક દૃશ્ય' નામે કવિ નર્મદના ચરિત્ર 'વીર નર્મદ'માંથી એક અંશ અત્રે અભ્યાસ માટે પસંદ કરાયો છે. તેમાં નર્મદનાં ચરિત્રનાં કેટલાંક પાસાંઓનું વિહંગાવલોકન કરાવવામાં આવ્યું છે. એક ચિત્રકારની અદાથી લેખકે નર્મદના ચરિત્રની આછીપાતળી રેખાઓથી જે શબ્દચિત્ર ઉપસાવ્યું છે તેનો અભ્યાસ કરીએ.

**ખંડ : 1**

પ્રસ્તુત ચરિત્રનો આરંભ લેખકે નર્મદ જેવા સાહિત્યકારના જીવનનાં કેટલાંક પાસાંઓનો અછડતો પરિચય કરાવીને કર્યો છે. નર્મદના જીવનની ઘટનાઓને બહારવટિયાની કથા જેટલી રોમાંચક ગણતા લેખક વહેમ, રૂઢિ, સમાજ આદિની સામે જીવનભર ઝૂઝનાર કહી તેને બિરદાવે છે.

નર્મદનાં બે રૂપોનું સ-રસ આલેખન કરતાં લેખક કહે છે: 'એક કાળે તમે એને ચાંદનીમાં બેસી શરાબના જામ ઠાલવતો દેખો, તો થોડા જ સમય બાદ તમે એને શુદ્ધ બ્રાહ્મણ બની 'નમઃ શિવાય'નો મંત્ર પૂરી આસ્થાથી જપતો પણ દેખો પાછા.' એકવાર સુધારાનું બ્યૂગલ ફૂંકતો નર્મદ થોડા જ વખતમાં 'જૂનું સંભાળો'ની ઘોષણા કરતો જોવા મળે.

<u>**તમારી પ્રગતિ ચકાસો (ક):**</u>

1. નર્મદના જીવનની કથાને શાની સાથે સરખાવી છે?

2. નર્મદ જીવનભર શા માટે ઝઝૂમ્યો?

3. નર્મદના જીવનમાં કેવા-કેવા પલટાઓ આવ્યા?

4. સામાજિક રૂઢિઓ સામે ઝઝૂમતાં તેને શું સહન કરવું પડ્યું?

**ખંડ : 2**

પ્રસ્તુત એકમને સુવિધા ખાતર બે ખંડમાં વહેંચવામાં આવેલ છે. જોકે, નર્મદના જીવનનું અહીં આલેખાયેલું શબ્દચિત્ર તો કોઈ ચિત્રકારે અહીંતહીં બેચાર રેખાઓ દોરી આકૃતિ ઉપસાવી હોય તેવું છે.

બીજા ખંડમાં નર્મદની કારયિત્રિ પ્રતિભાનું આલેખન થયું છે. પોતાની કાવ્યકૃતિઓને 'સુધારાના બાઈબલ' તરીકે ઓળખાવી અભિમાનમાં મહાલતા નર્મદને કાળાંતરે તે દીઠી પણ ગમતી નથી. પોતાના સાથીદાર ખાપર્ડેને એ બાળી નાખવા પણ કહે છે.

કવિના જીવનને લેખક કાવ્યશાસ્ત્રના મુખ્યમુખ્ય સઘળા રસોના સંયોજનની સાથે સરખાવે છે. મહાકાવ્યમાં જેમ અનેક રસો સંમિલિત થયા હોય છે એવી જ રીતે નર્મદના જીવનમાં શૃંગાર, વીર, કરુણ ને શાંત એ મુખ્ય રસોની છોળો ઊછળતી જોવા મળે છે. તેનું જીવન નાનામોટા સૌને આકર્ષે તેવું હતું. લેખકને એ વાતનું દુઃખ છે કે આવા વિવિધરંગી વ્યક્તિત્વ ધરાવતા સાહિત્યકાર- સુધારકની જીવનકથા ગુજરાતમાં કોઈ વિદ્વાને આલેખી નથી. એના જીવનમાંથી મળી શકનાર પ્રેરણા અને સદ્‌બોધથી આપણે-આપણા વાચકો વંચિત રહી ગયા હોવાનો વસવસો લેખકે વ્યક્ત કર્યો છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ખ):</u>**

1. નર્મદ પોતાના કાવ્યસમૂહને કઈ રીતે ઓળખાવતો?
2. ઉત્તરાવસ્થામાં તેને બાળી નાખવા શા માટે સૂચવ્યું હશે?
3. લેખક કવિના જીવનને કાવ્યશાસ્ત્રના મુખ્ય રસો શાથી સરખાવે છે?
4. લેખકને શાનો વસવસો રહી ગયો છે?

## 15.6 વસ્તુલક્ષી કસોટી

**<u>તમારી પ્રગતિ ચકાસો (ગ):</u>**

પાઠને આધારે નીચેનાં વાક્યો સાચાં કે ખોટાં, તે આપેલા ચોકઠામાં (✓) કે (✗)ની નિશાની કરીને જણાવોઃ

1. સાહિત્યકારનું જીવન સદાય પાંખું, સાદું કે લૂખું જ હોય. ☐
2. નર્મદના જીવનની કથા બહારવટિયાની કથા જેટલી રોમાંચક છે. ☐
3. નર્મદની કલમ 'ડાંડિયા'માં કોઈની જ્ઞાતિ કે વર્ગને ઘાયલ કરતી તેથી તેનાં પુસ્તકોની ઘરાકી વધતી. ☐
4. ઉત્તરાવસ્થામાં નર્મદના વિચારોમાં જબરદસ્ત પરિવર્તન આવેલું. ☐
5. નર્મદે પોતાનાં કાવ્યો બાળી નાખવાનો નિર્ણય કર્યો હતો. ☐
6. નર્મદના જીવનમાં એકલા કરુણરસની જ છોળો ઊછળતી જોવા મળે છે. ☐

7. નર્મદનું જીવન કોઈનેય આકર્ષે તેવું ન હતું. ☐

8. નર્મદના જીવન વિશે ગ્રંથ ન આલેખીને ગુજરાતે ઘણું ગુમાવ્યું છે. ☐

9. નર્મદે પોતાની ટૂંકી જિંદગીમાં કોઈ મંથન અનુભવ્યું નહોતું. ☐

## 15.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

(૧) <u>નીચેનું વાક્ય વાંચોઃ</u>

> "કોઈ જૂના જમાનાના બહારવટિયાની કથા જેટલી રોમાંચક હોય તેટલી જ આ નવા જમાનાના નવીન જ પ્રકારના બહારવટિયાની કથા પણ રોમાંચક નથી લાગતી ?"

ઉપરના વાક્યમાં નર્મદની જીવનકથાને જૂના જમાનાના બહારવટિયાની કથા સાથે સરખાવવામાં આવી છે. આ અલંકારનો એક પ્રકાર થયો. સરખામણી કરવામાં આવે ત્યારે ઉપમા અલંકાર કહેવાય - તે તમે અગાઉ શીખી ગયાં છો. વ્યક્તિ-વ્યક્તિની, ગુણધર્મ-ગુણધર્મની સરખામણી કરવામાં આવે ત્યારે ઉપમા અલંકાર થાય છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ઘ):</u>**

નીચેનાં વાક્યોમાં રહેલા અલંકારો ઓળખી બતાવો

1. અમારા એ દાદા વિપુલ વડના ઝુંડ સરખા.
2. છાયા તો વડલા જેવી, ભાવ તો નદના સમ.
3. તે બાળકની હથેળી ગુલાબની પાંદડી જેવી કોમળ હતી.
4. ઝીણી વાંસળી શા સ્વરો સુખભર્યા ચંડોળ આલાપતા.

(૨) <u>નીચેના શબ્દ જુઓઃ</u>

સુખદુઃખ, કાવ્યસમૂહ, મહાકાવ્ય.

ઉપરના દરેક શબ્દમાં બે બે પદો છે સુખ+દુઃખ, કાવ્ય+સમૂહ, મહા+કાવ્ય. બે કે વધારે પદો એકઠાં મળીને એક શબ્દ બને તેને 'સમાસ' કહે છે તે તમે શીખી ગયાં છો. સમાસમાં એકઠાં થયેલાં પદો છૂટાં પાડવામાં આવે તેને 'સમાસનો વિગ્રહ' કરવો એમ કહેવાય છે. ઉપરના સામાસિક શબ્દોનો વિગ્રહ નીચે પ્રમાણે થાયઃ

| | | |
|---|---|---|
| સુખદુઃખ | - | સુખ અને દુખ |
| કાવ્યસમૂહ | - | કાવ્યોનો સમૂહ |
| મહાકાવ્ય | - | મહાન (મોટું) કાવ્ય |

તમે જોયું કે ઉપર્યુક્ત સમાસોનો વિગ્રહ કરતી વખતે પ્રથમ ઉદાહરણમાં 'અને' સંયોજક ઉમેરેલ છે. જ્યારે બીજા ઉદાહરણમાં પૂર્વપદ 'કાવ્ય'ની સાથે ષષ્ઠી વિભક્તિ-સંબંધ વિભક્તિનો 'નો' પ્રત્યય મૂક્યો છે. ત્રીજા ઉદાહરણમાં 'મહા' એટલે મહાન એ કાવ્યના વિશેષણ તરીકે આવે છે. આમ પ્રથમ ઉદાહરણનો સમાસ દ્વંદ્વ છે, કારણ કે તેમાં જુદાજુદા અર્થવાળાં બંને પદો સમાન કક્ષામાં છે અને તેમની વચ્ચે સમુચ્ચયનો સંબંધ છે. બીજા ઉદાહરણમાં વિભક્તિનો પ્રત્યય મૂકી વિગ્રહ કરવામાં આવ્યો છે. તે પષ્ઠી તત્પુરુષ સમાસ છે. તત્પુરુષ સમાસમાં પૂર્વપદ ઉત્તરપદ સાથે વિભક્તિના પ્રત્યય વડે જોડાયેલું હોય છે. જ્યારે ત્રીજું ઉદાહરણ કર્મધારય સમાસનું છે. તેમાં બંને પદો પહેલી વિભક્તિના સંબંધથી જોડાયેલાં હોય છે. વળી તેમાં એક પદ વિશેષણ

અને બીજું પદ વિશેષ્ય હોય છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ચ):</u>**

નીચેના સામાસિક શબ્દોનો વિગ્રહ કરોઃ

ચડતીપડતી, આબાલવૃદ્ધ, રાષ્ટ્રસંઘ, સૂર્યોદય, સગાંવહાલાં, મહારાજા, બાહૂબળ, મહર્ષિ.

(૩) **<u>નીચેનાં વાક્યો જુઓ:</u>**

- આજે એ દ્રવ્યની <u>છોળોમાં રમતો</u> હોય તો કાલે 'દોઢિયાં' માટે નિઃશ્વાસ નાખતો હોય.
- એકવાર <u>'યાહોમ કરીને પડો'</u>નું બ્યૂગલ તે બજાવતો.
- નર્મદ મહાકાવ્ય <u>જીવી ગયો</u>.
- આપણી પ્રજાએ પ્રેરણાની <u>મોંઘી ખાણ જતી કરી છે</u>.

**<u>તમારી પ્રગતિ ચકાસો (છ):</u>**

ઉપરના અધોરેખિત રૂઢિપ્રયોગો ધ્યાનથી જુઓ. તે કયા અર્થમાં પ્રયોજાયા છે તે સમજો. આવા બીજા અનેક રૂઢિપ્રયોગો છે તેની યાદી કરો અને તેને વાક્યમાં પ્રયોજી બતાવો.

## 15.8 પુનરવલોકન

સમગ્ર પાઠ પર આધારિત નીચેના પ્રશ્નોના જવાબ આપોઃ

**<u>તમારી પ્રગતિ ચકાસો (જ):</u>**

1. નર્મદના જીવનચરિત્રને લેખક શાથી અદ્ભુત કહે છે?
2. નર્મદના જીવનમાં કઈ વિશેષતાઓ જોવા મળે છે?
3. નર્મદ ક્યારે ઊંડા નિઃશ્વાસો નાખતો?
4. કાળાંતરે તેના વિચારોમાં કેવા ફેરફારો થયા?
5. તેના જીવનની કઈકઈ બાબતો આપણને રસિક લાગે છે?
6. ગુજરાતના વિદેહ સાક્ષરોમાં નર્મદનું જીવનચરિત્ર શાથી જુદી ભાત પાડે છે?
7. નર્મદના સાંગોપાંગ જીવનચરિત્રથી વંચિત રહેવાને કારણે ગુજરાતે શું ગુમાવ્યું છે?

## 15.9 લેખન-પ્રવૃત્તિ

**<u>તમારી પ્રગતિ ચકાસો (ઝ):</u>**

નર્મદના સમકાલીનોમાંથી દુર્ગારામ મહેતાજી, નંદશંકર મહેતા અને નવલરામ પંડ્યાના જીવનની ઘટનાઓ, તેમની પ્રવૃત્તિઓ અને ગુજરાતના સાહિત્યિક-સામાજિક ક્ષેત્રે તેમનું પ્રદાન આલેખો.

## 15.10 વિશેષ અધ્યયન

### 15.10.1 કર્તા-પરિચયઃ

વિશ્વનાથ મગનલાલ ભટ્ટ (ઈ.સ. ૧૮૯૮-૧૯૭૧) વિજયરાય વૈદ્ય અને વિષ્ણુપ્રસાદ ત્રિવેદીની હરોળના એક વિચક્ષણ વિવેચક હતા. તેમનું વિવેચન તત્ત્વનિષ્ઠ અને અશેષ નિરૂપણનું આગ્રહી હોઈને ક્યારેક તેઓ દીર્ઘસૂત્રી બન્યા હોવાનું જણાય છે. વિશ્વનાથ ભટ્ટની

શૈલી ઋજુ અને પ્રસાદમધુર છે. એમની કૃતિઓમાં સર્વગ્રાહિતા, તટસ્થતા, નીડરતા જોવા મળે છે.

‘સાહિત્યસમીક્ષા’, ‘વિવેચનમુકુર’, ‘નિકષરેખા’ ઇત્યાદિ એમના વિવેચનગ્રંથો છે. ‘પારિભાષિક કોશ’, ‘નર્મદનું મંદિર’ (૧-૨) અને ‘નિબંધમાલા’ એમનાં અભ્યાસપૂર્ણ સંપાદનો છે. ‘વીર નર્મદ’ આજ સુધીનાં ચરિત્રોમાં ઉચ્ચાસને બિરાજતું એમની રસપ્રદ શૈલીના અર્ક સમું છે. ગુજરાતી સાહિત્યના અગ્રણી અભ્યાસી વિવેચકોમાં વિશ્વનાથ ભટ્ટનું સ્થાન ચિરંજીવ છે.

### 15.10.2 સ્વરૂપ-પરિચય

પ્રસ્તુત કૃતિ ચરિત્ર છે. આ ચરિત્રમાં લેખકે એક સાહિત્યકાર અને સમાજસુધારક એવા કવિ નર્મદના જીવનની પોતાના અભ્યાસને આધારે રેખાઓ દોરી છે. આ અગાઉના એકમમાં સ્વરૂપનો પરિચય આપતાં કહેવામાં આવ્યું છે કે ચરિત્રનાયક પોતાના સમયની ખ્યાતનામ વ્યક્તિ હોય, તેનું વ્યક્તિત્વ અનુકરણીય હોય, તેની કથા અન્ય સામાન્ય વ્યક્તિની કથા કરતાં કોઈક નોખી જ ભાત પાડતી હોય. અહીં આલેખાયેલ નર્મદનું ચરિત્ર લેખકે અત્યંત રસાળ શૈલીથી આલેખ્યું છે. પ્રસ્તુત ચરિત્રમાં લાઘવથી ઘણુંબધું કહેવાયું છે. અનુવાદની કલા પણ લેખકને હાથવગી હોવાનું જણાય છે.

### 15.10.3 વિશેષ વાચન

તમે ગુજરાતી સાહિત્યમાં લખાયેલાં જીવનચરિત્રો વાંચો. નરહરિભાઈ પરીખે આલેખેલ ‘સરદાર વલ્લભભાઈ’, કિશોરલાલ મશરૂવાળાલિખિત ‘બુદ્ધ અને મહાવીર’, ક. મા. મુનશીલિખિત ‘નર્મદઃ અર્વાચીનોમાં આદ્ય’, વિજયરાય વૈદ્યલિખિત ‘શુક્રતારક’ ચરિત્રો મેળવી વાંચો. બળવંતરાય ઠાકોરકૃત ‘પંચોતેરમે’ તથા ‘અંબાલાલભાઈ’ જેવાં ચરિત્રો અવશ્ય જુઓ. આ ઉપરાંત અન્ય સર્જકોએ આલેખેલાં જીવનચરિત્રો મેળવીને વાંચો.

● **ટિપ્પણ**

**સંકુલ** - (વિ.) ભીડવાળું, અવ્યવસ્થિત; **વહેમજવન** - (પું.) વહેમરૂપી યવન, વહેમરૂપી રાક્ષસ; **સામર્થ્ય** - (નં.) શક્તિ, તાકાત; **રાગવિરાગ** - રાગ-વૈરાગ્ય, આસક્તિ-અનાસક્તિ; **ઘરખટલો** - (પું.) ઘરખર્ચ; **કાળાંતર** - (અ.) કાળનું અંતર; **વમળ** - (ન.) વહેતા પાણીમાં થતું કૂંડાળું- ભમરો, મૂંઝવણ; **આબાલવૃદ્ધ** - (અ.) બાળકથી માંડીને વૃદ્ધ પર્યંત.

# વિભાગ-7 પ્રવાસ વર્ણન

**એકમ ૧૬**

## ગંગોત્રી

**- કાકા કાલેલકર**

રૂપરેખા


**16.1** ઉદ્દેશો

**16.2** પ્રસ્તાવના

**16.3** કૃતિ (પ્રવાસ-વર્ણન)

**16.4** કૃતિનો સારાંશ

**16.5** કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

**16.6** વસ્તુલક્ષી કસોટી

**16.7** ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

**16.8** પુનરવલોકન

**16.9** લેખન-પ્રવૃત્તિ

**16.10** વિશેષ અધ્યયન

**16.10.1** કર્તા-પરિચય

**16.10.2** સ્વરૂપ-પરિચય

**16.10.3** વિશેષ વાચન

- ટિપ્પણ


### 1.16.1 ઉદ્દેશો

આ નિબંધના અભ્યાસ દ્વારા તમે—

- હિમાલયમાં આવેલ તીર્થસ્થાન ગંગોત્રીનો પરિચય થશે.
- હિમાલયનાં બદરીનાથ, જમનોત્રી વગેરે તીર્થસ્થાનો કરતાં ગંગોત્રી એની કઈ વિશેષતાથી આપણા આકર્ષકનું કેન્દ્ર બને છે તેની જાણ થશે.
- શંકરાચાર્યને ‘પ્રચ્છન્નબૌદ્ધ’ કહી તેમના વિરોધીઓએ તેમની ટીકા નહીં, સ્તુતિ જ કરી હતી તે વાતની માહિતી મળશે.
- પંડાઓના પ્રસંગનું વર્ણન કરતાં લેખક ‘શાકુન્તલ’માંનો એક પ્રસંગ યાદ કરે છે. એમાં લેખકની બહુશ્રુતતાનો પરિચય થશે.
- વિવિધ પ્રસંગોને વિવિધ સ્મૃતિસાહચર્યોની સાથે જોડતા નિબંધકારની પોતાની વાતને તાદૃશ રીતે અને સરળતાથી રજૂ કરવાની શક્તિનો અંદાજ આવશે.
- ગંગોત્રી છોડતાં લેખકે જે અસ્વસ્થતા અનુભવી તેમાં એમના સંવેદનશીલ હૃદયની ઓળખ થશે.
- નિબંધની ભાષાસામગ્રીની વિશેષતાઓ સમજાશે.

## 16.2 પ્રસ્તાવના

'ગંગોત્રી' દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર લિખિત 'હિમાલયનો પ્રવાસ'માંથી લીધેલો નિબંધ છે. આ પ્રવાસનિબંધમાં લેખકે 'ગંગોત્રી'નો પ્રવાસ કરતાં જે માનસિક યદચ્છાવિહાર કર્યો છે તેનું આલેખન કર્યું છે. અહીં 'ગંગોત્રી'ની સમગ્ર ભૂગોળ કે તેનો ઇતિહાસ જ આલેખવાનો નિબંધકારનો હેતુ નથી. લેખકે આ પ્રવાસનિબંધમાં તેમની આંતરબાહ્ય અનુભૂતિઓનું આલેખન જે રીતે કર્યું છે તેમાં તેમની બહુશ્રુતતાનો પરિચય થાય છે. તેમના આ સ્મૃતિઆલેખનમાં નિબંધકાર જ નહીં પરંતુ વિચારક, કવિ, ફિલસૂફ અને સમાજશાસ્ત્રી એમ તેમનાં વિવિધ રૂપનો વાચકને પરિચય થાય છે.

## 16.3 કૃતિ (પ્રવાસ-વર્ણન)

### ગંગોત્રી

**- કાકા કાલેલકર**

બદરીનાથ, કેદારનાથ, ગંગોત્રી અને જમનોત્રી આ ચાર ધામોમાં બદરીનારાયણમાં એનો વૈભવ આકર્ષે છે, જ્યારે કેદારનાથના વાતાવરણમાં મુખ્યત્વે વૈરાગ્ય જડે છે. જમનોત્રીની ભવ્યતા આપણા હૃદયમાં કાયમને માટે સ્થાન કરી લે છે, જ્યારે ગંગોત્રી તો પોતાની પવિત્રતામાં જ આપણને સાવ ડુબાડી દે છે.

ગંગોત્રી પહોંચતાં રસ્તા ઉપરના એક સાપને સ્વામીએ પોતાની લાંબી લાકડી વતી નીચે ખીણમાં ફેંકી દીધો અને ગભરાયેલો એ સાપ હવામાં પોતાનું શરીર અક્કડ કરી નીચે પડતો હતો, ત્યારે નાનપણમાં બજારમાંથી ખરીદી આણેલા રબરના લીલા સર્પ જેવો એ કેમ દેખાયો એવા જ વિચારો મારા મગજમાં હતા. પણ ગંગોત્રી પહોંચતાંવેંત એ બધું ઓગળી જઈ, વિચાર-ક્ષેત્રમાં પ્રાચીન રાજર્ષિ અને મહર્ષિઓ ઘૂસવા લાગ્યા. ભારતસમ્રાટ ભગીરથ અને ધર્મસમ્રાટ શ્રી શંકરાચાર્ય, એમનું સ્મરણ અહીં થયા વગર કેમ રહે! પૂર્વ હિંદના અંગવંગાદિ સપાટ પ્રદેશ ઉપર પાણીની રેલમછેલ કરી કરોડો માનવોને કરોડો વરસો સુધી અન્નદાન કેમ કરાય, એ વારસામાં ઊતરી આવેલો સંકલ્પ સેવતો રાજા ભગીરથ આ જ ટેકરીઓ ઉપર રખડતો હતો અને હિમાલયના પ્રવાહોની 'સર્વે' કરતો હતો. આજે આમાંથી કેટલીયે ટેકરીઓ માતાની સિદ્ધપીઠો તરીકે પ્રખ્યાત છે. આ સિદ્ધપીઠો ઉપર કરેલી કોઈની તપશ્ચર્યા હજી એળે ગઈ નથી!

અને શંકરાચાર્યે જ્યારે ચારે કોર દિગ્વિજય કરી દક્ષિણ તરફનાં ધર્મનિષ્ઠ સંસ્કારસંપન્ન બ્રાહ્મણકુટુંબો અહીં આણી સ્થાપ્યાં, ત્યારે એમનાં મનમાં શા શા સંકલ્પો હશે? હિમાલયનાં આ શિખરો ઉપરથી, દક્ષિણ અને ઉત્તર બંને બાજુ, હિંદુસ્તાન અને તિબ્બત બંને દેશોમાં ધર્મપ્રવાહ વહેવડાવી અદ્વૈતના જીવનસિદ્ધાંતની અને સર્વૈક્યના હૃદયધર્મની રેલમછેલ કરવાનો સંકલ્પ એમણે પણ અહીં સેવ્યો હશે. એમના જ પૂર્વાવતાર જેવા ગૌતમ બુદ્ધે જે ધર્મપ્રેરણા ફેલાવી હતી તેનાં મોજાં હિમાલયની પેલી પાર શંકરાચાર્યના વખતમાં પહોંચ્યાં જ હતાં. શંકરાચાર્યને તો બુદ્ધના ઉપદેશને આસ્તિક્યના પુટ ચડાવી એને રાષ્ટ્રીય બનાવવો હતો. શંકરાચાર્યને પ્રચ્છન્ન બૌદ્ધ કહી એમના વિરોધીઓએ એમની નિંદા નથી કરી, પણ એમના કાર્યની પરંપરા અને મહત્તા જ બતાવી છે. ગંગોત્રીમાં ગંગામૈયાનું મંદિર કેટલું નાનકડું છે! જાણે કોઈ તપઃપૂત ઋષિની આદ્ય પ્રેરણા અથવા ધર્મસ્ફુરણા!

મારે હિમાલયમાં શક્તિરૂપિણી જગન્માતાની ઉપાસના કરવી હતી. અહીં રહેલા એક બંગાળી સાધુને ઉપાસનાનો વિધિ મેં પૂછ્યો. મને સ્મરણ છે તે પ્રમાણે, એ સાધુનું નામ શામભારતી કે શામાભારતી એવું કાંઈક હતું. એણે મારી પાસેથી મારો ઉદ્દેશ જાણી લીધો અને તરત જવાબ

વાળ્યો, 'તમે કાંઈ મારા શિષ્ય નથી, હું તમને એ વિધિ શી રીતે બતાવું? તમે તમારા ગુરુને જ પૂછો'. આ જવાબમાં કેટલાંક લોકોને સાંપ્રદાયિક સંકુચિતતા દેખાશે. મને તેમ ન લાગ્યું. મેં જોયું કે, આપણા ધર્મમાં ગુરુપરંપરા દ્વારા નિષ્ઠા અને એકાગ્રતા જાળવેલી છે. વિવિધતા એ જેનું સનાતન સ્વરૂપ છે એવા આ જગતમાં સ્વધર્મનિષ્ઠાનું તત્ત્વ ન હોય તો એકેય સંઘ કાશીએ પહોંચવાનો નથી. કૌટુંબિક જીવનમાં જેમ નિષ્ઠા જ પ્રાણરૂપ છે તેમ ધાર્મિક જીવનમાં પણ નિષ્ઠા મહત્ત્વનો ભાગ ભજવે છે, એ વાત ધ્યાનમાં આવવાથી એ સંન્યાસીના જવાબથી  મને સંતોષ જ થયો.

તીર્થક્ષેત્રમાં જતાં ભૂખે પેટે જવું અને પાછા વળતાં ભરેલે પેટે નીકળવું એવો નિયમ હોય છે. અમે પણ  એ નિયમનું રીતસર પાલન કરતા.

ધગધગતા અંગારા ઉપર થઈને ચાલવું એમાં જેમ માણસની કસોટી થાય છે, એવી જ કસોટી અહીં બરફના પીગળેલા પાણીમાં નાહતી વખતે થાય છે. છતાં ગંગોત્રી આવીએ અને નાહ્યા વિના રહીએ એ બને જ કેમ! કૉલેજના એક સાથીએ Bathની(સ્નાનની) એક વિનોદી વ્યાખ્યા આપી હતીઃ  सकलगात्रार्द्रीकरणं बाथः । નાહવાનો શરીરશુદ્ધિ સાથે અથવા મલાપહરણ સાથે કશો સંબંધ નથી, આખું શરીર પલળ્યું એટલે સ્નાન સંપૂર્ણ થયું. એ વ્યાખ્યા પ્રમાણે જ અમે નાહ્યા અને પાણીમાંથી જીવતા બહાર નીકળ્યા. અભ્રક અને અત્યંત ઝીણી રેતીને કારણે પાણી ડહોળું હતું. હું જ્યાં નાહતો ત્યાં પાણી પૂરતું ઊંડું નહીં હોવાથી માથું પલાળવા માટે મારે ઉતાવળે પાણીમાં ડૂબકી મારવી પડી. મને શી ખબર કે મારા માથા આગળ જ એક ગોળ પ્રાચીન પથ્થર પાણીમાં ધ્યાનસ્થ બેઠો છે! અમારા બંનેના માથા પ્રેમથી સખત ભેટ્યાં. અવાજ તો થયો, પણ માથાની અંદર વેદના પહોંચવા જેટલું ચૈતન્ય ક્યાં રહ્યું હતું! બધિર શરીરે હું પાછો દોડતો નીકળ્યો ને ધૂણી આગળ હાથ તપાવ્યા પછી જ પલાળેલાં કપડાં નિચોવવા પામ્યો. બીજે દિવસે કપાળ ઉપર પેલા મારા મિત્રની નાનીશી પ્રતિકૃતિ ઊપસેલી દેખાઈ ત્યારે અમારો ભેટો કેટલો પ્રેમાળ હતો એનું પ્રદર્શન થયું.

અહીં અમે ત્રણ દિવસ રહ્યા. દુર્ગા સપ્તશતી, ગીતા, તુકારામના અભંગ, રામદાસનો મનોબોધ અને  ઈશ-કઠ આદિ ઉપનિષદ વાચવામાં જ અમારો વખત ગયો. અહીંથી ગોમુખ કેવળ બાર કે અઢાર માઈલ છે. ત્યાં જઈએ કે ન જઈએ એ વિષેની ભવતિ-ન-ભવતિ અમારી વચ્ચે ખૂબ ચાલી. થોડાક વહેલા આવ્યા હોત તો થીજી ગયેલા ગંગાના પટ ઉપરથી જ સહેલાઈથી ગોમુખ પહોંચી શકાત. ગોમુખમાં હજીયે આકાશમાંથી ગંગા પડે છે એમ કહેવાય છે. ત્યાંના ઝરમર ઝરમર વરસાદને જ યાત્રાળુઓ આવી રીતે વધાવી લેતા હશે. બાકી ત્યાં તો અખંડ બરફનો ખજાનો જ છે, બીજું કાંઈ નથી. પંડાઓ અમને કહે, 'જો કેટલાંક કુલીઓને કુહાડી ને લાકડાં સાથે લઈ લઈએ તો નદીને કાંઠેકાંઠે ગોમુખ સુધી જવાય. ગંગામાં આવી મળતાં પ્રવાહો જો આડે આવે તો લાકડાના કામચલાઉ પુલ બનાવી જવાશે. પાછા ફરતાં એ પુલ ઠેકાણે હશે જ એમ માનવાનું કારણ ન હોવાથી બેવડી તૈયારી રાખવી પડે છે'. ગંગોત્રીથી ગોમુખ સુધી ભૂમિ એટલી બધી પવિત્ર છે કે યાત્રીએ ત્યાં મળમૂત્ર-વિસર્જન કર્યા વગર જ જઈ આવવું જોઈએ એમ શંકરાચાર્યની આજ્ઞા છે, એમ પંડાઓએ અમને કહ્યું. અમે સાથે ટેહરીના અમલદારની ભલામણ ચીઠ્ઠી લઈ આવ્યા હતા એની વિચિત્ર અસર થઈ હતી. પંડાઓ અમને નારાજ કરતાં ડરતા હતા. સાથેસાથે અમારી પાસેથી વિશેષ દ્રવ્યપ્રાપ્તિની આશા પણ ન રાખી શક્તા હતા. તેથી પોતાનો ઉત્સાહ પૂરતો છે, બધી સગવડો આપવા પોતે તૈયાર છે એમ અમને બતાવે અને છતાં આગળ જવાનું અમને મન ન થાય એવી રીતે બધી વસ્તુઓ રજૂ કરે. 'શાકુંતલ' માં સેનાપતિ અને વિદૂષક વચ્ચેની મૃગયાપ્રેમી દુષ્યંત સામેની સંતલસનું અહીં સ્મરણ થયું. બહુ

વિચારને અંતે સ્વામીએ આગળ જવાનો વિચાર માંડી વાળવાની દરખાસ્ત મૂકી. મને એનું માઠું ન લાગ્યું. અત્યાર સુધી જેટલું જોયું હતું તે જ એટલું બધું ભવ્ય, વિવિધ અને વિશાળ હતું કે નવું જોવાનું ખાસ ઔત્સુક્ય રહ્યું ન હતું. જવાનું નક્કી થાય તો દરેક જાતનાં કષ્ટ અને જોખમ ખેડવા હું તત્પર હતો. અને છતાં જવાનું ન થયું તેથી કાંઈ જીવનનો મોટો લહાવો ખોયો એમ પણ ન લાગ્યું. મનમાં કશો વિષાદ ન રહ્યો. શાસ્ત્રશુદ્ધ ઉદાસીનતા માણસે કેળવી હોય તો नैव तस्य कृतेनार्थो नाकृतेनेह कश्चन એ યોગીની સ્થિતિ સ્થૂળરૂપે માણસ જરૂર બતાવી શકે છે.

ગોમુખ ન ગયા એનું તો કશું ન લાગ્યું, પણ ગંગોત્રી છોડતાં ચિત્તવૃત્તિ સ્વસ્થ કેમ રહે? ઘેરથી કૉલેજ જતાં હેતાળ માની વિદાય વખતે જેમ હૈયું ભરાઈ આવતું તેમજ ગંગોત્રી છોડતાં થયું. આ સ્થાને કેટલા અગણિત હિંદુ પૂર્વજો ભક્તિભાવથી આવ્યા હશે અને મૈયા પાસેથી સ્થાયી શાતા અને પવિત્રતા મેળવી પાછા ગયા હશે! અને કેટલાકોએ તો અહીંયાં આવીને પાછા જવાનો વિચાર પણ માંડીએ વાળ્યો હશે. ખરેખર, ગંગા એ ભારતવાસીઓની મૈયા જ છે અને એના ખોળામાં દરેકને જીવનની શાંતિ મળે જ છે.

## 16.4 કૃતિનો સારાંશ

હિમાલયમાંનું ગંગોત્રી એની પવિત્રતાને કારણે સૌથી નોખું યાત્રાધામ છે. નિબંધમાં ગંગોત્રીની આ વિશેષતાના નિર્દેશ પછી તરત જ લેખકનું સ્મૃતિસાહચર્ય આવે છે. પરંતુ, ગંગોત્રીનો પરિવેશ જાદુઈ છે. એ પરિવેશમાં પ્રવેશતાં બધી જ લૌકિકતા લેખક વીસરી જાય છે. તેમને ભારત-સમ્રાટ ભગીરથ અને ધર્મસમ્રાટ શંકરાચાર્યનું સ્મરણ થાય છે. ભારતીય સંસ્કૃતિમાં ગુરુપરંપરાનું મહત્ત્વ છે. એ મહત્ત્વનો નિર્દેશ કરતો એક પ્રસંગ નિબંધમાં આલેખાયેલો છે. સ્નાન કરતા મિત્રે કરેલી Bathની વ્યાખ્યા લેખકની સ્મૃતિમાં આવે છે અને પંડાઓ સાથેના પ્રસંગમાં લેખકને 'શાકુન્તલ'માંનો સેનાપતિ અને વિદૂષકની સંતલસના પ્રસંગ યાદ આવે છે. વિવિધ વસ્તુની રજૂઆતમાં વિવિધ સ્મૃતિસાહચર્યોના ઉપયોગમાં લેખકની જે વિશેષતા છે તે આ નિબંધનું આકર્ષણ છે.

## 16.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

**ભૂમિકા:** ગુજરાતી ભાષામાં નિબંધ લખવો એ અઘરી વાત ગણાઈ છે. તેમાંય પ્રવાસનિબંધ તો અઘરું જ કાર્ય છે કેમ કે જે-તે સ્થળની ભૌગોલિક માહિતી, તેનો ઇતિહાસ કે તેની થોડી વિશેષતાઓનું આલેખન કરવા માત્રથી કંઈ પ્રવાસનિબંધ રચાતો નથી. તમે જોઈ શકશો- અહીં 'ગંગોત્રી' વિશેનો નિબંધ નથી તો માત્ર તેની ભૌગોલિક માહિતી પૂરી પાડતો, નથી તો એ માત્ર તેના ઇતિહાસ વિશે જ્ઞાન આપતો કે નથી તો એ માત્ર લેખકને તે સ્થળની થયેલી કોઈ વિશેષ અનુભૂતિનું જ ચિત્રણ કરતો. આ નિબંધની વિશેષતા એ છે કે અહીં ગંગોત્રીની વિશેષતા, તેનો ઇતિહાસ અને લેખકના માનસ પર થયેલી તેની અસર, તે નિમિત્તે થયેલું ભારતીય સંસ્કૃતિનું દર્શન એ બધું જ લેખકનાં વિવિધ સ્મૃતિસાહચર્યો સાથે દૂધમાં સાકરની જેમ ભળતું-ભળતું આલેખાય છે જેથી 'ગંગોત્રી'ને વાચક નવા રૂપે, નવી રીતે જુએ. તમારામાંના ઘણાને ગંગોત્રી વિશે જાણ હશે, ઘણાએ તેને વિશે સાંભળ્યું હશે પરંતુ અહીં જે રીતે ગંગોત્રીનો પરિચય થયો છે તે તમને અત્યંત લાક્ષણિક લાગ્યો હશે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ક):</u>**

1. ગંગોત્રી પહોંચતાં પહેલાં નિબંધ-લેખકના મગજમાં કેવા વિચારો હતા?
2. ગંગોત્રી પહોંચ્યા પછી લેખકને કઈ અનુભૂતિ થઈ? તેમને કોણકોણ ત્યાં યાદ આવ્યું?

3. શંકરાચાર્યના સંકલ્પ વિશે લેખક શું કહે છે?

4. તીર્થક્ષેત્રના નિયમ કેવા હોય છે?

5. ગંગોત્રીમાં લેખકનો સમય કઈ રીતે પસાર થયો હતો?

6. લેખક અમલદારની ચિઠ્ઠી લઈને ગયા તેથી તેમને કેવો અનુભવ થયો?

## 16.6 વસ્તુલક્ષી કસોટી

**<u>તમારી પ્રગતિ ચકાસો (ખ):</u>**

નીચેનાં વિધાનો સાચાં છે કે ખોટાં તે આપેલ ખાનામાં (✓) કે (✗)ની નિશાની કરી જણાવો:

1. કેદારનાથના વાતાવરણમાં મુખ્યત્વે વૈરાગ્ય જડે છે. ☐
2. ગંગોત્રી પહોંચતાંવેંત લેખકના મનમાંથી બીજા બધા વિચારો ઓગળી ગયા. ☐
3. શંકરાચાર્યને ‘પ્રચ્છન્ન બૌદ્ધ’ કહીને તેમના વિરોધીઓએ તેમની નિંદા કરી છે ને તેમના કાર્યની પરંપરા અને મહત્તા બતાવી નથી. ☐
4. ગંગોત્રીમાં લેખકને ભગવાન શંકરની ઉપાસના કરવી હતી. ☐
5. શામાભારતી સાધુએ લેખકને ઉપાસનાવિધિમાં મદદ કરી. ☐
6. ગંગોત્રીમાં લેખક ત્રણ દિવસ રહ્યા. ☐
7. ગોમુખમાં હજુએ આકાશમાંથી ગંગા પડે છે. ☐
8. ટેહરી અમલદારની ચિઠ્ઠીની અસર પંડાઓ પર સારી થઈ. ☐

## 16.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

- ધર્મસમ્રાટ, સિદ્ધપીઠ, અન્નદાન, સંસ્કારસંપન્ન, દિગ્વિજય વગેરે સામાસિક શબ્દો છે.
- સમાસ એટલે અન્યત્ર સ્વતંત્ર રીતે વપરાતા બે કે તેથી વધારે શબ્દોનો સમૂહ. ઉપરનાં ઉદાહરણોમાં ‘દિક્’ એટલે ‘દિશા’ અને ‘વિજય’ એ બે શબ્દો ભેગા થયા છે. અર્થ થાય છે દિશાઓમાં વિજય. એટલે આ સમાસ સપ્તમી તત્પુરુષ છે. સિદ્ધ એવી પીઠ. એ કર્મધારય સમાસ છે. અન્નનું દાન એ ષષ્ઠી તત્પુરુષ સમાસ છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો (ગ):</u>**

1. કૃતિમાંથી બે ષષ્ઠી તત્પુરુષ સમાસ શોધો.
2. ભારતસમ્રાટ, ધર્મપ્રવાહ, શક્તિરૂપિણિ, જગન્માતા, હિમાલય. આ સમાસ ઓળખાવો.

## 16.8 પુનરવલોકન

**<u>તમારી પ્રગતિ ચકાસો (ઘ):</u>**

1. ઉપાસનાવિધિ વિશે બંગાળી સાધુને પૃચ્છા કરતાં નિબંધકારને કયો અનુભવ થયો? એ વિશે તેમને શું લાગ્યું?
2. નિબંધકારને Bathની વ્યાખ્યા કોણે આપી હતી? તમે એ વ્યાખ્યા આપો.
3. પંડાઓના અનુભવનું વર્ણન કરતાં લેખકને શાકુંતલનો કયો પ્રસંગ યાદ આવ્યો?
4. ગંગોત્રી છોડતાં લેખકની ચિત્તવૃત્તિએ શું અનુભવ્યું?
5. લેખકનાં સ્મૃતિસાહચર્યો આ નિબંધમાં કેટલાં છે તમે એ ટૂંકમાં લખો.

## 16.9 લેખન-પ્રવૃત્તિ

તમે જે નાનામોટા પ્રવાસ કર્યા હોય તેમાંના કોઈ એક સ્થળનો પરિચય આપતો નિબંધ લખો. કાકાસાહેબની જેમ તમે પણ એ સ્થળે તમને જે વિશેષ સ્મૃતિ થઈ હોય તેની પણ નોંધ લેતા જાઓ.

## 16.10 વિશેષ અધ્યયન

### 16.10.1 કર્તા-પરિચય

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકરનો જન્મ ઈ.સ. ૧૮૮૫માં મહારાષ્ટ્રના સતારા ગામમાં થયો હતો અને તેમનું અવસાન ઈ.સ. ૧૯૮૧માં થયું હતું. ગૂજરાત વિદ્યાપીઠમાં તેમણે પ્રાચીન ઈતિહાસ, ધર્મશાસ્ત્ર, ઉપનિષદો અને બંગાળી ભાષાનું અધ્યાપનકાર્ય કર્યું હતું. ત્યાં જ તેઓ કુલનાયકપદે રહ્યા હતા. ગાંધીસ્મારકનિધિમાં જીવનના છેલ્લા દિવસો સુધી તેઓ કાર્યરત રહેલાં. દસેક વખત તેમણે કારાવાસ ભોગવેલો.

'હિમાલયનો પ્રવાસ', 'બ્રહ્મદેશનો પ્રવાસ', 'પૂર્વ આફ્રિકા', 'શર્કરાદ્વિપ અને મોરેશિયસ', 'રખડવાનો આનંદ', 'ઉગમણો દેશ' એ તેમના પ્રવાસગ્રંથો છે. 'સ્મરણયાત્રા' જેવી સ્મરણકથા એ તેમનું યાદગાર સંભારણું છે. તેમનું લખાણ સંસ્કૃતિ, કલા અને સાહિત્ય એમ ત્રિવિધક્ષેત્રે વહેંચાયેલું છે. પરંતુ, ગુજરાતી સાહિત્ય તો સમૃદ્ધ થયું છે તેમના પ્રવાસગ્રંથોથી. પ્રવાસગ્રંથોમાં તેમણે સ્થળની સૂક્ષ્માતિસૂક્ષ્મ ખાસિયતો અને સ્થળસંદર્ભે ચિત્તમાં જાગતાં સ્મૃતિસાહચર્યોને આલેખ્યાં છે. તેથી તેમના પ્રવાસગ્રંથોની સામગ્રી માત્ર માહિતીમૂલક લેખો બનવાને બદલે નિબંધરૂપ ધારણ કરે છે.

તેમની માતૃભાષા મરાઠી હોવા છતાં તેમણે ગુજરાતીમાં વિપુલ સર્જન કર્યું છે. ગાંધીજીએ તેમને 'સવાઈ ગુજરાતી' તરીકે ઓળખાવ્યા છે.

### 16.10.2 સ્વરૂપ-પરિચય

નિબંધ ગદ્યરચનાનો એક પ્રકાર છે. નિબંધ-સ્વરૂપમાં પ્રવાસ-વર્ણન પણ સમાઈ શકે.

ગુજરાતીમાં 'નિબંધ'ને આરંભથી જ ગંભીર વસ્તુપ્રધાન લેખનપ્રકાર તરીકે જોવાની પરંપરા વિકસી છે અને પછીથી ચાલુ રહી છે. આ સ્વરૂપમાં શૈલી અને નિરૂપણરીતિમાં લેખકને ઘણી મુક્તતા મળેલી છે. વિષયપસંદગીની એમાં કોઈ મર્યાદા હોતી નથી. ટાંકણીથી માંડીને તારામંડળ સુધીનો વિષય એમાં આવી શકે છે. કોઈ ગંભીર મહત્ત્વના વિષય પર ગંભીર રીતે લખાયેલો હોય તે જ નિબંધ કહેવાય એવું નથી. વળી, નિરૂપેલા વિષયનું સાંગોપાંગ નિરૂપણ કરવાનું લક્ષ્ય પણ નિબંધમાં હોતું નથી. વિષયની જાડી-મોટી રૂપરેખા જ હોય છે. નિબંધકાર પોતાને સ્પર્શી ગયેલા વિષયના એક પાસાને નિમિત્ત બનાવીને ચાલે છે એટલે જ નિબંધને તૃપ્તિ આપનાર નહીં, ક્ષુધા જગાડનાર મીઠાના કણ તરીકે ઓળખાવાયો છે. નિબંધકારે નિબંધ લખતાં પહેલાં ઘણાં પુસ્તકો વાંચ્યાં હોય છે ને તે ઘણા પ્રત્યક્ષ-પરોક્ષ અનુભવમાંથી પસાર થયો હોય છે. નિબંધના સર્જન પાછળ તેના વ્યક્તિગત અને સમાજગત જ્ઞાનનો પરિપાક પ ડેલો હોય છે.

નિબંધના લંબાણ વિશે એમ કહેવાય છે કે 'માફકસરની લંબાઈની ગદ્યરચના'. નિબંધ ઔપચારિક અને અનૌપચારિક એમ બે શૈલીમાં લખાય છે. નિબંધમાં ચિંતનનો મુક્તવિહાર હોય છે પણ લેખક ફરી ફરીને કોઈ એક બિંદુ પર સ્થિર થાય છે.

નિબંધનું એક અગત્યનું લક્ષણ તે તેમાં ઊપસતી લેખકના વ્યક્તિત્વની છાપ. નિબંધના

વિષયની પસંદગીમાં, એમાં યોજાયેલાં વાક્યોમાં, શબ્દસંકેતમાં, વિચારશૈલીમાં, જીવનદૃષ્ટિના નિરૂપણમાં નિબંધકારના મિજાજનો રણકો સંભળાય છે તેથી જ જે તે નિબંધલેખક ઓળખાઈ જાય છે. તમે કાલેલકરના અન્ય નિબંધો ઘનિષ્ઠ રીતે વાંચ્યા હોય તો તમને પ્રસ્તુત નિબંધ વાંચતાં એ વાત તરત સમજાશે.

નિબંધના મુખ્ય ત્રણ પ્રકારો છેઃ (૧) વૈયક્તિક નિબંધ, (૨) ચરિત્રાત્મક નિબંધ અને (૩) વર્ણનાત્મક નિબંધ. પછી એમાં થોડાવત્તા ફેરફારોની દૃષ્ટિએ અન્ય પેટાપ્રકારો પણ પાડી શકાય.

### 16.10.3 વિશેષ વાચન

કાકાસાહેબ કાલેલકરના આ નિબંધ 'ગંગોત્રી'નો તમે અભ્યાસ કર્યો. આ નિબંધ 'હિમાલયનો પ્રવાસ' નામના તેમના પ્રવાસગ્રંથમાંથી લેવામાં આવ્યો છે. તમે આ ગ્રંથ મેળવો અને વાંચો. આ ઉપરાંત તેમના 'રખડવાનો આનંદ', 'પૂર્વ આફ્રિકામાં', 'બ્રહ્મદેશનો પ્રવાસ' વગેરે પ્રવાસગ્રંથો પણ વાંચો. સુંદરમ્‌નો 'દક્ષિણાયન' અને ભોળાભાઈ પટેલનો 'વિદિશા' ગ્રંથ પણ વાંચો.

● **ટિપ્પણ**

**બધું ઓગળી જવું** - ભુલાઈ જવું; **દિગ્વિજય** - ચારે દિશાઓમાં વિજય, સંપૂર્ણ વિજય; **તિબ્બત** - તિબેટ દેશ; **રેલમછેલ** - પુષ્કળ; **પ્રચ્છન્ન** - ઢાંકેલું; **સંઘ કાશીએ પહોંચવો** - બધું કામ પૂરું થવું; **અભ્રક** - એક ધાતુ; **અભંગ** - મરાઠી છંદ; **પંડા** - ગોર; **સંતલસ** - ખાનગી મસલત.

BAOU
Education for All

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**